ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.: 9 • ISSUE : 05 • Mumbai • August 2021 • PAGES : 76 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૯ (કુલ વર્ષ ૯૩) • અંક - ૦૫ • ઑગસ્ટ ૨૦૨૧• પાનાં - ૭૬ • કિંમત રૂ. ૩૦/-

## મંગલમય પર્યુષણ નવસ્મરણ વિશેષાંક



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯ ૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**



- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.


- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નવસ્મરણ, મંત્ર અને સ્તોત્ર વિશે કેટલીક પાયાની વાતો | સેજલ શાહ | ૦૩ |
| ૨. | આ અંકના સંપાદકનો પરિચય | સેજલ શાહ | ૦૮ |
| ૩. | આ અંકનુ સંપાદકીય | અભય દોશી | ૦૯ |
| ૪. | નમસ્કારની વસ્તુ – શ્રી નમસ્કાર-મહામંત્ર | પ.પૂ. અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભંદ્રકરવિજયજી મ.સા. | ૧૩ |
| ૫. | શ્રી નમસ્કાર મહામંત્ર વિષે એક શ્રાવકની અનુપેક્ષા | ભારતી મહેતા | ૧૭ |
| ૬. | મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. | ૧૯ |
| ૭. | શ્રીસંતિકરં સ્તોત્રનું વિશિષ્ટ માહાત્મ્ય | જૈનવિજ્ઞાની આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી | ૨૩ |
| ૮. | તિજયપહુતની અનુપ્રેક્ષા | સરસ્વતીસાધક વિજયકુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. | ૨૮ |
| ૯. | શ્રી નમિઉણ સ્તોત્ર | ડૉ. ચિંતન મુનિ | ૩૪ |
| ૧૦. | અજિતશાંતિ સ્તવ : એક અનુશીલન | પ.પૂ. મુનિરાજશ્રી તીર્થતિલકવિજયજી મ.સા. | ૩૭ |
| ૧૧. | ભક્તિ ભાગીરથી : શ્રી ભક્તામર સ્તોત્ર | ગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી રાજ્યશસૂરીશ્વરજી મ.સા. | ૩૯ |
| ૧૨. | કલ્યાણનું દિવ્ય ધામ-કલ્યાણમંદિર સ્તોત્ર | સુપાર્શ્વ | ૪૪ |
| ૧૩. | બૃહત્ શાંતિ : સ્વશાંતિથી વિશ્વશાંતિ | પ.પૂ. આચાર્યદેવશ્રી મહાબોધિસૂરીશ્વરજી મ.સા. | ૪૫ |
| ૧૪. | બૃહદ્શાંતિની અનુપ્રેક્ષા | પ. પૂ. આચાર્યદેવશ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મ.સા. | ૪૮ |
| ૧૫. | સાહેબના ય સાહેબ | પદ્મશ્રી કુમારપાળ દેસાઈ | ૫૧ |
| ૧૬. | સમાજવિરોધી સામાજિક તત્ત્વોની વાર્તા | આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિશ્વરજી મ.સા, | ૫૫ |
| ૧૭. | ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ - ૫ | રેણુકા પોરવાલ | ૫૮ |
| ૧૮. | પર્યુષણમાં પાંચ 'પ્ર'ની આરાધના દ્વારા મનુષ્યભવને સાર્થક કરીએ | પારૂલ ગાંધી | ૫૯ |
| ૧૯. | ગાંધી-રવીન્દ્રયુગના બે સ્વાનુભૂતિ સંપન્ન સ્વયંસંબુદ્ધ અંતર્દષ્ટાઓ | પ્રતાપકુમાર ટોલિયા | ૬૧ |
| ૨૦. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૬૪ |
| ૨૧. | ફરીએ તો વિસ્તરીએ - ૧૩ 'આજની ના કાલ કરીએક્ક | જેલમ હાર્દિક | ૬૭ |
| ૨૨. | Ashuchi Bhavna : Impureness of the body | Prachi Shah | ૬૯ |
| ૨૩. | વ્યસન | રતિલાલ બોરીસાગર | ૭૧ |
| ૨૪. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૭૨ |


**આ વિશેષ અંકની કિંમત રૂપિયા ૮૦.૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • શ્રાવણ સુદ - ૮

## મંગલમય પર્યુષણ નવસ્મરણ વિશેષાંક

**આ વિશેષ અંકના સંપાદક : ડૉ. અભય દોશી**

**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**

**તંત્રી સ્થાનેથી...**

## નવસ્મરણ, મંત્ર અને સ્તોત્ર વિષે કેટલીક પાયાની વાતો

**સ્મ**રણ એ સાદો શબ્દ છે. જેને હૃદયથી ઘડી પણ ન વિસરાય તેવા સંભારણને સાદી ભાષામાં ''સ્મરણ'' કહીએ છીએ. આવા ઘડી પણ ન વિસરાય તેવા સંભારણા ઈષ્ટ પ્રકારનાં જ હોય છે. માતા પુત્રને, સ્ત્રી પતિને અને સંપત્તિ પ્રેમલક્ષ્મીને નથી ભૂલતા. કેમકે તેમની દષ્ટિમાં તે ઈષ્ટ સાધ્ય માને છે. પરંતુ આસર્વ ક્ષણિક મોહની, માયાવી સિદ્ધિ છે. જ્યારે આ લોક અને પરલોકનું હિત સાધવામાં સાધનભૂત ઈષ્ટ સ્મરણ તરીકે દેવી સાધના જ ઉપકારક થઈ શકે. મહાપુરુષ-દેવાંશી સતીઓ અને સમર્થ શાસનદેવની સ્તુતિને પ્રાત:સ્મરણે છે. પરંતુ તેમાંયે નવ મહામંત્ર એ અનુપમ અને અર્થ ગર્ભથી સભર છે. આમનું સ્મરણ નિયમિત કરતા હૃદયના રાગ દૂર થાય છે, શાંતિ સ્થપાય છે. આ સ્તોત્ર માત્ર લયમય શબ્દો નથી પણ તેમાં મંત્ર અને યંત્રની શક્તિ જોડાયેલી છે, જેનું સાચી રીતે સ્મરણ કરવું આવશ્યક છે.

એક સમય એવો હતો કે એમ કહેવાતું કે આ મહામંત્રના સ્મરણથી જ દેવ-દાનવે સર્વદા હાજર રહેતા અને સાધકોની આશા પૂરી કરતા. ''નવકાર'', ''ઉવસગ્ગહરં'', ''ભાક્તામાર'', ''કલ્યાણમંદિર'', ''શાંતિ'' આદિના અસાધારણ પ્રભાવ આપણે અનેકવાર સાંભળ્યો છે. પ્રભાવનો આધાર, મનુષ્યની આત્મિક અવસ્થા અને જેટલી ઉત્કંઠાથી કરે, તેના પર આધારિત છે. આ સ્મરણનો પ્રભાવ જડમાં ચેતન પ્રકટાવવાની શક્તિ ધરાવે છે.

નવસ્મરણનો મહિમા અને પ્રભાવમાં નવનો આંક બુદ્ધિચાતુર્યથી ભરેલો છે. નવના આંકની જેમ નવસ્મરણ પણ અનેક ચમત્કારથી

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

**પુણ્ય સ્મૃતિ**

**પ.પૂ. પંન્યાસ ભદ્રંકર વિજયજી મહારાજ સાહેબ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જૂની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઑફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

ભરપુર છે. નવસ્મરણમાંથી એક સ્મરણ શ્રદ્ધાપૂર્વક ગણવાથી અચૂકપણે સુખસમૃદ્ધિ, તેમ જ શાંતિ-પ્રસન્નતાથી પ્રાપ્તિ થાય છે. આ નવેય સ્મરણ મંત્રગર્ભિત છે. તે દરેકના રચનાકાર સમર્થ, પ્રતાપી, પ્રકાંડ વિદ્વાન, વિશુદ્ધ ચારિત્ર્યધારી અને મંત્રવિદ્ આચાર્ય ભગવંત છે. શ્રી સંઘના રોગક્ષેમ માટે તેમ જ જૈન શાસનની પ્રભાવનાના શુભ અને ઉદાર હેતુથી તેઓએ આ પ્રભાવિક દરેક સ્તોત્રની રચના કરી છે. નવસ્મરણમાં પ્રથમનાં સ્મરણમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કરાવે છે. ઉવસગ્ગહરમ્ સ્તોત્ર, નમિઉણસ્તોત્ર અને કલ્યાણમંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા છે. સંતિકર સ્તોત્ર અને શ્રી બૃહદ્ શાંતિમાં શાંતિનાથ ભગવાનની સ્તવના કરાઈ છે. શ્રી અજિતશાંતિ સ્તોત્રમાં અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનની એક સાથે સ્તુતિ કરવામાં આવી છે. જ્યારે શ્રી તિજયપહુત્તસ્ત્રોતમાં શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં વિદ્યમાન એકસો સીત્તેર તીર્થંકરોને વંદન કરવામાં આવ્યા છે. ભક્તામર સ્તોત્રમાં શ્રી ૠષભદેવ ભગવાનનો મહિમા છે. આમ નવ સ્મરણમાં શ્રી ૠષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી પાર્શ્વનાથ ભગવાન એમ ચાર તીર્થંકરોના સ્તુતિગાન ગાવામાં આવ્યા છે. સ્તોત્રકારોએ પોતપોતાના સ્તોત્રમાં બાંહેધારી આપી છે કે આ સ્તોત્રનું નિત્ય સ્મરણ કરવાથી, તેમ જ તેનું શ્રવણ કરવાથી સર્વત્ર તમામ ભયો દૂર થાય છે અને સુખ-સંપદા મળે છે. આ સાથે એક વિશેષ સમાન તત્ત્વ નવે સ્મરણમાં એ જોવા મળે છે કે દરેક સ્તોત્રકારે પ્રભુને કરેલા નમસ્કારને અચિંત્ય મહિમાવાન બતાવ્યા છે. પ્રભુને - વીતરાગ ભગવંતને ભક્તિભાવથી કરેલ નમસ્કાર જ મનુષ્યને તારી દે છે. તે ભગવંતની સ્તુતિ, પૂજા કરવાથી તે પૂજકને શું ન મળે? અર્થાત્ બધું જ ઇચ્છિત મળે. અહીં ખાસ ધ્યાન રાખવાનું છે કે સ્તોત્રકારોને/હેતુ સાધકને દેવી-ભક્તા કે મંત્રપૂજક બનાવી ભૌત્તિક સુખમાં રાખવાનો નથી જ. તંત્રમાં ભગવાનના રૂપગુણના મહિમાગાન ઉપરાંત જે પ્રાર્થના કરવામાં આવી છે તે પ્રત્યે ધ્યાનથી વિચારતાં સ્પષ્ટ થાય છે. ''એસો પંચનમુક્કારો, સવ્વ પાવપણાસુણે'' એમ કરી ગણધર ભગવંતે ગર્ભિત રીતે સૂચવ્યું છે કે ભગવાન પાસે પ્રાર્થના પાપના નાશની, પાપના વિચારોના નાશની કરવાની છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ ''ઉવસગ્ગહરં'' દ્વારા બોધિબીજ – સમ્યગ્દર્શનની માગણી કરી છે. શ્રી નંદિષેણ મહર્ષિએ ''અજિતશાંતિ''માં ચિત્તની અવસ્થા-પ્રસન્નતાનું, તેમ જ કર્મના નાશનું વરદાન માગ્યું છે, અને ભાગવંતની સ્તુતિનું ફળ મોક્ષ આપવા કહ્યું છે. શ્રી માનતુંગસૂરિ પણ ''ભક્તામર'' સ્તોત્રના સ્મરણના ફળરૂપે મોક્ષ લક્ષ્મીની પ્રાપ્તિની જ વાત કરે છે. અને ''કલ્યાણમંદિર'' સ્તોત્રમાં શ્રી સિદ્ધિસેન દિવાકરસૂરિ તે સ્તુતિ કરતા કરતા તત્ત્વજ્ઞાનની ભાષામાં સ્પષ્ટ શબ્દમાં ફરમાવે છે કે ભાવશૂન્ય ક્રિયા કંઈ જ ફળ આપતી નથી. તેઓ પણ ''સ્વામી ત્વમેવ ભુવનેત્ર ભવાંતરેપિભવભવ'' તેમ જ (શ્રી પાર્શ્વનાથપ્રભુ) મારા સ્વામીની જે એવી પ્રાર્થના કરે છે. આઠ સ્મરણમાં અપેક્ષાએ વ્યક્તિગત હિતકલ્યાણની પ્રાર્થના મુખ્યત્વે છે જ્યારે છેલ્લા નવમા સ્મરણ ''શ્રી બૃહદ્ શાંતિ''માં વ્યક્તિગત અને સમષ્ટિગત બન્ને પ્રાર્થનાઓ સમાહિત છે. માત્ર પોતાને જ નહીં પરંતુ સાથે સાથ અખિલ બ્રહ્માંડના તમામ જીવોને શાંતિ મળે તેવી વિશાળ અને ઉદાર પ્રાર્થના છે. ચિત્તની ચંચળતાથી જીવ અશુભ કર્મબાંધે છે. અશુભ કર્મોદયથી જીવ અનેક પ્રકારના દુઃખ અને યાતના ભોગવે છે. આથી ચિત્તની સ્થિરતા, સ્વસ્થતા કે સમાધિ થાય તે અનિવાર્ય છે. જીવનમાં ચિત્તની પ્રસન્નતા આવશ્યક અને અનિવાર્ય છે. જેનું ચિત્ત શાંત અને પ્રસન્ન છે અને એવા ભાવે જે ભગવાનને વંદન, સ્તુતિ, પૂજા કરે છે તેનું જીવન આંતર-બાહ્યસર્વાંગી રીતે સુખી અને સમૃદ્ધ બને છે. આથી આ નવ સ્મરણના નિત્ય સ્મરણથી બીજા લાભ પ્રકટપણે અનુભવાય કે ન દેખાય તે પણ ચિત્ત શાંતિ અને ચિત્ત પ્રસન્નતાને અનુભવ તો જરૂર થાય છે.

મનુષ્ય માત્રની ભક્તિ સાથે કામના જોડાયેલી હોય છે. તે નિર્દોષ પણ હોઈ શકે અને રાગી પણ. શબ્દ એક શક્તિ છે અને તેના કેટલાક જોડાણો અને શક્તિના સંયુક્ત સંધિથી કેટલાક વિશિષ્ટ પદ નિર્માણ થાય છે, જેનામાં ઉર્જા નિર્માણ કરવાની ગજબની શક્તિ હોય છે. મંત્રનો અર્થ છે ધ્વનિ, કોઈ એક વિશિષ્ટ ઉચ્ચારણ. આજે, આધુનિક વિજ્ઞાન સૃષ્ટિના સમગ્ર અસ્તિત્વને ઊર્જાના પ્રતિધ્વનિ, સ્પંદનોના વિવિધ સ્તર તરીકે જુએ છે. જ્યાં સ્પંદન છે, ત્યાં ધ્વનિ હોય જ. એટલે, એનો અર્થ એમ થાય કે, સૃષ્ટિનું સમગ્ર અસ્તિત્વ એક પ્રકારનો ધ્વનિ અથવા અવાજોનું એક જટિલ મિશ્રણ જ છે – સૃષ્ટિનું સમગ્ર અસ્તિત્વ એકથી વધુ મંત્રોનું જટિલ મિશ્રણ છે. મંત્રોમાં જે અવાજ અને સ્પંદન હોય છે, તેને મનુષ્યની શક્તિ વિશિષ્ટ રૂપ આપી શકે છે. અહીં બે ભૂમિકા

મહત્ત્વની છે, એક તમારું સમર્પણ અને અને શ્રધ્ધા. મંત્ર એ છે જેમાં સ્વયંને ઢાળી દેવા માટે તમે સખત પરિશ્રમ કરો છો કારણ કે જ્યાં સુધી તમે સ્વયં ચાવીરૂપ નહીં બની જાવ, ત્યાં સુધી તેમને અસ્તિત્વનો અર્થ નહીં સમજાય. મંત્રના રૂપમાં એકાકાર થઈ જવું, એનો અર્થ એ કે તમે ચાવીરૂપ બની રહ્યા છો. જો તમે સ્વયં ચાવી હો, તો જ એ તાળું ખોલી શકશો, નહીં તો કોઈ બીજાએ તમારી માટે એ તાળું ખોલવું પડશે અને તમારે એની આજ્ઞા માનવી પડશે.

થોડા ઇતિહાસ તરફ નજર કરીએ તો આ શબ્દના ઉદ્ભવ પાછળની ભૂમિકામાં માત્ર શ્રધ્ધા અને શક્તિનું પ્રદર્શન કાર્ય કરતું હતું પણ અધ્યાત્મની દૃષ્ટિએ તેની સાથે આત્માનું એકાકાર થવું જરૂરી છે.

મંત્ર (દેવનાગરી લિપીમાં મન્ત્ર)નો ઉદ્ગમ ભારતની વૈદિક પરંપરામાં થયો અને સમયાંતરે હિંદુ પરંપરા અને બૌદ્ધવાદ, શીખવાદ અને જૈનવાદની અંદર રૂઢિગત પ્રણાલીઓના આવશ્યક અંગરૂપે સ્થાન લીધું. મંત્રોનો ઉપયોગ હવે સમગ્ર વિવિધ આધ્યાત્મિક પ્રચારનો વ્યાપક ફેલાવો થયો છે. કયા મંત્રનો પ્રતિકાત્મક અર્થ કેવો છે અથવા તેનું કાર્યાન્વયન કઈ રીતે થાય છે તેની સમજ તે વિવિધ પરંપરાઓમાં ભિન્ન હોય અને તે તેની પર પણ આધાર રાખે છે કે ક્યા સંદર્ભમાં તે મંત્ર લખાયેલો છે અથવા ઉચ્ચારાયેલો છે. ઉપનિષદોના હિંદુ ધર્મગ્રંથોના રચયિતાઓ માટે ૐ – જે સ્વયં મંત્ર છે તે બ્રાહ્મણ ઈશની દિવ્ય પ્રતિમા તેમ જ સમગ્ર સર્જનનું પ્રતિનિધિત્વ કરે છે. કુકેઈના મતાનુસાર તમામ ધ્વનિ ધર્મકાય બુધ્ધનો નાદ છે – એટલે કે હિંદુ ધર્મ ઉપનિષદક અને યોગિક વિચારધારામાં હોય છે તે જ રીતે, આ ધ્વનિઓ અંતિમ અને પરમ સત્યની ઘોષણા છે, ધ્વનિના અર્થમાં, જે મંત્રોનો કંઠ્ય ધ્વનિ, મંત્રના ઉચ્ચારણ કરતી નિહિત અર્થ ધરાવતો હોય છે. ટૂંકમાં એમ કહી શકાય કે મંત્રો-યંત્રો પર ઉત્કીર્ણ કરેલા સંસ્કૃત ઉચ્ચારણ, દિવ્યતા અથવા વૈશ્વિક શક્તિઓનું પ્રતિનિધિત્વ કરતા વિચાર સ્વરૂપો છે જે ધ્વનિ-કંપનના માધ્યમથી પોતાના પ્રભાવનું કાર્યાન્વયન કરે છે.

સંસ્કૃત શબ્દ mantra- (એમ.; તથા સં. મંત્રમ) – મૂળ ક્રિયાપદ મન – એટલે વિચારવું (ભાનસમાં પણ મન) અને તેને લગતા અનુગ-ત્ર એટલે કે ઓજારો કે સાધનો એવી રીતે બનેલો છે તેથી મંત્રનું શબ્દશઃ રૂપાંતર કે અનુવાદ ''વિચારનું સાધન'' એવો થાય.

ભારતીય ઈરાની મંત્ર અવેસ્તાના ગ્રંથમાં સચવાયેલો છે જેનો અસરકારક અર્થ છે શબ્દ પણ તેનો સૂચિતાર્થ દૂરવ્યાપી છે : મંત્ર અંગર્તગ રીતે ''સત્ય'' અસા છે અને તેના યોગ્ય પઠનથી તેમાંનું નિહિત સત્ય પ્રગટ થાય છે. એમ પણ કહી શકાય કે મંત્રો અસ્તિત્વની અનુભૂતિ અને ''સત્કાર્ય'' બન્ને છે અને તેનું પઠન વિન્યાસ અને સત્વના સંવર્ધન માટે અત્યાવશયક છે.

મંત્રોની મૂળ કલ્પના વેદોમાં થયેલી હતી. મોટા ભાગના મંત્રોમાં બે ચરણના ''શ્લોક''ની લેખિત પદ્ધતિ અનુસરવામાં આવે છે કે જો તે અમુકવાર એક પંક્તિ અથવા તો માત્ર એક જ શબ્દના રૂપમાં પણ જોવા મળે છે. સૌથી મૂળ મંત્ર ૐ છે જે હિંદુધર્મમાં ''પ્રણવ મંત્ર'' તરીકે પણ ઓળખાય છે અને તે તમામ મંત્રોનું સ્ત્રોત છે. આની પાછળનું હિંદુ તત્વચિંતન નામ-રૂપનો (સંજ્ઞા)નો વિચાર છે જેમાં એવું માનવામાં આવે છે કે પ્રતિનિધિ વિષયક (દૃશ્યજગત) વિશ્વની અંદર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ, વિચારો અથવા સત્વો કોઈપણ પ્રકારે નામ અને રૂપ ધરાવે છે. સૌથી વધુ મુલાધાર નામ અને રૂપ એ ૐનું આદિકાળથી અસ્તિત્વ ધરાવતું સ્પંદન છે, કારણ કે તે બ્રાહ્મણનું પ્રથમ ઉદ્ઘોષિત નામરૂપ છે જે અનુદ્ઘોષિત વાસ્તવિકતા/અવાસ્તવિકતા છે. સવિશેષતઃ અસ્તિત્વ પૂર્વે અને અસ્તિત્વ પછી એકમાત્ર વાસ્તવિકતા – બ્રહ્મા છે અને અસ્તિત્વમાં બ્રહ્માનું પ્રથમ પ્રાગટ્ય ૐ છે. આ જ કારણસર 'ૐ'ને સર્વશ્રેષ્ઠ મૌલિક અને શક્તિશાળી મંત્ર તરીકે ગણવામાં આવે છે અને આવી રીતે 'ૐ' તમામ હિંદુ પ્રાર્થનાઓની આરંભમાં અને અંતમાં (પૂર્વાંગ અને અનુગ તરીકે) હોય છે. જ્યારે અમુક મંત્રોથી કોઈ ચોક્કસ દેવો અથવા મૂળ તત્ત્વને આહ્વાન કરી શકાય છે, 'ૐ', 'શાંતિમંત્ર', 'ગાયત્રીમંત્ર' અને અન્ય તમામ મંત્રો જેવા સૌથી વધુ મૌલિક મંત્રો આખરે તો એક જ સત્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સંસ્કૃત સ્તોત્ર કાવ્ય અને તેનું પાઠફળ : એક અભ્યાસ. (Sanskrit ''તોત્રમ્'' પુરાણકાળમાં વિભિન્ન દેવ-દેવીઓને ઉદ્દેશી અનેક સ્તુતિઓ અને સ્તોત્રો. ઋષભદેવ ભગવાનનું સ્તોત્ર એટલે ભક્તિ છે. ધર્મ જીવને ધર્મ એટલે આ આત્માનો. જે જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ છે, સવારે ચાલે છે કે શક્તિનો એ ભંડાર છે આત્મા, અનંત અનંત સંખ્યાએ શક્તિઓ રહેલી છે.

મનુષ્ય પ્રકૃતિના વિવિધ રૂપોને મુગ્ધ બનીને નિહાળતો, માણતો ત્યારે આનંદિત બનતો તો બીજી તરફ રૌદ્ર રૂપને જોઈ ભયભીત પણ બનતો. આ રહસ્યને પામવાનો તે સતત પ્રયાસ કરતો રહ્યો. પરમતત્વ સાથેના તેના ભાવુક હૃદયે રાગાત્મક, ભાવાત્મક સંબંધ સ્થાપ્યો. અને એ સંબંધમાંથી જે ભાવવાહી, છંદોબદ્ધ કાવ્ય પ્રગટ્યું તે જ સ્તોત્ર.

માનવીએ ભાવુક હૃદયથી એ પરમતત્વની ક્યારેક પિતારૂપે, ક્યારેક માતારૂપે તો ક્યારેક સખારૂપે કલ્પના કરી વિભિન્ન ભાવો અનુભવ્યા. હૃદયમાં ભાવ સ્પંદિત થતાં અસંખ્ય કવિઓ અને ભક્તોએ જે શબ્દપુષ્પો પરમતત્વને ચરણે અર્ધ્યરૂપે અર્પિત કર્યા, તે બધાનો સમાવેશ સ્તોત્ર સાહિત્યમાં થાય છે. તે પરમતત્વ અથવા ઇષ્ટદેવને સ્વરૂચિ અનુસાર ભજતો, સમર્પિત કરતો અને હૃદયને સાવ અનાવૃત કરી નિષ્કપટ સાથે નિવેદન કરતો ત્યારે સ્તોત્રનું નિર્માણ કે તેના મૂળ નખાતા. અહીંનો રાગ કરૂણ, દીન, મમતા, સમર્પિત રહેતો.

સંસ્કૃત સાહિત્યમાં ભક્તિભાવનાના પ્રચાર તથા વિકાસ માટે ધાર્મિક સ્તોત્રકાવ્યના રચવામાં આવ્યા. ઇતિહાસકારો સ્તોત્ર સાહિત્યને ગીતિકાવ્ય કે મુક્તકની કક્ષામાં મૂકે છે અને ગીતિકાવ્યના એક પ્રકાર તરીકે તેને ધાર્મિક કાવ્ય અથવા ભક્તિ તરીકે ઓળખે છે. સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ ઇતિહાસકાર એ.બી. કીથ નોંધે છે કે ''સ્વભાવતઃ ઉચ્ચસ્તરની કવિતાએ આ ક્ષેત્રને પણ આક્રાન્ત કર્યું અને દાર્શનિકો દ્વારા એ દેવોના વિષયમાં જેમના સાકાર સ્વરૂપનો વ્યાવહારિક દૃષ્ટિથી એટલો જ દઢતાપૂર્વક સ્વીકાર કરવામાં આવ્યો, જેટલો તેઓ પારમાર્થિક દૃષ્ટિએ તેનો નિષેધ કરતા હતા. – સ્તોત્ર રચનામાં ભાગ લેવાની પ્રવૃત્તિએ આ કલાને વધુ ગૌરવ પ્રદાન કર્યું.'' આધ્યાત્મિક સાહિત્યક્ષેત્રમાં સ્તોત્ર સાહિત્યનું એવું સ્થાન છે જેવું સ્થાન લોકસાહિત્યમાં લોકગીતોનું છે. સ્તોત્ર કાવ્યની એ વિશેષતા છે કે તેમાં વિસ્તાર નહીં પણ ભાવોની ગહનતા મહત્ત્વપૂર્ણ હોય છે.

શ્રી દ્વારિકાપ્રસાદ, ''संस्कृतशब्दार्थकौस्तुभ''માં 'સ્તોત્ર' શબ્દને સમજાવતાં ''स्तोत्रम्-प्रशंसास्तुतिबिरुदावलिः प्रशंसात्मक गीतम्'' એમ નોંધે છે. અર્થાત્ પ્રશંસા, સ્તુતિ, બિરુદાવલીને પ્રશંસાત્મક ગીત એટલે સ્તોત્ર. વ્યુત્પત્તિ જન્ય અર્થાનુસાર સ્તોત્ર દ્વારા કોઈની સ્તુતિ એવો અર્થ નિષ્પન્ન થાય છે. સ્તોત્ર દ્વારા સ્તુતિ થતી હોવાથી સ્તોત્ર સાધનરૂપ છે. સ્તોત્ર અને સ્તુતિને સમાનાર્થક માની સ્તોત્રકારોએ પોતાની કૃતિઓને સ્તોત્ર અથવા સ્તુતિ નામ આપ્યા છે.

**સ્તોત્ર અને સ્તુતિ વચ્ચેનો ભેદ :**

સ્તુતિ શબ્દ ''સ્તુ'' ધાતુમાંથી નિષ્પન્ન થાય છે. જેનો અર્થ છે – આરાધ્યના ગુણોથી પ્રશંસા કરવી. કોઈ પણ પદાર્થ, વ્યક્તિ કે પરમતત્વના વિદ્યમાન ગુણદોષનું યશોચિત વર્ણન એટલે સ્તુતિ.

સ્તુતિ શબ્દ ધાતુ ''સ્તુञ् + कितन्''થી બન્યો છે. ''स्तुतिभ्यो व्यतिरिच्यन्ते दूराणि चरितानि तै'' રઘુવંશના સંદર્ભનું સૂચન કરી પ્રશંસાકારક સૂક્ત અથવા ગુણકીર્તનને સ્તુતિ કહે છે.

સ્તુતિ અને સ્તોત્ર વચ્ચેનું અંતર મેકડોનલ ''વૈદિક ઇન્ડેક્સ''માં આ રીતે સમજાવે છે. સ્તુતિ શબ્દનો અર્થ આપતાં ''ઋગ્વેદ અને પછી સ્તુતિ ગીતોની દ્યોતક એમ નોંધે છે, જ્યારે સ્તોત્રનો અર્થ તેઓ 'ઉદ્‌ગાતાને સહાયક પુરોહિત વગેરેના ગાયનોને સૂચવનાર' આપે છે.''

એક રીતે સ્તોત્ર – એ કાવ્ય સ્વરૂપ છે. પરંતુ આ લઘુકાવ્યમાં છંદ, લય મહત્ત્વના છે. એના બે ભાગ પણ પાડી શકાય છે, લઘુસ્તોત્ર અને બૃહત્‌સ્તોત્ર. લઘુસ્તોત્રમાં મુક્તક કે ગીત કાવ્ય હોય છે. એમાં ૧૦૦ કરતાં ઓછી શ્લોક સંખ્યા હોય છે. જ્યારે બૃહત્‌માં ૧૦૦ કરતા વધુ હોય છે. શીર્ષકમાં આરાધ્યદેવ અથવા વિષયવસ્તુનું નામ આવરી લેવાય છે.

કવિ અથવા ભક્તને મન તેના આરાધ્ય દેવ જ અજરામર, સર્વસત્તાધીશ, પરબ્રહ્મ પરમાત્મા છે. પરમાત્મા ગુણ મહિમા અને સર્વસમર્થતાનાં સંદર્ભમાં ભક્ત પોતાને પામર અને દીન અનુભવે છે. પોતાને બાળક સમાન માની પોતાની ભાવનાઓ ભગવાનના ચરણોમાં સમર્પિત કરે છે. ભક્તના વિભિન્ન ભાવોને સમજવા કેટલાંક ઉદાહરણો નોંધનીય છે.

ભક્તિનો મહિમા, સમર્પણ આત્મની સ્થિતિનો સ્વીકાર અહીં જોવા મળે છે.

જેમ કે કવિ માનતુંગાચાર્ય પોતે જિનેન્દ્રની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા છે. તે પોતાને જળમાં ચંદ્રના પ્રતિબિંબને પકડવાનો પ્રયાસ કરતા નાદાન બાળક સમાન ગણાવે છે. ''વસંતઋતુમાં કોયલ મધુર કૂજન કરે છે. તેમાં આમ્રમંજરીનો સમૂહ જ એક માત્ર કારણ છે. તેમ મને તારી જ ભક્તિ વાચાળ બનાવે છે.'' લક્ષ્મીદેવીની

સ્તુતિ કરવા ઉદ્ધત કવિ પોતાની કર્કશ વાણીનું નિરૂપણ કરતાં કહે છે. ''હે માતા! પ્રાતઃકાળે કમળવનમાં સંચાર કરતી વેળાએ જે તારા કોમળ ચરણકમળ પુષ્પની મૃદુલ શિખાઓથી પણ વ્યથા પામે છે. તેવા તે ચરણોમાં મારી આ કઠોર વાણી કેવી રીતે પ્રવેશે?'' અન્ય સ્તોત્રમાં શિવના મહિમાનું વર્ણન કરતાં પુષ્પદંત કહે છે, ''હે પ્રભુ! આમ મધ જેવી મધુર અને અમૃત સમાન જ્ઞાનયુક્ત વેદવાણી ઉત્પન્ન કરનાર છો તો પછી બ્રહ્માની વાણી શું આશ્ચર્ય પમાડે?'' છતાં, 'હે મહાદેવ! આપણા ગુણોનું વર્ણન કરવાના પુણ્ય વડે મારી વાણીને હું પવિત્ર કરું એ હેતુથી જ આ કામમાં મારી બુદ્ધિ તત્પર થયેલી છે.'

વિદ્વાનોના મતાનુસાર સ્તોત્ર કાવ્યમાં સંગીતતત્વ અર્થાત્ ગેયતા અનિવાર્ય છે. સંગીતમાં રાગ યોજના આવશ્યક છે. રાગ શબ્દ ધાતુ रञ्ज्‌માંથી નિષ્પન્ન થયો છે જેનો અર્થ થાય છે પ્રસન્ન કરવું. આથી સ્વરોની એ વિશિષ્ટ રચના રાગ છે, જેમાં સાંભળનારના ચિત્તને પ્રસન્ન કરનાર સ્વર તથા વર્ણ બન્ને હોય. સંગીતના બન્ને તત્વો નાદ સૌંદર્ય અને સંગીતતત્વ, સ્તોત્રકાવ્યમાં ઉપલબ્ધ થાય છે. જેનાથી સ્તોત્ર અત્યંત પ્રભાવશાળી અને પ્રેક્ષણીય બને છે. પંડિત ઓમકારનાથ ઠાકુરના મંતવ્યાનુસાર ''સંગીતમાં શબ્દના અર્થનું જ્ઞાન થયા વગર જ ભાવ યા રસની પ્રતિતી થઈ જાય છે. સરળ, સહજ, સંગીતાત્મક અભિવ્યક્તિનું ઉત્તમ ઉદાહરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત 'मधुराष्टकम्' છે. ''अधरं मधुरं वदनं मधुरम्'' શ્લોકની પંક્તિના ગાન સમયે મધુર શબ્દના ઉચ્ચાર સાથે જ મધુર રસની હેલી વરસે છે. અને રસરાજ નટનાગર શ્રીકૃષ્ણની મોહિનીમૂરત ભક્ત હૃદયમાં સાકાર બને છે. વલ્લભાચાર્ય વિરચિત ''श्रीनन्दकुमाराष्टकम्'' શ્રી ચિંતામણિ રચિત ''गौरीशाष्टकम्'' તેના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ક્યારેક કવિ અનુપ્રાસ, યમક અલંકાર યોજના દ્વારા વર્ણ કે પદની પુનરાવૃત્તિ દ્વારા સુંદર લય માધુર્ય નિષ્પન્ન કરે છે.'' રાવણકૃત ''शिवतांडवस्तोत्रम्''માં નાદ અને લય માધુર્યની અનોખી છટા દૃષ્ટિગોચર થાય છે.

કોઈપણ મંત્ર સ્તોત્ર એ માત્ર ધર્મનું પ્રતિબિંબ નથી પણ માનવીય ચૈતસિક અવસ્થાનું પ્રમાણ છે. અસ્તિત્વની ઉર્જાનું પ્રમાણ છે. સ્વયંને પામવા માટેનો યજ્ઞ છે, ધ્વનિનું પરિવર્તન થઈ પ્રકૃતિમાં રૂપાંતર થવું અને એકાકાર થવું – એ અનુભવની વાત છે, એને સીમિત શબ્દોમાં ન મૂકી શકાય.

છેલ્લે,

નાદ બ્રહ્મ વિશ્વરૂપ<br>
નાદ હી સકલ જીવરૂપ<br>
નાદ હી કર્મ, નાદ હી ધર્મ<br>
નાદ હી બંદન, નાદ હી મુક્તિ<br>
નાદ હી શંકર, નાદ હી શક્તિ<br>
નાદમ નાદમ સર્વ નાદમ<br>
નાદમ નાદમ નાદમ નાદમ

ભાષાંતરઃ ધ્વની બ્રહ્મ છે. બ્રહ્માંડની અભિવ્યક્તિ છે, ધ્વનિ સ્વયંને જીવનના પ્રત્યેક રૂપમાં અભિવ્યક્ત કરે છે, ધ્વનિ બંધન છે, ધ્વનિ મુક્તિ માટેનું સાધન છે, ધ્વનિ જ બાંધે છે, ધ્વનિ જ મુક્ત કરે છે, ધ્વનિ જ લાભકર્તા છે, ધ્વનિ પ્રત્યેક વસ્તુ પાછળની ઉર્જા છે. ધ્વનિ સર્વસ્વ છે. તમે જો તમારા અસ્તિત્વને એ ગીતમાં ભેળવી દો, તો એક વિશિષ્ટ ઉર્જા મળશે. એમાં તમે જો સ્વયંને ખરેખર હોમી દો, તો એનામાં તમને એકાકાર કરી લેવાની શક્તિ છે.

પર્યુષણ માંગલિક પ્રસંગે આ વિશેષ અંક પ્રસ્તુત કરતા આનંદ અનુભવું છું. આવનારા પર્વના દિવસોમાં ચિત્ત સ્થિર, પ્રસન્ન અને ધર્મશ્રધ્ધામાં અખંડ રહે, તર્ક-બુદ્ધિ, હૃદયના ભાવને ખંડિત ન જ થવા દે, તે ભાવના, મંગલ-કામના. આ વિશેષ અંક માટે અભયભાઈ દોશીનો આભાર માનું છું. વિશેષ અંકના લેખો મેળવવા એનું જરૂરી એડીટીંગ, પ્રુફ રીડિંગ કરવું આદિ કાર્ય સમયસર પુરું કરી અભયભાઈએ સહકાર આપ્યો છે. સર્વ ગુરુ-ભગવંતને વંદન અને તેમના આશીર્વાદથી આ કાર્ય પાર પડ્યું તેનો આનંદ છે. સર્વને વંદન અને મિચ્છામિ દુક્કડમ્.

❑ **ડૉ. સેજલ શાહ**<br>
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨<br>
sejalshah702@gmail.com<br>
સંપર્ક સમય : સાંજે ૪ થી ૭

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :

(૧) sejalshah702@gmail.com

(૨) પ્રવીણભાઈ દરજી : ૯૮૬૯૫૦૩૦૭૨

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવું.

**સરનામું** : ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પ્લેક્ષ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

# આ અંકના વિદ્વાન સંપાદક

## ડૉ. અભય દોશી

**મું**બઈના જૈન જગતમાં જાણીતું નામ એટલે ડૉ. અભય દોશી. ગંભીર પ્રકૃતિ અને ઊંડું મનન કરતાં ડૉ. અભય દોશી મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. ૧૯૯૦માં તે ગ્રેજ્યુએટ થયા અને પછી એમ.એ. કરી ૨૦૦૩માં તેમને પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી. આરંભના વર્ષોમાં મીઠીબાઈ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કરીને ૨૦૦૮માં તેઓ મુંબઈ વિદ્યાપીઠમાં જોડાયા. ઉપરાંત ત્રણ વર્ષ તેમણે ફિલોસોફી વિભાગમાં પણ વિઝીટિંગ ફેકલ્ટી તરીકેનું કાર્ય કર્યું. તેમને ચોવીસી સ્વરૂપ અને સાહિત્ય પર શોધ નિબંધ લખી ડૉક્ટરેટની ડીગ્રી પ્રાપ્ત કરી. તેમના હાથ નીચે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે. તેમના ચાર વિદ્યાર્થીઓને ડીગ્રી મળી ગઈ છે અને અન્ય આઠ વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે. વિભાગમાં તેમને અનેક જૈન સંશોધનલક્ષી પરિસંવાદોનું આયોજન કર્યું છે. જૈન પરિસંવાદો, જ્ઞાનસત્રોમાં તેમની હાજરી હંમેશ જોવા મળે છે. જૈન ધર્મચિંતન અને શિક્ષણ ક્ષેત્રે તેઓ તેજસ્વી કારકિર્દી ધરાવે છે.

ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા અભયભાઈ પાસેથી છથી વધુ પુસ્તકો મળ્યાં છે. તેમને ડૉ. કીર્તિદાબેન શાહ સાથે મળીને જ્ઞાનવિમલ સજ્જાય સંગ્રહનું સંપાદન કર્યું, શેત્રુંજય ગિરિરાજ પૂજા, અનીલ શાહ સાથે અર્હદ ભક્તિ સાગર, જૈન રાસ વિમર્શ, મધ્યકાલીન પદ્ય કૃતિ વિમર્શ વગેરે અનેક પરિસંવાદોમાં ભાગ લઈ પેપરો રજૂ કર્યા છે, મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના વ્યાખ્યાનોમાં વક્તા તરીકે રહ્યા છે. તેમના પિતા ઇન્દ્રચંદ્ર દોશી પાસેથી તેમને ધર્મના સંસ્કાર વારસારૂપે પ્રાપ્ત થયાં છે. 'જૈન સાહિત્યમાં કથનકળા' ઉપર યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન તરફથી તેમને અનુદાન પ્રાપ્ત થયું છે. તેમના મારવાડી પરિવારમાં ધર્મના સંસ્કારનું ઊંડાણ જોવા મળે છે.

❑ **ડૉ. સેજલ શાહ**

# સંપાદકીય

## ડૉ. અભય દોશી

**આ**પણા ભારતીય સાહિત્યમાં સ્મરણનો મહિમા અપરંપાર છે. પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવું, તેના સ્તવન-સ્તોત્રનો પાઠ કરવો એ ભારતીય જીવનપ્રણાલીનો એક ભાગ બની ચૂક્યો છે. પ્રત્યેક પ્રભાતે પક્ષીઓના મધુર કલરવની સાથે સુમધુર કંઠે ગવાતા સ્તોત્રોએ ભારતીય ગ્રામસંસ્કૃતિનું સુંદર દશ્ય છે.

પ્રભાતે મંગલમય પરમાત્માનું સ્મરણ કરવામાં આજનો દિવસ મંગળમય જાય એવી શુભકામના તો છે જ, પરંતુ સાથે જ ભૂતકાળની સુખમયતા માટેના આભારનો ભાવ છે.

આવા મંગલમય સ્મરણોની શૃંખલામાં વૈદિક સંસ્કૃતિમાં વિષ્ણુસહસ્ત્રનામસ્તોત્ર, શિવમહિમ્નસ્તોત્ર, રાવણકૃત શિવતાંડવ સ્તોત્ર, હનુમાનચાલીસા, શક્રાદયસ્તુતિ આદિ સુપ્રસિદ્ધ છે. જૈનધર્મ મુખ્યત્વે આત્મકલ્યાણલક્ષી હોવાથી આત્મકલ્યાણમાં સહાયક એવા પંચપરમેષ્ઠિનું સ્મરણ સાધનામાર્ગમાં સહાયક હોવાથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. એ ઉપરાંત સાધકોના જીવનમાં આવનારા વિવિધ કષ્ટોનું નિવારણ કરવાની ભાવનાથી પૂર્વાચાર્યોએ તીર્થંકરો તેમ જ અધિષ્ઠાયકોના સ્મરણરૂપ વિવિધ સ્તોત્રોની રચના કરી છે. ક્યારેક સહજ ભક્તિભાવથી સ્ફૂરેલા સ્તોત્રો પણ સાધક હૃદયની ભાવનાની ઊંચાઈને લીધે અનેકોના વિઘ્ન દૂર કરનારા, આનંદ-મંગળ કરનારા બન્યા છે. આવા સ્તોત્રોમાં ભક્તામર, કલ્યાણમંદિર, ઋષિમંડળ સ્તોત્ર, વર્ધમાન શક્રસ્તવ, જિનપંજર સ્તોત્ર, નવગ્રહ સ્તોત્ર, ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર, જય તિહુઅણ, જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્ર, શાંતિધારાપાઠ, બૃહદ્શાંતિ, લઘુશાંતિ આદિ મહત્ત્વપૂર્ણ છે.

આ સ્તોત્ર ધારામાંથી વર્તમાનમાં તપાગચ્છમાં નવ-સ્તોત્રોને નિત્યપાઠમાં આદરણીય સ્થાન મળ્યું છે. આ નવ સ્તોત્રો મહામહિમાવંત છે. દીવાળી પછી નૂતનવર્ષે આ મહામંગલકારી સ્તોત્રપાઠના શ્રવણ કરવાની પરંપરા રહી છે. શાંતિસ્નાત્ર આદિ અનુષ્ઠાનોમાં પણ કુંભની આગળ 'નવસ્મરણ'નો પાઠ કરવાની પરંપરા છે. શ્રાવકના જીવનના કોઈપણ માંગલિક કાર્ય પ્રસંગે 'નવસ્મરણ'નું આદરપૂર્વક પઠન થતું રહે છે. કેટલાય સાધુ-સાધ્વીજી ભગવંતો તેમ જ શ્રાવક-શ્રાવિકાઓ નવસ્મરણ યા સપ્તસ્મરણનું કાયમ પઠન કરે છે.

આધુનિક સાહિત્યકાર સુરેશ જોષી પોતાના એક નિબંધમાં કહે છે; "સ્મરણ મરણનો છેદ કરે છે." મનુષ્યજીવનમાં સ્મૃતિની સંજીવની એવી છે કે, જેને સહારે કાળની ગર્તામાં વિલીન થયેલી વ્યક્તિ નવું જીવન પામે, આપણી આગળ પ્રત્યક્ષ થઈ જાય. આપણે વ્યક્તિનું નામ સ્મરીએ, એ સાથે જ. કેટકેટલા સંસ્મરણો જાગૃત થતાં હોય છે. પરમતત્ત્વનું સ્મરણ માત્ર જ મંત્રનું કામ કરતા હોય છે. ઉપાધ્યાયશ્રી માનવિજયજીએ પોતાના એક સ્તવનમાં કહ્યું છે કે,

નામગ્રાહે આવી મિલે, મન-ભીતર ભગવાન;
મંત્ર બળે જિમ દેવના, વાહલો કીધો આહ્વાન. ૮૯

આવા નામ-મંત્રોથી આ સ્તોત્રો મંડિત થયા છે. આ સ્મરણ પરમતત્ત્વનું હોવાથી મરણનો છેદ કરે છે. સાચે જ શરણનું પ્રદાન કરે છે, અને ભવરણમાં તપ્ત આત્મા માટે શાંતિનું ઝરણ (ઝરણું) બને છે, તો સંસારસમુદ્રથી તરણનો ઉપાય બને છે. ભવ-વનમાં એવા ભટકતા આત્માઓને માર્ગમાં સ્થિર કરનારા – ધારણ કરનારા બને છે અને ભવસમુદ્રમાં ડૂબતા લોકો માટે વારણ બને છે, તો આપત્તિ-ઉપદ્રવોના નિવારક બને છે.

આ નવસ્મરણમાં પ્રથમક્રમે શ્રી નવકારમંત્રનું સ્થાન છે. પરંપરા એમ માને છે કે, નવકારમંત્ર શાશ્વત છે. સંશોધકોને મતે ખારવેલના લેખમાં પ્રથમ બે પદો પ્રાપ્ત થાય છે. ત્યાર પછી કાળક્રમે તેનો વિકાસ થયો છે. નમસ્કાર મહામંત્રમાં આત્માના ગુણો પર ભાર મૂકવામાં આવ્યો છે. ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી માર્ગની દેશના આપનારા તીર્થંકરો પ્રથમ-પદમાં વંદના કરાઈ છે. પોતાના શુદ્ધ-સ્વરૂપનું પ્રાગટ્ય કરનારા, બધા કર્મોને નષ્ટ કરનારા સિદ્ધોની બીજા ક્રમે વંદના કરાઈ છે. એ જ રીતે આચાર-પાલનમાં સહાયક આચાર્યો, જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક ઉપાધ્યાયો અને સાધનામાર્ગમાં સહાયક સાધુ-ભગવંતોનું સ્મરણ કરાયું છે. ચૂલિકાના ચાર પદોમાં આ પંચપરમેષ્ઠિના સ્મરણના ફળનો

નિર્દેશ કરાયો છે. આ નવકારમંત્ર ચૌદપૂર્વનો સાર છે, તેમ જ ચિંતામણિ-રત્ન અને કલ્પવૃક્ષથી વિશેષ ફળદાયી છે. આ નવકારમંત્ર વિશે આપણા યુગમાં અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે વ્યાપક-ચિંતન-મનન પોતાના દીર્ઘ સંયમજીવનમાં કર્યું હતું. પૂજ્યશ્રીની એ ચિંતનપ્રસાદીનો એક અંશ અહીં પ્રસ્તુત કરીએ છીએ. સાથે જ પૂજ્યશ્રી પાસેથી સાધનાનો પંથ પામેલા પ્રસિદ્ધ સાધક રાજકોટ નિવાસી સ્વ. શશિકાંતભાઈ મહેતાની ચિંતનકણિકાઓ અહીં તેમના પુત્રવધૂ શ્રીમતી ભારતી દિપક મહેતાએ પ્રેમ-પૂર્વક કરી આપેલા સંકલનના માધ્યમથી રજૂ કરવામાં આવી છે.

જીવનમાં આધિ-વ્યાધિ અને વિપત્તિના વાદળો ફેલાય, ત્યારે નવકારના પ્રથમપદે રહેલા તીર્થંકરોનું સ્મરણ શાતાદાયી બને જ, પરંતુ આ સર્વમાં ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથપ્રભુનું સ્મરણ તો સુવિશેષરૂપે તેમના વિશિષ્ટ આદ્ય-પુણ્યકર્મને લીધે લોકહૃદયમાં વસ્યું છે. પ્રભુ વીર પછી છસોવર્ષ બાદ પાટલિપુત્રનગરમાં વરાહમિહીરે વ્યંતર થઈ સંઘમાં ફેલાવેલા મરકીના વ્યાધિને દૂર કરવા બીજા ભદ્રબાહુસ્વામીએ 'ઉવસગ્ગહરં' સ્તોત્રની રચના કરી હતી, એવો મત વ્યાપક છે. આજના યુગમાં પણ આ 'ઉવસગ્ગહરં'ના સ્મરણમાત્રથી અનેક વિપત્તિઓ દૂર થતી હોય, તેવો સાધકોનો અનુભવ છે. આવો જ અનુભવ પરમધામ, પારસધામ, પાવનધામ આદિના માધ્યમથી યુવાવર્ગને સાધના અને સેવા માટે પ્રવૃત્ત કરનારા પૂજ્ય નમ્રમુનિને થયો છે. નમ્રમુનિનો આ અંગત ઉવસગ્ગહરંની સાધનાનો અનુભવ આ અંકમાં સમાવિષ્ટ કરાયો છે.

નવસ્મરણમાં ત્રીજા ક્રમે 'સંતિકર' સ્તોત્ર આવે છે. વિ.સં. ૧૪૩૬ થી ૧૫૦૩ સુધીના કાળમાં થયેલા તપાગચ્છના પરમવિદ્વાન આચાર્યશ્રી મુનિસુંદરસૂરિએ આ સ્તોત્રની રચના મેવાડમાં આવેલા દેવકુલપાટક (દેલવાડા)માં ફેલાયેલા મરકીના ઉપદ્રવની શાંતિ માટે કરી હતી. આ સ્તોત્રમાં સૂરિમંત્રના અધિષ્ઠાયકો, સોળ વિદ્યાદેવીઓ આદિનું સ્મરણ કરવામાં આવ્યું છે. આ સ્તોત્ર વિશે પ. પૂ. આચાર્યદેવશ્રી નંદીઘોષસૂરીશ્વરજી મહારાજે પોતાના વિશિષ્ટ અનુભવોથી સમૃદ્ધ લેખ આપી આપણા આ અંકને સમૃદ્ધ કર્યો છે.

'તિજયપહુત્તસ્તોત્ર'ના કર્તા કોણ છે, તેનો નિર્ણય થઈ શક્યો નથી, પરંતુ તેના અનુકરણરૂપ સ્તોત્રો પણ ૧૧મી સદીમાં મળે છે, તેથી આ સ્તોત્ર પ્રાચીન છે. આ સ્તોત્રમાં ઉત્કૃષ્ટ ૧૭૦ જિનેશ્વરોની ભાવપૂર્વક વંદના કરાઈ છે. આ સ્તોત્ર પર નેમિસૂરિ સમુદાયના વિદ્વાન આચાર્યશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પ.પૂ. સરસ્વતીસાધક આચાર્યદેવશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાના વિશિષ્ટ-ચિંતનયુક્ત અનુપ્રેક્ષા આ અંક માટે આપીણે આ અંકની ચિંતનક્ષમતામાં વૃદ્ધિ કરી છે.

પંચમ-સ્મરણ તરીકે 'નમિઊણસ્તોત્ર' સુપ્રસિદ્ધ છે. પાર્શ્વનાથ ભગવાનનું આ સ્તોત્ર ભક્તામર સ્તોત્રના કર્તા માનતુંગસૂરિએ માનસિક વ્યાધિ દૂર કરવા કર્યું હતું. આ સ્તોત્રમાં ધરણેન્દ્ર પ્રદત્ત અઢાર-અક્ષરનો મંત્ર ગૂંથાયેલો છે. આજના યુગમાં માનસિક વ્યાધિ પીડાતા લોકો માટે 'નમિઊણ' સ્તોત્રના પાઠશ્રવણ આદિના પ્રયોગો કરવા જેવા છે.

વિનંતીને માન આપી અજરામર સંપ્રદાયના પ.પૂ. ભાવચંદ્રજીના શિષ્ય ડૉ. ચિંતનમુનિએ અલ્પકાળમાં આ સ્તોત્ર વિશે અભ્યાસપૂર્ણ લેખ આપ્યો છે, તે માટે હું તેમનો અંતઃકરણથી આભારી છું.

છઠ્ઠું સ્મરણ નંદીષેણમુનિકૃત 'શ્રી અજિતશાંતિસ્તવ' છે. આ 'અજિતશાંતિસ્તવ' પ્રાચીન છે. કેટલાકને મતે નેમિનાથપ્રભુ શિષ્ય તો કેટલાકને મતે શ્રી મહાવીરસ્વામી શિષ્ય છે. 'પ્રબોધટીકા'ના કર્તાઓએ પ્રભુ મહાવીરની પરંપરામાં થયેલા કોઈ પૂર્વાચાર્યની સંભાવના કરી છે. આ સ્તોત્ર વિવિધ છંદોમાં રચાયેલું છે. આ સ્તોત્રનું પઠન સંગીત અને છંદશાસ્ત્રના જાણકારો યોગ્ય રીતે કરે ત્યારે અદ્‌ભૂત અસર ઊભી થતી હોય છે. આ સ્તોત્રના અનુકરણરૂપ રચાયેલ એક સ્તોત્ર ખરતરગચ્છીય નવસ્મરણમાં, તો બે સ્તોત્રો અચલગચ્છીય નવસ્મરણમાં સ્થાન પામ્યા છે, તે આ સ્મરણના જૈનસાહિત્ય પરના વ્યાપક પ્રભાવનું દ્યોતક છે. આ 'અજિતશાંતિસ્તવ' વિશે અધ્યાત્મયોગી કલાપૂર્ણસૂરિ સમુદાયના શ્રુતભક્તિરત આચાર્ય દેવશ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પોતે મનનાત્મક લેખ લખી આપ્યો છે, તે પાઠકોએ અવશ્ય વાંચવા જેવો છે.

સાતમું સ્મરણ 'ભક્તામર સ્તોત્ર' સુપ્રસિદ્ધ છે. સ્થાનકવાસી,

દિગંબર, તેરાપંથી આદિ સર્વ-સંપ્રદાયોમાં 'ભક્તામર'નો વ્યાપક પ્રચાર અને પ્રસાર રહ્યો છે. આ સ્તોત્રમાં પ્રથમ-તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનની ભાવપૂર્ણ સ્તુતિ કરવામાં આવી છે. આચાર્યદેવશ્રીની આ સ્તુતિને પ્રભાવે રાજાએ બાંધેલી બેડીઓ દૂર થઈ. શ્રી માનતુંગસૂરિનો સમય વિક્રમની સાતમી સદીનો માનવામાં આવે છે. વર્તમાન જૈનસંઘમાં 'ભક્તામર'નો વિશેષ પ્રચાર વ્યાપક થયો હોય, તેમાં પ.પૂ. આચાર્યદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની ભક્તામર પરની નિષ્ઠા અને આસ્થા એક પ્રેરકબળ બની રહ્યા હતા. તેમના શિષ્ય આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજના શિષ્યે ભક્તામર વિશેનો વિસ્તૃત વિગતપૂર્ણ લેખ આપી આ વિશેષાંકને સમૃદ્ધ કર્યો છે. પૂજ્ય મુનિરાજશ્રીની કલમની પ્રસાદી ફરી ફરી 'પ્રબુદ્ધ જીવન'ને મળતી રહે એવી અભિલાષા.

'કલ્યાણમંદિર સ્તોત્ર' પાર્શ્વનાથ ભગવાનનું અત્યંત પ્રભાવશાળી, વિદ્વદ્‌ગમ્ય સ્તોત્ર છે. સંસ્કૃતભાષામાં ૪૪ શ્લોકમાં રચાયેલા આ સ્તોત્રનું કર્તૃત્વ પરંપરામાં સિદ્ધસેન દિવાકરને માને છે. પરંતુ શ્રી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યામંદિર દ્વારા પ્રકાશિત 'લટુર પંચવિશિકા' આદિ ગ્રંથોની આંતકર સંરચના તેમ જ 'કલ્યાણમંદિર'ની આંતરિક સંરચનામાં સામ્ય તેમ જ અન્ય આંતરિક પ્રમાણોથી 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના કર્તા અન્ય મહાપ્રભાવક આચાર્યશ્રી કુમુદચંદ્ર જ હોવા જોઈએ, તેવો નિશ્ચય થાય છે.

પ. પૂ. પંન્યાસશ્રી અરુણવિજયજીને વિનંતી કરી હતી, પરંતુ કોઈ કારણોસર તેમનો લેખ પૂર્ણ ઉપલબ્ધ ન થઈ શક્યો, માટે છેલ્લે 'સુપાર્શ્વ'ને વિનંતી કરતા સંક્ષેપમાં 'કલ્યાણમંદિર'નો પરિચય કરાવ્યો છે, તેમનો આભાર માનું છું.

અંતિમ-સ્મરણ 'બૃહત્‌શાંતિ'ની રચના વાદીવૈતાલ શાંતિસૂરીશ્વરજી મહારાજના 'અર્હદાભિષેક'ના સપ્તમપર્વરૂપે થયેલી છે. વિશ્વમાં સર્વત્ર-સુખશાંતિ અને કલ્યાણ થાઓ એવી સુંદર ભાવના આ સ્તોત્રમાં અભિવ્યક્ત થઈ છે. અંતમાં આવતી 'અહં તીત્થયરમાયા' ગાથાના આધાર પર આ સ્તોત્ર શિવાદેવીએ રચ્યું છે, એવો મત પણ પ્રચલિત છે, પરંતુ વાસ્તવમાં અહીં 'શિવા' એટલે સૌનું શિવ થાઓ, સર્વનું કલ્યાણ થાઓ, સૌ દુઃખ મુક્ત થાઓ, એવી પરમકલ્યાણકારિણી ભાવના – પરમ-મૈત્રીભાવના જ આ વિશ્વના સર્વ તીર્થંકરોની માતા છે, અને આ ભાવના આ સ્તોત્ર દ્વારા તમારા અંતઃકરણમાં સ્થિર થઈ છે, તે કલ્યાણકારી થાઓ, એવો અને ગાથાનો ભાવાર્થ છે.

કેશરસૂરીશ્વરજી સમુદાયના હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્યદેવશ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મહારાજે પોતાની વ્યસ્તતા વચ્ચેથી પણ સમય કાઢી એક સુંદર લેખ લખી આપ્યો છે તો ભુવનભાનુસૂરિ સમુદાયના સાહિત્યપ્રેમી મહાબોધિસૂરિશ્વરજી મહારાજે પણ આ સ્તોત્ર પર અનુપ્રેક્ષાના અજવાળા પાથર્યા છે.

આ વિશેષાંકમાં અમારી વિનંતીને ધ્યાનમાં રાખી અલ્પસમયમાં લેખ આપનારા સર્વ – વિદ્વાન શ્રુતપ્રેમી શ્રમણભગવંતોનો આભાર માનું છું. ચાતુર્માસની અનેક જવાબદારીઓ વચ્ચે પણ વિદ્યાપ્રીતિથી લેખનકાર સંપન્ન કર્યું, તે ખરે જ આપણા સૌ માટે આનંદની ઘટના છે. આ 'કોરોના'ના આધિ-વ્યાધિ-ઉપાધિગ્રસ્તકાળમાં આ પરમાત્મભક્તિના તારથી રણઝણતા, મંત્ર-યંત્ર અને વિવિધ પૂજાપદ્ધતિરૂપ તંત્રોથી અલંકૃત, વિઘ્નોને દૂર કરનાર હોવાથી મહામંગલમય આ સ્તોત્રો વિશેની ચિંતનસંપદા વાચકગણને સુખશાંતિ પ્રદાતા બને એ શુભકામના.

આપણા પ્રતિક્રમણમાં પ્રથમ, બીજું, ત્રીજું, છઠ્ઠું અને નવમું સ્મરણ એ પાંચ સ્મરણો વિધિના સંકળાયેલા છે. આ પાંચ – સ્મરણોની અર્થાનુપ્રેક્ષા આપણા પ્રતિક્રમણરૂપી પર્યુષણનિમિત્ત થતા અનુષ્ઠાનમાં ભાવવૃદ્ધિનું કારણ બને, આપણી ક્રિયાઓમાં પ્રાણ ઉમેરનારા બને એવી અંતઃકરણની અભિલાષા.

## વિવિધ ગચ્છોમાં નવસ્મરણ

આ વિશેષાંકમાં શ્વેતાંબર મૂર્તિપૂજકોમાં વિશેષ પ્રભાવ અને પ્રચારમાં રહેલા તપાગચ્છમાં પ્રચલિત 'નવસ્મરણ'ની વિસ્તારથી વાત કરી છે. શ્વે. મૂર્તિપૂજકોમાં અત્યારે બીજા ત્રણ ગચ્છો પ્રચલિત છે. આ ગચ્છોમાં વ્યાપક સ્મરણની પરંપરાનો સંક્ષિપ્ત પરિચય જોઈએ.

પાર્શ્વચંદ્રગચ્છમાં નવસ્મરણમાં તૃતીય સ્મરણ 'સંતિકરં'નો પ્રચાર નથી, તેને સ્થાને નવમ સ્મરણરૂપે 'લઘુશાંતિસ્તોત્ર'નો સમાવેશ કરાયો છે. પ્રભાવશાળી આચાર્યશ્રી માનદેવસૂરીશ્વરજીએ તક્ષશીલાનગરીમાં ફેલાયેલા મરકીના ઉપદ્રવના નિવારણ માટે

નાડોલ (રાજસ્થાન)માં આ સ્તોત્રની રચના કરી હતી. આ સ્તોત્રમાં ૧૬મા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનું મંત્રયુક્ત સ્મરણ કરવામાં આવ્યું છે. નાડોલનગરમાં જ્યાં શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજે આ સ્તોત્રની રચના કરી હતી, તે સ્થળે નિયમિતરૂપે બપોરના સમયે આ સ્તોત્રનો પાઠ થાય છે. વર્તમાનમાં તપાગચ્છમાં દેવસી પ્રતિક્રમણને અંતે આ સ્તોત્રનો નિત્યપાઠ થાય છે.

આર્યરક્ષિતસૂરિ પ્રણિત અચલગચ્છમાં 'નવકાર'ને સ્થાને પ્રથમ સ્મરણરૂપે નવકારના પદોમાંથી ઉદ્‌ભવેલ 'આત્મરક્ષાસ્તોત્ર'નો પાઠ થાય છે. સિદ્ધચક્રપૂજન આદિ વિવિધ વિધિવિધાનોના પ્રારંભે આ સ્તોત્ર દ્વારા અનિષ્ટતત્ત્વોથી રક્ષણ માટે ન્યાયપૂર્વક પ્રાર્થના કરાતી હોય છે. તેનું બીજું નામ 'બૃહત્તમસ્કાર' છે. બીજા સ્મરણરૂપે પ્રસિદ્ધ 'અજિત શાંતિસ્તવ' છે. જેમાં અંતમાં બે ગાથાઓ વધારે બોલાય છે. આ સ્તોત્ર અતિપ્રાચીન છે, તેમ જ તેની પર વિવિધ વિવરણો લખાયા છે.

તૃતીય સ્મરણરૂપે પાદલિપ્તસૂરિકૃત 'વીરસ્મરણ' મળે છે. પ્રસિદ્ધ આચાર્ય અને 'તરંગવતી'ના કર્તાની આ છ પ્રાકૃત પદ્યોવાળી કૃતિ કાવ્યાત્મક રીતે પ્રભુ મહાવીરની સ્તુતિ કરે છે. ચતુર્થસ્મરણ રૂપે પ્રસિદ્ધ 'ઉવસગ્ગહરં' સ્તોત્ર છે. આ સ્તોત્રની સર્વગચ્છોમાં સ્મરણરૂપે માનવામાં આવે છે. પંચમ સ્મરણ માનતુંગસૂરિકૃત 'નમિઉણસ્તોત્ર' છે. જે સ્તોત્ર પણ સર્વગચ્છોના સ્મરણમાં સ્થાન પામેલું છે.

છઠ્ઠું સ્તોત્ર સ્મરણ અચલગચ્છના પ્રસિદ્ધ આચાર્ય મેરુતુંગસૂરિનું 'જીરીકાયલ્લી (જીરાવલા)' પાર્શ્વનાથ સ્તોત્ર છે. જે ખૂબ મહિમાશાળી છે. સાતમું સ્મરણ 'નમુત્થુણં' યા 'શક્રસ્તવ' છે. જે પ્રતિક્રમણની ક્રિયાનું એક આવશ્યક સૂત્ર છે. તેના પર હરિભદ્રસૂરિએ રચેલી 'લલિતવિસ્તરા' ટીકા સુવિખ્યાત છે.

આઠમા સ્મરણરૂપે શ્રી વીરગણિપ્રણિત 'લઘુઅજિતશાંતિસ્તવ' છે. તે 'પ્રભાવક સ્તોત્ર'માં ઉલ્લેખ પામેલા આચાર્ય છે કે અન્ય તે નિશ્ચિત કરવું અઘરું છે. આ સ્તોત્ર અપભ્રંશભાષામાં રચાયેલું છે. નવમા સ્મરણરૂપે પ્રસિદ્ધ 'ત્રિભુવનદીપક પ્રબંધ'ના કર્તા શ્રી જયશેખરસૂરિકૃત 'બૃહદ્ અજિતશાંતિસ્તવ' જે ૧૬ પદ્યમાં રચાયું છે, તે બોલાય છે. આ સ્તોત્રમાં અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનનું સંયુક્ત સ્મરણ કરાયું છે.

ખરતરગચ્છમાં પ્રથમ સ્મરણરૂપે 'અજિતશાંતિ સ્તોત્ર'નો પાઠ કરાય છે. બીજા સ્મરણરૂપે 'ઉલ્લાસિકમ્' નામે પ્રસિદ્ધ 'લઘુ અજિતશાંતિસ્તવ' છે. સ્મરણ જિનદત્તસૂરિકૃત 'સર્વાધિષ્ઠાયક' સ્મરણ (તં જયઉ) છે. પાંચમું સ્મરણ ગુરુ પારતંત્ર્ય સ્તોત્રને સ્થાન અપાયું છે. છઠ્ઠું સ્મરણ વિઘ્નવિનાશક સ્તોત્ર છે. જેનો પ્રારંભ 'સિગ્ઘભય હરઉ' શબ્દથી થાય છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્તોત્રના કર્તા પણ જિનદત્તસૂરિ છે. સાતમા સ્મરણરૂપે 'ઉવસગ્ગહરં' સ્તોત્રનો પાઠ કરાય છે. ખરતરગચ્છમાં 'નવસ્મરણ'ને સ્થાને 'સપ્ત સ્મરણ'નો પ્રચાર છે.

વિવિધગચ્છોમાં આ રીતે 'સ્મરણ'ની પ્રથા છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં નિયત એવી 'સ્મરણપ્રથા' નથી, પરંતુ ભક્તામર, 'કલ્યાણમંદિર'નો વ્યાપક પ્રચાર-પ્રસાર જોવા મળે છે. સ્થાનકવાસી દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય શ્રી ઘાંસીલાલજી મહારાજે 'અદ્‌ભૂત નવસ્મરણ' રચ્યા છે. જેમાં 'ભક્તામર'ની અનુકૃતિરૂપ 'વર્ધમાન-ભક્તામર'નો સમાવેશ કરવામાં આવ્યો છે.

આપણે સૌ આ જૈનાચાર્યો દ્વારા નિર્મિત પરમાત્મભક્તિના ઉત્તુંગ સ્તંભ જેવા સ્તોત્ર-સાહિત્યના માધ્યમથી આપણા આત્માને પરમાત્મભક્તિમાં લીન કરીએ એ જ મંગલભાવના.

---

***સંદર્ભ :***


૧. *'વિધિપક્ષગચ્છીય નવસ્મરણ' લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા. શ્રી આર્યકલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ - પૃ. ૧૬,*

૨. *ખરતરગચ્છીય વિધિપૂર્વક શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર (સચિત્ર) સં. પ્રભાકરસાગરજી મ., પ્ર. શ્રી આનંદજ્ઞાન મંદિર, પો. સેલાના, રતલામ, ઈ.સ. ૧૯૬૬.*


✦ ✦ ✦

# નમસ્કારની વસ્તુ – શ્રી નમસ્કાર–મહામંત્ર

પ.પૂ. અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજય મ.સા.

**શ્રી** અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ એ નમસ્કારની પાંચ વસ્તુ છે. એ પાંચ વસ્તુને નમસ્કાર કરવા માટે પાંચ હેતઓ છે. માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાયતા. એ પાંચ કારણો માટે પાંચને નમસ્કાર કરવા યોગ્ય છે. કહ્યું છે કે –

**मग्गो अविप्पणासो, आयारो विषयया सहायत्तं।**
**पंचिहनमोक्कारं, करेमि एएहिं हेउहिं ।।१।।**

માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાયતા એ પાંચ કારણો વડે હું પાંચ પ્રકારના નમસ્કાર કરું છું.

પાંચ હેતુઓમાં પ્રથમ માર્ગહેતુ છે. ભવઅટવીમાં માર્ગદર્શક શ્રી અરિહંત પરમાત્માઓ હોવાથી તેઓના એ માર્ગદર્શક ગુણને લઈ તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે. કહ્યું છે કે –

**માર્ગ હેતુ :**

**अडवीए देसियत्तं, तहेव निज्जामया समुद्दंमि ।**
**छक्कायरक्खणट्ठा, महगोवा तेण वुच्चंति ।।१।।**

ભવઅટવીમાં માર્ગદર્શક હોવાથી, ભવસમુદ્રમાં નિર્યામક હોવાથી, તથા ભવવનમાં છકાય જીવોની રક્ષાર્થે મહાગોપ હોવાથી, શ્રી અરિહંતદેવો મહાસાર્થવાહ, મહાનિર્યામક અને મહાગોપ કહેવાય છે. શ્રી અરિહંતદેવોનો એ મહાન ઉપકાર છે.

**સાર્થવાહ :**

શ્રી અરિહંતદેવરૂપી સાર્થવાહો ભવ્ય આત્મારૂપી મુસાફરોને ધર્મકથારૂપી ઉદ્‌ઘોષણા દ્વારા સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગરૂપી સરળ અને વક્રમાર્ગે, ઈપ્સિતપુર શ્રી મુક્તિનગરમાં લઈ જાય છે. તે સાર્થવાહો ભવઅટવીમાં રાગદ્વેષરૂપી શ્વાપદોથી તથા ક્રોધાદિ કષાયોરૂપી દાવાગ્નિ આદિના ભયોથી ભવ્ય આત્માઓને બચાવી લે છે. વિષયોરૂપી વિષફળોનો આસ્વાદ કરવામાં નિમગ્ન થયેલા આત્માઓને તેનાથી છોડાવી પરિણામહિતકર-તપસંયમરૂપી હિતકર ફળોનો આસ્વાદ લેતા બનાવે છે. બાવીશ પરિષહોરૂપી પિશાચોથી રક્ષણ કરે છે. પાસત્થાદિ અકલ્યાણ મિત્રોરૂપી લૂંટારાઓની લૂંટમાંથી છોડાવે છે અને નિત્યોદ્યમરૂપી અપ્રમાદી પ્રયાણ વડે જ્ઞાનરૂપી અશ્વો અને ધ્યાનરૂપી હાથીઓથી જોડાયેલા પાંચ પ્રકારના સ્વાધ્યાયરૂપી રથમાં બેસાડી નિર્વિઘ્ને મોક્ષપુરીની પ્રાપ્તિ કરાવે છે.

**નિર્યામક :**

શ્રી અરિહંતદેવો ભવોદધિનું ઉલ્લંઘન કરાવવા માટે ભાવ-નિર્યામકો છે. સમુદ્રમાં જેમ અનુકૂળ-પ્રતિકૂળ અનેક પ્રકારના વાયરાઓ હોય છે, તેમ ભવસમુદ્રમાં પણ મિથ્યાત્વરૂપી પ્રતિકૂળ વાયરાઓ અને સમ્યક્ત્વરૂપી અનુકૂળ વાયરાઓ વાઈ રહ્યા છે. શ્રી અરિહંતદેવોરૂપી નિપુણ નિર્યામકો મિથ્યાત્વરૂપી પ્રતિકૂળ વાયુથી બચાવી લઈ સમ્યક્ત્વરૂપી અનુકૂળ વાયુના યોગે ભવ્ય-જીવરૂપી પોતા (નાવડીઓ)ને યથાવસ્થિત જ્ઞાનરૂપ કર્ણધાર વડે, ભયંકર સંસાર-સાગરનું ઉલ્લઘંન કરાવી ઇપ્સિત સ્થાનરૂપ મોક્ષબંદરે પહોંચાડી દે છે.

**મહાગોપ :**

ગોપાલકો જેમ સર્પ-શ્વાપદાદિથી ગાયોનું રક્ષણ કરે છે અને પ્રચુર ઘાસ-પાણી આદિ વડે પોષણ કરે છે, તેમ ષડ્‌જીવનિકાયરૂપ ગાયોને શ્રી અરિહંત પરમાત્મારૂપી રક્ષકો વ્યાધિ-જરા-મૃત્યુ આદિ શિકારી પ્રાણીઓથી રક્ષણ કરી નિર્વિઘ્ને નિર્વાણપંથે પહોંચાડે છે.

આ રીતે સર્વ શ્રી અરિહંતદેવો માર્ગદર્શક, નિર્યામક અને મહાગોપ તરીકેનું કાર્ય કરનારા હોવાથી ભવ્ય-જીવલોકના મહાઉપકારી છે અને એ જ કારણે તેઓ લોકોત્તમ મહાપુરુષો પણ કહેવાય છે.

**રાગ-દ્વેષાદિને નમાવનારા :**

માર્ગદેશક્ત્તાદિ ગુણો વડે શ્રી અરિહંતદેવો જેમ જગજ્જીવોના ઉપકારી છે, તેમ રાગ, દ્વેષ, કષાય, ઈન્દ્રિય, પરિષહ અને ઉપસર્ગોને નમાવનારા હોવાથી પણ તેઓ જીવલોકને નમસ્કાર કરવા યોગ્ય છે.

તેમાં પ્રથમ રાગ નામાદિ ચાર પ્રકારનો છે. નામરાગ, સ્થાપનારાગ, દ્રવ્યરાગ અને ભાવરાગ, નામ અને સ્થાપના સમજવા સુગમ છે. દ્રવ્યરાગ બે પ્રકારે છે : એક આગમથી અને બીજો નોઆગમથી. આગમથી દ્રવ્યરાગ એટલે રાગ પદાર્થને જાણનાર અનુપયુક્ત આત્મા.

નોઆગમથી દ્રવ્યરાગના ત્રણ પ્રકાર છે : એક જ્ઞશરીર, બીજો ભવ્યશરીર અને ત્રીજો તદ્‌વ્યતિરિક્ત. જ્ઞશરીર અને ભવ્યશરીર સુગમ છે. વ્યતિરિક્તના બે પ્રકાર છે : એક કર્મદ્રવ્યરાગ અને બીજો નોકર્મદ્રવ્યરાગ. કર્મદ્રવ્યરાગ એટલે રાગવેદનીયકર્મના પુદ્‌ગલો.

તેના ચાર પ્રકાર છે : ૧. યોગ્ય (બંધ પરિણામાભિમુખ), ૨. બધ્યમાનક (બંધપરિણામપ્રાપ્ત), ૩. બદ્ધ (નિવૃત્ત-બંધ-પરિણામ અર્થાત્ જીવની સાથે આત્મસાત્ થયેલા) અને ૪. ઉદીરણાવલિકાપ્રાપ્ત (ઉદીરણાકરણ વડે ખેંચીને ઉદીરણા આવલિકામાં લાવેલા.)

નોકર્મદ્રવ્યરાગ એટલે રાગવેદનીય કર્મના પુદ્ગલોનો એક દેશ અથવા તદન્ય. તદન્યના બે પ્રકાર છે : એક પ્રાયોગિક અને બીજો વિસ્રસિક. કુસુંભરાગાદિ એ પ્રાયોગિક છે અને સંધ્યાભ્રરાગાદિ એ વૈસ્રસિક છે.

**ભાવરાગ :**

ભાવરાગ પણ બે પ્રકારે છે : એક આગમથી અને બીજો નોઆગમથી. રાગપદાર્થજ્ઞ ઉપયુક્ત આત્મા આગમથી ભાવરાગ છે અને નોઆગમથી ભાવરાગ રાગવેદનીય કર્મોદય-પ્રભવ-પરિણામવિશેષ છે. તેના બે પ્રકાર છે : એક પ્રશસ્ત અને બીજો અપ્રશસ્ત. અપ્રશસ્ત પરિણામવિશેષ ત્રણ પ્રકારે છે : દષ્ટિરાગ (સ્વ-સ્વ-દર્શનાનુરાગ) ૨. શબ્દાદિ વિષય વિષયક રાગ તે કામરાગ અને ૩. વિષયાદિ નિમિત્ત વિના જ અવિનીત અપત્યાદિ વિષયક રાગ તે સ્નેહરાગ. પ્રશસ્તરાગ તેથી વિપરીત છે. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી સાધુ, શ્રી બ્રહ્મચારી આદિને વિષે સરાગી આત્માઓને જે રાગ હોય છે તે પ્રશસ્ત ભાવરાગ છે. એ ઉભય પ્રકારના પ્રશસ્ત-અપ્રશસ્ત અથવા દ્રવ્ય-ભાવ રાગને નમાવનારા અર્થાત્ દૂર કરનારા શ્રી અરિહંતદેવો છે.

**દ્વેષને નમાવનારા :**

રાગની જેમ દ્વેષ પણ ચાર પ્રકારે છે : તેમાં નામ-સ્થાપના સુગમ છે. નોઆગમથી દ્રવ્યદ્વેષ જ્ઞ, ભવ્ય અને તદ્વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારે છે. તદ્વ્યતિરિક્તના કર્મદ્રવ્યદ્વેષ અને નોકર્મદ્રવ્યદ્વેષ એમ બે ભેદ છે. કર્મદ્રવ્યદ્વેષના યોગ્ય, બધ્યમાનક, બદ્ધ અને ઉદીરણાવલિકા – પ્રાપ્ત એ ચાર પ્રકાર છે. નોકર્મદ્રવ્યદ્વેષના દુષ્ટ વ્રણાદિ અનેક પ્રકારો છે. ભાવદ્વેષ એટલે દ્વેષ – મોહનીયકર્મનો વિપાક. તે બે પ્રકારે છે : એક પ્રશસ્ત અને બીજો અપ્રશસ્ત. અજ્ઞાન, અવિરતિ – મિથ્યાત્વાદિ વિષયક દ્વેષ તે પ્રશસ્ત છે અને સમ્યક્ત્વ, વિરતિ, જ્ઞાનાદિ વિષયક દ્વેષ તે અપ્રશસ્ત છે.

**કષાયને નમાવનારા :**

કષાય ચાર પ્રકારના છે : ક્રોધ, માન, માયા અને લોભ. તેમાં સંગ્રહનયના મતે ક્રોધ અને માન એ અપ્રીતિજાતિ-સામાન્યવાળા હોવાથી દ્વેષમાં અંતર્ભાવ પામે છે અને માયા તથા લોભ એ પ્રીતિજાતિ-સામાન્યવાળા હોવાથી રાગમાં અંતર્ભાવ પામે છે.

વ્યવહારનયના મતે ક્રોધ, માન અને માયા એ ત્રણે દ્વેષ છે. કારણ કે માયા પણ પરોપઘાત માટે પ્રવૃત્ત થતી હોવાથી અપ્રીતિજાતિમાં અંતર્ભાવ પામે છે અને લોભ એ વ્યવહારનયના મતે રાગ છે.

ઋજુસૂત્રનયના મતે ક્રોધ જ અપ્રીતિરૂપ હોવાથી દ્વેષ છે. માન, માયા તથા લોભ પ્રીતિ-અપ્રીતિ ઉભય વિષયક હોવાથી રાગ-દ્વેષ ઉભયરૂપ છે. જેમ કે, માન સ્વઅહંકાર વિષયક હોય ત્યારે રાગ અને પરગુણદ્વેષ વિષયક હોય ત્યારે દ્વેષ. એ જ રીતે માયા અને લોભ માટે પણ સમજી લેવું. અર્થાત્-આત્માને વિષે મૂર્ચ્છાની પ્રધાનતા હોય ત્યારે એ ત્રણે રાગ બને છે અને પરોપઘાતની પ્રધાનતા હોય ત્યારે એ ત્રણે દ્વેષ બને છે.

શબ્દાદિ ત્રણ નયોના મતે માન અને માયા સ્વગુણોપકાર-મૂર્ચ્છાત્મક હોવાથી લોભ અર્થાત્ રાગ-સ્વરૂપ જ છે અને સ્વગુણોપકાર રહિત એ જ માનાદિના અંશો અને ક્રોધ પરોપઘાતાત્મક હોવાથી દ્વેષ જ છે.

**ઇન્દ્રિયોને નમાવનારા :**

'इन्द्रस्य लिङ्गम् इन्द्रियम्।' ઇન્દ્ર એટલે જીવ. તેનું લિંગ એટલે ચિહ્ન. અર્થાત્ જીવને ઓળખાવનાર તે ઇન્દ્રિય અથવા 'इन्द्रेण दृष्टं सृष्टं च ।' એ પણ ઇન્દ્રિય શબ્દની વ્યુત્પત્તિ છે. આવરણનો અભાવ થવાથી સર્વ વસ્તુને જાણી શકે છે, તેમ જ નાનાવિધ ભવોમાં ભમતાં સર્વ વસ્તુનો ઉપભોગ પણ તેને થાય છે, તેથી જીવ પરમૈશ્વર્યવાન કહેવાય છે. એ પરમૈશ્વર્યના યોગથી તથા સર્વોપલબ્ધિના ભોગનો સંબંધ હોવાથી જીવને ઇન્દ્ર કહેવાય છે. તેનું લિંગ અગર ચિહ્ન તે ઇન્દ્રિય છે. અથવા બીજા શબ્દોમાં જીવ વડે દેખાયેલ યા સરજાયેલ તે ઇન્દ્રિય છે. તેના પણ ચાર પ્રકાર છે, તેમાં નામ અને સ્થાપના સુગમ છે.

**પંચપરમેષ્ઠિઓના પાંચ ઉપકારો :**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠિઓ છે. અર્થાત્ પરમપદે બિરાજમાન પાંચ વિભૂતિઓ છે. જાતિથી પાંચ છે, પણ વ્યક્તિશઃ અનંત છે. ત્રણે કાળ અને ત્રણે લોકમાં તેઓ પ્રતિષ્ઠિત છે. ચાર નિક્ષેપ અને પાંચ પદોથી તેઓ આરાધ્ય છે. આ વિશ્વને અલંકૃત કરનાર પાંચ અદ્વિતીય રત્નો છે. સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર-એ નવરત્નોની ક્રાંતિ, વિશ્વને ઉજ્જવળ બનાવનાર પ્રભા સમાન છે. પંચપરમેષ્ઠિ અને તેમના ગુણ સ્વયં પોતાના તેજથી ત્રિભુવનમાં પ્રકાશી રહ્યા છે.

જેઓ તેમના એ પ્રકાશને જોઈ શકતા નથી, તેઓ ઘોર અંધકારની છાયા નીચે વસી રહેલા દુર્ભગ આત્માઓ છે એમ કહી શકાય.

**અરિહંતોનો ઉપકાર–માર્ગદર્શકપણું :**

અરિહંતો જેમ સ્વયં વીતરાગ, સર્વજ્ઞ અને ત્રિભુવન પૂજનીય છે, તેમ સિદ્ધ ભગવંતો અને સામાન્ય કેવળજ્ઞાનીઓ પણ વીતરાગ, સર્વજ્ઞ અને સર્વપૂજનીય છે. તેથી અરિહંતોની વિશેષતા તેમના માર્ગદર્શકપણામાં છે. મોક્ષમાર્ગનું પ્રથમ ઉપદેશકપણું અરિહંતોના ફાળે જાય છે. જન્મથી જ ત્રણ જ્ઞાન સહિત જન્મનારા અને દીક્ષા સમયે ચતુર્થ જ્ઞાનપ્રાપ્તિ કરનારા અરિહંતો જ કેળવજ્ઞાન પામી મોક્ષમાર્ગને દેખાડે છે, બીજાઓની તે તાકાત નથી. સિદ્ધો દેહ રહિત હોવાથી અને સામાન્ય કેળવજ્ઞાનીઓ અતિશયો રહિત હોવાથી મોક્ષમાર્ગના આદ્યદર્શક બની શકતા નથી.

**સિદ્ધોનો ઉપકાર–અવિનાશીપણું :**

અરિહંતોના અરિહંતપણાનો પણ આયુષ્ય પૂર્ણ થતાં અંત આવે છે. સિદ્ધોનું સિદ્ધપણું અવિનાશી છે. કાળની ફાળ સિદ્ધોના ગુણ કે સુખના એક અંશ ઉપર પણ આક્રમણ કરી શકતી નથી. સિદ્ધોના ગુણો અને સુખો અવ્યાબાધ છે. અવ્યાબાધ ગુણ કે અવ્યાબાધ સુખ સિદ્ધો સિવાય બીજા કોઈને પણ નથી. અરિહંતો પણ આયુષ્યકર્મના અંત સુધી દેહને પરતંત્ર છે. સિદ્ધોની સ્વતંત્રતાની આડે આવવાની તાકાત કોઈ પણ વસ્તુમાં નથી. એ કારણે જ અરિહંતો પણ સિદ્ધપણા માટે જ ઉદ્યમ કરે છે અને જગતને પણ એ સિદ્ધપણાના માર્ગે જ લઈ જવાનો પ્રયાસ કરે છે.

**આચાર્યોનો ઉપકાર–આચાર :**

અરિહંતો દેહધારી છે છતાં સર્વકાળ અને સર્વક્ષેત્રોમાં તેમની હાજરી સંસારમાં હોતી નથી. સિદ્ધો દેહરહિત છે અને સંસારના પારને પામી ગયેલા હોય છે, તેથી મુક્તિનો માર્ગ સર્વકાળ અને સર્વ ક્ષેત્રોમાં આચાર્યોથી જ ચાલે છે. આચાર્યો આચારના પાલનથી જ મોક્ષમાર્ગને ચલાવે છે. મોક્ષનો માર્ગ પાંચ પ્રકારના આચારમાં વહેંચાયેલો છે. આચાર્યો તે પાંચ પ્રકારના આચારને મન-વચન-કાયાથી એવી રીતે પાળે છે કે યોગ્ય આત્માઓની આગળ તે માર્ગનો પ્રકાશ ફેલાય છે. તેમાંથી અનેક યોગ્ય આત્માઓ મોક્ષમાર્ગની આરાધના પ્રત્યે આપોઆપ આકર્ષાય છે.

**ઉપાધ્યાયોનો ઉપકાર–વિનય :**

આચાર્યો રાજાના સ્થાને છે. ઉપાધ્યાયો મંત્રીના સ્થાને છે. આચાર્યોનો સ્વયં વિનય કરવો અને બીજા પાસે કરાવવો એ તેમનું મુખ્ય કર્તવ્ય છે. 'વિનય વિના જેમ વિદ્યા નથી તેમ વિનય વિના ધર્મ પણ નથી.' આ વાત ઉપાધ્યાયો પોતાના દૃષ્ટાંતથી જગત સન્મુખ સર્વદા ટકાવી રાખે છે. 'વિનયના નાશમાં જેમ વિદ્યાનો નાશ છે; તેમ વિનયના નાશમાં ધર્મનો પણ નાશ છે.' એ પદાર્થપાઠ જગતને આપવાનું કાર્ય ઉપાધ્યાયોથી થાય છે. આચાર્યોથી જેમ સદાચારોનું સંરક્ષણ થાય છે; તેમ ઉપાધ્યાયોથી વિનયાદિ સદ્‌ગુણોનું સંરક્ષણ થાય છે. તેઓ સ્વયં વિનય કરે છે અને બીજાઓ પાસે પણ કરાવે છે. વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન (શ્રદ્ધા), દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ તેઓ સ્વયં મેળવે છે અને બીજાઓને પણ મેળવી આપે છે.

**સાધુઓનો ઉપકાર–સહાય :**

આચાર્યો પાસેથી આચાર અને ઉપાધ્યાયો પાસેથી વિનયને મેળવીને મુક્તિમાર્ગની સાધનામાં મગ્ન બનેલા સાધુઓ, મુક્તિમાર્ગના અભિલાષુક ભવ્ય આત્માઓને મુક્તિમાર્ગના અનન્ય સહાયક બને છે. અર્થકામાદિ અન્ય સર્વ ક્ષેત્રોમાં અન્ય સર્વની સહાય સુલભ છે, પણ મુક્તિમાર્ગમાં સાધુઓ સિવાય બીજાઓની સહાય સુલભ નથી. સાધુઓની સાધના જ એવા પ્રકારની રચાયેલી છે, કે એ સાધના દ્વારા ભવ્ય આત્માઓને મુક્તિમાર્ગને આરાધવા માટેની જરૂરી સહાય આપોઆપ મળી રહે છે. સાધુઓ પાસેથી તે સહાય મેળવનારને એક પાઈનું પણ ખર્ચ કરવું પડતું નથી. સાધુઓ પાસેથી અર્થી આત્માઓને જ્ઞાન, દર્શન, ચારિત્ર, શીલ, તપ અને તેના પરિણામે મળતાં સ્વર્ગ અને અપવર્ગના સુખો પણ મફત જ મળે છે. તેના બદલામાં સાધુને કશું જ ખપતું નથી. સાધુઓનો એ અનન્ય ઉપકાર છે.

આ રીતે માર્ગ, અવિનાશ, આચાર, વિનય અને સહાય એ પાંચપરમેષ્ઠિઓના અનંત ઉપકારોમાંથી વીણીને છૂટા પાડેલા અનુક્રમે પાંચ પ્રધાન ઉપકારો છે. તેને લક્ષમાં લેવાથી પરમેષ્ઠિઓ ઉપર સાચો આદરભાવ જાગે છે. એ આદરભાવ જ જીવને 'નવકાર મંત્ર'નો સાચો અધિકારી બનાવે છે.

✦ ✦ ✦

**શ્રી નમસ્કાર-મહામંત્ર**

નમસ્કાર એ ઋણ મુક્તિનો મંત્ર છે. પોતાના માથે ઋણ છે એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બને છે. નિરહંકાર રહે છે.

પ્રત્યેક જન્મમાં બીજા પર પોતે કરેલા અપકાર અને બીજાના પોતાના ઉપર થયેલા ઉપકારને યાદ રાખનારો સદા નમ્ર રહે છે.

અપકારના બદલામાં ઉપકાર કરવા તત્પર રહે છે અને ઉપકારના બદલમાં પ્રત્યુપકાર કરવાની ભાવનાવાળો રહે છે.

અપકારનો બદલો સમતાભાવથી સર્વ પ્રકારના કષ્ટો સહવામાં રહેલો છે અને ઉપકારનો બદલો આત્મજ્ઞાનથી વળે છે.

આત્મજ્ઞાની પુરુષ વિશ્વ પર જે ઉપકાર કરે છે, તે એટલો મોટો હોય છે કે તેની આગળ તેના પર બીજાથી થયેલા બધા ઉપકારોનો બદલો વળી જાય છે.

દુઃખ આવે ત્યારે કર્મના વિપાકનું ચિંતન કરવાથી સમતાભાવ જળવાય છે, તેથી બીજા પર કરેલા અપકારોનું ઋણ ઉતરી જાય છે.

'નમો' મંત્ર અપકાર અને ઉપકાર બંનેનો બદલો એક સાથે વાળી શકે છે. તેનું કારણ તેની પાછળ કર્મવિપાકનો પણ વિચાર છે અને આત્મજ્ઞાન પામવાનો પણ વિચાર છે. કર્મવિપાકનો વિચાર સર્વ પાપનો નાશ કરે છે, આત્મજ્ઞાનનો વિચાર સર્વ મંગળોનું કારણ બને છે.

ધર્મ માત્ર મંગળ છે. આત્મજ્ઞાન બધા ધર્મોનું ફળ છે. તેથી શ્રી અરિહંતાદિને નમસ્કાર વડે થતું આત્મજ્ઞાન એ સર્વ મંગળોમાં પ્રધાન મંગળ છે, નિત્ય વધતું મંગળ છે.

જીવ કર્મથી બંધાયેલો છે એ વિચાર જેમ નમ્રતાને લાવે છે, તેમ કર્મથી મુક્ત થયેલા મહાપુરુષો પ્રત્યે અંતરથી થતું બહુમાન પણ નમ્રતાને લાવે છે.

કર્મનો વિચાર પાપનું પ્રાયશ્ચિત્ત કરાવે છે, ધર્મનો વિચાર પુણ્યનું બીજ બને છે.

'નમો' મંત્રમાં કર્મનો અનાદર છે અને ધર્મનો આદર છે. કર્મનો બંધ પરાપકારથી થયો છે તેનો સ્વીકાર છે અને ધર્મની પ્રાપ્તિ પરોપકારથી થાય છે એનો પણ અંતઃકરણપૂર્વ સ્વીકાર છે.

પોતાને ધર્મ પમાડનાર બીજા છે, તેથી ઉપકારીને નમસ્કાર એ જેમ ધર્મવૃદ્ધિનો હેતુ છે, તેમ બીજા પ્રત્યે કરવામાં આવતો ઉપકાર પણ ધર્મની વૃદ્ધિ કરે છે. ધર્મને પામવા માટે પણ પરોપકાર અને ધર્મને કરવા માટે પણ પરોપકાર આવશ્યક છે.

અધર્મથી છૂટવા માટે અને ફરીથી અધર્મ ન કરવા માટે પણ નમસ્કાર આવશ્યક છે. એક નમસ્કાર અપરાધને ખમાવવા માટે છે અને એક નમસ્કાર ઉપકારને સ્વીકારવા માટે છે. ઉપકારનો સ્વીકાર પણ નમસ્કાર વડે થાય છે અને અપરાધની ક્ષમાપના પણ નમસ્કાર વડે થાય છે.

નમસ્કાર મહામંત્ર સર્વ પાપનો પ્રણાશક અને સર્વ મંગળોનું મૂળ કહેવાય છે. કારણ કે તે પાપના પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી પાપ રહિત પુરુષોને નમનક્રિયારૂપ છે.

પરાપકાર રહિત અને પરોપકાર સહિત પુરુષોને પરાપકાર રહિત અને પરોપકાર સહિત થવાની બુદ્ધિથી જે નમસ્કાર કરવામાં આવે છે તે ભાવનમસ્કાર છે અને તે ભાવનમસ્કાર પાપપ્રણાશક અને મંગળવર્ધક બને છે.

ભાવનમસ્કારમાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના રહેલી છે અને તે બંને પૂર્વક આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ પણ રહેલી છે. આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ આત્મજ્ઞાનને સુલભ બનાવે છે.

આત્મજ્ઞાન અને કર્મવિજ્ઞાન ઉભય એકસાથે રહેલાં હોવાથી નમસ્કારમંત્રમાં સર્વમંત્ર-શિરોમણિતા રહેલી છે.

નમસ્કારમંત્રથી પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે, ધર્મનું બહુમાન થાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી તે એક જ મંત્રમાં આત્મકલ્યાણની સિદ્ધિ કરાવી આપનારાં સર્વ અનુષ્ઠાનોનો સાર આવી જાય છે.

નમસ્કાર મહામંત્રનો જાપ અને તેની ભાવના સર્વ અંતરાયોનું નિવારણ અને આત્મજ્ઞાનનું કારણ થાય છે. તેથી પાપભીરુ અને આત્માથી એવા સર્વ ભવ્યાત્માઓએ તેનું નિરંતર સ્મરણ કરવા યોગ્ય છે. તે તેના જાપકને અને તેના અર્થના ભાવકને હંમેશ માટે નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

નમસ્કાર મહામંત્રના જાપ માટે તથા તેના અર્થની ભાવના માટે જે યોગ્યતા જોઈએ તે નીચેના ગુણોને કેળવવાથી આવે છે.

૧. ભદ્રકપરિણતિ

૨. વિશેષનિપુણમતિ

૩. ન્યાયમાર્ગરતિ

૪. દઢજિનવચનસ્થિતિ

યોગ્ય મનુષ્યમાં આ ચારે ગુણો અંશ-અંશે રહેલા હોય છે, તેને અધિકને અધિક વિકસાવતા રહેવાથિ મહામંત્રથી અધિકારિતા પ્રાપ્ત થાય છે.

★ જે ભાવપૂર્વક લેખ લાખ નવકારને ગણે છે તથા વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને પૂજે છે તે આત્મા અવશ્ય તીર્થંકરનામગોત્રને ઉપાર્જે છે.

★ ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સફળ નથી થતું, કે જ્યાં સુધી શ્રી પરમેષ્ઠિનવકારમહામંત્રનું સ્મરણ કરવામાં આવ્યું નથી.

*સંદર્ભ ગ્રંથ : 'ત્રૈલોક્યદીપક મહામંત્રાધિરાજ' પુસ્તકમાંથી સાભાર*

# શ્રી નમસ્કાર મહામંત્ર વિષે એક શ્રાવકની અનુપેક્ષા

**સંકલન : ભારતી દિપક મહેતા**

★ શ્રી નમસ્કાર મહામંત્રથી આત્માનુશાસન અર્થાત્ પરમ ચૈતન્ય ખીલે છે, તે માટે જ વિશ્વાનુશાસન છે, તે ચલાવવા ધર્માનુશાસનનું અસ્તિત્વ છે અને પ્રાંતિ તે બતાવવા જ જિનશાસન છે!

★ Think Globally = શ્રી નવકાર મહામંત્ર. Act Locally = કરેમિ ભંતે સૂત્ર.

★ શ્રી નમસ્કાર મહામંત્ર કહે છે કે : God is in this experience, So trust God's plan for you!

★ શ્રી નવકાર મહામંત્રમાં આપણા જ પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ વિસ્મરાયેલાં સ્વરૂપને નમસ્કાર છે. શ્રી પંચ પરમેષ્ઠીને શરણે જવું / રહેવું એટલે કે આપણા પોતાના જ ચિન્મય – સહજ આત્મતત્ત્વને શરણે રહેવું. પરમાર્થના નમસ્કાર (મંત્ર) પોતાના જ શુદ્ધ સ્વરૂપને છે, કેમકે શૂન્ય બનીએ તો પૂર્ણ થવાય.

★ પરમેષ્ઠીને નમસ્કાર મારી ચેતનાને વિશુદ્ધ કરે છે, એમ વિચારીને અક્ષરોથી પદ અને પદથી પદમયી દેવતા સાથે એકતા થવાથી શ્રી નવકાર મહામંત્રનું ચૈતન્ય વિશ્વવ્યાપી બને છે, જેથી અંતરાયો નાશ પામે છે.

★ શ્રી નમસ્કાર મહામંત્ર એ તીર્થસિદ્ધ મંત્ર છે. તીર્થયાત્રા તત્ત્વની પ્રાપ્તિ માટે છે. તત્ત્વને કોણે ઢાંકેલું છે? આઠ કર્મોએ! એ આઠ કર્મોનું વિનયન માત્ર ભાવપૂર્વકથી થતાં નમસ્કારથી થાય છે!

★ નવકાર મંત્ર એ સરળ, શુભ, શુદ્ધ, શરણભૂત, શાંતિ, શક્તિ, સમૃદ્ધિ, સમાધિ અને પ્રાંત સિદ્ધિદાયક છે.

★ મહામંત્રનાં જાપનું ઉપનિષદ શું છે?

સૌ પ્રથમ સંભેદ પ્રાણધાનપૂર્વક આપણા ઉપયોગને પંચ પરમેષ્ઠીમાં વ્યાપ્ત કરવો, તત્પશ્ચાત્ નિજ આત્મામાં જ પરમેષ્ઠીઓને તન્મય – તદ્રૂપ બનીને જોવાં – એ અભેદ પ્રણિધાન. બસ, આ જ છે શ્રી નવકાર મહામંત્રનું ઉપનિષદ.

★ શ્રી નમસ્કાર મહામંત્ર સ્થિત પંચપરમેષ્ઠી એટલે...

अ = અરિહંત = વિશ્વમૈત્રી.
सि = સિદ્ધ = પરમાત્મસમદર્શિત્વ.
आ = આચાર્ય = સદાચાર.
उ = ઉપાધ્યાય = વિનયનાં ભંડાર.
सा = સાધુ = સહાય (મોક્ષમાર્ગે).

તેઓ અનુક્રમે વીતરાગતા, પૂર્ણતા, નિર્ગ્રન્થતા, આત્મવિદ્યા તથા સાધના માર્ગ આપે છે.

★ શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાનથી આત્માનું નિર્ભ્રાંત દર્શન થાય, નિર્મળ જ્ઞાન ઉપજે, નિષ્પાપ ચારિત્ર્ય ખીલે, નિઃસ્પૃહ તપસ્વી થવાય, મન નિસ્તરંગ બને, કાયા નિસ્પંદ બને અને નિશ્ચળતા મળે.

★ શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાથી ૭ પ્રકારના દર્શન થાય : અણુદર્શન, વિશ્વદર્શન, જીવદર્શન, કર્મદર્શન, તત્ત્વદર્શન, ધર્મદર્શન તથા આત્મદર્શન.

★ શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાથી ૭ જ્ઞાન નીપજે છે : (૧) જીવ જાતિ એક જ છે – एगे आया। (૨) ધર્મ એક જ છે – પ્રેમ. (૩) આચરણ એક જ છે – સત્યનું. (૪) વિશ્વમાં કાયદો એક જ છે – કર્મનો. (૫) ભાષા એક જ છે – જીવરક્ષાની. (૬) સર્વ જીવોનું એક જ ઘર છે – ૧૪ રાજલોક. (૭) સમસ્ત વિશ્વ ઉપર સામ્રાજ્ય એક જ છે – શુદ્ધ ચૈતન્યનું.

★ શ્રી નમસ્કાર મહામંત્ર સારથી પૂણ્યોત્પાદક છે, સંક્ષેપથી ધર્મોત્પાદક છે, મૂળથી તીર્થોત્પાદક છે અને અંતે ફળથી મોક્ષોત્પાદક ગણાયો છે.

★ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ એટલે પ્રભુનો વાણીથી કરાતો અભિષેક – વાઙ્ગમયી પૂજા છે ભગવાનની!

★ શ્રી નમસ્કાર મંત્રનું ચૈતન્ય પ્રગટ થતાં આત્માની ત્રણ શક્તિઓનું દિવ્ય રૂપાંતર થાય છે :

(૧) ઇચ્છાશક્તિ : પોતાના સુખ જેટલી જ સર્વ જીવોનાં સુખ માટે ઇચ્છા થાય.

(૨) ક્રિયાશક્તિ : વિશ્વના સર્વ જીવોની સાથે આત્મતુલ્ય વર્તન થાય.

(૩) જ્ઞાનશક્તિ : સર્વ જીવો આત્મ સમ જ ભાસે!

★ નવકારના જાપથી સમજાય છે કે આ જગત ભૌતિકવાદથી પ્રવ્યથિત છે અને ભગવાન મહાવીરનું તત્ત્વજ્ઞાન જ અને તેનું અનુસંધાન જ તમામ વ્યવહારમાં એક સુવર્ણયુગને લાવી શકશે. આ મંત્રજાપથી સાદાઈ, સદાચાર અને સેવાનું ઉપનિષદ જો જીવનમાં પ્રગટે, તો જ આપણે મહાવીરના સાચા અનુયાયી કહેવાશું! મહાવીરના માર્ગને જીવનશૈલી બનાવવા નવકાર જાપ જરૂરી છે.

★ શ્રી નવકાર મહામંત્રના ચિંતન દ્વારા પ્રજ્ઞા અને જાપના ધ્વનિ દ્વારા અંદરનો આનંદ પ્રગટે છે. તંત્રભાષામાં વર્ણોનો વિમર્શ થતાં વર્ણવિચ્યુતિ થાય છે. માત્ર બિંદુમાં જ જ્યારે ધ્યાન રહે, ત્યારે મંત્રેશ્વરનો સ્પર્શ થાય.

★ શ્રી નવકાર મહામંત્રનો જાપ ક્યાં સુધી કરવો? તે આપોઆપ થવા માંડે, ત્યાં સુધી!

★ નમસ્કાર મહામંત્ર ભૂતાત્માને અક્ષરાત્મા બનાવે છે.

★ શ્રી નમસ્કાર મહામંત્રના શબ્દો એક શક્તિવ્યૂહ છે! It is a sort of Time Bomb! Implant it in your consciousness. It shall explode when the time comes! જ્યારે મંત્ર વિસ્ફોટ થશે, ત્યારે શું થશે? પાપાત્મા બહાર નીકળી જશે, અસુરાત્મા સુર બની જશે, અરિછંદ મિત્રછંદ બની જશે અને વિષમ સ્પંદનો સુષમ સ્પંદનોમાં પરિવર્તિત થશે.

★ નવકાર મંત્ર સ્પંદનાત્મક છે. સુષમ સ્પંદન એટલે At peace with one's self & the world. આપણા મન-દેહ-પ્રાણમાં વિષમ સ્પંદનો ચાલી રહ્યાં હોય, તેથી જ આપણે અજંપો – અશાંતિને અનુભવીએ છીએ. મહામંત્રના જપ આ વિષમ સ્પંદનોને સુષમ કરે છે. તે બસુરા અથવા તો અસુરતાને સુરતામાં ફેરવે છે.

★ મોહક્ષોભરહિત શ્રી નવકાર મહામંત્રનો જાપ કરતાં કરતાં છેવટે મંત્રાક્ષરોનાં સ્પંદનો પણ નિસ્પંદ, નિસ્તરંગ, નિશ્ચલ થઈ જાય છે અને જાણે કે 'अहं'નો સંપૂર્ણ લોપ થઈ ગયો લાગે છે અને માત્ર 'अर्हं'ની easenessમાં – Beingમાં રહી શકાય છે.

★ શ્રી નમસ્કાર મહામંત્ર જપનાં શબ્દોને નિર્વિકલ્પતાથી ગણો. જપ વખતે શબ્દોનાં ભાવમાં જવાની જરૂર નથી, કેમકે મંત્રનાં શબ્દો જ સ્વયં એ કામ કરશે. વાક્‌નું પતન થતાં જ જપ મધ્યમા વાણીમાં અને ત્યાંથી પશ્યન્તિમાં ચાલે છે. સમુદ્રમાં જેમ સહજ રીતે જ નદી ભળી જાય, તેમ આર્હન્‌મયી ચેતનામાં જાપક ડૂબી જાય છે. મંત્રના શબ્દોમાં જ આવી વિદ્યુત શક્તિ છે, જે આત્માને શોકપ્રહાર કરી ચારે સંજ્ઞાઓથી છોડાવે છે.

★ માનવીની યાત્રા જે વૈખરીથી પરાવાણી પર્યંત પહોંચવાની છે, તે માટે નવકારનો જાપ સહાયક બને છે. પરાવાક્ – જે પરમ વ્યોમ નિવાસીની વાણી છે, તે જ આપણી યાત્રાનું અંતિમ ગંતવ્ય અને પ્રાપ્તવ્ય છે, જે મેળવવા મંત્રજાપ સેતુ બને છે. વાક્‌નાં સ્પંદનથી જ કાળચક્ર ગતિમાન થાય છે. આ કાળચક્ર બિંદુમાં પહોંચ્યાં બાદ અટકી જાય છે, થંભી જાય છે. શાશ્વત-સનાતન નાદ જ્યોતિમાં સ્થિતિ થતાં જ સંસારનો સંહારક્રમ પૂરો થાય છે. નવકાર મહામંત્રનાં ડાયનેમિક અને ક્રીએટીવ યાને શક્તિસ્વરૂપ અને સ્ત્રષ્ટા એવા ૬૮ અક્ષરો કર્મનાં અણુને ભેદી નાંખે છે અને વિશુદ્ધ ચૈતન્યની સૃષ્ટિનું તે સ્ત્રષ્ટા બનીને સર્જન કરે છે.

★ નમસ્કાર મંત્ર આપણને નેમિમાંથી નાભિમાં લઈ જાય છે અર્થાત્ from peripheri to the center.

★ નિર્વિકારી, નિર્વિચારી, નિર્વિશેષ બનવું છે? તો નિર્વિકલ્પપણે નવકાર મંત્રનું નિત્ય સેવન કરો.

★ શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકા સ્પષ્ટપણે કહે છે કે : તું સ્વયં આર્હન્ત્યમયી ચેતના છો – વિશુદ્ધ ચૈતન્ય છો, તેમાં જ સ્થિર થા. ન x મં.નું આ પ્રત્યક્ષ તત્કાળ ફળ છે કે તે આપણા સ્વરૂપનું દાન આપે છે. 'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' એટલે આ પાંચને નમસ્કાર મારા અહંને બાળી નાંખે છે. Crucification of ego & resurrection of soul એ જ 'મંગલાણં ચ સવ્વેસિં' છે. આ મંત્રની આરાધના એ આત્મશક્તિનાં ઉત્થાનનો સામુહિક પ્રયોગ છે. તે દ્વારા જ ભગવાને માનવનાં સમાજજીવનને અધ્યાત્મનું અનુસંધાન આપવાનો ક્રમ બતાવ્યો છે!

★ નવકાર દર્શાવે છે સ્વનાં સુખ માટે નિરાગ્રહી અને સર્વનાં સુખ માટે સત્યાગ્રહી બનવાનો માર્ગ!

★ નવકારનાં ધ્યાનથી અવશ મન બને છે વશ. નવકાર છે એક જબરજસ્ત સારસ્વતનિધિ – તેને આપણે માત્ર સાચવીએ છીએ, જાણતાં નથી કે નવકારનાં પ્રથમ પદનાં ૭ અક્ષરો ૭ પ્રકારનું અક્ષયજ્ઞાન આપે :

(૧) સર્વોપરિ આર્હન્ત્ય ચેતનાનો સ્પર્શ કરાવે.

(૨) 'આ ચેતનાનો જ હું અંશ છું' તેવો અનુભવ કરાવે.

(૩) 'દેહથી મારી ચેતના જુદી છે' તેનો ખ્યાલ આપે.

(૪) આ દશ્યમાન જગત પાછળ એક અદશ્યમાન એવું પરમ સત્ય જગત ચિદાકાશમાં રહેલું છે, તેનો પુરાવો આપે.

(૫) સંકલ્પ-વિકલ્પોને હણવા માટે અરિહંતોની નિરુક્તિ આપે.

(૬) સંબંધોનાં જગત સાથે સમ્યક્ વ્યવહાર કરાવે.

(૭) સ્વરૂપજગતમાં પ્રવેશ કરાવવા સમ્યક્ નિશ્ચય કરાવે.

★ શ્રી પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર પાંચ રોગને હરે :

(૧) સાધુને નમસ્કાર = અવિરતિ રૂપી રોગને હરે.

(૨) ઉપાધ્યાયને કરેલો નમસ્કાર = અવિદ્યા રોગને હરે.

(૩) આચાર્યને નમસ્કાર = મોહરૂપી રોગને હરે.

(૪) અરિહંત નમસ્કાર = અજ્ઞાન-અહં-ઇચ્છારૂપી રોગને હરે.

(૫) સિદ્ધોને નમસ્કાર = જન્મ-મરણરૂપી રોગને જ હરે!

★ નમસ્કાર મંત્રની ૮ સંપદા, ૮ દિવ્ય વરદાન અર્પે :

દિવ્ય આરાધના, દિવ્ય દર્શન, દિવ્ય કર્મો, દિવ્ય ઉપનિષદ, દિવ્ય સંકલ્પ, દિવ્ય તપસ્, દિવ્ય રૂપાંતરણ અને દિવ્ય જીવનનું વરદાન અર્પે.

★ અજંપો જિનેશ્વરથી છૂટ્ટા પડ્યાનો છે – જિનમુખની ગંગોત્રી સમાન શ્રી નવકાર મહામંત્ર આપણને શ્રી જિનેશ્વર ભગવંત

સાથે મિલન કરાવી અજંપાને દૂર કરવા સહાય કરે છે.

★ નવકાર મંત્ર એક એવી પ્રાર્થના છે કે જે આપણી ચેતનામાં પ્રભુચેતના ભરી દે છે! ગુણવાનોને નમન, સ્તુતિ, પ્રશંસા એ નિર્ગુણનાં નિવારણનો અમોઘ ઉપાય છે. ગુણસ્તુતિભર્યા હૃદયે ગુણવાનને નમસ્કાર શ્રી નવકાર મહામંત્રથી થાય છે અને ગુહાસ્તુતિ એ જ મુક્તિમાર્ગનો મહાજન માર્ગ છે! ગુણોને જીવવાએ જેમનો સ્વભાવ છે, એવા પરમેષ્ઠી ગુણસ્વરૂપનું ગુણ બહુમાન, ગુણ અનુમોદન, ગુણધારણ, ગુણ ગ્રહણ, ગુણ પ્રસારણ એ કર્તવ્ય છે. તેનાથી ગુણો સાથે સાચું અદ્વૈત સધાય છે. આમ વિશ્વમન સાથે ઐક્ય થતાં જ પ્રભુની ચેતના તમારા દ્વારા કાર્ય કરવાનું શરૂ કરે છે, જેથી ભેટ મળે છે : નિર્મળ ચિત્ત, નિર્વિકારી મન, નિર્વિચારિતા, નિરીહતા, નિસ્પૃહતા, નિર્મળ નિશ્ચિતતા, નિર્ભય નિશ્ચિંતતા અને નિશ્ચળ ગતિશીલતા – મોક્ષ તરફની!

★ ત્રણે કાળનાં જિનેશ્વરો વાચ્યરૂપે 'નમો અરિહંતાણં'ના ૭ અક્ષરોનાં જ સમાઈ ગયાં છે, તેઓને સર્વને વંદન નવકારનાં માત્ર પ્રથમ પદથી જ થઈ જાય છે.

★ નવકાર મંત્ર સો વાર ગણાય એટલે અંદરથી જ જવાબ મળવા માંડે – નવકારનો નાદ સંભળાવા માંડે, પણ એ શ્રદ્ધા અને પૂર્ણ ભાવથી ગણાયા હોય તો જ.

★ નવકાર મંત્રને સાધવો પડતો નથી – તે સ્વયંસિદ્ધ મંત્ર છે. તે સ્વયં ભાવમંગલ – સાક્ષાત્‌મંગલ છે, તેથી જ તેનો જપયોગ સર્વજનસુલભ, સર્વતોભદ્ર, સર્વજન હિતકારી, સદા સર્વથા-સર્વત્ર સેવનીય, શીઘ્રફલપ્રસાધક સર્વ સિદ્ધિઓનું ભાજન તથા વિશ્વનાં દરેક મંત્રોનું બીજ છે!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૨ ૧૫૫૦૦, રાજકોટ

# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**

**એ**ક આત્મા જ્યારે તત્ત્વ અને તત્ત્વના સત્યને જાણવા લાગે છે, એના અતલ ઊંડાણ સુધી જઈ, એના એક-એક રહસ્યોને ઉકેલે છે, ત્યારે તેને ખ્યાલ આવે છે કે હું જે જાણં છું તેના કરતાં તો કંઈક અલગ છે, અનન્ય છે.

એવું જ એક દિવ્ય તત્ત્વ સમાયું છે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના ઊંડાણ સુધી જે જાય છે. એના એક-એક રહસ્યોને જે ઉકેલે છે, એના સાક્ષાત્કારનો જે અહેસાસ કરે છે અને એમાં રહેલી અકલ્પનીય સિદ્ધિને જે પ્રાપ્ત કરે છે, તે જ જાણી શકે છે કે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો શબ્દાર્થ અને ભાવાર્થ જે છે એના કરતાં એનો ગૂઢાર્થ કંઈક અલગ જ છે. એનો પ્રભાવ જે દેખાય છે અને અનુભવાય છે એના કરતાં પણ એમાં સમાયેલી દિવ્ય શક્તિ કંઈક અનન્ય, અલૌકિક અને અદ્‌ભૂત છે.

**જે વાસ્તવિક સત્ય સુધી પહોંચે છે, તે જ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.**

સામાન્ય માનવીની દૃષ્ટિમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ છે, જે પ્રભાવક છે અને આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરનાર છે, જ્યારે અમારી દૃષ્ટિમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિ સુધીની યાત્રાનું શ્રેષ્ઠ માધ્યમ છે. મોક્ષમાં જવા માટેનો passport છે અને અનંતકાળના સંસાર પરિભ્રમણથી મુક્તિ અપાવનાર અપૂર્વ સ્તોત્ર છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એક શ્રેષ્ઠ રચના છે, જે શ્રેષ્ઠત્તમ સ્થાન-સિદ્ધત્ત્વની પ્રાપ્તિ કરાવે છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર માત્ર ચમત્કાર નથી, જ્યારે જે આ સ્તોત્રના રહસ્ય સુધી પહોંચ્યા છે, એના ગર્ભ સુધી પહોંચ્યા છે, એવા જ્ઞાની અને સિદ્ધપુરુષોની દૃષ્ટિમાં આ એક વૈજ્ઞાનિક તથ્ય છે. શબ્દો સંયોજનની chemical process છે.

**મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર જ્યારે સર્વાંગથી સ્મરણ થાય છે, ત્યારે તે સર્વ શક્તિમાન બની જાય છે.**

આપણા શરીરમાંથી સતત ઊર્જા પ્રગટ થતી હોય છે, જેટલો ઊર્જાનો force હોય એટલી તેની ગતિ હોય. આપણા મુખમાંથી જે શબ્દ નીકળે, એ જેટલાં forceથી નીકળે, એટલી તીવ્ર ગતિથી એ ચૌદ રાજુલોક સુધી પહોંચે, એ શબ્દમાં જ્યારે સર્વાંગની ઊર્જા, અને સ્વયંની શ્રદ્ધા ભળે છે, ત્યારે તે શબ્દ, એક દિવ્યશક્તિથી સમૃદ્ધ મંત્રરૂપ બની જાય છે, જેના કારણે વ્યક્તિની negativity દૂર થાય છે, કર્મોની નિર્જરા થાય છે, પ્રભુતત્ત્વ પ્રત્યે અહોભાવ અને

વિશ્વાસ હોય તો કર્મ ક્ષય થવાથી ઉપસર્ગ ઉપશાંત થાય છે, કાર્યો સફળ થાય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ ચમત્કારની દૃષ્ટિએ નથી કરવાનું, પણ એની પ્રગટતી શક્તિઓનો શ્રદ્ધાના સમન્વય સાથે ઉપયોગ કરવાનો છે, એ શક્તિ કેવી રીતે પ્રગટ થાય છે એના Reason N Visionને જાણી, જેમણે આ સ્તોત્રને ઉત્કૃષ્ટ સાધના દ્વારા આત્મસાત્ અને સિદ્ધ કર્યો હોય એવા સિદ્ધપુરુષ, ગુરુના શરણમાં સમર્પિત થઈ, એમની આજ્ઞા અને માર્ગદર્શન અનુસાર સાધના કરવાની હોય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જ્યારે જપ-સાધના કરો, ત્યારે તેના Reason N Visionને જાણી અને સમજીને કરો તો સમ્યકરૂપે પરિણમે! એક સાધક જ્યારે એના કારણને જાણી, એની પાછળની દૃષ્ટિને સમજીને, શ્રદ્ધા અને ભાવ સાથે, proper વિધિ, યોગ્ય અને શુદ્ધિઉચ્ચારણથી સાધના કરે છે ત્યારે જે દિવ્યશક્તિના પરમાણઓ પ્રગટ થાય છે, તે સ્વયંને, આસપાસવાળાને અને સાંભળનારા સર્વને એની પ્રભાવકતાની અસર અનુભવાય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં ચેતનતત્ત્વના પ્રાગટ્યની વાત આવે છે. પરમાત્માએ કહ્યું છે, જ્યાં આત્મ ચેતના જાગૃત થાય, ત્યાં ચમત્કાર તો byproduct રૂપે થવાના જ છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના રચનાકાર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી એ સાધના કરી જે દિવ્યશક્તિને આહ્વાન આપ્યું હતું. એ દિવ્યશક્તિને સૂક્ષ્મ સ્વરૂપે આ સ્તોત્રમાં સમાવી દીધી છે. માટે જ, એક વ્યક્તિ જ્યારે ઉત્કૃષ્ટ ભાવ અને દૃઢ શ્રદ્ધા સાથે આ સ્તોત્રની જપ-સાધના કે સ્તુતિ કરે છે ત્યારે તેના ભાવો અને વિચારો શુદ્ધ થવા લાગે છે, જેના પરિણામે તે વ્યક્તિના અશુભ કર્મો શુભ કર્મમાં, અશાતાના કર્મો શાતામાં અને નીચ ગોત્ર કર્મ ઉચ્ચ ગોત્ર કર્મમાં convert થવા લાગે છે, જેને જૈનદર્શનમમાં કર્મોનું સંક્રમણ કહે છે.

એક પળ પહેલાં ચંદનબાળાને અશુભ કર્મ – નીચ ગોત્રકર્મ અને અશાતા વેદનીય કર્મના કારણે હાથ-પગમાં બેડી હતી. અંગ ઉપર દાસી જેવા વસ્ત્રો હતાં, માથે મૂંડન હતું, એ જ ચંદનબાળાને પ્રભુ મહાવીરનો યોગ થાય, પ્રભુનું સાંનિધ્ય પ્રાપ્ત થાય. પ્રભુની શુભ અને શુકલ auraનો અવગ્રહ પ્રાપ્ત થાય, પ્રભુને બાકુળાનું આહાર દાન અર્પણ કરે અને પળમાં કર્મોનું સંક્રમણ થઈ જાય!

**પળમાં દાસી અને પળમાં રાજકુમારી!**

**પળમાં બેડીના બંધન અને પળમાં મુક્તિ!**

ચાહે મંત્ર હોય કે ચાહે સ્તોત્ર હોય, હોય છે જબરજસ્ત અને powerful સૂક્ષ્મ શક્તિનું power house, એ power house સાથે આત્મ connection કરતાં જેને આવડી જાય તે આર્થિક, આત્મીક અને આધ્યાનત્મક વૈભવને પ્રાપ્ત કરે.

**સ્તોત્રમાં સમાયા છે અદ્ભૂત secrets.**

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની એક-એક ગાથાના એક-એક શબ્દોમાં છૂપાયાં છે અદ્ભૂત secrets!

આ secretsને સમજીને જે સાધના કરે છે તે સિદ્ધિને પામે છે. એક-એક શબ્દમાં અનેક secrets સમાયા છે, અત્યારે આપણે ખૂબ જ સંક્ષિપ્તમાં સમજશું!

**उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघमणुक्कं।**

**विसहर विस निन्नासं, मंगल कल्लाण आवासं।।**

પ્રથમ ગાથાનો પ્રથમ અક્ષર 'ઉ'નો ઉચ્ચાર જ્યારે તમે સર્વાંગથી, સમગ્ર અસ્તિત્વથી કરો છો ત્યારે જ નાભિના શક્તિ કેન્દ્ર ખુલે છે, દિવ્ય શક્તિ પ્રગટ થાય છે અને એક અલગ પ્રકારના vibrationsથી આત્મા સ્પંદિત થવા લાગે છે.

'પાસં' શબ્દ સાથે પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે અત્યંત પ્રેમ અને અહોભાવ ધરાવતાં, પરમાત્માની નિતાંત ભક્તિ કરતાં શાસન દેવોને આહ્વાન આપી આમંત્રિત કરવાના હોય છે, દિવ્ય શક્તિનું પ્રાગટ્ય કરવાનું હોય છે. વિધિપૂર્વક વંદના કરી સિદ્ધતત્ત્વની સ્પંદનાનો અનુભવ કરવાનો હોય છે. પ્રભુના જ્ઞાન ગુણોને મસ્તકમાં ભરવા, પ્રભુચરણે મસ્તકને માત્ર નમાવવાનું નથી, મસ્તકમાં ભરાયેલું ખાલી કરવાનું છે.

કર્મોથી મુક્ત થયેલાં પરમાત્માને વંદન કરતાં-કરતાં ભાવના ભાવવાની કે, પ્રભુ! હું પણ કર્મોથી મુક્ત થવાની ભાવના રાખું છું.

જ્યાં સુધી ભાવ ન હોય, ત્યાં સુધી ભાવ સંવેદનનું પ્રાગટ્ય ન હોય, જ્યાં સુધી ભાવ સંવેદન ન પ્રગટે, ત્યાં સુધી અંતર આત્મામાંથી સ્તોત્ર ન સ્ત્રવે.

'વિસહર વિસ નિન્નાસં', બોલતી વખતે ભાવ પ્રગટ કરવાનો હોય છે કે, હે પ્રભુ! મારા અંદરમાં જેટલી પણ દ્વેષ અને અવગુણોની ઝેરી વૃત્તિઓ પડેલી છે તેનો નાશ થાઓ, મારો આત્મ શુદ્ધ થાઓ, મારું મન શાંત થાઓ!

'મંગલ કલ્લાણ આવાસં' પ્રભુની ભક્તિ કરતાં-કરતાં એવા ભાવ પ્રગટ કરવા કે, પ્રભુ! તારામાં ભળીને હું મને જ ભૂલી જાઉં!

**જો તમે પરમાત્મામાં ભળી જાવ તો પરમાત્માની દિવ્યશક્તિઓ તમારામાં પણ પ્રગટ થવા લાગે અને તો પ્રભુનો વાસ તમારા હૃદયમાં થઈ જ જાય!**

**विसहर फुल्लिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ।**

**तस्स गह रोग मारी, दुट्ठ जराजंति उवसामं।।**

'વિસહર ફુલ્લિંગમંતં'- આ શબ્દ વિશિષ્ટ શક્તિનો ધારક મંત્રાધિરાજ છે. જો એનું યથાયોગ્ય સુવિધિથી, અત્યંત અહોભાવથી સ્મરણ અને સાધના કરવામાં આવે તો દિવ્યશક્તિ નિશ્ચિતરૂપે પ્રગટ થાય! આ મંત્રાધિરાજને જે સિદ્ધ કરી લે છે તેના બધાં ઉપસર્ગો શાંત થઈ જાય છે. તેના સર્વ રોગો અને આપત્તિઓ ઉપશાંત થાય છે.

જે આ મંત્રને ભક્તિની નિરંતરતા અને સ્થિરતા દ્વારા સાતત્ય બનાવી દે છે, સિદ્ધિ તેની સમીપ આવી જાય છે. ત્યારે તેના ઉપસર્ગો શાંત થઈ જાય છે. નિરાશ અને negative થઈ ગયેલી વ્યક્તિમાં જીવંતતાનો સંચાર થવા લાગે છે.

તમે જ્યારે આત્માના અતલ ઊંડાણથી પરમાત્માની ભક્તિ કરો છો, ત્યારે પરમતત્ત્વની ચેતના સાથે તમારી આત્મીક ચેતના જોડાઈ જાય છે અને પરમતત્ત્વની દિવ્યશક્તિનો પરમ અહેસાસ થવા લાગે છે.

ઉવસામં- સામાન્ય માન્યતા છે કે શાંત થવું પણ એના secretને જાણશો તો સમજાશે ઉવસામં એટલે કોઈપણ જાતના દુ:ખ, દર્દ, રોગ, વેદના, પીડા કે તકલીફનો અનુભવ ન થવો. વેદના હોવા છતાં એનું વેદન ન થવું.

જેમ-જેમ તમે એક-એક રહસ્યોને સમજતાં જશો તેમ-તેમ તમારી સમજણ અને તમારા ભાવ અલગ જ થવા લાગશે.

**चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहु फलो होइ।**

**नर तिरियेसु वि जीवा, पावंति न दुक्खं दोगच्चं।।**

પરમાત્માનો આ સ્તોત્ર આવડે કે ન આવડે, મંત્રાનધિરાજની સાધના કરવાની ક્ષમતા પણ ન હોય, ઉચ્ચારણ પણ શુદ્ધ ન હોય અને માત્ર ભાવથી પરમાત્માને પ્રણામ કરવાથી પણ મહાફળ મળે.

પ્રભુને માત્ર પાંપણ ઢાળી, મસ્તક ઝૂકાવવાથી આત્માને કેવી રીતે લાભ થાય?

પરમાત્માને જ્યારે અહોભાવી પ્રણામ થાય છે ત્યારે આત્મા અને પરમાત્મા વચ્ચે સૂક્ષ્મ connection થઈ જાય છે, જેના દ્વારા તમારી ભાવ સંવેદના અને આત્મ સ્પંદનો પરમાત્મા સુધી પહોંચી જાય છે.

પરમાત્મામાં સમાઈ જવાની અને પરમાત્માને પોતાનામાં સમાવી લેવાની જ્યારે અનુભૂતિ થાય છે ત્યારે ઐકયતા સર્જાય છે અને તમારો આત્મા પરમાત્મામય બની જાય છે, ત્યારે પરમાત્માના ગુણો સહજતાથી તમારામાં પ્રગટવા લાગે છે.

જેનામાં પરમાત્માના ગુણો હોય એને કોઈ દુ:ખ હોય? એ જીવ ક્યારેય દુર્ગતિમાં જાય? એને કોઈ તકલીફ આવે? કદાચ કર્મોના ઉદયે આવે તો ટકે નહીં અને તકલીફ, તકલીફ લાગે નહીં. આ જ તો હોય છે પરમાત્માને સમજપૂર્વક ભાવથી પ્રણામ કરવાનું મહાફળ!

**तुह सम्मते लद्धे, चिंतामणी कप्पपाय वब्भहिए।**

**पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं।।**

અતૂટ શ્રદ્ધાથી જે પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરે છે, તેને સમક્તિની પ્રાપ્તિ થાય છે. જેમ-જેમ શ્રદ્ધા અને ભક્તિ વધે, તેમ-તેમ શક્તિ, મહાશક્તિ બનતી જાય.

જેમ-જેમ પરમાત્માની ભક્તિના વલયો તમારી આસપાસ વધવા લાગે, તેમ-તેમ તમારી આસપાસની અશુભ auraઓ અને અશુભ લેશ્યાઓ તૂટવા લાગે, જેના કારણે અશુભ કર્મોના આવરણો પણ તૂટવા લાગે.

**અશુભ ભાવ ઘટે એટલે શુભ ભાવ વધે.**

**શુભ ભાવ વધે એટલે સમ્યકદર્શન પ્રગટ થાય.**

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની સાધનાથી જે પ્રાપ્ત થાય છે તે રત્નચિંતામણી અને કલ્પવૃક્ષથી પણ અમૂલ્ય હોય છે. કેમ કે, રત્નચિંતામણી અને કલ્પવૃક્ષથી જે પ્રાપ્ત થાય છે તે અંતે છૂટી જાય છે જ્યારે સ્વયંમાંથી પ્રગટેલું સમ્યકદર્શન ક્યારેય ન છૂટવાવાળું હોય છે, મહાલાભદાયી અને મહાફળદાયી હોય છે, આત્મા માટે કલ્યાણકારી હોય છે.

જ્યારે ઉત્કૃષ્ટ ભાવથી પ્રભુની ભક્તિ થાય છે ત્યારે નિર્વિઘ્નતા પ્રાપ્ત થાય છે. નિર્વિઘ્નતા એટલે આવેલું વિઘ્ન દૂર થઈ જવું.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં એક-એક અક્ષરનું એવું સંયોજન કરવામાં આવ્યું છે જેને વિધીપૂર્વક બોલવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. દરેક અક્ષરો અને દરેક અક્ષર પછી આવતાં અક્ષરોના ઉચ્ચારણનું પણ અલગ મહત્ત્વ હોય છે. લયની સાથે ઉચ્ચારની શુદ્ધિ અને સ્પષ્ટતા હોય તો સ્તોત્રની દિવ્ય શક્તિનો પ્રવાહ નિરંતર મળતો રહે.

ઉત્તમ કક્ષાની ભક્તિ કરનાર વ્યક્તિ અજર અમર એવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

અજર અમર અર્થનું એક વિશેષ secret છે.

અજર એટલે શરીરમાં કોઈપણ દર્દ કે રોગ આવે નહીં અને આવે તો ટકે નહીં એવી અવસ્થા!

ભગવાન મહાવીર ૨૫૦૦થી વધુ વર્ષ પહેલાં નિર્વાણ પામ્યાં,

છતાં આજે પણ આપણા હૃદયમાં જીવંત છે. પ્રભુ પાર્શ્વનાથ વર્ષો પહેલાં નિર્વાણ પામ્યાં છતાં આજે પણ એમની પ્રભાવકતા અનુભવાય છે.

**इअ संथुओ महायश, भत्तिब्भर निब्भरेण हियएण।**

**ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद।।**

પ્રભુનું નામ મહાયશસ્વી કહેવાય છે. કેમ કે, પ્રભુ નામની યથાર્થ અને ઉત્કૃષ્ટ ભક્તિ કરનાર ભાગ્યવાન આત્માને મહાયશવંત એવા પાર્શ્વ પરમાત્માના સાક્ષાત્કારનો અહેસાસ થાય છે.

સ્તોત્ર સાધનાનો સૌથી પ્રથમ અને અગત્યનો નિયમ હોય છે, જ્યારે તમે શ્રદ્ધાથી પ્રભુ ભક્તિમાં લીન બનો ત્યારે આસપાસનું કાંઈ જ તમારામાં આવી ન શકે, તમારું હૃદય પ્રભુ પ્રેમના ભાવોથી એટલું છલકાઈ જાય કે અન્ય કોઈ ભાવને પ્રવેશવાની જગ્યા જ ન હોય, વાતાવરણ દિવ્ય સ્પંદનોથી છવાઈ ગયું હોય.

જે વ્યક્તિ ભક્તિ ભરેલાં પૂર્ણ હૃદય વડે પરમાત્માની ભક્તિ કરે છે તેને સમક્તિની પ્રાપ્તિ થાય છે.

**ता देव ! दिज्झ बोहिं**

હે પ્રભુ! મને જોઈએ છે, તારા પ્રત્યે પ્રેમ!

દેવ એને કહેવાય, જેમની પાસે દિવ્યતા હોય.

બોધિમાં સમ્યક બોધિ હોય, જ્ઞાન બોધિ હોય, દર્શન બોધિ હોય, ચારિત્ર બોધિ હોય.

અહીંયા પણ બોધિ શબ્દના secret સુધી જશો તો સમજાશે બોધિ એટલે divine પ્રેમ, બોધિ એટલે આત્મીક આકર્ષણ!

(રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના અનન્ય ઉપાસક છે. પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની અત્યંત શ્રદ્ધા અને પ્રેમ, જન્મોજન્મની સાધના અને આ ભવની ઉત્કૃષ્ટ સાધના દ્વારા એમણે આ સ્તોત્રને આત્મસાત્ અને સિદ્ધ કર્યો છે. સ્તોત્રના એક-એક ઊંડાણભર્યાં રહસ્યોને ઉકેલ્યાં છે.

ખૂબીની વાત તો એ છે કે આ ભવમાં પણ ૨૦ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી અર્થાત ૧૯૯૨ સુધી આ સ્તોત્રને ન ક્યાંય વાંચ્યો હતો, ન સાંભળ્યો હતો, ન એના વિશે કોઈ જાણ હતી. પણ ૨૧-૦૨-૧૯૯૨ના દિવસે જ્યારે એમની તબિયત બગડી, bloodની vomit થઈ અને bodyમાંથી ૮૦%થી વધારે blood નીકળી ગયું ત્યારે doctors એ આશા છોડી દીધી. એ સમયે જીવનની અંતિમ ક્ષણોમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં-કરતાં અચાનક જ એમને આ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એક લયબદ્ધ પદ્ધતિમાં સ્વયં સ્ફુરિત થયો એમના દેહમાં શક્તિનો સંચાર થવા લાગ્યો.

આ સ્તોત્ર એમને નવજીવન બક્ષી ગયો અને એમના જીવનનો શ્વાસ બની ગયો, ત્યારથી સ્તોત્રનું સતત સ્મરણ અને સાતત્ય હોવાથી એ સિદ્ધ થઈ ગયો.

પરમ ગુરુદેવશ્રીએ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પર ખૂબ જ ઊંડાણભર્યું વિશ્લેષણ આપ્યું છે અને એના એક-એક અક્ષરના અનેક-અનેક રહસ્યોને સ્વયંની સાધના દ્વારા ઉકેલ્યાં છે અને લાખો હૃદયમાં પ્રભુ પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાના બીજ વાવ્યાં છે.

પરમ ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સ્તોત્ર ગ્રહણ કરી અનેક આત્માઓએ પ્રભુના સાક્ષાત્કારનો અહેસાસ કર્યો છે, તો લાખો લોકોએ સ્તોત્રની પ્રભાવકતાને અનુભવી શાંતિ અને સમાધિ પ્રાપ્ત કર્યા છે.)

હે પ્રભુ! મને ભવોભવ આપના પ્રત્યે પ્રેમ જાગે એવી કૃપા કરજો!

અહીંયા ભગવાન મળે એવી પ્રાર્થના નથી કરવાની પણ ભગવાન પ્રત્યેનો પ્રેમ જાગે એવી કૃપા કરવાની વિનંતી કરવાની છે.

**ભગવાન મળે એ ભાગ્યવાન ન હોય. ભગવાનમાં જે ભળે એ ભગ્યવાન હોય!**

ભગવાન મળી જાય એટલા માત્રથી આત્માની શુદ્ધિ ન થાય, ભગવાનમાં ભળી જાવ તો આત્મશુદ્ધિ પણ થાય અને આત્મ સિદ્ધિ પણ પ્રાપ્ત થાય.

હે પ્રભુ! તારો પ્રેમ મોક્ષ સુધી રહેજો!

હે પ્રભુ! ભવોભવ આપણી વચ્ચે પ્રેમનો સેતુ બની રહે, આપની સાથે આત્મીક અનુસંધાન બની રહે, ભવોભવ વીતરાગ ધર્મ પ્રત્યે રુચિ અને શ્રદ્ધા દઢ બને, એ જ જોઈએ છે પ્રભુ! પ્રભુ, એવી કૃપા કરજો!

**જો તમારા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ હશે, તો પ્રભુ સ્વયં તમારા હૃદયમાં પધારશે.**

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની એક-એક ગાથાના, એક-એક શબ્દોમાં રહેલાં એના અર્થને, એના ભાવોને, એના રહસ્યોને જ્યારે તમે સમજવા લાગો છો, ત્યારે તમારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અને સ્તોત્ર પ્રત્યેની શ્રદ્ધા કંઈક અલગ જ થઈ જાય છે. સમજ સાથેનો પ્રેમ અને શ્રદ્ધા તમારી સાધનાને, આત્માની ઉચ્ચત્તમ દશાએ લઈ જવાના સાનુકૂળ પરિબળો છે. સમજ સાક્ષાત્કારનો અહેસાસ કરાવે છે.

✦ ✦ ✦

# શ્રીસંતિકરં સ્તોત્રનું વિશિષ્ટ માહાત્મ્ય

## જૈન વિજ્ઞાની આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી

જૈન સ્તોત્રસાહિત્યમાં ઘણા પ્રકારના સ્તોત્રોનું સર્જન થયું છે. તેમાં પણ કેટલાંક સ્તોત્ર નૈમિત્તક છે. નૈમિત્તક એટલે કે શ્રીસંઘ કે શાસન ઉપર અથવા તો પ્રજાજનો ઉપર આવેલી પડેલી આપત્તિનું નિવારણ કરવા માટે જે તે સ્તોત્રની રચના કરવામાં આવી છે. આ પ્રકારના નૈમિત્તક સ્તોત્ર તરીકે ઉવસગ્ગહરં સ્તોત્ર, લઘુશાન્તિ સ્તોત્ર, સંતિકરં સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર અને કલ્યાણમંદિર સ્તોત્ર મુખ્ય છે. આ સ્તોત્ર પૈકી ઉવસગ્ગહરં સ્તોત્ર, સંતિકરં સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર અને કલ્યાણમંદિર સ્તોત્રનો મહાપ્રભાવિક નવ સ્મરણમાં સમાવેશ થાય છે.

શ્રીસંતિકરં સ્તોત્રની રચના તપગચ્છ નાયક શ્રીસોમસુંદરસૂરિના પટ્ટપ્રભાવક સહસ્ત્રાવધાની શ્રીમુનિસુંદરસૂરિજીએ કરી છે. મેવાડ પ્રદેશમાં આવેલ દેવકુલપાટક નામના નગરમાં સંઘમાં અકસ્માત્ મરકી અર્થાત્ પ્લેગનો ઉપદ્રવથી પીડા પામતા લોકોને જોઈ અત્યન્ત કરુણાળુ અને ગુરુ તરફથી વિદ્યાપ્રાપ્ત તે મહાપુરુષે મરકીની શાંતિ માટે સૂરિમંત્રના આમ્નાયયુક્ત શ્રીશાન્તિનાથ પ્રભુનું આ સ્તોત્ર રચ્યું છે. તેનો પ્રથમ શબ્દ સંતિકરં હોવાથી તે સંતિકરં સ્તોત્ર તરીકે ઓળખાય છે.

આ મહાપુરુષ શ્રીમુનિસુંદરસૂરિજીનો જન્મ વિ.સં. ૧૪૩૬માં થયેલ, દીક્ષા વિ.સં. ૧૪૪૩માં ફક્ત સાત વર્ષની ઉંમરે થઈ હતી. વિ.સં. ૧૪૬૬માં ઉપાધ્યાય પદ, વિ.સં. ૧૪૭૮માં આચાર્ય પદ અને વિ.સં. ૧૫૦૩માં શ્રીકોરંટા નગરમાં વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા હતા. તેઓને શ્રીકૃષ્ણ સરસ્વતીનું બિરૂદ મળેલ.[૧] શ્રીમુનિસુંદરસૂરિજી મહારાજે પોતે સૂરિમંત્રની પાંચેય પીઠિકાની વિધિપૂર્વકતપસહિત ૮૪ દિવસની આરાધના ૨૪ વખત કરી હતી. તેથી તેમની પાસે સૂરિમંત્રની આરાધનાનું સામર્થ્ય હતું. અને તેઓ મંત્રસિદ્ધ મહાપુરુષ હતા. તેથી આ સંતિકરં સ્તોત્ર પણ સૂરિમંત્રગર્ભિત છે. અને તેની વિધિપૂર્વકની સાધના અવશ્ય ઇષ્ટફળની સિદ્ધિ કરી આપે છે. તેઓએ સૂરિમંત્રની પાંચેય પીઠિકાના અધિષ્ઠાયક દેવ-દેવી, શ્રી સરસ્વતી, શ્રી ત્રિભુવનસ્વામિની દેવી, શ્રી શ્રીદેવી તથા ગણિપિટક યક્ષરાજના સ્તોત્ર પણ રચ્યાં છે. જે સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય જેવાં ગ્રંથોમાં પ્રકાશિત પણ થયાં છે.[૨]

જૈન શ્વેતામ્બર પરંપરામાં ઘણા સૂત્રો અર્થાત્ સ્તોત્ર મંત્ર ગર્ભિત છે, અને તેમાં નિર્દિષ્ટ મંત્રોનું વિશિષ્ટ મહત્ત્વ હોય છે. અલબત્ત, જૈન પરંપરાના છ આવશ્યકનાં લગભગ દરેક સૂત્રો ગણધરરચિત હોવાથી મંત્રસ્વરૂપ જ છે. આમ છતાં, કેટલાક સૂત્રો, સ્તોત્ર વિશેષ પ્રકારે મંત્રગુંફિત હોવાથી તેનું વિશેષ મહત્ત્વ છે. સર્વ પ્રથમ સ્મરણ તરીકે નમસ્કાર મહામંત્ર મૂકવામાં આવ્યો છે, તે ખરેખર મંત્ર સ્વરૂપ ન હોવા છતાં તેને મહામંત્રનું સ્થાન આપેલ છે. તેનું એ કારણ છે કે મંત્ર દ્વારા માત્ર કોઈપણ એક પ્રકારના કર્મનો ક્ષયોપશમ થાય છે, જ્યારે નમસ્કાર મહામંત્રના માત્ર જાપ દ્વારા બધા જ કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ શકે છે.[૩]

શ્રીસંતિકરં સ્તોત્રમાં તેના નામ પ્રમાણે સોળમા શ્રીશાન્તિનાથ ભગવાનની સ્તવના કરવામાં આવી છે. પ્રથમ ગાથામાં શ્રીશાન્તિનાથ પ્રભુના ત્રણ સાર્થક વિશેષણ દ્વારા સ્તુતિ કરેલ છે. તેમાં પ્રથમ વિશેષણ શાન્તિ કરનાર છે. શ્રીશાન્તિનાથ પ્રભુની એક વિશેષતા એ છે કે હાલમાં શાસન શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીનું છે. મહિમા શ્રીપાર્શ્વનાથનો છે તે છતાં શાન્તિ માટે હંમેશા શ્રીશાન્તિનાથનું જ સ્મરણ કરવામાં આવે છે. કોઈપણ મંગલ પ્રસંગે સ્નાત્ર ભણાવવામાં આવે ત્યારે તેમાં શ્રીશાન્તિનાથ પ્રભુની ઉપર જ અભિષેક આદિ વિધાન કરાય છે. તેટલું જ નહીં, કોઈપણ વિધિ-વિધાન, પૂજા કે મહાપૂજન કરવાનું હોય તો પણ સૌપ્રથમ શ્રીશાન્તિનાથ પ્રભુ ઉપર સ્નાત્રનું વિધાન કર્યા પછી જ આગળની વિધિ કરાય છે. આ રીતે શ્રીશાન્તિનાથ પ્રભુની આરાધના સર્વકાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થાય તે માટે છે અને તેથી જ દરેક કાર્યમાં શ્રીશાન્તિનાથ પ્રભુની સ્થાપના કરવી જરૂરી મનાય છે. તે પછી બીજું વિશેષણ છે જગશરણ. આ વિશેષણ શ્રીશાન્તિનાથ પ્રભુના સામર્થ્યનો નિર્દેશ કરે છે. સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિથી સંતપ્ત જગતના દરેક જીવ માટે શ્રીશાન્તિનાથ ભગવાન સિવાય કોઈ શરણ નથી. તેમના શરણે ગયેલાના આધિ-વ્યાધિ અને ઉપાધિ દૂર થયા વગર રહેતી નથી. તેથી આ વિશેષણ પણ સાર્થક છે. ત્રીજું વિશેષણ છે જય અર્થાત્ કોઈપણ ક્ષેત્રમાં જિત મેળવી આપનાર અને શ્રી અર્થાત્ લક્ષ્મીની પ્રાપ્તિ કરાવનાર. આ સિવાય ચોથું વિશેષણ છે ભક્તના પાલન કરનાર અને નિર્વાણી દેવી તથા ગરૂડ યક્ષ જેમની સેવા કરે છે તે શાન્તિનાથ ભગવાનનું હું સ્મરણ કરું છું.[૪]

આ સંતિકરં સ્તોત્રની બીજી અને ત્રીજી ગાથા બહુ જ મહત્ત્વપૂર્ણ છે. તે સંતિકરં સ્તોત્રના હાર્દ સમી છે. તે મંત્રગર્ભિત છે. જે મંત્રો

દ્વારા જન જનના રોગ દૂર થઈ શકે તેવા પ્રકારના ઔષધિ સ્વરૂપ લબ્ધિપદગર્ભિત એ મંત્રો છે. સૌપ્રથમ મંત્રમાં વિપ્પોસહિ અર્થાત્ વિપ્રુડ્ એટલે કે પોતાના મળ જ ઔષધિ સ્વરૂપ થઈ ગયા હોય તેવા મહાનલબ્ધિવંત મહાપુરુષોને નમસ્કાર કરવા દ્વારા તેમની પાસેની લબ્ધિથી સકળ વિશ્વના દરેક જીવના રોગને દૂર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ શકે છે. આ જ મંત્રના અંતે ઞ્રૌં મંત્રાક્ષર મૂક્યો છે, જે સર્વ પ્રકારના અશિવ અર્થાત્ અમંગળને દૂર કરે છે. સંપૂર્ણ મંત્ર આ પ્રમાણે છેઃ ॐ नमो विप्पोसहिपत्ताणं झ्रौं स्वाहा।।[૫]

તો આગળની ત્રીજી ગાથામાં શ્રીશાન્તિનાથ પ્રભુનો મંત્ર આપ્યો છેઃ ॐ श्रीशान्तिनाथाय नमः।। અને સાથે સાથે શ્લેષ્મૌષધિ લબ્ધિવંતઅને સર્વૌષધિ લબ્ધિવંતને નમસ્કાર કરતા મંત્ર આ પ્રમાણે છેઃ ॐ ह्रीं नमो खेलोसहिलद्धिपत्ताणं सों स्वाहा।। તથા ॐ ह्रीं नमो नमो सव्वोसहिपत्ताणंस्त्रों स्वाहा।। શ્લેષ્મૌષધિ નામની લબ્ધિથી જે તે સાધુ ભગવંતના શ્લેષ્મ અર્થાત્ કફ પણ ઔષધિ સ્વરૂપ થઈ જાય છે, આવા લબ્ધિવંત સાધુને આ મંત્ર દ્વારા વંદન કરવામાં આવે છે. તે જ રીતે જે તે સાધુ ભગવંતના પરસેવો, નાકનો મેલ, કાનનો મેલ, થૂંક, કફ, માત્રુ અર્થાત્ પેશાબ, વિષ્ટા વગેરે દરેક ઉત્સર્જિત પદાર્થ ઔષધિ સ્વરૂપ બની જાય તે સર્વૌષધિ લબ્ધિ. આ પ્રકારની લબ્ધિવાળા સાધુ ભગવંતને આ મંત્ર દ્વારા વંદન કરવામાં આવે છે.[૬] આ બંને ગાથાનું એવું વિશિષ્ટ મહત્ત્વ છે કે અત્યંત પ્રાચીન અને મહાપ્રભાવિક વિધિવિધાન સ્વરૂપ લઘુ શાન્તિસ્નાત્રની ૨૭ ગાથામાં, ૧૭ ગાથા લઘુ શાન્તિની, ૧૮, ૧૯ બે ગાથા સંતિકરં સ્તોત્રની, ૨૦, ૨૧, ૨૨, ૨૩ ચાર ગાથા તિજયપહુત્ત સ્તોત્રની અને ચાર ગાથા બૃહત્ શાન્તિ સ્તોત્રની આવે છે.[૭]

આમ ૧૮ અને ૧૯ ગાથા તરીકે આ બે ગાથાનો સમાવેશ કરવામાં આવ્યો છે. લઘુ શાન્તિસ્નાત્ર જૈન સંઘ, જૈન સમાજ કે સામાન્ય પ્રજામાં કોઈક કારણસર ઉત્પન્ન થયેલ મહામારી, અશિવ અર્થાત્ અમંગળ ઉપદ્રવોને શાંત કરવા માટેનું અપૂર્વ વિધાન છે. આ વિધાનનો અમે પરોક્ષ અને પ્રત્યક્ષ એમ બે રીતે અનુભવ કરેલ છે. પ્રથમ અનુભવ પરોક્ષ એટલા માટે કે એ અનુભવ જેઓએ કરેલ તે, અમારા પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ પાસેથી અમે સાંભળેલ. તેઓના કહેવા પ્રમાણે ૧૯૪૬માં ભારત આઝાદ થયું તે પહેલાં અમારા ગામ ગોધરામાં શ્રીશાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવેલ અને ત્યારે શાન્તિસ્નાત્રનું વિધાન કરેલ, તેમાં રાત્રે ધારાવાહી કરવામાં આવેલ. તે પછી આઝાદી વખતે ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે ગોધરામાં ભયંકર કોમી રમખાણ થયા હતા. જેમાં અગ્નિની જ્વાળાઓ ૧૪ કિલોમીટર દૂર રહેલ વેજલપુર ગામમાંથી પણ જોઈ શકાતી હતી. તેમાં ગોધરા ગામમાં ઘણું બધું બળીને ભસ્મીભૂત થઈ ગયેલ, પરંતુ જેટલા ભાગમાં શાન્તિસ્નાત્રની ધારાવાહી કરેલ તેટલા ભાગમાં કશું જ બળ્યું નહોતું. તે ભાગ સંપૂર્ણ સુરક્ષિત હતો. આ વાત અમે સાંભળેલી હતી.

પરંતુ આજથી ૨૯ વર્ષ પહેલાં અમારા દાદા ગુરુદેવ આચાર્ય શ્રીવિજયશુભંકરસૂરીશ્વરજી મહારાજ ગોધરામાં કાળધર્મ પામ્યા ત્યારે પાંચ દિવસનો પ્રભુભક્તિ મહોત્સવ કરેલ. આ મહોત્સવમાં છેલ્લે લઘુ શાન્તિસ્નાત્ર રાખેલ. તેમાં સંપૂર્ણ વિધિશુદ્ધિ અને કોઈપણ જાતની વિધિનો સંક્ષેપ કર્યા સિવાય અને સંપૂર્ણવિધિમાં સાધુ ભગવંતની હાજરી અને તેમના દ્વારા જ મંત્રોચ્ચાર કરવામાં આવ્યા. અને રાત્રે ધારાવાડીમાં ગોધરા શહેરનો વધુમાં વધુ વિસ્તાર લેવામાં આવ્યો. આ મહોત્સવ કર્યા પછી લગભગ ૨૦ દિવસ પછી અમે ગોધરાથી અમદાવાદ તરફ વિહાર કર્યો અને બાલાશિનોર આવ્યા ત્યારે ૧૯૯૨ની છઠ્ઠી ડિસેમ્બર હતી. તે જ દિવસે અયોધ્યામાં બાબરી મસ્જિદનો ધ્વંસ થયો, તેના પરિણામે સમગ્ર ભારતમાં કોમી રમખાણ ફાટી નીકળ્યા. પરંતુ જ્યાં રમખાણની સૌથી વધુ શક્યતા હતી, તે ભારતના મિનિ પાકિસ્તાન ગણાતા અમારા ગોધરા શહેરમાં રમખાણનું એક નાનું છમકલું સુદ્ધાં થયું નહીં. જ્યારે બે વર્ષ પહેલાં ૧૯૯૦માં બાબરી મસ્જિદ ઉપર ધ્વજ ફરકાવવામાં આવ્યો ત્યારે ગોધરામાં છ મહિના સુધી તોફાન ચાલ્યા હતા અને રાત-દિવસનો સંપૂર્ણ કરફ્યુ રહ્યો હતો. તેટલું જ નહીં, પરંતુ એ તોફાનમાં આપણા જૈન શિક્ષકનું પણ ખૂન થયું હતું. જોકે લઘુ શાન્તિસ્નાત્ર કરાવતી વખતે અમે તો આવી કોઈ પરિસ્થિતિનું નિર્માણ થશે તેવી કોઈ કલ્પના પણ કરી નહોતી. આ રીતે શાન્તિસ્નાત્રનો અમારો પોતાનો અનુભવ છે. તેથી લઘુ શાન્તિસ્નાત્રના પ્રભાવમાં આ બે ગાથાઓનું પણ વિશેષ મહત્ત્વ છે જ.

એ સિવાય પણ આ ગાથાઓનું વિશિષ્ટ મહત્ત્વ છે, જે આગળ કેન્સર અને પ્લેગ જેવા ભયંકર જીવલેણ રોગોના ઉપચારની વિધિમાં દર્શાવવામાં આવશે.

સંતિકરં સ્તોત્રની ચોથી ગાથામાં સૂરિમંત્રની પાંચેય પીઠિકાના અધિષ્ઠાયક દેવ-દેવીની સ્તવના કરી છે.[૮] વાણી અર્થાત્ સરસ્વતી દેવી, ત્રિભુવનસ્વામિની દેવી, શ્રીદેવી, ગણિપિટક યક્ષરાજ અને પાંચમી પીઠિકામાં નવ ગ્રહ, દશ દિક્પાળ, ૬૪ ઈન્દ્ર, ૨૪ વિદ્યાદેવી, યક્ષ, ૨૪ યક્ષિણી વગેરે સહિત શ્રીગૌતમસ્વામિનું કથન કર્યું છે. જો

કે ગાથામાં તો ફક્ત નવ ગ્રહ, દશ દિક્પાળ અને ૬૪ ઈન્દ્રનું જ વિધાન છે. આમ છતાં, બાકીના સોળ વિદ્યાદેવી, ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણી વગેરે દેવ-દેવી પણ લઈ લેવા. આગળ પાંચમી અને છઠ્ઠી ગાથામાં સોળ વિદ્યાદેવીનું,[૯] સાતમી અને આઠમી ગાથામાં ચોવીશ યક્ષનું[૧૦] અને નવમી તથા દશમી ગાથામાં ચોવીશ યક્ષિણીનું તથા અગિયારમી ગાથામાં બાકી રહેલ અને અધિષ્ઠાયક દેવ-દેવીનું સ્મરણ કરવામાં આવ્યું છે,[૧૨] અને છેલ્લે બારમી અને તેરમી ગાથામાં સંઘની સર્વ પ્રકારના ઉપદ્રવોથી રક્ષા કરવા માટેની અને છેલ્લે પરમપદ અર્થાત્ મોક્ષપ્રાપ્તિની પ્રાર્થના કરવામાં આવી છે.[૧૩]

આ રીતે સમગ્ર સંતિકરં સ્તોત્ર સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવ-દેવીના નામસ્મરણગર્ભિત છે. પૂર્વે જણાવ્યું તે રીતે આ સ્તોત્રની રચના મરકી-પ્લેગની મહામારીના ઉપદ્રવની શાન્તિ માટે રચેલ હતું. પ્લેગ એટલે ગ્રંથિજ્વર, તેના જેવા જ જીવલેણ કેન્સર રોગ પણ ગ્રંથિજ્વર જ કહેવાય છે અને તેથી કેન્સર જેવા ભયંકર જીવલેણ રોગની શાન્તિ માટે, તેના નિવારણ માટે પણ આ સંતિકરં સ્તોત્રનો ઉપયોગ થઈ શકે છે.[૧૪]

દરેક માંત્રિક વિધાનમાં આમ્નાય અર્થાત્ ગુરુપરંપરાથી પ્રાપ્તવિધિનું ઘણું મહત્ત્વ છે કારણ કે આ વિધિ હંમેશા ગોપનીય અને અધિકૃત સાધકને જ આપવામાં આવે છે. વળી તે વિધિ ક્યાંય સંપૂર્ણપણે દર્શાવેલ હોતી નથી. દરેક ગ્રંથમાં એકાદ વિધિ ગુપ્ત અર્થાત્ અનિર્દિષ્ટ હોય છે. તેથી અધિકૃત સાધક પાસેથી તે વિધિ-આમ્નાય પ્રાપ્ત કરવો જરૂરી હોય છે. આ સંતિકરંની સાધના માટે પણ વિશિષ્ટ આમ્નાય છે અને તે પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાં સંસ્કૃત ભાષામાં પ્રાપ્ત છે. જેનું પ્રકાશન શ્રીસારાભાઈ મણિલાલ નવાબે પોતે પ્રકાશિત કરેલ મહાપ્રભાવિક નવ સ્મરણ ગ્રંથમાં આપેલ છે. સાથે સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ આપેલ છે.

શ્રીઅજિતશાન્તિ સ્તોત્રની મી ૩૭ગાથામાં બતાવ્યું છે તે પ્રમાણે સવાર-સાંજ એમ બે વખત ભણવામાં આવે કે સાંભળવામાં આવે તો કોઈપણ જાતના રોગ વગેરે થયા હોય તો દૂર થઈ જાય છે. અને કોઈ નવા રોગ થતા નથી. તે જ રીતે આ સંતિકરં સ્તોત્ર ત્રિકાળ અર્થાત્ સવાર-બપોર-સાંજ એમ ત્રણ વખત સ્મરણ કરવાથી દુષ્ટ ભૂત, શાકિની અને રોગાદિક ભય થાય નહીં, એટલું જ નહીં, સમક્તિની પણ પ્રાપ્તિ થાય છે.[૧૫]

મરકી વગેરે મહામારીના ઉપદ્રવમાં આ સ્તોત્રનો સવાર-બપોર-સાંજ એમ ત્રણ વખત સાત-સાત વાર અથવા ત્રણ-ત્રણ વાર પાઠ કરવો અથવા પરિવારના સૌ સભ્યોને સંભળાવવું. પક્ખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના અંતે સંતિકરં સ્તોત્રનો પાઠ કરવાથી તે રાત્રિએ કે પખવાડિયામાં કે ચાતુર્માસમાં કે વર્ષ દરમ્યાન કોઈ ઉપદ્રવ થતા નથી.[૧૬]

જો કોઈને મરકી અર્થાત્ પ્લેગ કે કેન્સરની ગાંઠ થઈ હોય તો સંતિકરં કલ્પમાં બતાવેલી નીચે પ્રમાણેની વિધિ કરવાથી અવશ્ય સારું થાય છે. અમારા ગુરુ ભગવંત પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના અમારા ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્ય શ્રીવિજયસૂર્યોદય- સૂરીશ્વરજી મહારાજે કેન્સરના ઘણા દર્દીઓને આ સંતિકરં કલ્પની વિધિ બતાવી હતી અને તેનાથી તે સૌને સારું થઈ ગયું હતું, તેનો હું સાક્ષી છે. અને તે પછી મેં પણ કેન્સરના ઘણા દર્દીઓને આ વિધિ બતાવી છે અને તેનાથી તેઓને ફાયદો પણ થયો છે. છેવટે સમાધિ તો ટકી જ રહે છે. ઘણા કિસ્સામાં આ ઉપચાર કર્યા પછી મુંબઈ-ટાટા મેમોરિયલ કેન્સર હોસ્પિટલમાં કેન્સરનું પરીક્ષણ કરાવતાં મટી ગયેલ માલુમ પડ્યું હતું. આ સંતિકરં કલ્પમાં તો ત્યાં સુધી કહ્યું છે કે અહીં બતાવેલ ઉપાયથી ન મટે તો તેના માટે સમગ્ર વિશ્વમાં કોઈ ઔષધ નથી કે અન્ય કોઈ મંત્ર-તંત્રથી પણ ફાયદો થવાની કોઈ શક્યતા નથી.[૧૭]

સંતિકરં કલ્પમાં આગળ કહે છે કે કોઈક કારણસર, કોઈકને તાવસહિત કે તાવરહિત શરીરના કોઈપણ ભાગે ગ્રંથિ અર્થાત્ ગાંઠ નીકળે તો તરત સ્નાન કરી પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, પવિત્ર સ્થાને, જ્યાં રૂધિર, માંસ, હાડકાં, મળ, મૂત્ર વગેરે અશુચિ ન હોય તેવા સ્થાનેપાટલા ઉપર બેસી શ્રી મુનિસુંદરસૂરિ ગુરુભ્યો નમઃ ॥ મંત્ર રોગી સાંભળે તે રીતે ૨૧ વાર બોલી પોતાના શરીરને મસ્તકથી માંડી ૭ વાર આખા શરીરે સ્પર્શ કરીને સાવધાન મનથી આત્મારક્ષા કરીને, બીજા બધાં કામકાજ છોડીને આ સ્તોત્ર ભણીને વસ્ત્રનો છેડો ગાંઠને અડે તેવી રીતે રાખીને ઉંજીએ. અખંડ વાર સ્તોત્રપાઠ કરી ૧૦૮ વખત ઉંજીએ. આ પ્રયોગ હજારો વખત અજમાયેલ છે અને સેંકડો વાર આ સ્તોત્રનો પ્રભાવ જોએલો છે, એ પ્રમાણે સંતિકરં કલ્પમાં સ્પષ્ટ લખ્યું છે.[૧૮]

ખાસ સૂચનાઃ આ સ્તોત્ર ભણતાં વચ્ચે ઉવસગ્ગહરં વગેરે કોઈપણ સ્તોત્રનો વચ્ચે જાપ કરવો નહીં. કોઈપણ જૈન અથવા અજૈન વિધિ-પ્રયોગનું મિશ્રણ કરવું નહીં. તેમ કરવાથી આ સ્તોત્રનું યથોક્ત ફળ મેળવી શકાતું નથી. વળી આ સ્તોત્રની ''સ લહઈ સુહ સંપયં પરમં'' સુધીની ૧૩ જ ગાથા બોલવી. બીજી કોઈ વધારાની ગાથા કે મંત્રપ્રયોગનું મિશ્રણ કરવું નહીં. ગાંઠ નીકળતાં જ તુરત

અન્ય પરંપરાના વિધિનો ત્યાગ કરી આ સ્તોત્રનો પ્રયોગ કરવાથી તુરત જ ગુણ થાય છે અને વિપરીત કરે તો મહામુશ્કેલીએ ગુણ થઈ શકે છે.[૧૯]

પ્રથમ દિવસે ૧૦૮ વાર સંતિકરં સ્તોત્રનું વિધાન કરવું અને તે પછી દરરોજ સંપૂર્ણ સ્તોત્ર ૩ વાર અથવા સાત વાર ગણવું અનેબીજી તથા ત્રીજી ગાથા ૧૦૮ વખત અથના ૨૧ વખત ગણી, ૧૦૮ વખત અથવા ૨૧ વખત ઉંજવું. અને તેનાથી અભિમંત્રિત કરેલ જળ દર્દીને પીવડાવવું. તેમાં પણ ખાસ કરીને મિથ્યાદષ્ટિ દેવ સંબંધી કોઈ ઉપદ્રવ હોય તો તેની નિશ્ચયે શાન્તિ થાય છે.[૨૦] અથવા આ સંપૂર્ણ સ્તોત્ર ૨૧ અથવા ૭ વખત અને બીજી ત્રીજી ગાથા ૨૧ વખત અથવા ૧૦૮ વખત ગણી રોગીના શરીરને હાથ વડે સ્પર્શ કરવો અથવા રજોહરણ કે ચરવળા વડે ઉંજવાથી પણ રોગોપશાન્તિ થાય છે. જે કોઈ સાધક આ બે ગાથાનું હંમેશા સ્મરણ કરતા હોય અને આ સ્તોત્ર તથા સ્તોત્રરચયિતા પ્રત્યે બહુમાન, સદ્ભાવ કે ભક્તિ હોય તેને આ સ્તોત્ર તત્કાળ ફળ આપે છે.[૨૧] શ્રદ્ધા જ મહત્ત્વપૂર્ણ છે. શ્રદ્ધા વગર તો ડૉક્ટર કે વૈદ્યની દવા પણ કાર્ય કરતી નથી તો મંત્રવિધિ તો ક્યાંથી ફળે?

જે કોઈ રોગી કે દર્દીના ગાત્ર ભંગ થયો હોય, તેવા દર્દીએ આ સ્તોત્રનો પ્રયોગ કરવો નહીં કારણ કે તે પ્રકારના દર્દીને ફાયદો થવાની કોઈ શક્યતા નથી. જે દર્દીનું આયુષ્ય બળવાન હોય તેવા દર્દીને તત્કાળ અસર થાય છે અથવા જેમ જેમ પ્રયોગ ચાલુ રહે તેમ તેમ ફાયદો થતો જોઈ શકાય છે.[૨૨]

આ સ્તોત્રના રચયિતા અથવા આ સ્તોત્રનું નિત્ય સ્મરણ કરનાર જે સ્થળે લાંબો સમય સ્થિર રહે અર્થાત્ સ્થિરવાસ કર્યો હોય તે સ્થળે કોઈપણ જાતનો દૈવી પ્રકોપ કે મરકી વગેરે રોગ થવાની કોઈ શક્યતા નથી. કોઈને દૈવી પ્રકોપ હોય તો તેને આ સ્તોત્રની વિધિથી સો ટકા ફાયદો થાય જ છે, એમાં કોઈ સંદેહ નથી. અન્ય કોઈ પ્રકારની શારીરિક તકલીફ હોય તો તેને ફાયદો થાય પણ ખરો અને ન પણ થાય.[૨૩] આમ તો જૈન પરંપરામાં અન્ય કોઈપણ પ્રકારના દેવોની આશાતના કરવાનો સ્પષ્ટ નિષેધ છે. છતાં કોઈક કારણસર અથવા અજાણતાં અન્ય મિથ્યાદષ્ટિ દેવોની આશાતના થવાથી, તેમના તરફથી કોઈ પ્રકોપ થાય તો, તેની પણ શાંતિ આ સ્તોત્રના પઠન, સ્મરણથી થઈ શકે છે.[૨૪] આ સ્તોત્રને કાંસાની થાળીમાં લખી પૂજન કરવાથી શુભ ફળ આપે છે. આ સ્તોત્રના મંત્રના જાપ કરતાં, સ્તોત્રના પાઠનું મહત્ત્વ વધારે છે. એકલો મંત્રજાપ ફળતો નથી. તેનું સૌએ ધ્યાન રાખવું અર્થાત્ સંપૂર્ણ સ્તોત્રનો અથવા બીજી અને ત્રીજી ગાથાનો જાપ અવશ્ય કરવો અને તે ચોક્કસ ફળે છે.[૨૫]

સંતિકરં કલ્પમાં છેલ્લે સંતિકરં સ્તોત્રને સિદ્ધ કરવાની વિધિ બતાવી છે. જો કોઈ સાધક પર્યુષણ મહાપર્વમાં છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ અર્થાત્ અઠ્ઠમ તપ કરી ત્રણે દિવસ ૧૦૮ વખત સંપૂર્ણ સંતિકરં સ્તોત્રનો પાઠ કરે તો તેને સંતિકરં સિદ્ધ થાય છે. ત્યાર પછી એ સાધક બીજી અને ત્રીજી ગાથા ૧૦૮ વખત ગણી તેનાથી પાણી અભિમંત્રિત કરી દર્દીને આપે તો તે દર્દીના રોગ વગેરે દૂર થઈ જાય છે.[૨૬]

આજની નવી પેઢીને આ મંત્રશાસ્ત્રની વાતમાં શંકા જાય પરંતુ મંત્ર પણ એક વિજ્ઞાન છે. મંત્રમાં રહેલ અક્ષરોના ધ્વનિનો પણ એક પ્રભાવ છે અને તે જે તે મંત્રમાં વપરાયેલ અક્ષરોના ધ્વનિના તરંગો પર આધાર રાખે છે. ધ્વનિ પણ પૌદ્ગલિક છે અર્થાત્ પુદ્ગલ પરમાણુથી નિષ્પન્ન છે. તેમાં ભાષાવર્ગણાના પરમાણુ-સ્કંધ હોય છે. તેથી ધ્વનિમાં પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે અને જ્યાં પુદ્ગલ હોય ત્યાં અવશ્ય ઉર્જા હોય છે. આ ઉર્જા હકારાત્મક અને નકારાત્મક એમ બે પ્રકારની હોય છે. વશીકરણ, મારણ, ઉચ્ચાટન વગેરે માટે કરાતા મંત્રપ્રયોગમાં નકારાત્મક ઉર્જા હોય છે. જ્યારે દરેક જીવના કલ્યાણ માટે કરાતા મંત્રપ્રયોગમાં હંમેશા હકારાત્મક ઉર્જા હોય છે અને તેથી મંત્રકર્તાના શુભ આશયથી તેનો જાપ કરતા આપણું અવશ્ય શુભ થાય છે. તેથી શ્રદ્ધા રાખી મંત્રશાસ્ત્રના નિષ્ણાતોએ દર્શાવેલ શુભ મંત્રની સાધના, આરાધના અવશ્ય કરવી જોઈએ અને તેનો લોકોના કલ્યાણ માટે ઉપયોગ થવો જોઈએ. મંત્રના ધ્વનિની ઉર્જા માટે આધુનિક ભૌતિકશાસ્ત્રમાં $E=nhf$ સૂત્ર આપેલ છે. જેમાં $E$ ઉર્જા છે, $n$ પૂર્ણાંક અર્થાત્ integer છે, $h$ પ્લાંકનો અચળાંક છે અને $f$ ફ્રીક્વન્સી અર્થાત્ કંપસંખ્યા છે.[૨૭] જેમ જેમ મંત્રના ધ્વનિની કંપસંખ્યા વધતી જાય તેમ તેમ મંત્રની ઉર્જા તથા તેનો પ્રભાવ વધતો જાય છે અને તેનો આપણને અદશ્ય સ્વરૂપે કે કોઈ ચમત્કાર સ્વરૂપે અનુભવ પણ થઈ શકે છે. પ્રાન્તે, સૌ આરાધકો શ્રીસંતિકરં સ્તોત્રનો નિત્ય પાઠ કરી સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે તે જ શુભાશીર્વાદ.

### પાદનોંધ :


૧. મહાપ્રભાવિક નવ સ્મરણ, પ્રસ્તાવના, પૃ.-૭, પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧

૨. સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ભાગ-૨, સંપાદકઃ મુનિશ્રી જંબૂવિજયજી, પ્રકાશકઃ જૈન સાહિત્ય વિકાસ મંડળ.

३. જૈનદર્શનનાં વૈજ્ઞાનિક રહસ્યો, ભાગ-૨, પૃ. ૧૦૪, પ્રકાશકઃ ભારતીય પ્રાચીન સાહિત્ય વૈજ્ઞાનિક રહસ્ય શોધ સંસ્થા, અમદાવાદ, ઈ.સ. ૨૦૨૧)

४. संतिकरं संतिजिणं, जगसरणं जयसिरिइ दायारं। समरामि भत्तपालग निव्वाणी-गरूडकयसेवं।।१।।

५. ॐ सनमो विप्पोसहिपत्ताणं संति सामिपायाणं। झ्रों स्वाहा मंतेणं, सव्वासिव-दुरियहरणाणं।।२।।

६. ॐ संतिनमुक्कारो, खेलोसहिमाइलद्धिपत्ताणं । स्त्रों ह्रीं नमो सव्वोसहि-पत्ताणं च देइ सिरिं।।३।।

७. द्रष्टव्यः - लघु शान्तिस्नात्र गाथा-१८, १९

८. वाणी, तिहुअणसामिनी, सिरि देवी, जक्खराय गणिपिडगा। गह दिसिवाल सुरिंदा, सया वि रक्खंतु जिणभत्ते।।४।।

९. रक्खन्तु मम रोहिणि-पन्नत्ती वज्जसिंखला य सया। वज्जंकुसि-चक्केसरी-नरदत्ता-कालि-महकाली ।।५।। गोरी तह गंधारी, महजाला माणवी य वइरुट्टा। अच्छुत्ता माणसिया, महमाणसिया उ देवीओ।।६।।

१०. जक्खा गोमुह महजक्ख, तिमुह जक्खेस तुंबरू कुसुमो। मायंग विजय अजिआ, बंभो मणुओ सुर कुमारो ।।७।। छम्मुह पयाल किन्नर, गरुडो गंधव्व तह य जाक्खिंदो। कूबर वरुणो भिउडी, गोमेहो पास मायंगा ।।८।।

११. देवीओ चक्केसरि-अजिआ-दुरिआरि-कालि-महाकाली। अच्चुय संता-जाला, सुतारयासोस-सिरिवच्छा ।।९।। चंडा-विजयांकुसि-पन्नइत्ति-निव्वाणि-अच्चुआ-धरणी। वइरुट्ट-छुत्त-गंधारि-अंब-पउमावई-सिद्धा।।१०।।

१२. इय तित्थरक्खणरया, अन्ने वि सुरा-सुरी य चउहा वि। वंतर जोइणि पमुहा, कुणंतु रक्खं सया अम्हं।।११।।

१३. एवं सुदिट्ठि सुरगण सहिओ संघस्स संति जिणचंदो। मज्झ वि करेउ रक्खं, मुणिसुंदरसूरि थुय-महिमा।।१२।। इय संतिनाह सम्मदिट्ठि, रक्खं सरइ तिकालं जो। सव्वोबद्दवरहिओ, स लहइ सुहसंपयं परमं ।।१३।।

१४. कदाचित् कस्यचिद् ग्रन्थिः सज्वरो निर्ज्वरो वा निर्गतः स्यात् तदा शीघ्रमेव पवित्रीभूय.... (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

१५. एतत् स्तोत्रं त्रिकालमुययकालं वा स्मर्यते दुष्टभूतशाकिनी-रोगादिभयं न भवति. सुलभबोधिश्च। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

१६. नित्यमुभयकालं प्रतिक्रमणान्तरं पाक्षिकप्रतिक्रमणान्तरं वा कश्चित् सप्तवारं त्रिवारं वा गुणयति। अपरे च सावधानाः शृण्वन्ति, सर्वेषां तस्मिन् दिने तस्यां रात्रौ, तस्मिन् पक्षे वा केचिदुपद्रवा नोत्पद्यन्ते। एवं वार्षिकचातुर्मासिकप्रतिक्रमणेऽपि जेयम्। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

१७. यस्य च सम्यग्विधिना सर्वप्रकारैरेतत् प्रयोगेऽपि गुणो न जातस्तस्य प्रायोऽन्यस्तोत्रमंत्रयंत्रादिभिर्बहुभिरपि प्रयुक्तैः दुर्लभः। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

१८. कदाचित् कस्यचिद् ग्रन्थिः सज्जरो निर्ज्वरो वा निर्गतः स्यात् तदा शीघ्रमेव पवित्रीभूयकश्चित् शुचिवस्त्रे रुधिरास्थिमांसमलमूत्र-केलाद्यनुच्छिष्टे शुचिस्थाने पट्टादयुपविष्टः श्रीमुनिसुंदरसूरिगुरुभ्यो नमः इति वार २१ रोगिणं श्रावयन्नुच्चार्य, वार ७ स्वशरीरं शीर्षादारभ्य सर्वांगं स्पृशन् गुणयित्वात्मरक्षां कृत्वा सावधानमनाः परिहृतव्यापारांतरो वस्त्राञ्चलेन रोगिग्रंथिं प्रतिस्तोत्रं स्पर्शेनोंजयन्नखण्डं वार १०८ संपूर्ण स्तोत्रं गुणयेत् ज्वरो ग्रन्थिश्चोपशाम्यति। सहस्त्रशोऽपि परःशतैश्च द्रष्टप्रत्यमिदम् । (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

१९. एतत् स्तोत्रं च जपतांऽतरालेऽपरं किमप्युपसर्गहरस्तवाद्यपि न जपनीयम्। न च मिथ्यात्वाद्यपि कार्यं। जैनैरप्यजैनैश्च प्रकारान्तरैर्मिश्रणकरके तथा विधविधफलस्य दुःसाध्यत्वात्। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

२०. संपूर्ण त्रण वार, सात वार स्मृतेन। ॐ सनमो विप्पोसहि..., ॐ संति नमुक्कारो... इति द्वितीयतृतीयगाथाभ्यां च वार १०८ अथवा वार २१ स्मृताभ्यामभिमन्त्रितं जलं पीतं तत् सर्वविषमज्वरादिगोगान् विशेष्य च दैवतविकारान् भूतादिछलाकिनन्यादिदोषान् अपहरति। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

२१. अनेन संपूर्णस्तोत्रेन वार २१ अथवा वार ७। द्वितीयतृतीय-गाथाभ्यां वार १०८ अथवा वार २१ रोगिशरीरं हस्तेन स्पृशेत्। रजोहरणादिना चोंजयेत् रोगोदोषोश्च उपशाम्यति । (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૩ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ,

અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

૨૨. यस्य रोगिणो दोषियो वा गात्रभंगे जाते तस्मिन्नेतन्न प्रयुज्यते प्रयोगेऽपि गुणोऽनैकान्तिक इत्यादेशः। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૪ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

૨૩. यत्र चास्य प्रणेता स्मरणपरश्च तिष्ठति कियत् समयं स्थितो वा स्यात्। तत्र प्रायो दैवतं मरकमाद्यं नोत्पद्यते।

૨૪. मिथ्यात्वादिदेवताद्यर्चनैः, तदर्थहिंसाकरणैः तत्स्तोत्रगुणनैः तत्कर्त्रवज्ञादिभिस्तु कदाचिदुत्पद्यते तदापि सुसाधं स्यात्। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૪ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

૨૫. पट्टिकाकांश्यभाजनादौ लिखित्वा पूजादिना शुभफलं स्यात्। कदाचित् कोऽप्येतान् मंत्रान् कथमपि ज्ञात्वा जपति, न तु स्तोत्रं, तस्य तथा न गुणो यथा स्तोत्रजापेन देवतावरकारत्वात्। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૪ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

૨૬. साधना : पर्युषणानो अट्ठम करी १०८ वार संतिकरं संपूर्ण गणवुं। ए साधना पछी वार १०८ बीजी त्रीजी गाथा स्तोत्रनी गणवी साहि, रोग ज्वरादि जाय महाप्रभावक इति संतिकरस्तोत्राम्नायः।। (મહાપ્રભાવિક નવ સ્મરણ, પૃ.૨૯૪ પ્રકાશકઃ સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ઈ.સ. ૧૯૬૧)

૨૭. Quantum Mechanics by P. M. Mathews & K. Vanktesan P.21

✦ ✦ ✦

પૂ. આ. શ્રી વિજયનંદીઘોષસૂરિજી મ.-૩
શ્રી મહિમા પ્રભ સૂરિ જ્ઞાનમંદિર,
શાંતિવન બસ સ્ટેન્ડ પાછળ,
શાંતિવન, નારાયણ નગર રોડ,
પાલડી, અમદાવાદ-૪૮૦૦૦૭

# તિજયપહુત્તની અનુપ્રેક્ષા

સરસ્વતીસાધક વિજયકુલચન્દ્રસૂરિ મ.સા.

**એ**ક ભાઈએ સરસ પ્રશ્ન કર્યો હતો કે પ્રભુજીની સેવા ભક્તિ, નવકારશી, ચોવિહાર વગેરે વર્ષોથી કરું છું પરંતુ પ્રભુની કરુણા અમારા પર ઉતરી છે કે ઉતરશે? માનવું કેવી રીતે? કેમ કે જે મહેનત કરે છે તે ફળ મેળવે છે અને બુદ્ધિ, પૈસા કે શક્તિ હોય તેનું નામ થાય છે. પુણ્ય હોય તો રાજ કરવા મળે છે, તો પછી પરમાત્માની દયા (કરુણા) કામ કરે છે તે માનવું કેવી રીતે? તથા પ્રભુજીનું સાચું સ્વરૂપ કેવી રીતે જાણવા મળે?

તે ભાઈને જવાબ આપતા પહેલાં પૂછ્યું કે જીવનમાં જેટલાં મહેનત કરે છે તે બધાં જ ફળ મેળવે છે? મહેનત કે પુરુષાર્થ કર્યા પછી પણ ફળ ન મળતાં હતાશા, નિરાશ થયેલાં જોવા મળે છે? બુદ્ધિ, પૈસા કે શક્તિ હોય તે કોઈપણ પ્રકારની અશાંતિ, ટેન્શન, ભય વગર જીવે છે? પુણ્યથી રાજ કરનારને બધાં જ ચાહે છે? બધાં જ પ્રેમ કરે છે? તેમને પણ કોઈ ભયાદિ નથી હોતાં ને? જો જવાબ બરાબર ન મળતો હોય તો સમજવું જોઈશે કે જે પ્રભુજીની નિત્ય સેવાભક્તિ વગેરે કરીએ છીએ તેઓની દયા-કરુણા ઉતરે એટલે શું? સાચું સ્વરૂપ એટલે શું?

જીવન-મનમાં જ્યારે શાંતિ, સંતોષ, સદાચાર અને ખાસ કરીને મનોવૃત્તિ નિઃસ્વાર્થ અને નિર્દોષ બને છે. ત્યારે સમજવું કે પ્રભુની કરુણા ઉતરવાની શરૂઆત થઈ ચૂકી છે. બીજી એક વાત, તે પ્રભુની દયાના સંકેત તરીકે સર્વ જીવો પ્રત્યે સ્નેહ દષ્ટિથી જોશો તેમને ઈષ્ટ વસ્તુનો સંયોગ અનાયાસ મળશે. તથા આખી વિચારધારા બદલાવા લાગશે. મતલબ કે તમે જગત પાસેથી લેવા કરતાં દેવાના સદાય કરવાના વિચારો યથાસંભવ અમલમાં મુક્તાં જશો. જે તમને ઊંડો જીવન સંતોષ કે આત્મસંતોષ ઊભો કરશે.

ત્રીજી એક વાત. જેમ સંપૂર્ણ જગત જડ અને ચેતનામાં વહેંચાયેલું છે. તેમ ચૈતન્ય જગત પણ સાધારણ ચેતના અને અસાધારણ ચેતનામાં વહેંચાયેલું છે. તથા અસાધારણ ચેતનાવાળાનું વૈશિષ્ટ્ય, જગત કલ્યાણની સર્વોત્તમ ભાવના અને શક્તિથી ભરેલું હોય છે તેમજ તેઓ સાધનાસિદ્ધ અને સહજસિદ્ધ બનેલાં હોય છે. આવા અસાધારણ ચેતનાવાળા જીવો ૬૩ શલાકા પુરુષો, કેવલી ભગવંતો, ગણધરો તથા ૮ મહાપ્રભાવક મહાપુરુષો વગેરે છે. તેઓ અત્યંત કરુણાસભર, ઉદાર, પરોપકારી, ક્ષમાવંત અને ગંભીરતાદિ ગુણોના સ્વામી હોય છે. તેઓનું અસ્તિત્વમાત્ર જીવને શાંતિ, શાતા આપનારું હોય છે. અને તેઓ કરુણા વરસાવે તો?

આટલી પ્રારંભિક વાત જાણ્યાં પછી 'તિજયપહુત્ત' સ્તોત્રનું સ્મરણ કરવાનું પ્રયોજન સમજવા જેવું છે. ત્રણેય જગતનું પ્રભુત્વ (સ્વામીપણું) જે તીર્થંકરો પાસે સહજપણે છે, તે પ્રકાશ પાથરનારા

છે. તે આત્મજ્ઞાનનો પ્રકાશ મેળવવા (શું કરવું જોઈએ?) તેની કૃપા-કરુણા મેળવવાનો એક માર્ગ બતાવે છે, તે થોડું સમજી લઈએ.

યન્ત્ર, મન્ત્ર અને તન્ત્રની સાધનાથી સાધ્યની સિદ્ધિ જ્યારે થાય છે, ત્યારે તે પુણ્ય-પુરુષ અસાધારણ ચેતનાવાળો બને છે. અને સદાકાળ દુઃખાદિથી મુક્ત બને છે.

યન્ત્રએ શુભત્વની આકૃતિ છે. મન્ત્રએ અકારાદિવર્ણોચ્ચાર છે. અને તન્ત્ર એ સાધન સામગ્રીની શક્તિ છે. યન્ત્ર એ અસાધારણ શક્તિશાળો દેહ છે. મન્ત્ર એ દેહનો ભાવપ્રાણ છે અને તન્ત્ર એ બંનેનો સંયોગ કરાવનારી શક્તિ છે.

જે વિશિષ્ટ શક્તિવાળા હોય છે તેની દેહાકૃતિ દિવ્ય કે ભવ્ય હોય છે. જેના વચનમાં સત્ય અને પરોપકારનો, વિશ્વાસ અને સદ્ભાવનો રણકો હોય છે. તેની વચન શક્તિ, લાભ અને કલ્યાણ કરનારી હોય છે. તથા બોલેલું ઈમાનદારી પૂર્વક પાલન કરતાં હોય છે તેના પ્રત્યે સ્વાભાવિક પ્રેમ અને સમર્પણ હોય છે. જાગે છે.

આવા દિવ્ય યન્ત્ર, મન્ત્ર, તન્ત્રમય સાધનાસિદ્ધ સર્વતોભદ્ર યન્ત્રનું અવતરણ આ સ્તોત્રના માધ્યમે આપણને મળ્યું છે. જે આ સ્તોતની અનેકાનેક વિશિષ્ઠતાઓ પૈકીની એક છે. સર્વતોભદ્રનો અર્થ જ કર્યો છે કે દશેય દિશાઓથી જેઓનું કલ્યાણ નિશ્ચિત થાય તેનું નામ સર્વતોભદ્ર યન્ત્ર.

શ્રી અજિતનાથ ભગવંતના શાસનમાં, ઉત્કૃષ્ટથી થયેલાં ૧૦૦ જિનેશ્વરો. તે આ રીતે ૧ મહાવિદેહમાં ૩૨ વિજયો (વિશાળ ભૂપ્રદેશ) અને કુલ પાંચ મહાવિદેહના ૩૨ x ૫ = ૧૬૦ વિજયો, તથા કુલ પાંચ (૫) ભરત, અને ૫ ઐરાવત ક્ષેત્રો = કુલ ૧૦ ક્ષેત્રો આ દરેક ૧૬૦ વિજયો અને ૧૦ ક્ષેત્રમાં થયેલાં ૧-૧ તીર્થંકરો એટલે ૧૭૦ જિન. તેઓની અંકશક્તિ દ્વારા જેમાં સ્થાપના કરવામાં આવી છે તથા તે સર્વતોભદ્ર યન્ત્ર પદમાં પંચ તત્ત્વ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ)ની બીજાક્ષરી મહાવિદ્યાના પ્રતીક તરીકે ક્ષિપ ૐ 'સ્વાહા' મધ્યમાં સ્થાપિત કરેલાં છે જે પંચતત્ત્વ સમગ્ર સૃષ્ટિના સંચાલન વગેરેમાં મુખ્ય ભાગ ભજવે છે.

તદુપરાંત, દુઃખદુરિતનાશક હ, પાપનાશક અગ્નિબીજ ર, ક્ષુદ્ર દેવોની દુષ્ટશક્તિઓને ત્રાસ આપનાર હું, અને સૂર્યબીજ હઃ, સૌમ્યતાકારક બીજ સ, દહનકારક બીજ ર, સર્વદુરિતને પ્રબલતાથી શાંત કરનાર સું, અને ચન્દ્રબીજથી સંપુટિત કરનાર સઃ। ક્રમશઃ હ ર હું હઃ સ ર સું સઃ। એ દિવ્યશક્તિની સ્વામિની (હ ર હું હઃ) ક્રમિક જયા-વિજયા, અજિતા અને અપરાજિતા એ ચાર દેવીઓનાં નામો સમજવા. આ યન્ત્ર ૫ x ૫ = ૨૫ ખાનામાં વિભક્ત છે, જે સરળતાથી સમજાય તે માટે નીચે બતાવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ ह | ૮૦ र | क्षि | ૧૫ हुं | ૫૦ हः |
| ૨૦ स | ૪૫ र | प | ૩૦ सुं | ૭૫ सः |
| क्षि | प | ॐ | स्वा | हा |
| ૭૦ ह | ૩૫ र | स्वा | ૬૦ हुं | ૫ हः |
| ૫૫ रा | ૧૦ र | हा | ૬૫ सुं | ૪૦ सः |

← સર્વભોભદ્રયન્ત્ર

૧૪ ગાથાના પ્રમાણવાળું આ સ્તોત્ર, સમગ્રતયા 'સર્વતોભદ્ર' યન્ત્ર સંબંધિત વિવરણથી રચાયેલું છે.

આ સ્તોત્ર (યન્ત્ર)ના માધ્યમ દ્વારા એ શુભ-સિદ્ધ શક્તિ આપણામાં કેવી રીતે પ્રગટે (આવે) કેવી રીતે કલ્યાણ કરે તે પણ સમજવા જેવું છે. જેમ કોઈ વ્યક્તિ રાજમાર્ગ ઉપરથી પસાર થતાં કહે કે 'આ રાજાનો મહેલ છે.' તો 'મહેલ' એક શબ્દ સાંભળતાં જ મનમાં સ્મરણ થવાં લાગે કે મહેલ છે. એટલે વિશાળ અને ઉત્તમોત્તમ એવા અનેકાનેક, ઓરડાંઓ, રાણીવાસ, ભંડારો, ઝર-ઝવેરાત, હાથી, ઘોડા, રથ, સુખ-સગવડતાની તમામ સાધન સામગ્રી અંદર છે. તેની અંદર રાજ્યની બધી જ વિશિષ્ટ વ્યક્તિઓ, પ્રધાન, મંત્રી, સેનાપતિ વગેરે સેંકડો દાસ-દાસીઓ હોય. બધાં રાજાની આજ્ઞાથી બંધાયેલા હોય, રાજાની ઇચ્છામુજબ આખું તન્ત્ર, રાજ્ય, દેશ સક્રિય હોય છે અને 'મહેલ' શબ્દની સાથે જેટલી પણ અર્થચ્છાયા બનતી હોય તે, તેનાથી જોડાયેલી રહે છે. તેમ ''આ રાજવી ચક્રવર્તી તીર્થંકર છે.'' જેમ કે શ્રી શાંતિનાથ પ્રભુજી. તો સામાન્ય જાણકારને એક તીર્થંકર શબ્દ સાંભળતાની સાથે જ ૪ મૂલાતિશય, ૮ પ્રાતિહાર્ય = ૧૨ ગુણથી યુક્ત છે. ૧૮ દોષથી રહિત છે. ૩૪ અતિશયોથી શોભિત છે. વાણીના ૩૫ ગુણ, અમૃતથી પણ અધિક છે.

તીર્થંકર છે એટલે, ગણધરો, કેવલીઓ, ૧૪ પૂર્વીથી લઈ લાખો, કરોડો પૂ. સાધુ-સાધ્વીજી તેમના શાસનકાળમાં તેઓથી બંધાયેલાં છે. કરોડો-કરોડો દેવી-દેવતાઓ તેમની સેવામાં છે. ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરનારા છે. જગતના જીવમાત્રનું એકાંતે કલ્યાણ કરનારા છે વગેરે વગેરે દ્રવ્ય, ગુણ, પર્યાયથી, ૪ નિક્ષેપા, ૭ નવ્ય, ૭ સપ્તભંગીથી ધર્મ, અર્થ, કામ મોક્ષ ને પ્રકાશનારા ઈત્યાદિ જ્ઞાન, ગુણ, શક્તિ, પુણ્યથી ગુણસંપન્ન, સામર્થ્યસંપન્ન છે. એમ એક 'તીર્થંકર' શબ્દ જેટલી જેટલી અર્થચ્છાયામાં વપરાતો હોય તે સઘળી વિભાવનાથી પરિપૂર્ણ બને. તેમાં પણ ૧૭૦-૧૭૦ એક સાથે ઉત્કૃષ્ટથી તીર્થંકરોનું અવતરણ જેમાં થયેલું હોય, તે અતિદુર્લભ, સ્વરૂપ, શક્તિ અને પ્રભાવ સંપન્ન યન્ત્ર આપણને

વિશિષ્ટ પુણ્યશાળી સાધુ ભગવંતો પાસેથી, સહજરીતે મળી જાય તો કેટલો આનંદ થાય? આ સ્તોત્રની સિદ્ધિ માટે તેના રહસ્યમય જાપ કે સ્તોત્ર પાઠ કરનારને ઉપાય મળી જાય તો કેવું સારું થાય.

માત્ર પૂર્વશરત એટલી છે કે આપણને તે તીર્થંકરો પ્રત્યે ભારોભાર, શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ બેસી જવો જોઈએ અને તે માટે અંતરથી ઊંડો સંબંધ બંધાઈ જવો જોઈએ.

જાણકાર જ્ઞાનીઓ એમ કહે છે કે સંપૂર્ણ જગત, અનુપમ, અચિન્ત્ય અને અનુત્તર એવા જ્ઞાન, શક્તિ (સત્તા) અને પ્રબળ પુણ્ય પ્રકૃતિવાળા જીવોને પૂજે છે. પૂછે છે. તથા અનુસરે છે. આ ત્રણેય શક્તિ પરસ્પર સંકલિત અને અવલંબિત છે. આત્મગુણોને આધીન છે તથા કુદરતી ધર્મમહાસત્તા તેઓને સંપૂર્ણ અનુકૂળ બને છે. આ મહાસત્તા સાથે હૃદયનો સંબંધ, તેઓના રૂપ, ગુણ, ધ્વનિ (વાણી) દ્વારા બંધાય છે. ૧૭૦ જિનના શરીરનો વર્ણ પાંચ વર્ણમાં વિભક્ત છે. તેઓને કોઈ એક રૂપ-રસથી જોયાં કરીએ. તે પાછળ કોઈ ગુણને મનમાં વાગોળ્યો કરીએ. તે માટે પ્રભુની વાણીને અનુસરીએ. સાચ્ચા ભાવને હૃદયથી અનુસરીએ. તો તે પ્રભુ સાથે આપણે જોડાયેલાં જ રહીએ છીએ.

એક જિન, સમસ્ત લોકનું કલ્યાણ કરવા સમર્થ હોય તો ૧૭૦ જિન એક સાથે પ્રગટે, પ્રબોધે અને પંચમગતિએ સર્વને પહોંચાડે તો મારો નંબર કેમ ન લાગ્યો? સ્મરણ ગણતાં-ગણતાં વિચાર આવી જાય તો, સમજવું કે સંકલ્પ, ધારણા અને બૃહત્ પ્રયત્ન કરીએ તો પરિણામ મળે છે. કદાચ માની લઈએ કે ઇચ્છા, ભાવ, પ્રયત્ન કરતાં હો, તો પણ તમન્ના, તડપન અને તિતિક્ષાના અભાવે અટકી પડીએ છીએ. આ અંગે રીઝલ્ટ મેળવવા ત્રણ કામ કરવા જેવાં છે. કેમ કે ગત જનમની અધૂરી, આરાધનાના સંસ્કારના બળે સાધન, સામગ્રી નિમિત્ત મળતાં મળી આવે જ છે. પરંતુ પ્રગતિ પૂર્ણ થાય તે માટે સહુ પ્રથમ (૧) ૧૦૦%ના સંકલ્પ (નિયમ), ભાવ સાથેના પ્રયત્ન કરીએ અને તે-તે જિનેશ્વરોના માનસદર્શન કરીએ. (૨) પડકાર (ચેલેન્જ), જવાબદારી ઉપાડી તેને સમજીને અનવરત (અટક્યાં વગર) કરીએ. (૩) માત્ર ને માત્ર સર્વકર્મક્ષય (સર્વ સંવરભાવ), મોક્ષ માટે જ કરીએ. ઉભયલોકના સુખાદિ માટે નહીં. તો નિઃસંદેહ આત્મકલ્યાણ થાય જ. આ ભૂમિકા સુધી પહોંચવા માટે ૯-૯ સ્મરણો પ્રભાવ સંપન્ન મળ્યાં છે. તેમાં પણ અપેક્ષાએ જોવાં જઈએ તો અન્ય સ્મરણોમાં ૧-૧ જિનનું આલંબન છે. અહીં એક સાથે ૧૭૦ જિનનું યન્ત્ર, મન્ત્ર, તન્ત્ર, સહિત આલંબન છે. તેથી આ સ્તોત્રને વિશિષ્ટ રીતે આરાધી શકાય, ધર્મ (પુણ્ય) લાભ એક સાથે વધે, જલ્દીથી મળે તે અંગે થોડું જાણીએ, સમજીએ. આ માટે ૧૪ ગાથાના આધારે આ સ્તોત્રના અર્થસાર અને ભાવસારને વિચારીએ.

અઢીદ્વિપના ૧૭૦ જિનેશ્વરો, ત્રણેય જગતનો પ્રકાશ કરનારા છે. ૮ મહાપ્રાતિહાર્યો સહિત અનુત્તર ઋદ્ધિ-સિદ્ધિના માલિક છે. તે સર્વના સમૂહરૂપ સર્વતોભદ્રયન્ત્રનું હું ભાવથી સ્મરણ કરું છું. (મનોપ્રદેશમાં તે સર્વની હું પ્રતિષ્ઠા કરું છું.)[૧]

પૂર્વે બતાવેલાં ૧૭૦ ક્ષેત્રમાં થયેલાં ૨૫, ૮૦, ૧૫ અને ૫૦ની સંખ્યા (=૧૭૦)ના ક્રમે તીર્થંકરોનો સમુદાય, ભક્તિવંત ભવ્યજીવોના સકલ દુરિત (પાપ-પાપબુદ્ધિ)નો નાશ કરો.[૨]

૨૦, ૪૫, ૩૦, ૭૫ના અંકસમૂહથી (૧૭૦ જિન) અરિહંતો, ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિની વગેરે પૂર્વકૃત કર્મોના ઉદયે આવતાં ઘોર ઉપસર્ગોનો નાશ કરો.[૩]

૭૦, ૩૫, ૬૦ અને ૫, એ અંકે રહેલાં (૧૭૦) તીર્થંકરોનો સમૂહ, વ્યાધિ, જલ, અગ્નિ, સિંહ, હાથી, ચોર અને શત્રુ સંબંધી મહાભયને મારા ચિત્તામાંથી દૂર કરો.[૪]

૫૫, ૧૦, ૬૫ અને ૪૦ એટલાં સિદ્ધ થયેલા (૧૭૦) જિન કે જેઓની સેવા દેવો, અસુરો વગેરે નિરંતર નસ્મકાર પૂર્વક કરે છે. તેઓ આપના પ્રભાવે મારો (૩) શરીરનું રક્ષણ કરો.[૫]

વળી જે ચમત્કારિક સર્વતોભદ્રં યન્ત્રની રચના ૐ હરહુંહઃ, સરસુંસઃ ફરીથી હ ર હું હઃ અને સ ર સું સઃ એ દિવ્યશક્તિવાળા મન્ત્ર બીજાક્ષરે લખેલાં છે. સાધકનું નામ મધ્યમાં લખવાનું બતાવ્યું છે. તે નક્કી અમારું શ્રેયઃ કરશે જ.[૬]

તે પછી ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ વગેરે ૭-૮ ગાથામાં સોળ મહાવિદ્યાદેવીઓના નામો લખેલાં છે. તે સર્વ પ્રકારે મારી રક્ષા કરો. એવી વિનંતી કરું છું.[૭-૮]

૫ ભરત, ૫ મહાવિદેહ, ૫ ઐરવત ક્ષેત્ર = ૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ ૧૭૦ જિન મારા સકલ પાપોનું હરણ કરો, નાશ કરો. આવા સર્વગુણ સમૃદ્ધિ અને ઐશ્વર્યોથી યુક્ત તીર્થંકરોનું પ્રયત્નપૂર્વક ધ્યાન ધરવું. તેથી પવિત્ર (નિર્મલ) બનાવે છે.[૯]

આ સર્વ તીર્થંકરો પાંચ રંગવાળા છે. સુવર્ણ (પીળો), શંખ (સફેદ), પરવાળા (લાલ), નીલમણિ (લીલા) અને મેઘ (શ્યામ કાંતિ)વાળા છે. તેઓએ સર્વથા મોહનો નાશ કરેલો છે. સર્વ દેવોથી પૂજા કરાયેલાં છે. અને તે-તે ભગવંતોના જાપ નામ પહેલાં ૐ મૂકવો અને નામના અંતે 'નમઃ સ્વાહા' શબ્દ જોડીને વંદન (જાપ) કરવા.[૧૦] જેમ કે ૐ અજિતનાથાય નમઃ સ્વાહા.

દેવજગત ૪ વિભાગમાં વિભક્ત છે. તે વૈમાનિક, જ્યોતિપ, ભવનપતિ અને વ્યંતરનિકાયના દેવો. તે પૈકી શત્રુરૂપે જે દેવો

જિનશાસનના કે મારા દ્વેષી હોય તે આપણા પ્રભાવે શાંત થાઓ અને શાસન કે મારા ઉપર વિઘ્ન ન કરો.[૧૧]

આ સઘળી વિનંતિ, પ્રાર્થના, ભાવના કે હૃદયેચ્છા હે ત્રણેય ભુવનના નાથ! મારી સાંભળો અને સ્વીકારો. હું આપનો બાળક છું. સેવક છું. દીન છું. અનાથ છું. આપ જ માર માટે સર્વસ્વ છો. એ આ સ્તોત્રનો ભાવસાર છે. તે ભાવનાના પુટને જે હિતેચ્છું ભક્ત. ચંદનના પટ્ટ (પ્લેટ) ઉપર કપૂરવડે સર્વતોભદ્ર યન્ત્ર લખે અથવા તો.[૧૨]

કાંસાની થાળીમાં કપૂર, ગોરોચંદન, કેસર, ચંદન, કસ્તૂરી વગેરેને વાટી (દાસી) ૭ વાર લેપ કરે. છાયામાં તે લેપ સુકવીને યન્ત્રનું શુભમુહૂર્તે આલેખન કરી. પુષ્પ, ધૂપ, દીપ વડે પૂજન કરે અને જરૂર પડે ત્યારે જલ પીવે તો સર્વ રોગનાશ પામે.[૧૩-૧૪]

આ યન્ત્રની નિરંતર પૂજા, ભક્તિ, મન્ત્રજાપ કરનારને અવશ્ય ફળે માટે સમ્યગ્ યન્ત્ર, મન્ત્ર તન્ત્રરૂપ ૧૭૦ જિનેશ્વરોના આ સર્વતોભદ્ર યન્ત્રથી સર્વથા-સર્વદા મનોવાંછિત મળે અને ફળે એવા સ્તોત્રકર્તાના ભાવ છે.

પહેલાં એક સમય હતો કે પૂર્વના મહાપુરુષો પવિત્ર અને પ્રબળ ભાગ્યશાળી હતાં એટલે દેવી-દેવતાઓ હાજર થતાં હતાં તીર્થંકરો, ચક્રી, બળદેવાદિ પાસે સેવામાં પ્રત્યક્ષ હાજર થતાં હતાં તે પછી સાધનાસિદ્ધ ચારિત્રવંત મહાપુરુષો દેશ, કાલની ઘટના સમયે અવસરોચિત સંઘ, શાસનના હિતને માટે ઇચ્છાશક્તિ મુજબ કાર્યસિદ્ધિ સહજતયા કરી શકતાં હતાં. કારણ? સ્વયંની ભાવના, પ્રવૃત્તિ, વૃત્તિ શુદ્ધ હતી. મન્ત્રવિદ્યાના ઉંડા જાણકાર અને ગુરુગમથી આવેલી પાઠસિદ્ધ વિદ્યાઓ સહજ મળી હતી. સ્વચરના આત્મહિત કેન્દ્રમાં હતાં, પરંતુ પરિવર્તનશીલ સ્વભાવ અને સમય જતાં ધીમે-ધીમે અન્યાન્ય કારણવશ બધું લુપ્તપ્રાયઃ થઈ ગયું. તેમ છતાંય,

હાલના સમયમાં યન્ત્ર, મન્ત્ર દિવ્ય ઔષધિ વગેરે જે પણ મળે છે તેને યોગ્ય પાત્રજીવ નિઃસ્વાર્થ ભાવે, લોકહિતાર્થે, સમય અને ભાગ્ય અનુસારે ફળ મેળવે છે. મેળવી શકે છે.

શાસ્ત્રમાં લખ્યું છે કે

निर्बीज मक्षरं नास्ति, नास्तिभूलमनौषधम् ।

निर्धना पृथ्वि नास्ति, आम्नायाः खलु दुर्लभाः ।।

આ દુનિયામાં એવો કોઈ અક્ષર નથી જે નિર્બીજ (શક્તિ સંપન્ન) ન હોય, એવું કોઈ ઝાડપાનથી જે ઔષધરૂપે ન હોય, એવી કોઈ પૃથ્વી નથી જે નિર્ધનવાળી હોય. પરંતુ તે તેને જાણનારા. સમયે માહિતી મળવી દુર્લભ છે.

પૂર્વની પાઠસિદ્ધ વિદ્યા-મન્ત્રનો અમૂલ્ય વારસો કોઈ અનધિકારી-દુષ્ટ વ્યક્તિના હાથમાં ન આવી જાય, કોઈ મોટા અનર્થનું કારણ ન બની જાય. તેથી સ્તુતિ, સ્તવ, ભાવપૂજાના અધિકારમાં અને સ્તોત્રાદિને, ધર્મ પ્રાપ્તિ, સ્થિરીકરણ અને ઈષ્ટસિદ્ધિના ફલ તરીકે ગોઠવી દીધાં હોય તેવું અનુમાન સંભવે છે. બાકી એ વાત નિશ્ચિત છે કે –

કોઈપણ ધર્મક્ષેત્રનો પુરુષાર્થ જ્યારે બુદ્ધિપૂર્વકનો (શુદ્ધાશય તથા ઉપયોગ સહિત) થાય છે. સમજદારીના નીતિ-નિયમથી થાય છે. ઔચિત્ય સભર વિનય-વિવેકથી થાય છે. તથા હૃદયના ઉલ્લાસ-ઉમંગ અને શ્રદ્ધાપૂર્વક થાય છે ત્યારે તેમાં ભવિકના સમગ્ર પ્રાણ એકાગ્રચિત્તે ઉતરતાં હોય છે. પરિણામે સ્વયંની ચેતના પરમ ઉર્જાવાન અને પવિત્રતાના માર્ગે અતિ શ્રેષ્ઠ ભૂમિકાએ પહોંચી જાય છે અને પ્રભુ ભક્તનો દરજ્જો મળી જાય એવું બને છે.

આ સ્તોત્ર સ્મરણના માધ્યમે, મનોજગતમાં અંદરની સર્વશ્રેષ્ઠ ચૈતન્ય શક્તિને જોવી, જાણવી, સમજવી એ મહત્ત્વનું એક જીવન કાર્ય છે. તો તે સમજણ પ્રાપ્ત થયાં પછી તે ચૈતન્યને જગાડવું, સક્રિય કરવું અને નિરંતર કાર્ય (ઉપયોગ) રત રાખવું એ જીવન સાફલ્ય છે.

એ ઉપયોગમાં રહેતી ચૈતન્ય શક્તિને સ્વ-પર-સર્વશુદ્ધિ માટે એક જ લક્ષ્યે બાંધી રાખવી અને સહજ ઉપશાંત અવસ્થામાં રહેવું એ જીવન સિદ્ધિનો જ ઉત્તમ પ્રકાર છે.

અધ્યાત્મની દિશામાં આગળ વધનાર સાધકને, યથાર્થ વાસ્તવિકતાનો બોધ સ્પષ્ટ રહે ત્યારે તેનો ભાવપ્રદેશને સહજપણે પ્રભુના ગુણનો, પ્રભુની અપરિચિત શક્તિનો, પ્રભુના અનંત આનંદનો દિવ્ય ખજાનો હાથ લાગે છે અને સાધકની ઉત્કૃષ્ટ ભાવભક્તિ સૃષ્ટિની સર્વોચ્ચ દિવ્યશક્તિનો અહેસાસ કરાવવા લાગે એવું સંભવે છે. આવી ધર્મ મહાસત્તાની સર્વોચ્ચ દિવ્ય શક્તિરૂપ સ્તોત્રાદિનું સ્મરણ, દર્શન, વંદન, પૂજન, સ્તુતિ-સ્તવ, સ્તોત્ર પાઠ વગેરે ક્રમશઃ આત્મશક્તિને ઉજાગર કરવાનું, સક્રિયરીતે બનાવી, ઉપયોગ રત રહેવાનું એક પ્રકારે જીવન સાફલ્યનું મહત્તમ કાર્ય કરવા બરાબર બની જાય છે. જે આત્માને સર્વશ્રેષ્ઠ સુંદર બનાવી આપે છે.

આ સાચા અર્થની જીવનસિદ્ધિ, આ જનમમાં મળી જાય તે માટે દેવ-ગુરુની અપરંપાર કરુણા આપણા પર વરસી છે. પ્રભુ ભક્તિના ભાવ માર્ગે આગળ વધવાની હાર્દિક પ્રેરણા કરતાં રહ્યાં છે. એ ભાવ માર્ગ, લોક લોકોત્તર પ્રભુના સ્વરૂપને, ગુણને, શક્તિને, જ્ઞાનને, પુણ્યને, અતિશયોને, સકલ આર્હન્ત્યને અને સહજ સિદ્ધત્વને પામવાનો અનુપમ માર્ગ છે. તેના ઉપર ચાલવાનો ઉપક્રમ, ક્રમશઃ બળવાન, અતિશ્રેષ્ઠ બનતો જાય છે જેને કોષ્ઠક દ્વારા સરળતાથી સમજવાનો અભિગમ રાખીએ.

## સાધન-સાધ્યસિદ્ધિ કોષ્ઠક

| | ભક્તિપ્રકાર | પ્રભુપૂજા | ભાવપૂજા | કરણપ્રકાર | ફળપ્રકાર | લાભપ્રકાર | દ્રવ્યપૂજા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સ્મરણ : | સ્વરૂપની પૂજા | મનથી | ઉલ્લાસ-ઉમંગ | દુ:ખનાશ | સુખ | જલપૂજા |
| ૨. | દર્શન : | ગુણની પૂજા | જ્ઞાનથી | નિષ્કપટ-નિર્દંભ | અજ્ઞાનનાશ | સદ્‌ગુણ | ચંદન |
| ૩. | વંદન : | શક્તિની પૂજા | ક્રિયાથી | સરળ હૃદયથી વિનય-વિવેક | દોષનાશ | ઉત્તમબળ | પુષ્પ |
| ૪. | પૂજન : | પુણ્યની પૂજા | ભાવથી | નિ:સ્વાર્થતાથી | વિઘ્નનાશ | સત્‌કીર્તિ | ધૂપ |
| ૫. | સ્તવ : | જ્ઞાનની પૂજા | એકાગ્ર ચિત્તથી | શુદ્ધધર્મથી | ભયનાશ | સ.ધર્મ. | દીપ |
| ૬. | સ્તોત્ર : | અતિશયો પૂજા | તન્મયતાથી | ઉપયોગશુદ્ધિથી | દુર્ભાવનાશ | વચનસિદ્ધિ | અક્ષત |
| ૭. | મંત્રજાપ : | સ્વ-ભાવની પૂજા | તલ્લીનતાથી | નિષ્કષાયથી (નિર્દોષપણાથી) | પાપનાશ | ઈષ્ટસિદ્ધિ | ફલ |
| ૮. | ધ્યાન(લય) : | સકલ આર્હન્ત્ય પૂજા | તદાકાર-તત્સ્વરૂપથી | શુદ્ધ અધ્યવસાયથી | ભવનાશ | સહજાનંદ | નૈવેદ્ય |
| ૯. | તદાકાર : | સહજ સિદ્ધની પૂજા | શુદ્ધાવસ્થાથી | આત્મસ્વભાવથી | કર્મનાશ | શાશ્વતસુખ | અશેષ-પંચતત્ત્વ |

***નોંધ :** ઉપરોક્ત નૂતન વિભાવના છે. પ્રભુની આલંબને સાધનાસિદ્ધિ થવા અંગે વિચારેલી છે. યથાસંભવ ભૂમિકા ભેદે, ક્રમ, પ્રકારાદિ બદલાઈ શકે છે.)*

દા.ત. પ્રભુ ભક્ત, જ્યારે ઉલ્લાસ-ઉમંગથી, પ્રભુના સ્વરૂપનું સ્મરણ, મનથી, જલપૂજાના આલંબને કરશે એટલે દુ:ખનાશ અને સુખ પ્રાપ્તિનો લાભ થશે. એ રીતે ક્રમશઃ નવેય પ્રકારે આગળ વધતાં સહજ (સાધ્ય) સિદ્ધિ થશે.

આ સ્તોત્રની યત્કિંચિત્ અનુપેક્ષાના માધ્યમે મૂળમાં તો સ્વને જ શોધવાનો છે. શુદ્ધિ અને સિદ્ધિના સ્તરે પહોંચવાનું છે. સ્તોત્રકર્તાનો ઉંડો વિશુદ્ધિવાળો પરમોચ્ચ આશય, નિર્મલભાવ, સરળ પ્રક્રિયા (પ્રયોગ) આપણું સર્વશ્રેયઃ સાધે તે નિ:શંક બાબત છે. માત્ર સંપૂર્ણશ્રદ્ધા, સિદ્ધિ પૂર્વેનો અનવરત પુરુષાર્થ કહેતાં સમર્પણ સંપૂર્ણ હોવું અનિવાર્ય છે.

આ સ્તોત્રના રચયિતા મહાપુરુષનો નિશ્ચિત સ્વરૂપે ઉલ્લેખ સંશોધનીય છે. વર્ષો પૂર્વે શ્રી જૈન શ્રેયસ્કર મંડળે (મહેસાણાવાળા) પંચનો પ્રતિક્રમણ સૂત્રની બુકમાં શ્રી માનદેવસૂરિજીનો ઉલ્લેખ કરેલ હતો. પરંતુ સાધાર રજૂઆત મળી નથી છતાંય ૯મી સદી પૂર્વેનું સંભવે છે. કારણ કે આ તિજયપહુત્ત સ્તોત્ર સમ, અન્ય બે કૃતિ મળે છે. (૧) આ. શ્રી નન્નસૂરિકૃત (૯મી સદીમાં થયેલ પૂ.આ.શ્રી બપ્પાભટ્ટી) સૂરિના પ્રાયઃ ગુરુભાઈ) 'સત્તરિસય' અને (૨) આ.શ્રી હરિભદ્રસૂરિકૃત સત્તસરિસય સ્તોત્ર, જે પ્રાન્તે બંને મુકેલ છે. આ. શ્રી હરિભદ્રસૂરિ, વડગચ્છીય શ્રી ચન્દ્રસૂરિજીના શિષ્ય અથવા બૃહદ્‌ગચ્છીય શ્રી માનદેવસૂરિજીના શિષ્ય હોવા સંભવે છે. પરંતુ ૧૪૪૪ ગ્રન્થના નહીં. આ બંને કૃતિ પણ પ્રાચીન છે. જે તિજયપહુત્તના આધરે તત્સમ બનેલી છે.

**સારાંશ :** ૧૭૦ જિનેશ્વરોનું ઉત્કૃષ્ટ આલંબન, શક્તિ, પ્રભાવ અને ગુણ લાભ સંપન્ન શ્રી સર્વતોભદ્ર યન્ત્રનું વિધિપૂર્વકનું આલેખન, આરાધના, પૂજનાદિનો પ્રકલ્પ, સાધક કે પાઠકની સર્વતા-સર્વદા કલ્યાણપ્રદ નિ:સંદેહ ભાવના. સ્તોત્ર કર્તાના પરમોચ્ચ ભાવ-આશયની સિદ્ધિ માટે આપણે ૬ માસથી ૧૨ માસ સુધી, નિરંતર (ખાડો ન પડે તે રીતે) ઉલ્લાસ, ઉમંગ વગેરેથી ગણીએ અને સર્વેશ્રેયને પામીએ તદર્થે પ્રમાદ અને પ્રમદ છોડીએ એ જ શુભભાવે સાથે... इतिशम्.

# તિજયપહુત્ત (સત્તરિસય) સ્તોત્રામ્નાય

ચિત્ર. ૧૨૨ – तिजयपहुत्तप्रथमयंत्रविधि:–

स्तोत्र

पणमिय सिरिसंतिजिणं थुणामि एकेहिं अरिहसत्तरिसंय।
परमिट्ठिकुट्ठेसुं आगमविहि सव्वओबद्दं ।।१।।

तेयाला चउवीसा तीसा छत्तीस सत्ततीसा य ।
कम्मवणदहणनिउणा जिणवसहा दिंतु मम सिद्धिं ।।२।।

पणतीसा इगताला बायाला तिविस ईगुणतीसा य ।
कल्लाणपंचकलिया संघस्स कुणंतु कल्लाणं ।।३।।

बावीसा अट्ठवीसां चउतीसा दुगुणवीस छायाला ।
सिहि अहि वाहि अहिअ हिय दुट्ठुट्ठिय मोहजोहहरा ।।४।।
गुणयाला पणयाला छव्वीसा सत्तवीस तित्तीसा ।
जरमरणरोगरहिया मंगलं दिंतु मे (मम सिद्धिं) ।।५।।
इगतीसा बत्तीसाट्ठतीस चउचत्त पणवीसा ।
वंतरभूयपिसाया रक्खसमुहरक्खगा हुंतु ।।६।।
इय विहिणा सत्तरिसयं पडिलेहिअ जो थुणेइ अच्चेई ।
तस्स नय हवइ विग्घं सिग्घं सिद्धिं समेइ य ।।७।।
सिरि नणणसूरि पणयं सत्तरीसय जिणवराणं भत्तीइ ।
भवियाण कुणउ संतिं रिद्धिबुद्धिं धिइकित्तिं ।।८।।
– इति सत्तरिसयं यन्त्रस्तवं-इति प्रथम यन्त्रविधिः ।।१।।

**ભાવાર્થ :** શ્રીશાંતિનાથપ્રભુને નમસ્કાર કરીને ૫રમેષ્ઠિકોષ્ટકમાં આગમવિધિ પ્રમાણે સર્વતોભદ્ર નામના યન્ત્રથી ૧૭૦ અરિહંતોને સ્તવું છું. (૧) ૪૩, ૨૪, ૩૦, ૩૬ અને ૩૭ એ કર્મવનને દહન કરવામાં નિપુણ એવા જિનેશ્વરો મને સિદ્ધિ આપો. (૨) ૩૫, ૪૧, ૪૨, ૨૩ અને ૨૯ એ પંચકલ્યાણકથી યુક્ત જિનેશ્વરો સંઘનું કલ્યાણ કરો. (૩) ૨૨, ૨૮, ૩૪, ૪૦ અને ૪૬ એ જિનેશ્વરો અગ્નિ, સર્પ, વ્યાધિ, શત્રુ, રાજા અને મોહરાજાના દુષ્ટ એવા મહાજોદ્ધાઓને હરો. (૪) ૩૯, ૪૫, ૨૬, ૨૭ અને ૩૩ એ જરા, મરણ અને રોગથી રહિત તીર્થંકરો અને મંગળ અને સિદ્ધિ આપો. (૫) ૩૧, ૩૨, ૩૮, ૪૪ અને ૨૫ એ તીર્થંકરો વ્યંતર, ભૂત, પિશાચ અને રાક્ષસ પ્રમુખથી રક્ષણ કરનારા થાઓ. (૬) આ વિધિ પ્રમાણે ૧૭૦ યન્ત્ર વસ્ત્રપર લખી જે પુરુષ સ્તવે અને પૂજે તેને કોઈ વિઘ્ન થાય નહીં અને તરત સિદ્ધિ થાય. (૭) શ્રી નન્નસૂરિથી નમસ્કૃત આ ૧૭૦ જિનેશ્વરો ભક્તિ કરનાર ભાવિકોને શાંતિ, ઋદ્ધિ, બુદ્ધિ, ધૃતિ અને કીર્તિ આપો. (૮)

ચિત્ર. ૧૨૩ – द्वितीययन्त्रविधिः ।। स्तोत्रं ।।

आनंदोल्लासनमत्रिदशपतिशिरः प्रसूनपूज्यपदं ।
जिनसप्ततिशतमानम्य धलिम तस्यैव संस्तवनम् ।।१।।
जंबूद्वीपे भरतैरावतयोरेकमेकमभिनौमि ।
तत् द्वाबिंशद्विजयेध्वेफैकं जिनवरं वन्दे ।।२।।
घातकिखंडद्वीपे द्विगुतौर्भरतद्विके जिनद्वितयं ।
पेरावते जिनयुगलममलमभिनौमि सद्भक्तथा ।।३।।
वन्दे महाविदेहे जिनाँश्चतु:यष्टिविजयसंभविनः ।
केवलकिरणोद्द्योतितजगत्रया ध्वस्त संतमसान् ।।४।।
थीपुष्कराधनाम्नि च तावत एव प्रमाणतः प्रयतः ।
परमेष्ठिनः समभिष्टौमि नष्टकर्म्माष्टविद्वेष्यान् ।।५।।
वरकनकशंखविद्रुममरकतधनसन्निभं विगतमोहं ।
सप्ततिशतं जिनानां सर्वामग्पूजितं वन्दे ।।६।।
दवदहनं भूभृदम्मस्तस्करविद्युत्फणीभविस्फोटम ।
हरिमाग्बिन्धनभयं तत्कालं संस्मृतं हरति ।।७।।
यो यंत्रस्थं ध्यायति सप्ततिशमर्हतां पुलकिताङ्गः।
न भवंति रुजो नश्यंति वारयस्तस्य सर्वेऽपि ।।८।।
द्वौ सप्त सप्तसप्ततिरशीतिरथ संयुता चतुभिंश्च।
एकाशीतिरशीतिः पटू च त्रयोऽष्टौ तथैकः स्यात् ।।९।।
त्र्यधिकाशीतिः सप्ततिरष्टयुक्ताऽशीतिरेकयोना च।
द्वयशीतिश्चत्वारः पंच च यंत्रे विधिर्ज्ञेयः ।।१०।।
क्षितिपतिमतिसंकद्धं जपितं बीजाक्षरैः प्रसाघयति ।
हरहुंहः सरसुंसः ॐ ल्कीं ह्लीं ह्रीं हुँ फट् स्वाहा ।।११।।
घनसारचंदनद्रव्यैर्लिखितं पात्रे पयः प्रपीतं च।
विस्फोटनाशनं खलु कुर्यात् द्वारे तथा न्यस्तम् ।।१२।।
पापमलं दहति भृशं हृत्पंकजकोटरे तथा ध्यातम् ।
त्रिभुवनमपि वशमानयति यंत्रमेतत् प्रपूजयतः ।।१३।।
पोडशकोष्ठगतं यः सवोजमेतत् करेऽनिशं दध्यात् ।
तस्य करस्था पुंसः कल्याणपरंपरा सकला ।।१४।।
इति सप्ततिशतजिनपतिसंस्तवनं ये प्रपठय पटुमतयः
ध्यायति मनसि तेषां तु हरिभद्रं पदं सुचिरम् ।।१५।।
– इति सप्ततिशतं यंत्रविधिः द्वितीययंत्रस्तोत्रं ।।

✦ ✦ ✦

સંપર્ક :
શ્રી કુંથનાથ જૈન દેરાસર, જૈનમંદિર માર્ગ,
સાંતાક્રુઝ (પ), મુંબઈ-૪૦૦ ૦૫૪.

# શ્રી નમિઉણ સ્તોત્ર

## ડૉ. ચિંતન મુનિ

(૧) नमिऊण पणयसुरगण-चूडामणिरंजिअं मुणिणो ।
चलण जुअलं महाभय - पणासणं संथवं वुच्छं ।।१।।

નમસ્કાર કરતા એવા દેવતાઓના સમૂહના મુગટોમાં રહેલા મણિઓના કિરણોથી શ્રી પાર્શ્વનાથ મુનિશ્વરના જે બંને ચરણકમલો રંગાયેલા છે, તેઓને હું પણ નમસ્કાર કરી મહાભયોને નાશ કરનારું એવું આ સ્તોત્ર કહું છું.

(૨) सडिय कर चरण नहमुह, निबुड्डनासा विवन्नलायन्ना ।
कुट्ठ महारोगानल - फुलिंग निदड्डसव्वंगा ।।२।।

(૩) ते तुह चलणाराहण - सलिलंजलिसेय वुड्डियच्छाया ।
वणदवदड्ढा गिरि पायव व्व पत्ता पुणो-लच्छिं ।।३।।

જેમના હાથ, પગ, નખ અને મુખ સડી ગયા હોય અર્થાત્ કંઈ રોગ પેદા થયો હોય જેમના નાકનો ભાગ બેસી ગયો હોય અને કર્મના ઉદયથી જેમનાં સર્વ અંગોમાં કોઢ વ્યાપ્ત થઈ ગયો હોય તેવા મનુષ્યો હે ભગવાન! આપના ચરણકમળની સેવારૂપ જલની અંજલિના સિંચનથી અધિક કાંતિવાળા થઈ વનનાં દાવાનલથી બળેલા પર્વતના વૃક્ષોની જેમ ફરીથી આરોગ્ય લક્ષ્મીને પામે છે.

(૪) दुव्वाय खुभिय जलनिहि, उब्भडकल्लोल भीसणारावे ।
संभंतभय विसंठुल, निज्जामय मुक्कवावारे ।।४।।

(૫) अविदलिअजाणवत्ता, खणेण पावंति इच्छिअं कुलं ।
पास जिण चलण जुअलं, निच्चं चिअ जे नमंति नरा ।।

સમુદ્ર માર્ગે વેપાર ખેડતા ખલાસીઓને લાગે છે કે ઉગ્ર વાયુ વાઈ રહ્યો છે. ભયંકર ગર્જનાઓ થઈ રહી છે. આવા વાતાવરણમાં જ્યારે ખલાસી ડરી જાય પોતાનો વ્યાપાર મૂકી દે એવા સમયે જે મનુષ્યો નિરંતર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણ યુગલને નમે છે તેઓ અક્ષત યાન પાત્ર-વહાણ સહિત એક ક્ષણવારમાં જ ઇચ્છિત એવા સમુદ્રના તીરને પામે છે.

(૬) खरपवणुध्धूय वणदव, जालावलिमिलि अ सयलदु मगहणे।
डज्झंत मुद्धभयवहु - भीसणरव भीसणंमि वणे ।।६।।

(૭) जगगुरुणो कमजुअलं, निव्वाविअसयल तिहुअणाभोअं ।
जे संभरंति मणुआ, न कुणई जलणो भयं तेसिं ।।७।।

પ્રચંડ વાયુ વડે ચારે બાજુ પ્રસરેલી દાવાનલની જ્વાળાથી જેવનખંડો મળી ગયા છે. જેમાં બળતી મુગ્ધ મૃગલીઓના શબ્દો વડે તથા બળતા વનમાં જ્વાળાથી આકુલવ્યાકુળ થયેલા મૃગોના મોટા આક્રંદથી ભયાનક દેખાતા વનને વિષે જગદ્ગુરુ શ્રી પાર્શ્વનાથ સ્વામીના આપત્તિરૂપ તાપની શાંતિ વડે સુખી કર્યા છે. ત્રણ લોકના પ્રાણીઓ જેણે એવા ચરણયુગલનું જે મનુષ્યો સમ્યક્ પ્રકારે સ્મરણ કરે છે તેઓને તેઓ અગ્નિ પણ ભય કરતો નથી.

(૮) विलसंत भोगभीसण - फुरिआरुण नयणतरलजीहालं ।
उग्गभुअंगं नवजलय - सत्थहं भीसणायारं ।।८।।

(૯) मन्नंति किडसरिसं, दूरपरिच्छूढविसमविसवेगा ।
तुह नामक्खरफुडसि - द्धमंतगुरुआ नरा लोए ।।९।।

જે કોઈ મનુષ્યો પાર્શ્વનાથના નામના અક્ષરોનો જાપ કરે છે તે સિદ્ધ થયેલા મંત્રની જેમ વિકસ્વર ફણાવાળા, શરીરથી ભયંકર દેખાવવાળા, ચંચળ અને રાતા નેત્રોવાળા, મેઘ જેવા શ્યામ, ભયંકર આકારવાળા ઉગ્ર સર્પને પણ એક કીડા જેવો ગણે છે અને સર્પના વિષમ વિષના પ્રસારનો અત્યંત નાશ પણ પાર્શ્વનાથના નામના અક્ષરના જાપથી થાય છે.

(૧૦)अडवीसु भिल्लतक्कर - पुलिंदसद्दुलसंद्दभीमासु ।
भयविहुरवुन्नकायर उल्लूरियपहियसत्थासु ।।१०।।

(૧૧)अविलुत्तविहवसारा, तुह नाह! पणाममत्तवावारा ।
ववगयविग्धा सिग्घं, पत्ता हिअइच्छियं ठाणं ।।११।।

પાર્શ્વનાથ ભગવાનને માત્ર નમસ્કાર કરનારા પલ્લીવાસી ભિલો, ચોર, અન્ય ભિલો અને સિંહની ગર્જનાઓ વડે ભયંકર તથા ભયથી વિહ્વળ થયેલા, ખેદ પામેલા અને કાયર થયેલા પથિકના સમૂહો જેમાં લુંટાયા છે એવી અટવીમાં મનુષ્યો વૈભવનો સાર લૂંટાયા વિના વિઘ્ન રહિત શીઘ્રપણે ઇચ્છિત સ્થાને પહોંચે છે.

(૧૨)पज्जलिआनलनयणं, दूरवियारियमुहं महाकायं ।
नहकुलिसघायविअलिअ - गइंदकुंभत्थलाभोअं ।।१२।।

(૧૩)पणयससंभमपत्थिव - नहमणिमाणिक्कपडिअपडिमस्स ।
तुह वयणपहरणधरा, सीहं कुद्धं पि न गणंति ।।१३।।

હે શ્રી પાર્શ્વનાથ પ્રભુ! આપને આદરથી નમસ્કાર કરતાં રાજાઓના પ્રતિબિંબ આપના નખ-રૂપી મણિ અને માણિક્યમાં પડે

છે. એ રાજાઓ આપના વચનરૂપી શસ્ત્રોને ધારણ કરી એવા શૂરવીર થઈ જાય છે કે, તેઓ પ્રજ્વલિત અગ્નિ જેવા રક્ત નેત્રવાળા, અત્યંત ફાડેલા-પહોળા કરેલા મુખવાળા, મોટા શરીરવાળા, નખરૂપી વજ્રના પ્રહાર વડે ગજેન્દ્રના મસ્તકોને ફાડી નાંખનાર અને અતિ ક્રોધ પામેલા સિંહને પણ ગણતા નથી.

(૧૪)ससिधवलदंतमुसलं, दीहकरुल्लालवुड्ढिउच्छाहं ।
महुपिंगनयणजुअलं, ससलिलिनवजलहरारावं ।।१४।।

(१५)भीमं महागइंदं, अच्चासन्नं पि ते न वि गणंति ।
जे तुम्ह चलणजुअलं, मुणिवइ तुंगं समल्लीणा ।।१५।।

પાર્શ્વનાથ સ્વામીના ચરણયુગલમાં લીન થયેલા મનુષ્યો પાસે આવેલા ભયંકર મહા ગજેંદ્ર જેના દંતશૂળ ચંદ્ર જેવા ઉજ્જવલ, લાંબી સૂંઢ ઉછાળવાથી વૃદ્ધિ પામતા ઉત્સાહવાળો, મધ જેવા પીળાં નેત્રોવાળો, અને જળથી ભરેલા નવા મેઘા જેની ગર્જના હોય તેવાને પણ ગણતા નથી.

(१६)समरंभि तिक्खखग्गा - भिग्घायपविद्धउध्धुयकबंधे ।
कुंतविणिभिन्नकरिकलह - मुक्कसिक्कारपउरंम्मि ।।१६।।

(१७) निज्जिअद्प्पुद्धररिउ - नरिंदनिवहा भडा जसं धवलं ।
पावंति पावपसमिण! पासजिण! तुहप्पभावेण ।।१७।।

હે પાર્શ્વ જિન! આપનું સ્મરણ કરનારા સુભટો આપના પ્રભાવથી જે સમરાંગણમાં તીક્ષ્ન ખડ્ગના પ્રહારથી મસ્તક રહિત થયેલાં ધડો નૃત્ય કરતાં હોય અને ભાલા વડે વીંધાવાથી હાથીના બચ્ચાઓએ મુકેલા સીત્કાર શબ્દ વડે જે વ્યાપ્ત થયેલ છે એવા રણસંગ્રામમાં અહંકાર વડે ગર્વિષ્ટ થયેલા શત્રુ રાજાઓને જીતી ઉજ્જવલ યશ રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

(१८)रोगजलजलणविसहर - चोरारिमइंदगयरणभयाईं ।
पासजिणनामसंकत्तणेण पसमंति सव्वाइं ।।१८।।

પાર્શ્વનાથ પ્રભુના નામ માત્રનું સ્મરણ, રટણ, મંત્ર જાપ અને કીર્તન કરવાથી રોગ, જલ, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ સિંહ, હાથી અને સંગ્રામનો ભય નાશ પામે છે.

(१९)एवं महाभयद्दरं, पासजिणिंदस्स संथवंमुआरं ।
भविअजणाणंदयरं, कल्लाणपरंपरनिहाणं ।।१९।।

(२०) रायभयजक्खरक्खस कुसुमिणदुस्सउणरिक्खपीडासु ।
संझासु दोसु पंथे, उवसग्गे तह य रयणीसु ।।२०।।

(२१)जो पढइ जो अ निसुणइ, ताणं कइणो य माणतुंगस्स ।
पासो पावं पसमेउ, संयलभुवणच्चि चलणो ।।२१।।

પાર્શ્વનાથ પ્રભુનું આ નમિઉણ સ્તોત્ર મહાભયોનો હરણ કરનારું, ભવ્યજનોને આનંદ આપનારું, વિઘ્ન નિવારક, મંગલકારી, કલ્યાણની પરંપરાના નિધાનરૂપ છે.

જે આ સ્તોત્રનું રટણ કરે તેને રાજાના ભય સંબંધી યક્ષ, રાક્ષસ, દુષ્ટ સ્વપ્ન, અપશુકન અને નક્ષત્ર, ગ્રહ, રાશિ વગેરે સંબંધી પીડા નાશ કરો એવો પ્રાર્થના કરી છે. તેમ જ અરણ્યાદિક વિષમ માર્ગમાં, ભયંકર રાત્રિમાં, તથા ઉપસર્ગમાં જે મનુષ્ય પ્રાતઃકાળ અને સાયંકાલ એ બંને સંધ્યાએ આ નમિઉણ સ્તોત્ર જપે અને સાવધાન થઈને સાંભળે તેમના અને આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિ કવિના પાપને શાંત કરો – નાશ કરો એવી યાચના કરવામાં આવી છે.

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું અદ્ભૂત મહિમા

उवसग्गंते कमठा-सुरम्मि झाणाओ जो न संचलिओ ।
सुरनर किन्नर जुवइहिं, संथुओ जयउ पास जिणो ।।

ચોવીસ તીર્થંકરોમાંથી પાંચ તીર્થંકરોનું પુણ્ય બળ શ્રેષ્ઠ છે. તેમાં પણ ત્રેવીસમાં પાર્શ્વનાથ ભગવાન ઉત્કૃષ્ટ પુણ્યના માલિક છે.

(૧) ઋષભદેવ ભગવાન, (૨) શાંતિનાથ ભગવાન, (૩) નેમનાથ ભગવાન, (૪) ચિંતામાણી પાર્શ્વનાથ ભગવાન, (૫) શાસનપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાન.

કમઠાસૂરે ઉપસર્ગ કર્યો ત્યારે જે પ્રભુ ધ્યાનથી ચલાયમાન થયા નહીં, તે સૂર, નર અને કિન્નરની સ્ત્રીઓ વડે સ્તુતિ કરાયેલા એવા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર જયવંતા વર્તો. જ્યારે પ્રભુ ધ્યાનસ્થ અવસ્થામાં ઊભેલા હતા ત્યારે ધરણેન્દ્રે નાગના સ્વરૂપે સાત ફણારૂપી છત્ર ધરેલું છે. પ્રભુની ડાબી બાજુએ બે હાથની અંજલી જોડીને પ્રભુની સ્તુતિ કરી રહ્યો છે. પ્રભુની જમણી બાજુએ બે હાથ જોડીને એક સ્ત્રી ઊભી છે. તે સ્ત્રીના મસ્તક ઉપર સર્પના ત્રણ ફણા સ્પષ્ટ દેખાય છે. તે પદ્માવતી દેવી છે. ધરણેન્દ્રદેવ અને પદ્માવતી માતાજી ભગવાનના શાસનરક્ષક દેવી-દેવતા છે. પ્રભુના પગમાં પડીને કમઠાસૂર પોતાના કૃત્યોની ક્ષમા માંગે છે. ત્યારે પ્રભુને કમઠ ઉપર રોષ નથી અને ધરણેન્દ્ર ઉપર તોષ નથી. આ સંદેશો જગતના જીવોને આપીને ભગવાન પાર્શ્વનાથ કહે છે. જતું કરે તે જ જગદીશ બની શકે.

મંત્રનો મહિમા

ॐ नमिऊण पास विषहर वसह जिण फुल्लिंग
ह्रीं श्रीं अर्हं नमः

पासह स्मरण जो कुणइ, संतुट्ठे हियएज ।
अट्ठुत्तरसय वाहिभय, नासइ तस्स दूरेण ।।

જે મનુષ્યો સંતુષ્ટ ચિત્તવડે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે, તેના એકસોને આઠ વ્યાધિનાં ભયો દૂરથી જ નાશ પામે છે.

આ સ્તોત્રના કર્તા શ્રી માનતુંગસૂરિ છે. એમના મનમાં એવો ભાવ આવ્યો કે હવે મારે અનસન કરવું છે. એટલે એમણે ધરણેન્દ્ર દેવને આરાધીને એમને પ્રશ્ન કર્યો કે મારું આયુષ્ય કેટલું છે. ધરણેન્દ્ર દેવે કહ્યું તમારું આયુષ્ય હજી ઘણું લાંબું છે એટલે તમારે હમણાં અનશન કરવાનું નથી. પણ હું તમને અઢાર અક્ષરનો મંત્ર આપું છું. એનું આરાધન અને એની સાધના કરો. આ સ્તોત્રનું નામ પણ સ્તોત્રની શરૂઆતના નમિઉણ શબ્દથી પડેલું છે. તેનું બીજું નામ 'ભયહર સ્તોત્ર' છે. અને સ્તોત્રમાં પણ જુદા જુદા શ્લોકોમાં ભયોનું વર્ણન છે. સ્તોત્રના કર્તાને માનસિક રોગના નિવારણ માટે ધરણેન્દ્રદેવે અઢાર અક્ષરનો આ મંત્ર આપેલ છે. એવો ઉલ્લેખ ''શ્રી માનતુંગસૂરિ પ્રબંધ'' નામના બારમાં પ્રબંધમાં નીચે મુજબ કરેલો છે.

(१) कदापि कर्म्म वैचित्र्यातेषां चित्तरूजा भवत् ।
कर्म्मणा पीडिता यस्मात् शलाका पुरुषा अपि ।।
(२) धरणेन्द्र स्मृते गजां पृष्टोडनशन हेतवे ।
अवादी दायुरद्यापि स तत्संह्रियते कथम् ।।
(३) यतो भवादशा मायु बहुलोकोप कारकम् ।
अष्टादशाक्षरं मन्त्रं ततस्तेषां समर्पयत् ।।
(४) हियते स्मृति तोयेन रोगादि नवद्या वयम् ।
अन्तर्ययो ततः श्रीमान् धरणो धरणीतलम् ।।
(५) तनस्तदनु सारेण स्तवनं विदघे प्रभुः ।
रुयातं भयहरं नामं तदद्यापि प्रवत्तते ।।
(६) हेमंत शत पत्रश्री देहे स्तोम महोनिधेः ।
सूरेरजनि तस्याधो सुलभं तादृशां हृद्यदः ।।
(७) सायं प्रातः पठे दे तत्स्तवनं यः शुभाशयः ।
उपसर्गा व्रजंतस्य विविद्या अपि दूरतः ।।

કર્મોએ શલાકા પુરુષોને પણ છોડ્યા નથી. કર્મોથી તેઓશ્રી પીડા પામ્યા. ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. ધરણેન્દ્ર દેવે તેમને અનશન માટે ના પાડી. અને કહ્યું આપશ્રી જેવાની વિદ્યમાનતા ઘણા પ્રાણીઓને ઉપકારક બનશે. અઢાર અક્ષરનો તેમને ચિંતામણી મંત્ર આપ્યો. જેના સ્મરણથી નવ પ્રકારના રોગો નાશ પામે. આ ક્રિયા કરીને ધરણેન્દ્ર પોતાના સ્થાનમાં પાતાલ લોકમાં ચાલ્યો ગયો.

ત્યાર પછી પરોપકાર પરાયણ શ્રીમાન માનતુંગસૂરિએ તે ગર્ભિત મંત્રાક્ષરો દ્વારા નવી ભયહર સ્તોત્રની રચના કરી જે હાલમાં પણ વિદ્યમાન છે. તે મંત્રાક્ષરોના પ્રભાવથી આચાર્ય મહારાજનો દેહ હેમંત ઋતુના કમળની શોભા સમાન થઈ ગયો, કારણકે અદ્‌ભૂત ગુણોના નિધાન એવા તેઓને માટે શું દુર્લભ હોય? જે ભવ્ય પુરુષ! આ ભયહર (નમિઉણ) સ્તોત્રનો સવારે અને સાંજે શુભ ભાવથી પાઠ કરે છે તેના તમામ ઉપસર્ગો સંકટો દુઃખો તકલીફો બધું જ દૂર થાય છે.

ભક્તિની એક અદ્‌ભૂત તાકાત છે. એટલે કહ્યું છે :

जो काम दवा से नहीं होता वो काम दुहा से होता है ।
जब काबिल गुरु मिले तो बात खुदा से होती है ।।

વર્તમાનમાં જ્ઞાન માર્ગ કઠિન છે. પણ ભક્તિમાર્ગ બિલકુલ સરળ છે. ભાવ સાથે ભક્તિ કરવામાં આવે તો અંતરમાં પડેલા ષડ્‌રિપુ જેવા ભાવ રોગો અને દ્રવ્ય રોગો તમામ નાશ થઈ જાય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે બહુ સરસ વાત કરી છે પ્રભુના વાત છે. પરંતુ ભાવનાગત ભગવાન સુધી પહોંચવા માટે શું કરવાનું! કહ્યો માર્ગ લેવાનો. ટાગોરજી કહે છે,

**''પ્રભુ! તારાં દ્વાર મારા હાથથી નહીં ગીતથી ખોલીશ.''**

ભક્તના હૃદયમાંથી જ્યારે રસધાર સમા ગીત, સ્મરણ, સ્તોત્રની પંક્તિઓ ગુંજવા લાગે ત્યારે પ્રભુના દ્વાર તત્કાલ ખુલી જાય છે.

પ્રવાસમાં જ્યારે ભક્તિ મળે ત્યારે એ યાત્રા બને, ભોજનમાં જ્યારે ભક્તિ ભળે ત્યારે એ પ્રસાદી બને, અને શબ્દોમાં જ્યારે ભક્તિ ભળે ત્યારે એ પ્રાર્થના બને.

પ્રાર્થના અને ભક્તિથી અસાધ્યમાં અસાધ્ય કામ સાધ્ય બની જાય છે. દ્રવ્ય અને ભાવ રોગો મટી જાય છે.

એટલે છેલ્લે સાધક પોતાના હૃદયના શબ્દો કહે છે.

ભરોસો છે કે મારો બેડો પાર થઈ જાશે,
મને તું વહેલો મોડો સામે પાર લઈ જાશે,
તમામ ઝંઝાવાતો ઠંડા થઈને રહી જાશે,
જે મૂક્યો છે તારામાં, વિશ્વાસ ના તોડું,
તું તારે કે ના તારે, તારો સાથ ના છોડું...

અસ્તુ.

✦ ✦ ✦

# શ્રી અજિતશાંતિ સ્તવ : એક અનુશીલન


## પ.પૂ. મુનિરાજશ્રી તીર્થભદ્રસૂરીશ્વરજીવિજયજી મ.સા.


**'સ્ત**વ' એટલે કીર્તન. ઈષ્ટનું સ્મરણ એટલું તો તીવ્ર બને, ઈષ્ટ તત્ત્વ પ્રતિનો અહોભાવ એટલી હદે ઉછળે કે એ તીવ્રતા અને ઉછાળામાંથી ઉષ્માભર્યા – ભક્તિથી તરબતર – ભાવનાઓના વહેણ સામા જે લયબદ્ધ શબ્દો નીકળે તે સ્તવ.

જોકે સ્તવ-સ્તવન-સ્તુતિ-સ્તોત્ર એ બધા એકાર્થક શબ્દો છે. પરંતુ પોતાના ક્રિયાત્મક વિનિયોગના માધ્યમે દરેક શબ્દો વિશિષ્ટ અર્થમાં પ્રયોજાય છે.

આપણે ત્યાં પ્રસિદ્ધ નવ સ્તવ/સ્તવનો (જેનું નિત્યસ્મરણ કરવાનું હોવાથી 'સ્મરણ' પણ કહેવાય છે.)માંથી અજિતનાથ અને શાંતિનાથ એ જિનયુગલની સ્તવના મય અજિત-શાંતિ સ્તવ/સ્તવન ખૂબ પ્રભાવક અને પ્રાચીન છે.

પરંપરાનુસારે નેમિનાથ પ્રભુના શિષ્ય અને આધુનિક સંશોધન પ્રમાણે પ્રભુ વીરના કાળના શ્રી નંદિષેણ મુનિના કંઠે વહેલી આ ભક્તિરચના છે.

એક ચોક્કસ પ્રકારની ધ્વનિ સંયોજકતાના કારણે પ્રૌઢ લયાત્મકતાના સહકારે અને સંગીતમયતાના પ્રભાવે આપણા જગતમાં જેને ચમત્કારિક ગણી શકાય તેવી પ્રતિભા પણ એમાં છે. જેથી અજિતનાથ અને શાંતિનાથ પ્રભુની સામ-સામે રહેલી દેરીઓ[૧] પણ પાસે આવી ગઈ.

છંદોની ગુંથણી, કાવ્યાલંકારોનું ચયન અને એક સાથે જિન-યુગલની સ્તવનાનું પદાર્થ નિરૂપણ આ સ્તોત્રની અભિનવતા-રસિકતા અને આહ્લાદકતાની પ્રસૂતિ કરે છે.

ઉત્તરવર્તી કાળમાં અનુકરણ રૂપે રચાયેલા સાતથી[૨] વધુ અજિત-શાંતિ સ્તવનો કે એના એ જ છંદોમાં ૩૮ ગાથા પ્રમાણ રચાયેલ ઋષભ-વીર સ્તવન પ્રસ્તુત સ્તવની લોકપ્રિયતા અને પ્રસિદ્ધિને જણાવવા સમર્થ છે.

આ સ્તવનાની ભીતરમાં મરજીવા થઈને જઈએ તો ઘણાં-ઘણાં રત્નો મળી આવે તેમ છે. ડૉ. અભયભાઈ દોશીને પીંડસ્થ (ગાથા ૯ થી ૧૧) – પદસ્થ (ગાથા ૧૯ થી ૩૧), રૂપાતીત (ગાથા ૩૨ થી ૩૬) ધ્યાનનું રત્ન જડી આવ્યું છે.[૩]

એ જ રીતે પરમાત્માના પંચ કલ્યાણકોની પરિભાવના પણ થઈ શકે છે. જેમ કે – પ્રારંભેજ ગાથા-૨ માં 'निरुवम महप्पभावे' પદ દ્વારા ચ્યવન સમયે માતાને ૧૪ મહાસ્વપ્ન આપવાના પ્રભુના મહાપ્રભાવનું દર્શન, ગાથા-૭માં 'सुरअसुर.' અને 'भुविदिविजमहिअं' પદો દ્વારા દેવો-દાનવો દ્વારા થયેલા જન્મકલ્યાણકના અભિષેકનું સ્મરણ, ગાથ–૧૩ના 'मुणिदसहा' પદ થકી પરમાત્માના દીક્ષા કલ્યાકનું સ્પર્શન, ૩૩ અને ૩૪મી ગાથાઓમાં અર્હતના પૂજાતિશયની વિવર્ણના દ્વારા રચાયેલા કેવલજ્ઞાન કલ્યાણકનું ભાવન અને ગાથા-૩૫માં 'गईं गयं सासयं' અને ગાથા-૩૬ના 'मुक्खसुहेण परमेण' પદોમાં ધ્વનિત થતા નિર્વાણ કલ્યાણકનું ચિંતન થઈ શકે છે.

આ રીતે પ્રસ્તુત સ્તવનામાં ભક્તિ કે આત્મોન્નતિનો ક્રમિકમાર્ગ પણ જોઈ શકાય છે. સમર્થ વિદ્વત્તા, ફળદ્રુપ કાવ્યશક્તિ, સ્વ-પર સમયનું જ્ઞાન, મંત્રવિદ્યાના રહસ્યોની કુશલતા, સશક્ત સાધના, હૃદયની સંવેદનશીલતા આદિના સુયોગ્ય અવતરણના કારણે શ્રી નંદિષેણમુનિવર દ્વારા આ રચના સરી પડી. અહીં ક્યાંય પણ આધુનિકતા કે કૃત્રિમતા દેખાતી નથી. માત્ર ભક્તહૃદયના પ્રબળ સંવેદનોની સ્પંદના જ માણવા મળે છે.

સૌ પ્રથમ મંગલાચરણમાં 'જિતસર્વભય' પદ દ્વારા સર્વભયથી – પ્રબળ રાગ-દ્વેષના પરિણામથી જિતાયેલો જીવ ગ્રંથિભેદ કરીને અજિત બને છે અને તેની આત્મવિકાસ યાત્રાનો પ્રારંભ થાય છે. એ દર્શાવાયું છે. (ગાથા-૧)

અહીં ભાવભિવ્યક્તિ અને ભાષાભિવ્યક્તિ એવી સશક્ત ગુંથાઈ હોય છે કે ભાવક હૃદય સ્વાભાવિકરિતે જ પ્રભાવિત અને સદ્ભાવિત થયા વિના નથી રહેતું. (भावे-सहावे-प्पभावे-सब्भावे – ગાથા-૨)

ઈષ્ટમાં તલ્લીનતા આવવા દ્વારા બહારની દુનિયાથી અનુસંધાન છૂટી જાય છે અને ભીતરનું-પરમનું અનુસંધાન એવું લાગી જાય છે કે સર્વ દુઃખો, સર્વ પાપોની પ્રશાંતિ અનુભવાય છે. અને એના દ્વારા અંદરની અખંડ શાંતિની પ્રાપ્તિ તરફ જીવ અગ્રેસર બની જાય છે. (ગાથા-૩)

માત્ર પ્રભુના અનુરાગથી ખૂબ સહજતાએ જ આવો દિવ્ય અનુભવ મળે છે. એવું ભાન થતાં જ એ ઈષ્ટ પુરુષોત્તમ કે જિનોત્તમ છે. એવી પ્રતીતિ થાય છે. એથી સર્વ શુભ (કે સુખ)નું પ્રવર્તન અંદર થવા લાગે છે. મતિ ધીરજ પૂર્વક એ ઈષ્ટમાં જ જોડાયેલી રહે છે અને એ પરમ ઈષ્ટનું, નામકિર્તનનું કે ગુણકિર્તનનું ઝરણું ઉમટી પડે છે. (ગાથા-૪)

આજ સુધી સ્વ-કર્તૃત્વનો ભાર લઈને રખડતો અને એ કારણે કર્મના કલેશો ઉપાર્જિત કરતો જીવ જ્યારે ઈષ્ટ પ્રત્યે વિનમ્ર બને છે ત્યારે પ્રગટેલું સમર્પણ એ કર્તૃત્વનો ભાર પરમ પર આરોપિત કરાવીને સ્વયંને વિ-મોક્ષનો અનુભવ આપે છે. (किरियाविहि-संचिअ-कम्म-किलेश-विमुक्खयरं) મહા સાધકો જેમ સિદ્ધિ સુખ અનુભવે છે એવો જ એક અપ્રતીમ નિર્ભાર અનુભવ થાય છે. (महामुणिसिद्धिगयं) આવા પ્રભુ-કર્તૃત્વના સ્વીકાર દ્વારા થયેલું પૂજન નિર્વૃત્તિનું કારણ બનતું જાય છે. (सययं मम निव्वइकारणयं च नमंसणयं) જેથી આનંદ ઉભરાતો જાય છે. (ગાથા-૫)

નિકટના સ્વજનો પ્રતિનો કૃતજ્ઞ ભાવ એ આનંદ પ્રાપ્તિનો માર્ગ દર્શાવતા ખુદને રોકી નથી શકતો – ઉદ્‌ગાન સરી પડે છે. હે સ્વજનો! (પુરુષો = આત્મા, આત્મા માટે આત્મા જ સ્વજન છે ને!) જો દુઃખોનું નિવારણ કરવું હોય અને સુખના માર્ગની શોધ ભીતરમાં જાગી હોય તો આ 'ઈશ'ને શરણે ભાવથી પ્રવર્જન કરો. (ગાથા-૬)

સંસારના પદાર્થો પ્રતિ પ્રગટતા ગમા-અણગમાના ભાવો જ અંધકાર છે જેમાં ઈશ પ્રાપ્તિના માર્ગનું દર્શન ધુંધવાઈ જાય છે. (अरइरइतिमिर) પ્રભુનું દર્શન મળવું એનો અર્થ જ છે કે ગમા-અણગમાનો અંધકાર દૂર થવો. (विरहिअ) દર્શનમાં માત્ર અંધકારનો અભાવ નથી પરમ પ્રકાશનો પ્રભાવ પણ છે. જે પ્રકાશ પ્રભુના અત્યંત નૈકટ્યનો આસ્વાદ આપે છે. (उवणमे) (ગાથા-૭)

પ્રભુની સમિપતા ગુણોની દીપના કરે છે, જ્યોતિની સમિપતાથી દીવાની વાટ જ્યોતિર્મય બને તેમ. અને આ જ્યોતિ પ્રાગટ્યની ક્ષણોમાં જીવ સમાધિ-સમાપત્તિ સુધીની ભૂમિકાએ આરુઢ થાય છે. (अज्जव-मद्दव-खंति-विमुत्ति-समाहि-निहिं – समाहिवरं दिसउ) (ગાથા-૮)

પ્રભુમાં મયતા-લીનતા-એકાકારતા આવે છે ત્યારે પ્રભુના અનંતવીર્ય-અપ્રતીમરૂપ-અપ્રતિહત વાણી આદિ ગુણો પ્રતિનું આકર્ષણ અનાયાસે પણ શબ્દોમાં કે અશબ્દમાં પ્રગટ થઈ જાય છે. (ગાથા-૯)

એ પ્રાગટ્યના કારણે અનાદિકાળના ભય-દ્વેષ-ખેદાદિ દોષોનો ઉપશમ-પ્રશમ થાય છે અને ભીતરના ભગવાનનો સંસ્પર્શ મળે છે. (ગાથા-૧૦)

ત્યારે લાગે છે કે ખરેખર પ્રભુ મહાપ્રભાવશાળી છે. (महप्पभावो) અનાદિના હૃદય સામ્રાજ્ય પર આસન જમાવીને બેઠેલા ભાવરિપુગણને પરાસ્ત કરીને પ્રભુ હૃદયચક્રવર્તી બની ચૂક્યા છે. (ગાથા-૧૧)

પ્રભુનું સામ્રાજ્ય જ્યાં હોય ત્યાં સર્વત્ર પરમશાંતિ જ હોય ને! (ગાથા-૧૨) ખરેખર પ્રભુ આપ જગતના શરણ છો. આપ મારું પણ ત્રાણ-રક્ષણ-શરણ છો. (जगसरणा ! ममसरणं - ગાથા-૧૩) સકલવિશ્વમાં આપનો પ્રભાવ ફેલાયેલો છે. માટે જ વિશ્વના કોઈપણ ખૂણેથી આપનું પ્રણિધાન થતા વેંત પહોંચી જાઓ છો એની વ્હારે! એને સમાધિ આપીને જ જંપો છો! (सव्वलोअभाविअप्पबाव ! णेअ ! पइस मे समाहिं. ગાથા-૧૪) રે નાથ! આપનું સત્વ, આપનું બળ, આપના તપ-સંયમ કોઈની તોલે આવે એવા નથી. (ગાથા-૧૬) હે વિશ્વાતિશાયિન્! આપની સૌમ્યતા, આપનું તેજ, આપનું રૂપ, આપની દઢતા નિરૂપમ છે. (ગાથા-૧૫, ૧૭) આથી આપ જ વિશ્વસ્વમિન્ છો.

આ રીતે પરમેશના ગુણો પ્રતિની અહોભાવનાથી છલોછલ ભરેલું ભક્તહૃદય ફરી-ફરીને પ્રભુનું શરણ સ્વીકારે છે. (सरणमुवणमे ગાથા-૧૮), વિનયાવનત બને છે, પ્રભુની સ્તવના કરતા-કરતા રોમ-રોમથી આનંદના ફુવારા ઉઠે છે. ઈષ્ટની વંદના એના કોઠે હજારો દીવડા ઝગમગાવી દે છે. (ગાથા-૧૯) એને હવે સમજાય છે. દેવો-દાનવો પણ શા માટે 'ઈશ'નેવંદતા હશે? (ગાથા-૨૦) એ સમજ્યા પછી હવે ઇચ્છાયોગનો નમસ્કાર થાય છે. (पयओ पणमे ગાથા-૨૧) અહો જે પરમાત્માને દેવોના દેવો પણ સપરિકર શરણે આવીને વંદે છે, સ્તવે છે, પ્રદક્ષિણા આપે છે તે વીતરાગી-વીતદ્વેષી-વીતભય-વીતમોહ જિનને હું પણ પ્રણમું છું. (ગાથા ૨૧ થી ૨૪)

સૌંદર્યવતી રૂપવતી અલંકૃત દેવીઓ પણ એમના દર્શન-વંદન કાજે ઉતાવળી થાય છે. ને, પરમાત્મા તો નિજાનંદની ઉર્મિઓને શ્વસી રહ્યા છે. આથી જ એમનો ઉપયોગ બહાર જતો નથી, બહારના સ્તરે અપ્સરાઓ હોય કે કાણી-કુબડી વૃદ્ધા હોય એમને કોઈ રતિ-અરતિના સંકલેશો ઉપજતા જ નથી (धूअ सव्व किलेसं) આવા જિતમોહી જિનને હું પણ પ્રણમું છું. (ગાથા ૨૫ થી ૨૮)

આ રીતે શાસ્ત્રની સાખે જિનનું સ્વરૂપ – અર્હતત્વ જાણીને તીવ્રબોધ અને શ્રદ્ધાથી યુક્ત જિન નમસ્કાર થાય છે, જે શાસ્ત્રયોગની નિપજ ગણાય છે.

જે પરમેશનું શાસન લોકોત્તમ છે. (जगुत्तमसासणअस्सा) સહજ ભક્તિના ઉલ્લાસથી-ખેંચાણથી જેમની નિકટ-ચરણે આવી જવાય છે, (भत्तिवसामय)ને જેમના માટે અમારું હૃદય જાણે પિંડ જ અનુરાગ થઈ ગયું છે, (रइगुणपंडिअयाहिं ગાથા-૩૦) એ વાલેશ્વરમાં મગ્ન થતાં જ રોમે રોમે નર્તન જાગે છે. અંદરથી અનાહત નાદનું સંગીત વહ્યા કરે છે. (ગાથા-૩૧) તે પ્રભુને હવે હું સર્વપાપો સર્વદોષો પ્રશાંત થઈ જાય એ રીતે અર્થાત્ સામર્થ્ય યોગનો નમસ્કાર કરું છું. (पसंतसव्वपावदोषमेस हं नमामि – ગાથા-૩૧)

હૃદયેશના ઉત્તમોત્તમ ચરણે થયેલો આવો એક પણ નમસ્કાર જીવને શિવસુખ દાયક અવશ્ય બને છે.[૪] તો મને પણ એ નમસ્કાર સ્વભાવથી સુંદર બનાવશે – (સર્વ જીવના હિતની કામના પ્રગટશે), શમભાવમાં સ્થિર બનાવશે. (જગતના બદલતા પર્યાયો પ્રતિની સર્વ ઉત્સુકતાઓ શાંત થઈ જશે) એના કારણે દોષો હવે જાગશે નહીં ઊલટું આત્યંતિક ગુણોનો ઉઘાડ થતો જશે. પરમના શ્રેષ્ઠ પ્રસાદ-કૃપાનો ધોધ મુજપર વહી રહ્યો હશે.[૫] એના કારણે અંદરના અનાદિના કલિમલ નિર્જરી જવામાં હશે. ઈષ્ટ આત્મલક્ષ્મી વરમાળ લઈને સન્મુખ આવતી હશે. ધીરે ધીરે મારા સર્વ કર્મ નિર્જરી જશે. સર્વ લોકને મૂળ હિત પમાડનાર કેવલાવસ્થા પ્રગટ જશે, આગળ વધતા. અજિત-અપરાજિત શાંતિમય શિવસુખ યોગનિરોધ અને શૈલેષી કરણ દ્વારા પ્રાપ્ત થઈ જશે. આ રીતે મારું નિજસ્વરૂપ-જિનસ્વરૂપ પ્રભુ મેળવી આપશે. (ગાથા ૩૨ થી ૩૪)

પ્રભો! અનંત વીર્ય ગુણ પ્રગટાવી (एवं तव-बल-विउलं) મારા કર્મોને નિર્જરાવી (वनगय-कम्म-रय मलं) મને શાશ્વત સ્થાન આપ આપી દેશો! (ગાથા-૩૫) આ રીતે પરમાત્મા આવુ અમૂલ્ય ફળ આપશે અને વાસ્તવિકતાથી પરિચિત થઈને ભક્તના હૃદયસાગરમાં ભક્તિભાવનાની ભરતી ઉમટી પડે છે. ને અંતિમ વિનંતિ પરમાત્મ પાસે થઈ જાય છે કે, હે જગત્‌વત્સલ નાથ! આપનો પ્રસાદ કૃપા અત્યંત ગુણકારી છે તો મને નિરંતર આપના પ્રસાદમાં ભીંજવતો જ રાખજો. (ગાથા-૩૬) આપણી કૃપાના બળે મારા આત્મ-સંયમની વૃદ્ધિ થશે જ એ વિશ્વાસ છે. (ગાથા-૩૭)

પ્રભુ આપનો આ ભક્તિમાર્ગ કે સાધના માર્ગ હું સર્વ સુજનોને હરેક પખવાડિયે – ચાતુર્માસે અને વાર્ષિકે અવશ્યક સંભળાવીશ. એનાથી એમના ભીતરના ઉપસર્ગોનું નિવારણ થઈ જશે. (ગાથા-૩૮)

જે નિત્યે આપના આ ભાવ-માર્ગથી ભાવિત થશે તેને નવા ભાવરોગ ઉત્પન્ન તો નહીં જ થાય પણ પૂર્વેના શમી પણ જશે. (ગાથા-૩૯)

જો હું પરમપદ ઇચ્છું છું તો મારે જિનવદન-બદન-વચન પર અહોભાવ લાવવાનો જ છે. પ્રભુભક્તિ હૃદયમં આણવાની જ છે. (ગાથા-૪૦)

આ રીતે પરમાત્મ ભક્તિના બહાને સંપૂર્ણ સાધના માર્ગ-આત્મ ઉન્નયન પ્રક્રિયા શ્રી નંદિષેણમુનિએ આપણને આપી છે. એના સ્મરણ, ચિંતન, અનુશીલન દ્વારા આપણે સૌ પ્રભુભક્તિનું સબળ-પ્રબળ આલંબન લઈને પરમાત્મ સ્વરૂપ પ્રાપ્તિની નિકટ પહોંચીએ એ જ અભ્યર્થના.

**ટિપ્પણી :**

૧. *આ દેવકુલિકાઓ શત્રુંજય ગિરિરાજની છગાઉ યાત્રામાં (અન્ય મતે નવટુંકમાં છીપા વસહી સમીપે) રહેલી છે.*

૨. *(૧) જિનવલ્લભ સૂરિજી કૃત (૧૨મી સદી), (૨) જિનપ્રભસુરિજી કૃત (૧૩મી સદી), (૪) ધર્મઘોષસૂરિજી કૃત, (૪) જિનદત્તસૂરિજી કૃત, (૫) વીરગણિજી કૃત, (૬) જયશેખરસૂરિજી કૃત, (૭) મેરુનંદનગણિજી કૃત – જૈન સ્તોત્ર સંદેહ, સં. ચતુર વિજયજી, પ્ર. સારાભાઈ મણિલાલ નવાબ.*

૩. *ચૈત્રસુદ એકમ - ૨૦૭૫, ૫-૪-૨૦૧૯ના દિવસે અમદાવાદ, સુકૃત સેંટરમાં આપેલ વાર્તાલાપમાં*

૪. *इक्को वि नमुक्कारो. – શ્રી સિદ્ધસ્તવ ગાથા-૩*

૫. *કરુણા દષ્ટિ કીધી રે સેવક ઉપરે - મોહનવિજયજી મ.સા. – અજિતનાથ સ્તવના.*

✦ ✦ ✦

PPA, Trith Bhadra Suri M.S. Shree Vepery
Svatambar Murtipujak Jain Sang No. 59
EVK Shampat Road Vepery
Chennai-600 007

# ભક્તિ ભાગીરથી : શ્રી ભક્તામર સ્તોત્ર

**ગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.**

**આ**પણે ત્યાં વિશિષ્ટ આરાધનાઓમાં નવસ્મરણનો પાઠ અગત્યનું સ્થાન ધરાવે છે. નવા વર્ષના દિવસે નવસ્મરણ અને ગૌતમ સ્વામી રાસના પાઠનો – શ્રવણનો ત્રણે મહોત્સવ રૂપે જ થતા હોય તેવી પરંપરા સર્જાઈ ગઈ છે. આમ તો નવસ્મરણનો ક્રમ આ રીતે હોય છે :–

(૧) મંત્રાધિરાજ નમસ્કાર મહામંત્ર

(૨) મહાપ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર

(૩) સર્વત્ર શાંતિદાયક સંતિકરં સ્તોત્ર

(૪) શ્રી તિજય પહુત્ત સ્તોત્ર

(૫) શ્રી ચિંતામણી મંત્ર ગર્ભિત નમિઉણ સ્તોત્ર

(૬) શ્રી અજિતશાંતિ સ્તવ

(૭) શ્રી મહાપ્રભાવિક ભક્તામર સ્તોત્ર

(૮) શ્રી કલ્યાણમંદિર મહાસ્તોત્ર

(૯) શ્રી બૃહદ્ શાંતિ સ્તોત્ર

આ નવમાંના પ્રત્યેક મંત્ર અને સ્તોત્રો મહાપ્રભાવિક છે. આમાંના કોઈ પણ એક મંત્ર કે સ્તોત્રનો પ્રભાવ પણ અનોખો છે. ભલે ભયંકર કલિકાળ હોય પણ આ સ્તોત્રોએ અનેક ભાવિકોને અદ્‌ભૂત અને આશ્ચર્યજનક પ્રતીતિઓ કરાવી છે.

મારા નમ્ર મત પ્રમાણે બાકીના આઠેય સ્તોત્ર નવકાર મહામંત્રનો જ વિસ્તાર છે. એક જ રોગના અનેક ઔષધ હોય છે. કોઈક પ્રાકૃતિક ચિકિત્સાથી રોગ દૂર કરે છે, કોઈક જડીબુટીઓથી રોગ પર કાબૂ મેળવે છે, કોઈકનાં માટે હોમિયોપેથિક સચોટ પૂરવાર થાય છે, કોઈકને બાયોકેમિક પર પ્રચંડ ભરોસો હોય છે, કોઈકને આયુર્વેદિક દવાઓ જ માફક આવતી હોય છે, ફાયદો કરતી હોય છે. અને કોઈ જાપવીર-ધ્યાનવીરને માત્ર સ્તોત્ર કે મંત્રોથી જ રોગ દૂર થાય છે. પોતાની આકાંક્ષાઓની પૂર્તિ થાય છે, આશ્ચર્યકારી અનુભૂતિઓ થાય છે.

આમ જન સાધારણમાં પણ ક્યારે વધારે ''अधिकस्य अधिकम् कलम्'' કરીએ એનું વધારે ફળ મળે એવી ભાવના રૂઢ થઈ ગઈ છે. આવી જન માનસની સંતૃપ્તિ માટે નવ નવ સ્મરણોનું સંકલન કરી તેને આગવું રૂપ આપ્યું. સંકલનમાં સ્તોત્ર પ્રભાવ કે સ્તોત્ર રચનાનો કાળ ખ્યાલમાં રાખીને સંકલન કરાયું છે એવું પણ લાગતું નથી. નવ સ્મરણોમાં પ્રમાણમાં સૌથી અર્વાચિન કૃતિ શ્રી સંતિકરં સ્તોત્રની લાગે છે. છતાંય તેને નવ સ્મરણોમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત થયું છે. એવી કલ્પના કરી શકાય કે સંતિકરં સ્તોત્રની રચના અને પ્રભાવકતા વૃદ્ધિ થયા પછી જ નવ સ્મરણોનું આવું સકલન થયેલ હોય. સાધકની ઝંખના, લાગણી અને અનુભૂતિ જ આ સ્તોત્રોમાં પ્રાથમિકતા પામે છે. બીજા પણ આવા ઘણા પ્રભાવક સ્તોત્રો છે, મંગલમય સ્તોત્રો છે છતાં વધુ પ્રસિદ્ધ સ્તોત્રોના આ સંકલનને નવનો એક અંક પ્રાપ્ત થવો આ નવની એકની અનેક નવીનતા છે.

અનંત કૌવત છે તેથી નવનો મહિમા અપરંપાર છે. નવ સ્મરણ પહેલાં પણ જૈન પરંપરામાં નવ તત્ત્વો ખ્યાતિ પામેલા જ હતા. અતિ પ્રાચીન કાળથી નવપદનો મહિમા ચાલી આવ્યો છે. સૌથી પ્રથમ નવકાર મંત્રના પણ નવ જ પદો છે. આમ નવ અંકની પ્રતિષ્ઠાને ખ્યાલમાં રાખી સહુએ નવ(૯) સ્મરણોને સ્વીકારી લીધાં. આ નવ સ્મરણોમાં સાતમાં ક્રમને પ્રાપ્ત થયેલું શ્રી ભક્તામર સ્તોત્ર એક મધુર કાવ્ય છે, સુંદર ગેય કાવ્ય છે. ભક્તામર સ્તોત્રના ઉદ્‌ગમની રચનાની વાર્તા સાંભળતાં સ્પષ્ટ જ થાય છે કે જિનશાસનની પ્રતિષ્ઠા માટે થયેલો એક મહાપ્રયોગ એટલે જ ભક્તામર સ્તોત્રની રચના. જેમ ભાથામાં રહેલું બાણ કશું કરી શકતું નથી, એમને એમ પડી રહેલ ગોળી કશું કરી શકતી નથી પણ વેગ અને બળના પ્રયોગે છોડાયેલું બાણ ભલભલી ચીજને વીંધી નાંખે છે. છૂટેલી ગોળી માનવના શરીરને ભેદી આરપાર નીકળી જાય છે. એમ શબ્દો પણ જાણે બાણ છે. લોખંડના છરા છે. સાધકા જ્યારે તેમાં વેગ પૂરે છે ત્યારે ધાર્યું નિશાન તાકી શકાય છે. નવ સ્મરણોમાં ઉવસગ્ગહરં સ્તોત્ર, કલ્યાણ મંદિર સ્તોત્ર, અજિત શાંતિ સ્તોત્ર અને ભક્તામર સ્તોત્ર આવા પ્રબળ પ્રયોગોનું પરિણામ છે.

આત્મ શક્તિ મંત્ર શક્તિના ખજાના સમા ભક્તામર સ્તોત્રની કાવ્ય જગતમાં ખૂબ જ સિદ્ધિ છવાઈ છે. જે સહજ પ્રવાહે ભક્તામરના શબ્દો વહે છે એનાથી કોઈ ખળભળ ખળભળ કરતી શાંત નદીનો પ્રવાહ વહેતો હોય તેવું લાગે છે. અન્ય આરાધકોને શું અનુભવ છે મને ખબર નથી. પણ આ સ્તોત્ર ભણતી વખતે મારે ક્યારે ગોખવું પડ્યું ન હતું. જાણે એક શબ્દ બીજા શબ્દને ખેંચી લાવતો હોય તેવું મને લાગતું. એક લીટીની નીચે બીજી લીટી જાણે સહજતાથી આવી જતી હોય એવો મને ભાસ થતો હતો. અભ્યાસના તે કાળમાં હું ભક્તામરના સંપૂર્ણ અર્થ પણ જાણતો ન હતો. છતાંય આવું સ્તોત્ર મનમાં સહજ રૂપે ગોઠવાઈ જતું હતું. આ કોઈ પૂર્વભવના સંસ્કાર હોય શકે. પેલા નાના ચાર વર્ષના બાળકને જશવંતને ગુરુ પાસેથી સાંભળતાં સાંભળતાં સ્તોત્ર મુખપાઠ થઈ ગયું. ભક્તામરની પ્રાસાદિકતા જ એવી છે કે એનું શ્રવણ કરતા એક પ્રસન્નતા ઉભરાવા માંડે છે. ભક્તામર સ્તોત્ર એ વસંતતિલકા છંદમાં રચાયો છે. આ છંદ પણ મનોહર છે. આ છંદમાં વચમાં ક્યાંય યતિ નથી (અટકવાનું સ્થાન નથી). છતાંય હું જ્યારે પાઠ કરું છું ત્યારે જ્યાં મન કરે ત્યાં યતિ કરી શકું છું. મેં બરોબર ધ્યાનથી ગણ્યા નથી પણ મને લાગે છે કે કઠોર કહેવાય એના 'ટ' વર્ગના વ્યંજનોનો સમાવેશ ઓછો કે નહીંવત્ છે. સ્તોત્રની શરૂઆત જ ઓષ્ઠ્ય વ્યંજનથી થાય છે. આજે પણ વ્હાલ અને પ્રેમ દર્શાવવા આપણે બે હોઠનું મિલન આવશ્યક માનીએ છીએ. આના ઓષ્ઠ્ય

અક્ષરો આ સ્તોત્રમાં સુંદર પ્રભુ પ્રીતિ જગાવે છે.

''नात्यद् भूतं भुवन भूषण भूतनाथ:

भूतैः गुणैः भुवि भवन्तमभिष्टुवन्त:'' માં આઠ વાર પાઠ કરનારને તે પ્રસન્ન કરી નાંખે છે.

આવી આવી અનેક ખૂબી આ સ્તોત્રની રચનામાં છે. વસંતતિલકાના અક્ષરો ચૌદ હોય છે. ચૌદ અંકનું પણ એક અનેરું મહત્ત્વ છે. જૈન શાસ્ત્રો પ્રમાણે આખો લોકાકાશ ચૌદ રાજલોક પ્રમાણ કહેવાય છે. જૈન સાધકને આત્માની પૂર્ણતાનો પ્રાપ્તિ માટે ચૌદ ગુણસ્થાનકો પાર કરવા પડે છે. આ ચૌદ અક્ષરો જાણે બ્રહ્માંડમાં ગોઠવાય જતાં હોય તેવું ભક્તામર બોલતાં લાગે છે. એક એક અક્ષર જાણે આપણે અનુક્રમે એક એક ગુણસ્થાનકમાં આગળ આગળ લઈ જતો હોય એમ લાગે છે.

આમેય આ વિશ્વમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ આ પાંચ જ તત્ત્વ છે. લાગે છે કે ભક્તામર સ્તોત્રની પાંચ તત્ત્વ પર અધિકાર સ્થાપિત કરે છે. મહાકવિ માનતુંગ સૂરીશ્વરજી મ.સા.ની પાસે આ બધા અંગે શું અનુપ્રેક્ષા હશે એ જાણી નથી શકાતું. પણ જે રીતે ભક્તામર સાધકોના હૃદયને ખેંચે છે, મનને ખીલવે છે અને સાધકોની આફતોને નષ્ટ કરી દે છે તે રીતે ભક્તામર સ્તોત્રનો મુકાબલો થવો અશક્ય છે. પ્રાયઃ જેને જેને ભક્તામર સ્તોત્રનું આકર્ષણ જાગે છે એ લોકો પણ ભાગ્યે જ એનું કારણ સ્પષ્ટતાથી જાણે છે. આથી સાધકોને પૂછવામાં આવે કે તમને ભક્તામર કેમ ગમે છે? તો તેઓને પણ સવાલ હોય છે – કોઈ વસ્તુ ગમે છે કે નહીં તેનો જવાબ આપી શકાય પણ, કોઈ સ્તોત્ર અને કોઈ વ્યક્તિ કેમ ગમે છે તેનું કારણ આપી શકાતું નથી. બસ એટલે જ જવાબ આપે છે કે ગમે છે એટલે ગમે છે! અમને પણ ગમ્યું છે, તમને પણ ગમશે, આખરે સહુને ગમશે.

જૈન ધર્મમાં પણ અન્ય ધર્મોની માફક અનુયાયીઓમાં ભેદ પડતા ગયા. સાધુથી વસ્ત્ર ધારણ ન કરાય એવો સિદ્ધાંત બન્યો. અને માત્ર દિશાઓને વસ્ત્ર ગણવા એવી ભાવનાથી દિગંબર પંથ અસ્તિત્વમાં આવ્યો! પ્રતિમા જડ છે એને પૂજવાથી આત્મ કલ્યાણ ન થાય એવો આગ્રહ વધતા શ્વેતાંબરોમાં સ્થાનકવાસી પંથનો ઉદય થયો. દયા અને દાન જેવી પ્રવૃત્તિઓ જેમને ના ગમી તેઓએ તેરાપંથનું સર્જન કર્યું. આ પંથોએ ઘણાં પુરાણા શાસ્ત્રોને માનવાનું બંધ કર્યું. ઘણા નવા શાસ્ત્રોનું સર્જન કર્યું. પંથ સ્થાપિત થયા પછી એક પંથના અનુયાયીઓ એ બીજા પંથના મહાત્માઓનો પણ સ્વીકાર ન કર્યો. પણ ભક્તામર સ્તોત્રની એવી સજ્જડ અસર સર્વ સંપ્રદાયોમાં થઈ કે ભક્તામર નહીં માનવાનું સાહસ કોઈ પંથ ના કરી શક્યો. ભલે બે-ચાર ગાથાઓ સ્તોત્રમાં ઉમેરાય પણ બાકીના સ્તોત્ર દેહનો સહુએ સ્વીકાર કર્યો. આનું મુખ્ય કારણ ભક્તામરની સર્વ પ્રિયતા છે.

માત્ર આ ભક્તામર સ્તોત્રનો જ પ્રત્યેક સંપ્રદાયના મહાત્મા અને સાધકોએ સ્વીકાર કર્યો છે. એટલું જ નહીં ઘણાએ, આ મહાન સ્તોત્ર પર પોતાના સુંદર વિવરણો અને સુંદર સમજ આપતા ગ્રંથોનું પણ સર્જન કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો લાગે છે સહુને ભક્તામરનું ઘેલું લાગી ગયું છે. નેમિ ભક્તામર, વીર ભક્તામર, આત્મારામ ભક્તામર, વલ્લભ ભક્તામર, ભદ્રંકર ભક્તામર, વિક્રમ ભક્તામર આવા અનેક સુંદર કાવ્યોની રચનાથી ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિ રૂપે થઈ છે. અને હજી પણ ભવિષ્યમાં આ જ માર્ગે અનેક કાવ્યોની રચના થશે. ભક્તામરના સંસ્કૃત શબ્દોના અર્થ બધાંને ના આવડે માટે ઘણા મહાનુભાવોને આ ભક્તામરનું કાવ્યમય ભાષાંતર કરવાના મનોરથો જાગ્યા. અનેક ભાષામાં આવા કાવ્યો રચાયા. મને મળેલ માહિતી પ્રમાણે ભક્તામર સ્તોત્રના ૧૧૪૪ કાવ્યમય ભાષાંતરો થયા છે. મને લાગે છે કે કદાચિત્ આ વિશ્વ રેકૉર્ડ હોય શકે. ભક્તામર અંગેના રહસ્યો હજીએ મારા માટે અણઉકેલ્યા છે.

(૧) પ્રત્યેક ગાથાઓમાં મંત્રો અને ઋદ્ધિ અર્થાત્ લબ્ધિ પદોને જોડવામાં આવ્યા છે. આ પસંદગી કયા ધોરણે કરી છે?

(૨) દરેક ગાથાની સાધનાની વિધિ છે અને તેનો અલગ-અલગ પ્રભાવ બતાવવામાં આવ્યો છે. એના માટે ક્યો આધાર લેવામાં આવ્યો છે?

(૩) આની સાથે કેટલાંક ગ્રંથોમાં દરેક ગાથાનું એક યંત્ર ગોઠવવામાં આવ્યું છે. આ તંત્ર વિધિનો તેને ગાથા સાથે સંબંધ કેવી રીતે નક્કી થયો.

(૪) આ બધા મંત્રો, તેની સાધના અને તેના પ્રભાવોનું અન્ય આચાર્ય ભગવંતો જુદી જુદી રીતે વર્ણન કરે છે.

(૫) વળી આ ભક્તામરની ૧૨ થી ૨૦ ગાથાઓમાં અષ્ટ મહવિદ્યા છે. એ દરેક વિદ્યાનો તેને ગાથા સાથે ક્યાંથી સંબંધ આવ્યો?

(૬) દરેક ગાથામાં યંત્રો આપવામાં આવ્યા છે. તે બધા કોણા આધારે અપાયા છે? પ્રાયઃ મારું ધ્યાન છે ત્યાં સુધી ભક્તામરમાં સમાયેલા યંત્રો બીજા કોઈ શાસ્ત્ર કે ગ્રંથોમાં દેખાતા નથી.

આમ આટલી બધી રહસ્યમયી વાતોને જાણવા અમારું મન ઘણું ઉત્સુક રહે છે. કોઈક એવી ક્ષણ આ જ સ્તોત્રના પ્રભાવથી આવે કે આ બધાની સ્પષ્ટતા થાય એની જ અત્યારે હું પ્રતીક્ષા કરી રહ્યો છું. મારા ધ્યાનમાં હજી પણ ભક્તામરની ગાથાના અપ્રકાશિત કાવ્યો આવ્યા છે. આખરે મનને એક જ સમાધાન કરવું પડે છે કે "શિષ્ટ કહે તે પ્રમાણમ્" જે જાણકાર, સાધક, અનુભવી મહાત્માઓએ કહ્યું છે તે તે શ્રદ્ધાથી આગળ વધારો. ભક્તામરના ઘણા ઘણા સાધકોએ આવી પૂર્વ આરાધના પ્રયોગો કર્યા છે. તેઓને સફળતા પણ મળી છે. મારી પોતાની ઇચ્છા હજી એવી છે કે ભક્તામરની દરેક ગાથાનો હું કલ્પ પ્રમાણે સાધના કરું. પણ એવું ભાગ્ય ન મેળવી શક્યો. છતાંય જીવનમાં બે-ત્રણ પ્રસંગો એવા આવ્યા એને ચેલેજિંગ કહી શકાય. આવી વખતે મેં ભક્તામરના મંત્રો અને પાર્શ્વ પ્રભુનું અને માતા પદ્માનું સ્મરણ અને સહાય કર્યો.

જેને ફળ પ્રાપ્ત થયું તેવા પ્રખ્યાત તાંત્રિક સાધકો પણ આશ્ચર્ય પામ્યા. ભક્તામરની ભવ્યતાની સામે ઝુકી ગયા. આજે તો અમરીશ ભાઈ, અમદાવાદ તથા મંજુ બેન, નાગપુર આ ભક્તામરના સહારે જાણે કઈક હીલિંગના મહાન કાર્યો કરી રહ્યા છે. અનેક લોકોને લાભાન્વિત કરી રહ્યા છે.

* * *

ભવિતવ્યતાની કોઈ એવી વિશેષતા છે કે કોઈ સાધના, કોઈ આરાધના ક્યારેક સહજરીતે જીવનમાં પ્રવેશી જાય છે અને પછી એ સાધના જ જીવનમાં કલ્પનાતીત રીતે વ્યાપી જાય છે. આપણા ચેતનાતંત્રમાં પૂરો અધિકાર લઈ લે છે.

મારા માટે પણ હું એવું અનુભવું છું કે ભક્તામર સ્તોત્ર એ મારા ચેતના તંત્ર પર અધિકાર જમાવી દીધો છે. આજે મારા દીક્ષાજીવનનું અઠ્ઠાવનમું વર્ષ ચાલે છે. ખૂબ જ શરૂઆતના વર્ષોમાં મારા પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા. નવસ્મરણનો પાઠ કરતા હતા. ક્યારેક મોડું થઈ ગયું હોય. અંધારું થઈ ગયું હોય તો મને એ સ્તોત્રો બોલીને પૂજ્યશ્રીને સંભળાવવાનો અવસર મળતો હતો. પૂજ્ય ગુરુદેવ આ નવસ્મરણ ગણવાની અખંડિતતા કદાચ વર્ષો સુધી જાળવી હશે. પણ એક વાત નક્કી હતી પૂજ્યશ્રીની એકાગ્રતા ગજબની હતી સુંદર કંઠ, સંગીતનો અભ્યાસ – પ્રભુની ભક્તિ આ બધાના કારણે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં અમારે ત્યાં કલાકો સુધી જિનભક્તિના કાર્યક્રમો સહજભાવે આયોજિત થઈ જતા હતા. એમાંય એક શુભ અવસર આવ્યો. આજથી વર્ષો પૂર્વે અમે ચેન્નઈમાં ચાતુર્માસ હતા.

ઉપધાનનું આયોજન શહેરથી પંદર કિલોમીટર દૂરના રેડહીલ્સ કેસરવાડી તીર્થમાં થવું. ત્યાં પ્રભુની અદ્‌ભૂત પ્રતિમાજી છે. લોકોની ખાસ અવરજવર તે વખતે ન હતી. રોજ સવારે કલાકો સુધી જિનભક્તિની રમઝટ જામે. અમારા સમુદાયમાં એક વિચક્ષણ અને સાધક સાધ્વી છે. જેઓ અત્યારે ત્યાશી વર્ષના છે પ્રવર્તિની સાધ્વીજી છે તેમણે પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.ને પ્રાર્થના કરી કે "હે ગુરુદેવ! આપ કૃપા કરો ભક્તામર સ્તોત્ર પ્રકાશો" પ્રાર્થના ભંગ ભીરૂ પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા. એ પ્રાર્થના સ્વીકારી બસ, આજની ઘડી કાલના દિવસે અમારા ગુરુમ. પોતાના કાળધર્મના દિવસ સુધી સમૂહમાં ભક્તામરની પ્રાર્થના ચાલુ રાખી.

એક મહાન સાધક એક વખત આ સમૂહ પ્રાર્થનામાં આવી ચઢ્યા. પ્રસન્ન થયા. મને નજીક બોલાવ્યો. આપના ગુરુ મહારાજ રોજ આવી રીતે ભક્તામર સ્તોત્રનો પાઠ કરે છે. મેં કહ્યું એક પણ દિવસ ચૂકતા નથી. સાધકે કહ્યું થોડા વર્ષો જશે ભક્તામરનો મહાન મહિમા થશે.

તમારા ગુરુમહારાજના માર્ગદર્શનમાં એવા કાર્યો થશે કે આખું ભારત વિસ્મય પામશે. અને ખરેખર એવું જ બન્યું થોડા જ વર્ષો બાદ પૂ. ગુરુદેવની નિશ્રામાં સિકંદ્રાબાદથી શિખરજી તીર્થનો છ'રી પાલિત સંઘ નીકળ્યો.

આ સંઘયાત્રા દરમ્યાન જિનભક્તિ તો થઈ પણ હજારો અને લાખો જૈનેતરોએ વ્યસનનો, માંસાહારનો રાત્રિભોજનનો ત્યાગ કર્યો. પૂજ્ય ગુરુદેવની આ સફલતા જોઈ સહુ ચકિત થઈ ગયા. સહુએ પોતપોતાના સ્થાનમાં જિનાલયમાં સમૂહ ભક્તામર પાઠનું આયોજન કર્યું. એકવાર પૂ. ગુરુમહારાજે મને કહ્યું હવે આપણે રોજ ભક્તામર કરીએ છીએ. એટલે મેં હમણાં ભક્તામરની ગુણરત્ન સૂ.મ.ની ટીકા અને અન્ય સાહિત્ય વાંચ્યું. એનો પ્રભાવ અને ચમત્કારોનું મને ધ્યાન ગયું પણ મેં તો નવસ્મરણ અને ભક્તામર આવી કોઈ વાતથી પ્રભાવિત થયા વિના જિનભક્તિથી

જ શરૂ કર્યું છે. અરે – ખુદ માનતુંગસૂરીશ્વરજી મહાજાજે કહ્યું છે કે,

> ''ત્વમ્ સંસ્તવેન ભવ સંતતિ સંનિબદ્ધં
> પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીર ભાજામ્
> આક્રાંત લોક મલિનીલ-મશેષ માશુ
> સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વરમંધકારમ્''

હે પ્રભો! હે જિનેન્દ્ર! તારા આ સ્તવનથી અનેક ભવોમાં મારામાં પેસી ગયેલા સંસ્કારો, અનેક ભવોના પાપો ક્ષણમાત્રમાં નાશ પામે છે ધ્યાન રાખો. સૂર્યનો ઉદય થયો નથી કે કાળા ભમ્મર અંધકારના એવા ટુકડા થઈ જાય છે. એક કણિયો પણ અંધકાર રહેતો નથી. આ ગાથા એ કાવ્ય નથી પણ ખરેખર સત્ય કાવ્ય છે. આજે આટલા વર્ષોની ભક્તામરની સાધનાથી અમને જાણે સત્યનો સાક્ષાત્કાર થયો હોય તેવું લાગે છે.

પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની પણ રોજ સમૂહ ભક્તામર પાઠ કરતા ભક્તામરની શ્રદ્ધા વધતી જ જતી હતી. આજે અમારા લબ્ધિસમુદાયમાં લગભગ રોજ ભક્તામરનો સમૂહ પાઠ થાય છે. ચારેય ફીકરાઓમાં ભક્તામર એક જ સરખી રીતે માન્ય હોવા છતાંય સ્તોત્રની ચુમ્માલીશ ગાથા છે કે અડતાલીશ ગાથા આ અંગે પ્રશ્ન રહ્યા જ કરે છે.

વિધાનોને સ્પષ્ટરીતે અવલોકન કરતાં લાગે છે કે ભલે ભક્તામર જૈનોના સર્વસંપ્રદાયોમાં માન્ય હોય પણ ભક્તામર સંબંધી સૌથી વધુ સાહિત્યની રચના જૈન શ્વે. મૂર્તિપૂજક પરંપરામાં જ થયેલી છે. આ પરંપરામાં ભક્તામરની ચુમ્માલીશ ગાથાનો સ્વીકાર થયો છે પણ જેઓ અડતાલીસ ગાથા ભક્તામર સ્તોત્રની માને છે. તેઓ ત્યાંથી ચાર ગાથા બીજી જણાવે છે.

વિદ્વાનોએ શૈલીથી અને વિષયથી એ નિર્વિવાદ નક્કી કર્યું છે કે એ ચાર ગાથા પાછળથી ઉમેરી દેવામાં આવી છે. હજી સુધી અત્યંત પ્રાચીન અડતાલીસ ગાથાની કોઈ પણ હસ્તેલેખિત પ્રત પ્રાપ્ત થઈ હોય તેવો પુરાવો સામે આવ્યો નથી. છતાંય વિદ્વાનોનું મંતવ્ય છે કે એ ગાથાની શૈલી ભલે અલગ હોય પણ તે ગાથાઓની રચના કોઈ સાધક મહાપુરુષે કરી હશે તેમ લાગે છો. એ સાધક કોણ છે? તે કહેવું મુશ્કેલ છે, પણ અમને લાગે છે એના રચનાકાર પદ્માવતી માતાના સાધક હશે.

સંક્ષપમાં આ ભક્તામર કલ્પમાં કહેલી સાધના અને આરાધના જો ખૂબ જ વ્યાપક કરવામાં આવે તો મોક્ષમાર્ગના સાધકને ધર્મકર્મ કરતા આવતા વિઘ્નો ચોક્કસ દૂર થઈ જાય.

મદ્રાસની અગરચંદ માનમલ કોલેજમાં દર વર્ષે આ ભક્તામરની સ્પર્ધા આયોજિત થાય છે. અને ઈસ્લામધર્મની શ્રદ્ધાવાળાઓ પણ ઈનામો જીત્યાની ઘટના બનેલ છે.

આ ભક્તામર પર વિવેચન આપતું અઢળક સાહિત્ય પ્રકાશિત થઈ ચૂક્યું છે. જિજ્ઞાસુ માત્ર જૈન જ નહીં કોઈ પણ ધર્મના અનુયાયીઓએ આ સાહિત્યનું અવગાહન કરવું જરૂરી છે.

અમારા પૂજ્ય ગુરુદેવની ભાવનાથી ભરૂચમાં સર્વપ્રથમ ભક્તામર મંદિરનું નિર્માણ થયા પછી લગભગ દસેક સ્થળે ભક્તામર મંદિરનું નિર્માણ થઈ ગયેલ છે. મદ્રાસ યુનિવર્સિટીના પ્રોફેસરે ખાસ અનુરોધ કરેલ છે કે આ સ્તોત્ર, માત્ર આદીનાથ ભગવાનનું જ સ્તોત્ર છે તેવું કોઈએ માની ન લેવું. ભલે, બીજી ગાથામાં માનતુંગસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હોય – ''સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રં'' કહ્યું હોય.

પ્રથમનો અર્થ પહેલો એવો માત્ર નથી પ્રથમનો અર્થ શ્રેષ્ઠ પણ છે. તેથી જ માનતુંગસૂરીશ્વરજી મ.સા.એ છેલ્લી ચુમ્માલીશમી ગાથામાં જણાવે છે ''સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર'' અહીં પણ તેઓ જિનેન્દ્ર એમ જણાવ્યું છે. આદિ જિનેન્દ્ર કે ઋષભ જિનેન્દ્ર નથી જણાવ્યું. આવી જ રીતે બત્રીશમી ગાથામાં પણ ''તવ યત્ર જિનેન્દ્ર'' ત્યાં પણ જિનેન્દ્રરૂપે જ વીતરાગ પ્રભુનું સંબોધન છે માટે કોઈ પણ તીર્થંકર પરમાત્માની પ્રતિમા હોય તેમની સન્મુખ ભક્તામરનો પાઠ થાય તો તે ઉચિત જ છે.

અંતમાં ભક્તામર અંગે અનેકદિશાના અનેક સંશોધનો શક્ય છે. જિજ્ઞાસુઓએ તરફ પોતાના કહ્યો ઉઠાવે. પણ મુખ્ય વાત જિનેશ્વર પરમાત્માની ભક્તિની છે. દરેક આરાધકના હૃદયમાં આ સ્તોત્રના પઠનથી ભક્તિના પૂરો વહેવા માંડે અને છેવટે ચોવીશમી ગાથામાં જેમ પરમાત્માને જિનેન્દ્ર ને (૧) અવ્યય, (૨) વિભુ, (૩) અચિંત્ય, (૪) અસંખ્ય, (૫) આદ્ય, (૬) બ્રહ્મા, (૭) ઈશ્વર, (૮) અનંત, (૯) અનંગશત્રુ (કામ વિજેતા), (૧૦) યોગીશ્વર, (૧૧) યોગ વિનાશી (અયોગી), (૧૨) અનેકસ્વરૂપ, (૧૩) એકસ્વરૂપ, (૧૪) જ્ઞાનસ્વરૂપ, (૧૫) અમલ એમ પંદરરૂપે વર્ણવ્યા છે. એવા પંદર રૂપો સાધકમાં પેદા થાય અમારામાં પણ પેદા થાય સહુ આત્માથી પરમાત્મા થાય.

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૮૭૬ ૨૬૩૪૬

# કલ્યાણનું દિવ્ય ધામ–કલ્યાણમંદિર સ્તોત્ર

## સુપાર્શ્વ

નવસ્મરણમાં આઠમા સ્મરણ તરીકે 'કલ્યાણમંદિરસ્તોત્ર' સુપ્રસિદ્ધ છે. પાર્શ્વનાથ ભગવાનની ભક્તિથી પરિપૂર્ણ આ સ્તોત્ર શ્વેતાંબર-દિગંબર બન્ને પરંપરામાં પ્રચલિત છે. શ્વેતાંબર પરંપરામાં આ સ્તોત્રના કર્તા તરીકે આચાર્ય સિદ્ધસેન દિવાકરની વ્યાપક સ્વીકૃતિ છે, ત્યારે દિગંબરમતમાં કુમુદચંદ્રાચાર્ય સુપ્રસિદ્ધ છે. આ સ્તોત્રને અંતે કુમુદચંદ્રનું નામ મળે છે. સિદ્ધસેન દિવાકરનું પૂર્વાવસ્થાનું નામ કુમુદચંદ્ર હતું, તેથી નામસામ્યથી સિદ્ધસેન દિવાકર નામ રૂઢ થયું હોય એ સંભવે. પરંતુ 'લટુર પંચવીશિકા' આદિ કુમુદચંદ્રાચાર્યના અન્ય રચનાગ્રંથો સાથેનું સામ્ય જોતાં શ્રી સિદ્ધસેન દિવાકરથી અન્ય કોઈ વિદ્વાન આચાર્ય કુમુદચંદ્ર હોવા જોઈએ.

'કલ્યાણમંદિર' સ્તોત્ર સંસ્કૃતભાષાના ૪૪ શ્લોકોમાં બદ્ધ કરવામાં આવેલું છે. આ સ્તોત્રનો પ્રારંભ 'ભક્તામર'નો જેમ જ તીર્થંકરોની સ્તુતિ કરવાના વિશુદ્ધ ભાવથી આરંભ કરવામાં આવ્યો છે. કવિ સ્તુતિ કરવાનો પ્રારંભ કરે છે, ત્યાં જ વિમાસણ થાય છે. ક્યાં ગુણરાશિ જિનેન્દ્રદેવ અને ક્યાં હું સામાન્ય વ્યક્તિ. કવિ પોતાના અસામર્થ્યને વર્ણવતાં એક સુંદર દૃષ્ટાંત રજૂ કરે છે; કલ્પાન્તકાળે મોજાં ઊછળીને સમુદ્ર ખાલી થઈ જાય, પછી રત્નાકરમાં રહેલા રત્નોને ગણવા માટે જેમ સામાન્ય મનુષ્ય સક્ષમ નથી, તેમ આપના અનંતગુણને ગણવા માટે હું સામાન્ય બુદ્ધિવાળો કેમ સમર્થ બનું? જેવી રીતે બાળક હાથ ફેલાવીને સમુદ્રની વિશાળતા દર્શાવે, એવી રીતે હું પણ શક્તિહીન અને મુર્ખ હોવા છતાં આપના ગુણો ગાવા ભક્તિથી ઉદ્યત થયો છું. પરમાત્માના અપૂર્વ સામર્થ્યની વાત કરતા કવિ કહે છે કે, હે પાર્શ્વપ્રભુ! આપ અમારા હૃદયમાં પધારો, તો અમારા કર્મના બંધનો ક્ષણભરમાં છૂટી જાય. ચંદનના વૃક્ષ પર લપટાયેલા સર્પ પણ જેમ મોરનો ટહુકો સાંભળતાં જ સર્પ દૂર થાય છે, એમ હે પ્રભુ! આપના હૃદયમાં આગમનથી કર્મ અવશ્ય દૂર થશે જ.

કવિ અન્ય દેવો કરતા પરમાત્માની અસાધારણતા વર્ણવતાં કહે છે;

**यस्मिन्हर प्रभृतयोऽपि हत प्रभावा;**
**सोऽपि त्वचा रति-पतिः क्षपित क्षणेन**
**विध्यापिता हुतभुजः पयसाथ येन,**
**पीतं न किं तदपि दुर्धर वाडवेन ।।११।।**

જેના સંબંધમાં આવતા હર આદિ દેવતાઓ પ્રભાવહીન થઈ જાય છે, તે કામદેવતા પણ આપનાથી ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે. જે પ્રચંડ આગને બૂઝવવાનું સામર્થ્ય રાખે છે, એ જળ પણ વડવાનલ (સમુદ્રમાં લાગતી આગ) દ્વારા પીવાતું નથી?

કવિએ રચેલા શ્લોકોમાં પરમાત્મભક્તિ તો છે જ, સાથે પરમાત્માને પામવાનો સાધનામાર્ગ પણ અંકિત કર્યો છે. યોગીજનો, આપનું પરમાત્મસ્વરૂપ હંમેશા પોતાના હૃદયકમળની કર્ણિકામાં સ્થાપિત કરે છે. કર્ણિકામાં જેમ બીજ હોય છે, તેનાથી નવું કમળ ઉત્પન્ન થાય છે, એમ આપના શુદ્ધસ્વરૂપના ધ્યાનથી યોગીઓ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કરનારા થાય છે.

ત્યાર બાદ કવિએ પરમાત્મસ્વરૂપનું વર્ણન કરવા પરમાત્માની પરમઋદ્ધિ એવા અષ્ટ મહાપ્રાતિહાર્યોનું આઠ શ્લોકોમાં વર્ણન કર્યું છે. પરંતુ, આ શ્લોકોમાં પણ કવિનું લક્ષ્ય પરમાત્માની વીતરાગતાનું ગૌરવગાન કરવાનું છે. એમ કરીને, સાધક આ અતિશયના સૌંદર્યની પાછળ રહેલા વીતરાગતાના અનુપમ વૈભવને દર્શાવવાનું રહ્યું છે.

કવિ કહે છે કે, હે પ્રભુ! આપના ભામંડલની દિવ્ય ક્રાન્તિને લીધે અશોકવૃક્ષનાં રાતા પણ ઝાંખા-ભૂરાં લાગે છે. હે પ્રભુ! આપની વીતરાગતાના પ્રભાવથી રાગી પણ નિરાગી બની જાય છે. (સંસ્કૃતમાં રાતારંગને રાગ કહેવાય છે, તે ભામંડલના તેજથી ઝાંખો, નીરાગી બન્યો છે.) આમ, કવિની તત્ત્વ પરિણતિયુક્ત કાવ્યપ્રજ્ઞાનું દર્શન થાય છે.

આ સ્તોત્રની રચનાપદ્ધતિ ભક્તામર જેવી જ છે. પરંતુ, ભક્તામરમાં અષ્ટ મહાપ્રાતિહાર્યના વર્ણન બાદ સપ્તભયનિવારણની પ્રાર્થના કરાઈ છે. તેને સ્થાને કવિએ અહીં અંતિમ ૧૧ શ્લોકોમાં પરમાત્માની જે ભાવપૂર્ણ સ્તવના કરી છે, જે હૃદયનો સંવાદ સાધ્યો છે, એ સ્તોત્ર સાહિત્યમાં અત્યંત વિશિષ્ટ કહી શકાય એવો છે. કવિ કહે છે કે, હે પ્રભુ! આ ભવસંસારમાં મેં તારું નામ સાંભળ્યું નથી, માટે જ મેં ભવભ્રમણ કર્યું છે. પરંતુ કવિ કહે છે કે, આ ભવસમુદ્રમાં ભટકતા મેં તારું નામ તો સાંભળ્યું જ હશે, પરંતુ ભાવનાથી સભર હૃદયે મેં તારી ભક્તિ કરી નહીં હોય, માટે જ હું ભવસમુદ્રમાં ભટકું છું. ભાવના વિનાના અનુષ્ઠાનો નિષ્ફળ જાય છે. હે પ્રભુ! આ સમગ્ર જગતના પરમસારરૂપ તત્ત્વ છો, આપ જ સંસારથી પાર કરનારા દેવ છો. હે દેવ! કરુણામય હૃદયવાળા આપ જ રક્ષણ કરનારા છો.

હે દેવ! આપ જ મારી ભવસાગરમાં રક્ષા કરનારા થાઓ. આવી ભક્તિપ્રપૂર્ણ પ્રાર્થનાઓ પછી અંતે કહે છે કે, હે જનમેદનીના નયન રૂપી કુમુદ માટે ચંદ્ર સમાન આપની ભક્તિના પ્રતાપે ભક્ત સ્વર્ગસંપદાને પ્રાપ્ત કરે છે, અને ક્રમે ક્રમે મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

આ સમગ્ર સ્તોત્રમાં કમઠના ઉપસર્ગનું વિસ્તારથી વર્ણન કરાયું છે. આથી લોકમાં એવી રૂઢિ થઈ છે કે, 'કલ્યાણમંદિર'નું સવારે પઠન ન કરવું. પરંતુ, તેની પાછળ કોઈ વ્યવસ્થિત તર્ક નથી. કારણકે, આ સ્તોત્રમાં પરમાત્મા ઉપસર્ગમાં કેવા અવિચળ રહ્યા, વિજેતા બન્યા, તેવો જ મહિમા કરાયો છે. આ મહિમાસ્મરણથી વ્યક્તિ પોતે ઉપસર્ગવિજેતા બને, એમ છતાં અત્યારે સવારે પઠન કેમ થતું નથી, આ બાબતે જ્ઞાનીજનો વધુ પ્રકાશ પાડી શકે.

'કલ્યાણમંદિર સ્તોત્ર'ની દરેક ગાથાઓ માટે વિભિન્ન યંત્રો અને મંત્રો પ્રકાશિત થયા છે, તે વધુ જાણવાની જિજ્ઞાસાવાળાએ સારાભાઈ નવાબના 'મહાપ્રભાવિક નવસ્મરણ' પુસ્તકમાંથી જોવા.

આ સ્તોત્રનો ભાવાનુવાદ પ.પૂ. જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજે સ્તવનના માધ્યમથી કર્યો છે, તો પં. બનારસીદાસજીએ સરળ હિન્દી પદ્યમાં સુંદર ભાવાનુવાદ કર્યો છે, તે પણ નોંધપાત્ર છે. 'કલ્યાણમંદિર સ્તોત્ર'નું પઠન, શ્રવણ, ગાન અંતે આપણા કલ્યાણમય-સ્વરૂપની પ્રાપ્તિ કરાવે એ જ પાર્શ્વપ્રભુ – ચરણે પ્રાર્થના.

**સંદર્ભ :**


*(૧) જ્ઞાનવિમલસજ્ઝાય સંગ્રહ – કીર્તિદા શાહ અભય દોશી*

*(૨) જૈન યંત્ર, તંત્ર, સ્તોત્ર – સં. હિતેશ પંડ્યા (ચિત્રકાર ઉદયરાજ)*

*(૩) મહાપ્રભાવિક નવસ્મરણ – સં. સારાભાઈ નવાબ, બીજી આવૃત્તિ.*


✦ ✦ ✦

# બૃહત્ શાંતિ : સ્વશાંતિથી વિશ્વશાંતિ


**પ.પૂ. આચાર્યદેવશ્રી મહાબોધિસૂરીશ્વરજી મ.સા.**


**ભૂમિકા :**

ઉત્તરાધ્યયન સૂત્રનું ઓગણત્રીસમું અધ્યયન છે. સમ્યક્ત્વ પરાક્રમ. આ અધ્યયનમાં એકોતેર પ્રશ્નો છે અને તેના ઉત્તરો છે. આ પ્રશ્નોની શ્રેણીમાં એક મજાનો પ્રશ્ન છે.

ભગવંત! પ્રભુની સ્તવના / સ્તુતિ / મંગલ વડે શું લાભ થાય?

પ્રભુએ ઉત્તર આપ્યો : પરમાત્માની સ્તવનાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિનો લાભ થાય છે. તેથી જીવ સ્વર્ગ / મોક્ષને અપાવનારી આરાધનાને આરાધે છે.

જિન શાસનમાં પરમાત્મભક્તિનો અદ્ભૂત મહિમા છે. એટલે જ ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં પૂર્વાચાર્યો દ્વારા સેંકડો / હજારોની સંખ્યામાં પરમાત્માના સ્તોત્રો, સ્તુતિઓ અને સ્તવનાઓની રચના થઈ છે. એમાંથી પૂર્વના મહાપુરુષોએ નવ સ્તવનાઓની રચના થઈ છે. એમાંથી પૂર્વના મહાપુરુષોએ નવ સ્તવનાને અલગથી તારવી છે. જે વર્તમાનમાં નવસ્મરણ રૂપે જૈનસંઘમાં વિશેષતઃ પ્રસિધ્ધ છે.

* * *

જૈનો માટે રોજ સવારે પ્રભુના દર્શન એ મંગળ છે. દર બેસતા મહિને પ્રભુનું સ્નાત્ર એ મંગળ છે અને દર બેસતા વર્ષે નવસ્મરણનો પાઠ એ મંગળ છે.

છેલ્લા કેટલાક સૈકાઓથી જૈન સંઘમાં બેસતા વર્ષનાં મંગળ દિવસે (કારતક સુદ એકમ) ગુરુ મહારાજના શ્રીમુખે નવસ્મરણ અને ગૌતમસ્વામીના રાસનું શ્રવણ કરવાની ભવ્ય પરંપરા છે.

ચાતુર્માસમાં છેલ્લે સંવત્સરીના દિવસે ભેગો થયેલો સમસ્ત સંઘ નવા વર્ષના શુભારંભે ફરી પાછો ઉપાશ્રયમાં ભેગો થાય છે બેસતા વર્ષનાં વહેલી પ્રભાતે નાના બાળકથી લગાવી મોટા વડીલો દોડ્યા દોડ્યા નવસ્મરણ અને રાસને સાંભળવા ઉપસ્થિત થઈ જાય છે.

મારો વર્ષોનો અનુભવ છે. બેસતા વર્ષના સપરમા દિવસે સામાન્યથી કોઈની પાસે સમય નથી હોતો. વહેલી સવારે ઉઠીને આવેલા શ્રાવકો જો અડધા કલાકમાં નવસ્મરણનો પાઠ પૂરો થઈ જતો હોય તો તેઓ પોણો કલાક બેસવા તૈયાર નથી, પણ એ જ આગળ નવે નવ સ્મરણો વિગતવાર સમજાવવામાં આવે અર્થાત્ કયું સ્મરણ કોણે બનાવ્યું, ક્યારે બનાવ્યું, ક્યાં બનાવ્યું, કેમ બનાવ્યું, એનો શું મહિમા છે વગેરે વિસ્તારથી જણાવાય તો એ જ શ્રાવકો ભીતમાં જડાયેલ ખીલાની જેમ જમીન પર ખોડાઈ જતા હોય છે. અર્થાત્ અઢી કલાક સુધી પૂરી એકાગ્રતા સાથે શ્રવણ કરતા હોય છે.

પ્રબુધ્ધ જીવને નવસ્મરણનો વિશેષાંક પ્રકાશિત કરવા દ્વારા જૈન સંઘને નવે નવ સ્મરણોની વિશેષતા અને રહસ્યોના પટારા

ખોલી આપીને બહુ મોટો ઉપકાર કર્યો છે. પ્રતિવર્ષ જિનશાસન અને એની ભવ્ય પરંપરાને પ્રતિબધ્ધ રહી પ્રબુધ્ધ જીવન દ્વારા નવા નવા વિશેષાંકો જૈન સંઘને મળતા રહે, એવી આશા અસ્થાને નહીં ગણાય.

**બૃહત્ શાન્તિઃ નામકરણ :**

નવસ્મરણમાંનું છેલ્લું સ્મરણ એટલે બૃહત્શાન્તિ. ગુજરાતીઓમાં મોટી શાંતિ અને રાજસ્થાનીઓમાં બડી શાન્તિ તરીકે પણ એનો ઉલ્લેખ થાય છે.

પ્રશ્ન એ થાય છે, જો ઉવસગ્ગહરંથી કલ્યાણમંદિર સુધીના સ્મરણો પોતાના મૂળ નામ (દા.ત. તિજયપહુત્તનું મૂળ નામ છે સત્તરિસયયુત્ત) કરતા જે તે સ્મરણના આદ્યપદથી જ વધુ પ્રસિધ્ધ છે. તો બૃહત્ શાંતિરૂપ છેલ્લું સ્મરણ ભો...ભો...ભવ્યા... એવા સ્તોત્રના આદ્યપદ કરતા મોટી શાંતિ રૂપે કેમ વધુ પ્રસિધ્ધ છે?

સહુ પ્રથમ આ સ્તોત્રને શાન્તિ કેમ કહેવાય છે તે જાણીએ.

(૧) આમા ભગવાન શાંતિનાથની સ્તવના છે. (શ્રીમતે શાંતિનાથાય વગેરે)

(૨) ઈન્દ્ર મહારાજા મેરુ પર્વત પર પ્રભુનો જન્મ મહોત્સવ કર્યા બાદ પ્રસ્તુત શાંતિની ઉદ્‌ઘોષણા કરે છે. (શાંતિમુદ્‌ઘોષયામિ, શાંતિમુદ્‌ઘોષયતિ)

આ પરથી જણાય છે – આ સ્તોત્ર શાંતિપાઠ તરીકે વધુ પ્રસિધ્ધ છે.

હવે આ સ્તોત્ર બૃહત્શાંતિ કે મોટી શાંતિ તરીકે કેમ પ્રસિધ્ધ છે તે સમજીએ.

જેમ બૃહત્શાંતિ જૈન સંઘમાં વધુ પ્રસિધ્ધ છે, તેમ દેવસી પ્રતિક્રમણને અંતે બોલાતી લઘુશાંતિ પણ સુપ્રસિધ્ધ છે. લઘુશાંતિની અપેક્ષાએ બૃહત્શાંતિનું કદ બમણા કરતા વધુ હોવાથી એ મોટીશાંતિ કે બૃહત્ શાંતિના નામે વધુ પ્રચલિત છે.

**બૃહત્શાંતિ - રચયિતા :**

સામાન્યથી કોઈપણ ગ્રંથકાર ગ્રંથાદિની રચના કર્યા બાદ અંતમાં પ્રશસ્તિ રચતા હોય છે. જેમાં નિજ ગુરુપરંપરા, પોતાનું નામ, ગ્રંથરચના સંવત, તિથિ, સ્થળ વગેરેનો નિર્દેશ થતો હોય છે.

પ્રસ્તુત સ્તોત્રમાં અંતમાં આવી કોઈ પ્રશસ્તિ જોવા મળતી નથી. તેથી આ સ્તોત્ર કોણે રચ્યું, ક્યારે રચ્યું, ક્યાં રચ્યું વગેરે જાણવા મળતું નથી.

હા, આ સ્તોત્રના ટીકાકાર પૂ. આ. શ્રી હર્ષકીર્તિસૂરિ મહારાજની એવી માન્યતા છે કે બૃહત્શાંતિની રચના શ્રીનેમિનાથ ભગવાનની માતા શિવાદેવીએ દેવી અવસ્થામાં કરી છે. આનું કારણ કદાચ સ્તોત્રના અંતે અપાયેલ શિવમસ્તુ પછીની ગાથા –

અહં તિત્થયરમાયા, સીવાદેવી તુમ્હ નયરનિવાસીની,

અમ્હ સિવં, તુમ્હં સિવં, અસિવોવસમં સિવં ભવતું સ્વાહા હોઈ શકે.

આ સિવાય વાદીવેતાલ શ્રીશાંતિસૂરિ મહારાજ રચિત અર્હદભિષેક વિધિ નામના ગ્રંથના શાંતિપર્વ નામના સાતમા પર્વરૂપે આ શાંતિ મળી આવે છે. અલબત્ત, પ્રચલિત બૃહત્શાંતિમાં અને શાંતિપર્વ રૂપ શાંતિમાં કેટલાક પાઠભેદ છે. તો પ્રસ્તુત રચના શ્રી શાંતિસૂરિ મહારાજની હોય તો એ મહાપુરુષની ઉપસ્થિતિ વિક્રમના વિક્રમનો અગિયારમો સૈકો ગણાય.

**બૃહત્શાંતિ – અંતરંગ પરિચય :**

બૃહત્શાંતિ સ્તોત્રપાઠનો આટલો બાહ્ય પરિચય કર્યા બાદ હવે આ સ્તોત્રનો અભ્યંતર પરિચય મેળવીએ.

વર્તમાનમાં સ્નાત્ર મહોત્સવ, શાંતિસ્નાત્ર, પ્રતિષ્ઠા, ચૌમાસી દેવવંદન, કાળધર્મ નિમિત્તે થતા દેવવંદન તેમજ પક્ખી, ચોમાસી, સંવત્સરી પ્રતિક્રમણને અંતે બોલાતું આ સ્તોત્ર મુખ્યત્વે પરમાત્માના સ્નાત્ર મહોત્સવ પ્રસંગે બોલવા માટે રચાયું હોય તેમ જણાય છે, કે સ્તોત્રના પ્રારંભિક પાઠથી સમજાય છે. આપણે એને સમજવાનો પ્રયત્ન કરીએ.

કોઈ એક જિનાલયમાં પરમાત્માનું સ્નાત્ર ભણવવા માટે ઘણા બધા શ્રાવકો એકઠા થયા છે. ભેગા થયેલા શ્રાવકોમાંથી એક વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઊભો થાય છે અને સહુ શ્રાવકોને ઉદ્દેશીને આ પ્રમાણે બોલે છે.

હે ભવ્ય જીવો! મારી વાત તમે સાંભળો. ત્રિભુવનપતિના સ્નાત્ર જન્મ મહોત્સવાર્થે ઉપસ્થિત થયેલા તમારા જેવા ભક્તિવંત શ્રાવકોને પ્રભુના પ્રભાવે આરોગ્ય, લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુધ્ધિને કરનાર તથા રાગ/દ્વેષાદિ રૂપ કલેશનો નાશ કરનારી શાંતિ થાઓ.

હે ભવ્યપ્રાણીઓ! ભરત / ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં જ્યારે જ્યારે તીર્થંકર પરમાત્માના જન્મ થાય છે ત્યારે સૌધર્મેન્દ્રના આસન ચલાયમાન થાય છે. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી સુઘોષા ઘંટ વગડાવે છે. ત્યારબાદ સર્વે સુરેન્દ્રો અને અસુરેન્દ્રો (ભવનપતિના) સાથે પ્રભુના જન્મસ્થાને આવીને પરમવિનયપૂર્વક પરમાત્માને કરતલમાં ગ્રહણ કરે છે. એ પછી મેરુ પર્વત પર જઈ પરમાત્માનો જન્મમહોત્સવ (સ્નાત્રોત્સવ) કરે છે, ત્યારબાદ શાંતિની ઉદ્‌ઘોષણા કરે છે.

મહાપુરુષો જે માર્ગે ચાલે, તેનું આપણે અનુકરણ કરવું જોઈએ. એ ન્યાયે હું પણ તેમને અનુસરું છું. અર્થાત્ તમારા જેવા ભવ્યાત્માઓ સાથે જિનમંદિરમાં આવી સ્નાત્રપીઠીકા ઉપર જિનસ્નાત્ર કરીને પૂજા, યાત્રા, સ્નાત્રાદિ મહોત્સવ કર્યા બાદ બોલાતી શાંતિનો મોટા સ્વરે પાઠ કરું છું, તે તમે કાન દઈને સાંભળતો... સાંભળો.

શાંતિપાઠક આ રીતે શાંતિપાઠની ભૂમિકા બનાવ્યા બાદ શાંતિનો પ્રારંભ કરે છે.

(આથી જણાય છે કે ભો...ભો...ભવ્યાથી નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા સુધીની પાઠ સૂચના પાઠ છે. ત્યારબાદ ઓં પુણ્યાહં થી શાંતિપાઠ શરૂ થાય છે.)

શાંતિ સ્તોત્રના પ્રારંભમાં – આજનો દિવસ ઉત્તમ છે.

એમ કહી (૧) તીર્થંકર પરમાત્માઓ પ્રસન્ન થાઓ. (૨) આ અવસર્પિણીના ૨૪ તીર્થંકર ભગવંતો શાંતિને કરનારા થાઓ. (૩) મુનિ ભગવંતો તમારું રક્ષણ કરો. (૪) જિનેશ્વર પ્રભુનો જય થાઓ. (૫) સોળ વિદ્યાદેવીઓ રક્ષણ કરો. (૬) આચાર્યાદિ શ્રીસંઘની શાંતિ થાઓ. (૭) નવગ્રહ, ચાર દિક્પાલ, ઈન્દ્રાદિ દેવો સર્વે પ્રસન્ન થાઓ. (૮) રાજાઓના ધાન્યના કોઠારો અને ધનના ભંડારો અક્ષય થાઓ. (૯) પરિવારજનો આનંદ પ્રમોદને કરનારા થાઓ. (૧૦) શ્રીસંઘના રોગાદિ શાંત થાઓ. (૧૧) તુષ્ટિ, પુષ્ટિ આદિ થાઓ. (૧૨) પાપો / કર્મો શાંત થાઓ અને શત્રુઓ પરમુખ થાઓ.

આટલી ઘોષણા કર્યા પછી ભગવાન શાંતિનાથને નમસ્કાર કરવામાં આવ્યા છે.

તેમજ નીચે મુજબ શાંતિનાથ ભગવાનની પ્રાર્થના અને પ્રભાવ બતાવાયા છે.

૧. ભગવાન શાંતિનાથ શાંતિને કરનારા છે.

૨. ભગવાન શાંતિનાથ મને શાંતિ આપો.

૩. જેના ઘરમાં ભગવાન શાંતિનાથ પૂજાય છે એના ઘરમાં સદા શાંતિ થાય છે.

૪. શાંતિનાથ પ્રભુના નામથી ઉપદ્રવો, દુષ્ટગ્રહોનો પ્રભાવ, દુઃસ્વપ્નાદિનો પ્રભાવ દૂર થાય છે.

૫. પરમાત્મા શાંતિનાથનું નામ લેવાથી ભક્તજનોને સુખ અને કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

ત્યારબાદ શ્રમણસંઘથી લગાવી સમસ્ત જીવલોકને શાંતિ થાઓ એવી ઘોષણા કરવામાં આવી છે. એ પછી ઓં સ્વાહા, ઓં સ્વાહા, ઓં શ્રી પાર્શ્વનાથાય સ્વાહા કહીને શાંતિપાઠ પૂર્ણ કરાયો છે.

એ પછી આ શાંતિપાઠ ક્યારે બોલવો, એ ફરીથી જણાવતા કહે છે. પ્રતિષ્ઠા, યાત્રા, સ્નાત્રાદિ પ્રસંગને અંતે આ પાઠ બોલાય છે.

ત્યારબાદ આ શાંતિની ઉદ્ઘોષણા કઈ રીતે કરવી તે અંગે જણાવે છે.

★ વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઊભો થાય. સ્નાનાદિથી એનું શરીર પવિત્ર હોય, એના કંઠમાં સુગંધી પુષ્પની માળા હોય.

★ એનું શરીર સુંદર વસ્ત્રો, મૂલ્યવંત આભૂષણો, સુગંધી પુષ્પો અને ચંદનાદિથી સુશોભિત હોય.

★ એના હાથમાં શાંતિ માટે શુધ્ધજળથી ભરેલ કળશ હોય.

★ એ સિવાય કેસર, સુખડ, બરાસ, અગરુધૂપ અને કુસુમાંજલી પણ સાથે હોય.

આ રીતે સકલ સંઘ સાથે સ્નાત્રપીઠિકા પાસે આવીને, શાંતિની ઉદ્ઘોષણા કરીને શાંતિકળશનું જળ પોતાના મસ્તકે નાખવું (ઉપસ્થિત સકળ સંઘના મસ્તક પર છાંટવું)

અંતે નૃત્યંતિ નૃત્યં વગેરે પાંચ શ્લોકો બોલીને શાંતિપાઠ પૂર્ણ થાય છે.

**વિશેષ વાતો :**

★ નવ સ્મરણમાં આઠ સ્મરણમાં મુખ્યત્વે પોતાના ઉપદ્રવો / ઉપસર્ગોને દૂર કરવાની વાત છે જ્યારે બૃહત્શાંતિમાં સ્વની સાથે સકલવિશ્વની શાંતિની ભાવના અને પ્રાર્થના છે.

★ મોટેભાગે શ્રી શ્રમણ સઙ્ઘસ્ય શાન્તિ-ર્ભવતુનો ઉચ્ચાર કરતી વખતે શ્રીસંઘના શાન્તિર્નો ર અડધો બોલવાને બદલે પૂરો બોલાય છે. અર્થાત્ શ્રી શ્રમણસઙ્ઘસ્ય શાન્તિ-રભવતુનો ઉચ્ચાર થાય છે. જે અશુધ્ધ છે. આમ થવાનું કારણ શાન્તિર્ભવતુ આ બે શબ્દ વચ્ચે ઉચ્ચારણ કરતી વખતે અંતરનો અભાવ. શાન્તિર્ બોલ્યા પછી જો વચ્ચે થોડું અંતર રખાય તો સહજ શુદ્ધ પ્રયોગ થશે. અંતરના અભાવે શાન્તિર્નો ર પૂરો બોલાઈ જવાની પૂરી સંભાવના છે.

**અંતિમ અને મહત્ત્વની વાત :**

સિધ્ધાંતદિવાકાર, સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ કહેતા – કે, મંગલ માત્ર બેસતા વર્ષે જ નથી કરવાનું. બેસતા વર્ષે થતું માંગલિક એ પ્રણિધાન મંગળ છે અર્થાત્ મંગલનો સંકલ્પ કરવામાં આવે છે. પછી રોજ મંગલ થતું રહે એવો એની પાછળનો આશય છે.

મારા અલ્પ ક્ષમોપશમાનુસાર આ લેખ લખ્યો છે. જિનાજ્ઞા વિરુધ્ધ કંઈપણ આલેખન થયું હોય તો હાર્દિક ક્ષમા યાચના સાથે જણાવવા માટે વિદ્વાનોને નમ્ર વિનંતિ છે.

✦ ✦ ✦

# બૃહદ્શાંતિની અનુપ્રેક્ષા

## પ.પૂ. આચાર્યદેવશ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મ.સા.

**અ**ર્હદ્ મહાભિષેક વિધિના પ્રથમ શાંતિપર્વ તરીકે ગણાતા અથવા સ્વતંત્ર શાંતિસ્તવ રૂપે ગણાતા શ્રી વાદિવેતાલ શાંતિસૂરિ કૃત ''શ્રી બૃહદ્ શાંતિ સ્તોત્ર'' જૈન મન્ત્ર જગતમાં, એક પ્રભાવવંતુ, પ્રસિદ્ધિને પામતુ 'શાંતિસ્તોત્ર' છે.

સ્તોત્રોત્સવથી માંડી દરેક મહાપૂજનોના અંતમાં, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણના અંતમાં, બેસતા વર્ષે અથવા નિત્યસ્તોત્ર રૂપે ગણાતા 'નવસ્મરણ'માં જેનું વિશિષ્ટ સ્થાન છે તેવું આ બૃહદ્ શાંતિ – 'મોટી શાંતિ' ત્રણ તરહના મંગલાચરણથી ગર્ભિત છે. તે ત્રણ આ છે → ૧. નમસ્કારાત્મક, ૨. નિર્દેશાત્મક, ૩. આશીર્વાદાત્મક. આમાંથી મુખ્યત્વે 'આશીર્વાદાત્મક' મંગલાચરણથી યુક્ત આ પ્રસ્તુત 'બૃહદ્ શાંતિ' છે.

કુલ ૮ રીતે વિભાગીકરણ થઈ શકે તેવા આ સ્તોત્રમાં પ્રથમ શ્લોક નિર્દેશાત્મક કે આશીર્વાદાત્મક **મંગલાચરણ**નો વિભાગ છે. જેઓ ત્રિભુવનગુરુ એવા અરિહંતની ભક્તિવાળા છે તેઓને શાંતિ થાઓ, ''તે આપ શ્રીમાનોને આરોગ્યાદિની પ્રાપ્તિ કરાવનાર, ક્લેશના વિધ્વંસમાં હેતુભૂત એવી શાંતિ થાઓ''. આ આશીર્વાદ વાક્ય છે તથા નિર્દેશ વાક્ય આ રીતે છે → કે જેઓ અર્હદ્ભક્તિવાળા તેઓ આરોગ્યાદિની પ્રાપ્તિ રૂપ શાંતિને પામનારા હોય છે.

બીજો વિભાગ भो भो भव्यालोका: થી માંડી નિશમ્યતાં સ્વાહા સુધીના પદો 'પીઠીકા' રૂપ છે. આમા તીર્થંકર ભગવંતોના જન્માભિષેક પ્રસંગે થતી ઈન્દ્રની 'ઉદ્‌ઘોષણા'નો ઉલ્લેખ છે તે આ 'શાંતિ-ઉદ્‌ઘોષણા' કહેવાય છે. આ ઉદ્‌ઘોષણાને અનુરૂપ જ ॐ पुण्याहं ઈત્યાદિ સમસ્ત ગાથાઓ છે. માટે આ બીજા વિભાગને 'પીઠીકા' કહી છે. અહીં 'સ્વાહા' શબ્દ મનનીય છે તે આ મુજબ → સ્વાહા, વૌષટ્, સ્વધા, હન્ત... આ ચાર શબ્દો 'પરિત્યાગ અર્થ'નો સૂચક છે. તેમાં સ્વાહા, વૌષટ્ (વષટ્) દેવતાઓને ઉદ્દેશીને પરિત્યાગ કરવો હોય ત્યારે વપરાય છે. 'સ્વધા' પિતૃઓને ઉદ્દેશીને તથા 'હન્ત' માનવોને ઉદ્દેશીને પરિત્યાગના અર્થમાં વપરાય છે.

सुष्ठु आहूयते देव अनेनेति 'स्वाहा' = જેના થકી દેવો સારી રીતે બોલાવાય છે તે 'સ્વાહા'. બીજો અર્થ જે વાણી વડે સારી રીતે પરિત્યાગ (નૈવેદ્યાદિનો) કરવામાં આવે તે 'સ્વાહ'... પ્રસ્તુત પીઠીકામાં પ્રથમ અર્થ સ્વાહા માટે ઈષ્ટ છે.

ॐ पुण्याहं...થી શાંતિપાઠ શરૂ થાય છે. અહીંથી માંડી આઠ (૮) ગદ્યબદ્ધ ફકરાઓમાં શાંતિ અંગેની પ્રાર્થના, શુભકામના કરવામાં આવી છે. અહીં પ્રારમ્ભમાં ચોવીશ તીર્થંકરોને નવ (૯) વિશેષણોથી બિરદાવવામાં આવ્યા છે. વિશેષણ એટલે વિશેષતા-વૈશિષ્ટ્ય સૂચક પદો.

અલબત્ત 'ભગવન્ત' શબ્દથી પણ તીર્થંકરોનું વૈશિષ્ટ જણાય જ છે, અને તેથી એક જ પદથી કામ ચાલી જાય. છતાં જુદા જુદા અનેક વિશેષણોના ઉલ્લેખમાં કર્તા દ્વારા પ્રભુ પ્રત્યે વિશિષ્ટ અહોભાવ, કૃતજ્ઞતા પ્રગટ કરવા રૂપ હેતુ રહેલો છે. તેમજ અમુક દાર્શનિક કારણો પણ અત્ર સમજી શકાય તે આ રીતે →

માત્ર 'ભગવન્ત' વિશેષણ કહે તો તેનો એક અર્થ વૈભવ, સૌંદર્ય હોવાથી તે વૈભવ તો ભૌતિક વસ્તુ છે, જે સામાન્ય છે તેથી 'अर्हन्त' કહ્યું. આ પદ તીર્થંકરોમાં વિશેષ પ્રકારની 'પૂજ્યતા' દર્શાવે છે. વળી આ પૂજ્યતા માત્ર આડમ્બર રૂપ નથી પણ પરમાત્માની સર્વજ્ઞતા અને સર્વદર્શિતાને લઈને છે તેથી તેમજ કેટલાક દર્શનકારો પોતાના ભગવાનને સર્વજ્ઞ-સર્વદર્શી નથી માનતા તેની બાદબાકી કરવા માટે ઉપરોક્ત બે વિશેષણો મૂક્યા છે. વળી આ તીર્થંકરો સર્વજ્ઞ-સર્વદર્શી હોવા સાથે વિશ્વના પ્રાણીઓનો યોગક્ષેમ કરે છે અને તેથી તેઓ ત્રણ લોકમાં અર્ચના પામેલા, ત્રણ લોકમાં પૂજ્યતા પામનારા છે. (શ્રેષ્ઠ પુષ્પ, અક્ષતાદિ સામગ્રી વડે જે ભક્તિ કરાય તે અર્ચના છે તથા જ્ઞાનાદિ ગુણવતાને લઈ ભક્તિ કરવી તે 'પૂજ્યતા' છે. એની વિવક્ષા કરી શકાય.) આમ त्रिलोकनाथा: વગેરે ત્રણ વિશેષણો ભિન્ન-ભિન્ન અર્થના સૂચક છે.

त्रिलोकेश्वरा : → ત્રણે લોકમાં જે સુખ-આનંદ-આત્મૈશ્વર્ય કોઈ પાસે નથી તેવું સુખાદિ જેઓ પાસે છે તેવા આ તીર્થંકર પ્રભુ છે.

त्रिलोकोद्यत करा: → પોતાના જ્ઞાન પ્રકાશ વડે જેઓ જગતના ચર-અચર સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરે છે, અર્થાત્ જ્ઞાન-ઉદ્યોત પાથરે છે પણ તે જ્ઞાન સ્વ સુધી જ સીમિત રાખનારા નથી.

આ બે વિશેષણો તીર્થંકરો વિશિષ્ટ સુખાનંદ અને જ્ઞાનાનંદ

– પરોપકારના સ્વામી છે તેના દ્યોતક છે. આવા ૨૪ તીર્થંકરો શાંતિ કરનારા થાઓ અર્થાત્ પ્રશમ સુખ આપનારા થાઓ.

આ પ્રથમ ગદ્ય-પાઠમાં તીર્થંકરો દ્વારા શાંતિની કામના, આશીષ માંગ્યા છે. બીજા શાંતિપાઠ → 'ૐ મુનયો...માં મુનિપ્રવર એટલે મુનિઓમાં શ્રેષ્ઠ એવા મુનિઓથી લબ્ધિવંત મહર્ષિઓનું ગ્રહણ કર્યું છે અને તેઓ પાસે શત્રુ વડે થતો આપણી ઉપરનો વિજય અર્થાત્ પરાભવની ઘડીમાં તથા દુર્ભિક્ષાદિ વખતે રક્ષણ માંગવામાં આવ્યુ છે.'

ત્રીજા શાંતિપાઠમાં — નવ (૯) સ્વરૂપે સરસ્વતીને કહી છે ('શ્રી થી મેઘા' સુધીના નવ પદો) ''આ સરસ્વતીની સાધનામાં, યોગસાધના પ્રવેશમાં, મંત્ર જાપના નિવેશમાં જેઓનું નામ સાદર લેવાય છે, તે જિનવરો જય પામો''. આમ કહીને તીર્થંકરો સહ સરસ્વતીનું સાનિધ્ય માગ્યું છે – બીજો એક અર્થ શ્રી આદિ પદો, 'શોભા', 'મર્યાદા', 'ધીરજ', 'વિચારશક્તિ', 'સંપ્રધારણસંજ્ઞા', 'ખ્યાતિ', 'કાંતિ', 'બુદ્ધિ = હિત અહિતની તારણશક્તિ', 'સંપત્તિ-પ્રતિભા' એવો ગુણવાચી અર્થ પણ થાય છે.

ચોથા શાંતિપાઠમાં → રોહિણી આદિ ૧૬ વિદ્યાદેવીઓ પાસે 'રક્ષણ' યાચવામાં આવ્યું છે. રક્ષણ એટલે અહીં 'પુષ્ટિ' અર્થ સમજવો. રોગ-શોક-ચિંતાદિથી મુક્તિને 'પુષ્ટિ'નો અર્થ છે. સિદ્ધચક્ર યંત્રમાં જે 'અ' વગેરે ૧૬ સ્વરોની સ્થાપના છે તે આ ૧૬ વિદ્યાદેવીઓના વાચક છે.

પાંચમા શાંતિપાઠમાં આચાર્યાદિ ચાર વર્ણ (= આચાર્ય, ઉપાધ્યાય, શ્રમણ, શ્રમણી)ની શાંતિ ઇચ્છવામાં આવી છે.

છઠ્ઠામાં નવગ્રહ, લોકવાલાદિ દેવો પ્રસન્ન થાઓ! તેમજ રાજાઓ અક્ષય કોષ્ઠાગાર વાળા થાઓ! ની પ્રાર્થના કરવામાં આવી છે.

સાતમામાં બંધુવર્ગના આમોદ-પ્રમોદની કામના કરી છે.

શંકા :– રાજાના કોઠાર ભરાઓ! પુત્રાદિ સ્વજનો, બંધુઓ આમોદ-પ્રમોદ કરો! ઈત્યાદિ ભાવો કરવાથી શું સાવદ્યના પોષણનું અસંયમની અનુમોદના જન્ય દોષ માથે ન આવે?

સમાધાન → કથિત ભાવોમાં પરમાર્થ સત્યનો દૃષ્ટિકોણ જો સમજાય તો ઉપરોક્ત શંકાને સ્થાન ન મળે. તે આ મુજબ કે રાષ્ટ્ર, દેશસુરક્ષાનો આધાર રાજા કે મિનિસ્ટર્સ વગેરે હોય છે. નાનકડુ ઘર બનાવાથી માંડી વિરાટ મંદિર, તીર્થ નિર્માણ કે નિર્વાહ સુધીના કાર્યોમાં કે શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની વિવિવ કાર્યવાહી હોય તેમાં રાજકીય નિયમો, સંવિધાનો સહાયક બનતા હોય છે, વળી તેમાં મૂળ હર્તા-કર્તા રાજા કે મિનિસ્ટર્સ હોય છે. તે જો રાજા મંદ પુણ્ય હોય તો આખા રાજ્ય પર તેની બુરી અસર વર્તાય. અને તેથી ધર્મપુરુષાર્થ, મોક્ષપુરુષાર્થ ઉપરેય ફટકો પડે. માટે રાજા સંબંધી પુણ્યની / કુશળ ક્ષેમની કામના કરવા સ્વરૂપે ઉપરોક્ત શાતિપાઠ કરવામાં આવે છે. અહીં રાજા દ્વારા થતી સાવદ્ય પ્રવૃત્તિના અંશની અનુમોદના નથી કરતા પરંતુ જેમ જળ, પુષ્પાદિ પૂજાની 'પૂઅણવત્તિયાએ' વગેરે શબ્દો દ્વારા જે અનુમોદના શ્રમણો પણ કરે છે, તેમાં સાવદ્ય અંશની અનુમોદના નથી હોતી પણ શુભકાર્ય, શુભભાવોની અનુમોદના હોય છે તેમ પ્રસ્તુતમાં પણ સમજવું કે રાજા, સ્વજનાદિની શુભકામના પાછળ ધર્મસંસ્થાનો, ધર્મગુરુઓ, મોક્ષમાર્ગની રક્ષાનો ઉદ્દેશ્ય છે. વળી ઉપરોક્ત વચન માત્ર શાંતિની ઘોષણા રૂપ છે. આ ઉદ્‌ઘોષણા માત્રથી કંઈ સાવદ્ય અનુમોદના માથે ચડી જતી નથી.

આગળ આયતનમાં વસનારા સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકાની શાંતિ અંગે કામના કરી છે. ''આયતન એટલે જ્યાં શીલ સંપન્ન ચારિત્ર સંપન્ન સાધુ-સાધ્વી વગેરે રહે તેનું સ્થાન વિશેષ''. યાદ રહે કે આ બૃહદ્ શાંતિમાં કુળ ત્રણ વાર શ્રમણ સંઘ માટે શાંતિ, તૃષ્ટિ-પુષ્ટિની કામના કરી છે. કારણ શ્રમણસંઘ એ જૈન વિશ્વનો સ્તંભભૂત તો છે જ, સાથો સાથ આખી વિશ્વ સંસ્કૃતિ માટે પણ આધારભૂત, આદર્શભૂત છે.

નવમા શાંતિ પાઠમાં બધે સદા મંગલ-ઉત્સવ થાઓ, પાપ, હરિતો નાશ થાઓ તેવી શાંતિ ઇચ્છવામાં આવી છે.

આ પ્રમાણે નવ રીતે શાંતિની ઉદ્‌ઘોષણા કર્યા બાદ.

સ્તોત્રના નામને અનુરૂપ શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ ત્રણ શ્લોકો વડે કરી છે. આમા પ્રથમ શ્લોકમાં પૂજાતિશય સ્ફૂટ થાય છે → અમરાધીશ = દેવેન્દ્ર. આ દેવેન્દ્રોના મુગુટ વડે પૂજાયા છે ચરણ જેઓના તેવા પ્રભુ. બીજી ગાથામાં જ્ઞાનાતિશયની ઝલક રહી છે → ગુરુ: જ્ઞાન આપે તે ગુરુ. 'ગૃ' શબ્દ ગિરા એટલે 'વાણી'ના અર્થમાં છે. જ્ઞાન, વાણી વડે અજ્ઞાનના અંધકારને દૂર કરે તે 'ગુરુ'. આવા ગુરુ = શાંતિનાથ પ્રભુ શાંતિ આપો. આમ અહીં જ્ઞાતાતિશય, વચનાતિશયનું પ્રાધાન્ય છે.

ત્રીજામાં ઉપદ્રવ વગેરે અપાયો ઉન્મૃષ્ટ (= વિનાશ) થવાની

વાત કરવામાં આવી છે. તેથી આ શાંતિનાથ પ્રભુ અપાયોને દૂર કરનાર. 'અપાયાપગમાતિશય'થી યુક્ત છે તેનો સંદર્ભ સમજાય છે.

આ પ્રમાણે શાંતિસ્તવ કરીને (શ્રમણસંઘ વગેરે) નામ-ગ્રહણ પૂર્વક 'શાંતિ' ઉચ્ચારવામાં આવે છે.

**નામગ્રહણના ક્રમના હેતુ :**

ક્ર. ૧. સમ્યગ્ જ્ઞાન, સદાચાર દ્વારા સંસ્કૃતિના રક્ષણ હાર જીવંત સદ્ધર્મમૂર્તિ શ્રમણ ભગવંતો છે માટે સર્વ સંસ્કૃતિની આધારભૂમિ જેવા ''શ્રમણસંઘ''ની શાંતિ પ્રથમ ક્રમે ઉચ્ચારવામાં આવી છે.

ક્ર. ૨. આ શ્રમણો જ્યાં રહે છે અથવા સમગ્ર લોકો જ્યાં વસે છે તે જનપદ = દેશ. માટે તેની શાંતિ.

ક્ર. ૩. આ જનપદના રખેવાળ રૂપે રાજા છે, માટે તેની શાંતિ ઉચ્ચારી છે.

ક્ર. ૪. રાજાઓ જ્યાં રહે છે તે નિવાસ-સ્થાનની શાંતિ.

ક્ર. ૫. રાજાઓ પણ કટોકટીનો મૂંઝવણોમાં વિદ્વદ્ મંડળી (ગોષ્ઠિકો)ની સલાહ લેતા હોય છે માટે તેઓની શાંતિ.

ક્ર. ૬. વિદ્વાનાદિની મંડળીઓની ગોઠવણી, વ્યવસ્થાપન નગરના અગ્રણીઓ, નગરશેઠ દ્વારા થાય છે માટે તેઓની શાંતિ.

ક્ર. ૭. નગરજનોને લઈને નગરશેઠનું મહત્ત્વ છે માટે તેઓની શાંતિ.

ક્ર. ૮. આ રીતે માનવ-ગણની શાંતિ ઉચ્ચારાઈ, શેષ દેવ-તિર્યંચ-નારકીની શાંતિ. 'બ્રહ્મલોક' શબ્દ દ્વારા સમજી શકાય અથવા ક્ર. ૭ સુધી માનવોની વિશેષથી 'શાંતિ' ઉચ્ચારાઈ. હવે છેલ્લે સામાન્યથી સમસ્ત માનવભવ તેમજ બીજીય ત્રણ ગતિના જીવોની 'શાંતિ' ઉચ્ચારણ કરાઈ છે, તેમ સમજવું.

આ પ્રમાણે પીઠીકા, શાંતિ ઉદ્‌ઘોષણા, શાંતિનાથ સ્તવ, શાંતિ ઉચ્ચાર કર્યા બાદ ત્રિખંડાત્મક મંત્ર દ્વારા ત્રણ આહૂતિઓ આપવા માટે ૐ સ્વાહા... ઈત્યાદિ ત્રિપદી બોલાય છે.

પ્રાંતે આ શાંતિપાઠ ક્યારે? કઈ અવસ્થામાં ક્યા ઉપચાર પૂર્વક? બોલવાનો છે તેનો નિર્દેશ કરતા एषा शांति... થી दातव्यमिति પાઠ છે. તે આ મુજબ :– આ શાંતિપાઠ પ્રતિષ્ઠા, રથયાત્રા, સ્નાત્રાદિ પ્રસંગે અમુક વિશિષ્ટ ગુણ સંપન્ન શ્રાવક, કેસર-ચંદન-કર્પૂર-અગરૂદૂપ વાસ (= વાળો વગેરે સુગંધીચૂર્ણ) કુસુમાંજલિના ઉપચારવાળો, મંત્રોચ્ચાર પૂર્વક સ્નાન કરેલો, શ્વેતવસ્ત્ર-અલંકાર-ચંદનથી અલંકૃત, કંઠમાં પુષ્પમાળાના ધારણ કરેલો, (એવો શ્રાવક) હાથમાં અભિમંત્રિત જળવાળા શાંતિ-કળશને લઈને સ્નાત્ર મંડપમાં ઊભો રહી ('શાંતિપાઠ') બોલે. શાંત પૂર્ણ થયે સૌના મસ્તકે જાન ચડાવે – છાંટે આનાથી શાંતિ = પ્રશમ ભાવ અનુભવાય છે.

વર્તમાન સ્નાત્રાદિ પ્રસંગોમાં શું આવી રીત-વિધિથી શાંતિ કળશ થઈ રહ્યો છે? તે ખૂબ જ વિચારણીય છે. ''આટ-આટલુ ધર્મ કરવા છતાં ફળ મળતું નથી''ની બૂમો પાડનારાએ સમજવું ઘટે છે કે વિધિ-વિધાનો બરોબર સચવાતા નથી તેનું જ આ પરિણામ છે. દ્રવ્યશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, ભૂમિશુદ્ધિ, સૂત્રશુદ્ધિ વગેરેથી નાનુ ય સુકૃત શીઘ્રથી ફળદાયી બને છે. એમ તાત્પર્ય છે.

શાંતિ કળશ પૂર્ણ થયે ભક્ત પ્રભુ સમક્ષ નૃત્ય કરે છે. મણિ-પુષ્પોની વર્ષા કરે છે. અષ્ટમંગલ આલેખે છે. વિવિધ સ્તોત્રો બોલે છે; આમ પ્રભુભક્તિ કર્યાની અનુમોદના, આનંદ માણે છે.

પ્રાંતે શિવમસ્તુ ગાથા દ્વારા સકળ વિશ્વમાં શિવમ્ = શાંતિ વર્તાય, સર્વે જીવો પરહિતમાં તત્પર બને તથા સર્વના દોષો નાશ પામે તેમજ સર્વત્ર સુખ બન્યુ રહે તેવી ભાવના દર્શાવી છે.

'अहं तित्थयरमाया' → તીર્થંકરની ભાવ માતા 'શિવા એટલે કરુણા નામની દેવી' છે. કારણ કરુણાભાવના = 'સવિ જીવ કરૂ શાસન રસી'નો ભાવનાના વૈશિષ્ટયથી તીર્થંકરત્વનો જન્મ થાય છે.

તુમ્હ નયર નિવાસીની → હે જીવ તારામાં હૂં વસનારી છું. જીવ માત્ર પ્રત્યે પ્રભુને કરુણા છે માટે જીવ-નગરમાં વસનારી કરુણા અમારું-તમારું સૌનું 'શિવ' કરો.

(શિવાદેવી શ્રી નેમિનાથ પ્રભુના માતા તરીકે પણ કહેવાય છે.)

शिववस्तु सर्व जगत: → તીર્થંકરોના રચયન - જન્મ કલ્યાણ વખતે ૧૪ રાજમાં અજવાળા, પરમશાંતિ મળે છે,

परहित निरता → તીર્થનો દીક્ષાગ્રહણની પરહિત માટે તત્પર બને છે.

दोषा प्रसन्तु नाशं → સમગ્ર દોષો નાશ પામતા કૈવલ્ય પ્રગટે છે.

सर्वत्र सुखी भवंतु कोश → નિર્વાણ થતા સિદ્ધો તરફથી કોઈ જ જીવ હશે દુ:ખી થવાનું નથી. આમ આ શ્લોકની અંતર્ગત ૫ કલ્યાણને ચિંતવી શકાય તેમ છે.

✦ ✦ ✦

Adinath Jain Stweamvber Tample Trust,
Chikpet Main Road,
Chickpet, Bangalore - 560053
Ph;080 41140142, 080 22873678

# મારો અસબાબ – ૪

## સાહેબના ય સાહેબ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**એ** દિવસે અનુભવેલી નવી તાજગીનું સ્મરણ આજે પણ એટલું જ તરોતાજા છે. એ દિવસે પિતાની આંખમાં આશા હતી, તો માતાની આંખમાં ઉમંગ. દીકરો આજે નિશાળે ભણવા બેસવાનો! ઘરના વાતાવરણમાં ચોતરફ નવો ઉત્સાહ અને ઉજાસ પ્રવર્તતો હતો. દફ્તર બરાબર તૈયાર કર્યું. એમાં પાટી અને પેન મૂક્યા અને પછી માતા-પિતાએ કહ્યું, 'નિશાળમાં ભણવાની બહુ મજા આવશે. કેટલાય દોસ્તો મળશે. ખૂબ ખૂબ ભણવા મળશે અને તું ખૂબ ભણજે.'

નવું નકોર શર્ટ અને ચડ્ડી પહેરાવ્યાં અને પછી પિતા 'જયભિખ્ખુ'એ પેંડાનું પૅકેટ કાઢીને પહેલાં ઘરમાં અને પછી પટેલના માઢમાં પડોશમાં રહેતાં પટેલોને વહેંચ્યાં. અમદાવાદની વાડીલાલ સારાભાઈની હોસ્પિટલ પાસે આવેલાં માદલપુર ગામમાં માઢમાં વસતા પટેલોને 'જયભિખ્ખુ'નો ઉમંગ ઓળખાયો નહીં. દીકરો નિશાળે જાય, એમાં તે વળી કઈ મોટી વાત! અહીં કેટલાક પટેલો ખેતી કરતા હતા, તો કેટલાકના ઘરની બહાર ઢોર-ઢાંખર બાંધેલા હોય. પશુપાલન એ જ એમનો વ્યવસાય. પણ પડોશી પટેલોના મનમાં 'જયભિખ્ખુ'ને માટે એવો ફાંકો હતો કે આપણાં વાસમાં પંડિત પણ વસે છે, અને તે ય છેક કાશી બનારસમાં ભણી-ગણીને આવેલા પંડિત લેખક છે, એની જાણ નહીં! એટલે એમણે મન વાળી લીધું કે જે પોતે પંડિત હોય અને એનો દીકરો ભણવા બેસાડે, તેમાં આવો હરખ થતો હશે.

એ જમાનામાં 'નર્સરી સ્કૂલ' એ માત્ર સંપન્ન પરિવારોનો એકાધિકાર ધરાવતી હતી. એમનાં સંતાનો ત્યાં ભણે. વળી અમારા કુટુંબમાં આવી કોઈ 'નર્સરી સ્કૂલ'ની વાત પણ થતી નહોતી. હજી માંડ શહેરમાં સ્થિર થતા હતા, ત્યાં આર્થિક રીતે સહેજે પરવડે તેવું પણ નહોતું. આથી માદલપુરના માઢની બાજુમાં આવેલી મ્યુનિસિપલ શાળા નં. ૬માં મેં પ્રવેશ મેળવ્યો. એ સમયે નવચેતન કે દિવાન બલ્લુભાઈ શાળા જેવી પ્રતિષ્ઠાસંપન્ન સ્કૂલો હતી, પરંતુ અમારે માટે તો આ સ્કૂલ એ કુટુંબની પહેલી પસંદ હતી, કારણ કે અમારા વડીલોનાં સંતાનોએ આ મ્યુનિસિપાલટી નિશાળમાંથી જ વિદ્યારંભ કર્યો હતો.

આથી માતા-પિતાને બદલે મારા બાપુજી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈના પુત્ર નીતિનભાઈ મને સ્કૂલમાં મૂકવા માટે સાથે આવ્યા. તેઓ આ સ્કૂલમાં ભણતા હોવાથી મારો પ્રવેશ અને પરિચય આસાન બનશે, એવી સહુની ધારણા હતી. એ જમાનામાં મ્યુનિસિપાલટી સ્કૂલનો પણ એક મોભો-મરતબો હતો, પણ આપણે એવી શિક્ષણ વ્યવસ્થા ઊભી કરી કે પ્રાઈવેટ સ્કૂલોનો મહિમા વધ્યો અને મ્યુનિસિપાલિટી સ્કૂલ સાવ પડી ભાંગી! હમણાં અમદાવાદ મહાનગરમાં એવો સર્વે કરવામાં આવ્યો કે મ્યુનિસિપાલિટી સ્કૂલમાં ભણીને કેટલા લોકો આગળ વધ્યા છે, તેની નામાવલિ તૈયાર કરવી. એનો અર્થ જ એ કે આજે એનું શિક્ષણ એ ઇતિહાસનો અવશેષ બની ગયું છે.

પણ ખેર, મારી મ્યુનિસિપલ શાળા નં. ૬ ત્રણ માળ ધરાવતી હતી. નાની સાંકડી જગામાં ઊંચુ મકાન. અડોઅડ ગોઠવી દીધેલી બેન્ચ અને સામે ટેબલ-ખુરશી અને બ્લેક બોર્ડ. આટલું એક ખંડમાં સમાવી શકાય એટલે એ વર્ગખંડ કહેવાય.

પહેલા દિવસે નિશાળમાં પ્રવેશતાં જ આસપાસ આખી કોલાહલભરી બાળસૃષ્ટિ ઊભી થઈ. કેટલાક તોફાની-મસ્તી કરવા લાગ્યા, જ્યારે હું ચૂપચાપ બેન્ચ પર બેસી રહ્યો. સ્વભાવમાં સંકોચ પણ ખરો અને એથીયે વધારે તો એકમાત્ર સંતાન હોવાને કારણે આપોઆપ જાગેલું અતડાપણું પણ. એ સમયે વર્ગમાં શિક્ષકનો પ્રવેશ થાય, એ આશ્ચર્યની અવધિ ગણાય. બસ, એમને તાકી તાકીને જોયા કરીએ. એમની કઠોર વાણી અમારામાં શિસ્ત તો ઠીક, પણ ભય જગાવતી હતી. એવી કઠોરતા કે આજ સુધી ચિત્તમાં કોઈ શિક્ષકનું નાનું સરખુંય સ્મરણ રહ્યું નથી! નિશાળ એટલે ભય! એમાં સહુથી વધુ આનંદની ઘડી, તે નિશાળમાંથી મળતો મુક્તિનો સમય. રિસેસ પડે એટલે એકાએક કોલાહલની સુનામી સર્જાય અને નિશાળ છૂટવાનો જરા લાંબા સમય સુધીનો ઘંટ વાગે ત્યાં સુધીમાં તો સીડી પર ધક્કામુક્કી કરતા ધસમસતાં બાળકો સ્કૂલની બહાર નીકળી જાય. મુક્તિનો કેવો અપરંપાર મહિમા!

'નિશાળમાં બેસાડવાના' પહેલા દિવસ જેવો ઘટનાપ્રધાન

દિવસ જિંદગીમાં બીજો એકે હોતો નથી! બાળકને લઈને માતા કે પિતા પ્રવેશે, ત્યારે એમનાં મનમાં પરમ આશ્ચર્યનો ભાવ હોય! સાથે આંગળી પકડીને આવેલું બાળક ક્યાંક ગભરાયેલું હોય, થોડું ડરી ગયેલું પણ હતું. એકાએક કોઈ અણધાર્યા વિશ્વમાં આવી ગયું ન હોય! કોઈ બાળકના ચહેરા પર આશ્ચર્યલોકમાં આવ્યાની ચિંતાગ્રસ્ત રેખાઓ ઉપસી આવી હોય, તો કોઈ 'અવિરત ધારે' ભેંકડો તાણતું હોય. માતા કે પિતા અને શાંત પાડવાનો, સમજાવવાનો કે પટાવવાનો મરણિયો પ્રયાસ કરતા હોય. કોઈ બાળક તો એવું રડે કે ખુદ શિક્ષક પણ કહે કે તમે જરા બહાર બેસજો. જો એ વધુ રડશે તો તમારે એને ઘેર પાછો લઈ જવો પડશે. કોઈ મનોવિજ્ઞાનીએ નિશાળમાં પ્રવેશ પામતા બાળકની મનઃસ્થિતિનો અભ્યાસ કરવો જોઈએ, તો એને માનવ-મનમાં વસતા ભવિષ્યના ભય અંગે ઘણી ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થાય.

શરૂઆતના દિવસોમાં જે બાળકોને નિશાળમાં પ્રવેશ મેળવ્યો હોય, એમાંના કેટલાક બાળકોની માતા મ્યુનિસિપલ સ્કૂલની સામે આવેલાં હનુમાનજીના મંદિરના ઓટલા પર બેસતી હતી. સમય જતાં આવી માતાઓની મંડળી જામતી હતી અને પછી એવુંય લાગ્યું કે જેમ બાળક નિયમિતપણે નિશાળ જાય, તે રીતે એની માતા પણ 'જનની-મંડળી'માં સમયસર હાજરાહજૂર થઈ જાય. બાળક વર્ગમાં ભણે અને માતા મંદિરના ઓટલા પર આસનબદ્ધ બનીને ગામ-ગપાટાં લગાવે.

નિશાળની સીડી પરથી કોઈ બાળક રડતું-રડતું ઊતરતું હોય કે તરત આ બધી માતાઓની નજર એકસામટી એ તરફ જતી. શિક્ષિકા હાથ પકડીને એને ઘેર લઈ જવાનું કહે અને માતા બાળકને વર્ગમાં બેસવા સમજાવે! નિશાળ પ્રવેશનો પહેલો દિવસ એ જિંદગીમાં ગમ કે ખુશી આપનારી પહેલી ઘટના. ગમ વધુ, ખુશી ઓછી. સુખ અલ્પ અને દુઃખ વધુ. મ્યુનિસિપાલિટી શાળા નં. ૬માં ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. બીજા ધોરણમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો, ત્યારે ઈનામમાં અબ્રાહમ લિંકનનું જીવનચરિત્ર મળ્યું હતું. એ પુસ્તક અને એના પરનું લખાણ એ મારા પ્રાથમિક શિક્ષણની એકમાત્ર ગ્રંથ-સ્મૃતિ. એથી આજેય એને જોઉં ત્યારે મ્યુનિસિપલ શાળા નં. ૬ હાજર થઈ જાય. જેમ આ પુસ્તક સ્મરણ બની રહ્યું, એ રીતે એક બીજી ઘટના પણ હજી ચિત્તમાંથી સહેજે ભૂંસાઈ નથી.

એક વખતની વાત છે, શાળામાં છેલ્લાં ચારેક દિવસથી એકાએક પરિવર્તન દેખાતું હતું. રૂમોની સફાઈ ગઈ, ક્યાંક પુરાણા બ્લેકબોર્ડને વિદાય મળી. અત્યાર સુધી જે ભાંગેલી બેન્ચો લાંબા સમયથી બાળકોના નિસાસા સહન કરીને જીવતી હતી, એ ભાંગેલી બેન્ચોને સ્થાને નવી બેન્ચો મૂકવામાં આવી. કડક શિક્ષકોએ બાળકોને નમ્ર બનીને સમજાવ્યા કે 'જુઓ, સ્કૂલમાં ઈન્સ્પેક્શન આવી રહ્યું છે. તમારે શિસ્તબદ્ધ રીતે રહેવાનું છે.' આ ઈન્સ્પેક્શન એ વળી કઈ બલા હશે? અમારા ભયમૂર્તિ શિક્ષકોને પણ ભયભીત કરે એવું આ જગતમાં કોણ હશે? અને તેઓ નમ્ર બનીને વિદ્યાર્થીઓને શિસ્તના પાઠ શીખવવા લાગ્યાં. કહ્યું કે, 'એ દિવસે તેઓ જે પાઠ શીખવે, તેના વિદ્યાર્થીઓએ બરાબર જવાબ આપવા અને ઈન્સ્પેક્શનમાં આવેલાં અધિકારી પણ જો કંઈ પૂછે તો હોંશિયાર વિદ્યાર્થીએ તરત આંગળી ઊંચી કરીને ઉત્તર આપવાં.' આમ ઈન્સ્પેક્શન માટેની આખી વ્યૂહરચના ગોઠવાઈ ગઈ.

શિક્ષકોની અગ્નિપરીક્ષા હોય એવું લાગ્યું. અમારે મન આશ્ચર્ય તો એ હતું કે આપણા શિક્ષકોમાં એકાએક કેવું હૃદયપરિવર્તન અને વર્તનપરિવર્તન થઈ ગયું. વિદ્યાર્થીઓને સદાય ખડે પગે રાખનારા અને સજા ફટકારનારા શિક્ષકોને ઈન્સ્પેક્શનના દિવસે આજ્ઞાંકિત બનીને અધ્ધર શ્વાસે શિસ્તબદ્ધ ઊભેલા જોયા. ઈન્સ્પેક્શન માટે સાહેબોના ય સાહેબ આવ્યા. સહુ સ્તબ્ધ બની ગયા. વર્ગમાં આવીને એમણે અભ્યાસ કરાવતા શિક્ષક તરફ નજર ઠેરવી. વિદ્યાર્થીઓને નહીં, પણ શિક્ષકોને એક-બે પ્રશ્નો કર્યા.

દરમિયાન એકાએક મોટો ભૂકંપ સર્જાય તેવી ઘટના બની ગઈ. સ્કૂલમાં અભ્યાસક્રમમાં નિયત નહીં એવા ગાઈડ જેવાં કેટલાક પુસ્તકો શિક્ષકો ભણાવતા હતા. ઈન્સ્પેક્શન કરી રહેલા સાહેબોને ગંધ આવી ગઈ હોય કે ગમે તે થયું હોય, પણ એકાએક સ્કૂલના આચાર્ય એ પુસ્તકો છુપાવવા માટે દોડાદોડી કરતા હતા. માર્ગદર્શિકા(ગાઈડ)ની 'જીવનરક્ષા' કરવાની ઇમરજન્સી જાહેર થઈ. અમને વિદ્યાર્થીઓને આચાર્યનું આવું ગભરાયેલું, અણધાર્યું સ્વરૂપ પરિવર્તન સમજાયું નહીં, પણ ખેર, એ સમયની ઘટનાઓનાં દશ્યોની તંગદિલી મનમાં મઢાઈ ગઈ.

નિશાળનો અભ્યાસ ચાલતો હતો અને એવામાં એક ટ્યૂશન રાખ્યું. નારણભાઈ નામના શિક્ષક ટ્યૂશન માટે ઘેર આવે. કુટુંબમાં ત્રણેક વિદ્યાર્થીઓ સાથે બેસે. નારણભાઈ હરિજન હતા અને સાચે જ હરિ-જન હતા. અમારા કુટુંબમાં ગાંધી વિચારધારાનો પ્રભાવ હોવાથી કોઈ ભેદભાવની વાત જ નહોતી. વિદ્યાવાન કુટુંબમાં

શિક્ષકને સાહજિક આદર સાંપડતો હોય છે. એવો આદર અમારા વડીલો પણ નારણભાઈને આપતા. નારણભાઈ અમદાવાદના વાસણા વિસ્તારમાં રહેતા હતા. એ સમયે એ વિસ્તાર ઘણો દૂરનો વિસ્તાર હતો. એક અલાયદુ ગામ જ હતું. તેઓ વાસણાથી સાયકલ પર બેસીને આવે અને અમને સહુને ગણિત અને વિજ્ઞાન શીખવે. વિજ્ઞાનમાં આનંદ આવે, પણ ગણિત સહેજે ગમે નહીં. 'વારસાગત વૈશિષ્ઠા' હોય કે પછી આંકડાઓમાં એકાગ્ર થવાની અશક્તિ હોય, પણ ગણિતના વિષયમાં વારંવાર ભૂલો થતી. આવે સમયે નારણભાઈ ગુસ્સે થવાને બદલે ફરીથી સમજાવતા. વિદ્યાર્થીનું જીવન ડરામણું કે રળિયામણું બનાવવાનો કેટલો મોટો આધાર શિક્ષક પર છે!

આમ એક જ સમયે શિક્ષકના બે રૂપ જોવા મળતાં. એક નિશાળના ધમકાવતા શિક્ષકો અને બીજાં સમજાવતાં શિક્ષકો. શિક્ષકમાં નમ્રતા, સૌજન્ય અને અભ્યાસ કરાવવાની કેવી લગની હોય એનો પરિચય નારણભાઈ પાસેથી મળ્યો. શિક્ષક વિદ્યાર્થીને કેટલું બધું આપે છે, એ માત્ર પાઠ્યપુસ્તકના પાઠ જ ભણાવતા નથી, બલ્કે જીવનગ્રંથનાં પ્રકરણો પણ શીખવે છે. સાચો શિક્ષક જ્ઞાનસાધનથી હૃદય સમૃદ્ધિ કરે છે. એ જ્ઞાન પુસ્તકોમાં વસ્તું નથી, કિંતુ વિદ્યાર્થીને હૃદયમાં ધબકે છે.

મ્યુનિસિપાલિટી સ્કૂલમાં ચાર ધોરણ કરીને પછી અમદાવાદના પ્રિતમનગરના અખાડા પાસે આવેલી પ્રોપરાયટરી સ્કૂલમાં દાખલ થયો અને આ સ્કૂલમાં એક જુદા જ વાતાવરણનો અનુભવ થયો. એમાં પણ ઇતિહાસના શિક્ષક શ્રી વલ્લભભાઈ ધારૈયાના વર્ગની તો કાગડોળે રાહ જોતો. હાથમાં ઇતિહાસનું પુસ્તક લઈને તો એ ક્યારેય ઇતિહાસ ભણાવતા નહીં, પરંતુ વર્ગમાં ઇતિહાસનાં પાત્રોના ચરિત્રનું કથામાં રૂપાંતર કરીને એને છટાદાર અને રસપ્રદ રીતે પ્રસ્તુત કરતા. અભ્યાસક્રમની તો ઐસીતૈસી. ઇતિહાસને પ્રકરણવાર શીખવવાની કોઈ પરવા નહીં, પણ એમણે છટાદાર શૈલીમાં અભિનય સાથે જીવંત કરી દીધેલી એ ઇતિહાસકથાઓએ વર્ગખંડની એ દિવાલોને ઓગાળી દીધી હતી. ઇતિહાસનાં એ પાત્રો રાણા પ્રતાપ, છત્રપતી શિવાજી કે ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ વર્ગખંડમાં મુખોમુખ નજરે પડતાં. આનાથી ઇતિહાસમાં રસ જાગ્યો. એવું પણ બનતું કે કોઈ શિક્ષક ગેરહાજર હોય, ત્યારે ધારૈયાસાહેબ વર્ગ લેવા આવતા અને જેમ રાજવીનો દરબાર પ્રવેશ થતો હોય અને જેવો હર્ષભર્યો આનંદ ઉભરાતો હોય એવા આનંદ-સત્કારથી અમે એમનું સ્વાગત કરતા.

ગણિતના શિક્ષક પુરુષોત્તમ સુથારની ખૂબ કડક શિક્ષક તરીકે છાપ હતી. ભૂલ થાય તો સાદી કેદની સજા રૂપે વિદ્યાર્થીને બેન્ચ પર ઊભા રાખતા. જરૂર પડે, પાકી કેદની સજા ફરમાવતા, તમાચો લગાવતા અથવા અંગૂઠા પકડાવતા. આવી એમની સજાનો મને પણ એકવાર લાભ મળ્યો હતો. જ્યારે જયંતિભાઈ ડેલીવાલા એ ખૂબ સ્નેહથી ભણાવતા. વિદ્યાર્થીઓ પર વાત્સલ્યભાવ રાખતા. દસમા ધોરણમાં નિશાળમાં યોજાયેલી વક્તૃત્વ-સ્પર્ધામાં ઝૂકાવ્યું. પ્રથમ ઈનામ સાથે ડેલીવાલા સાહેબની ઉમળકાભરી શાબાશી પણ મળી હતી. અભ્યાસકાળ પછી પણ એમની સાથે ગુરુ-શિષ્યનો સંબંધ રહ્યો. ક્યારેક મારા ઘેર પણ આવતા, ઈન્ડિયન રેડક્રોસનાં સેવાકાર્યોમાં સક્રિય હતા અને એથી જ એમણે મારી પાસે રેડક્રોસના સ્થાપક હેન્રી ડૂનાન્ટનું ચરિત્ર લખાવ્યું હતું.

શ્રીમતિ કુસુમબહેન રમેશભાઈ પંડિત નવમા ધોરણમાં મારા વર્ગશિક્ષક હતા. ખૂબ ચીવટપૂર્વક ભણાવતા અને સમયસર અભ્યાસક્રમ પૂરો કરતા. એમની ગંભીર પ્રકૃતિ અને વ્યવસ્થિત રીતે અભ્યાસ કરાવવાની પદ્ધતિ ગમી ગઈ. બન્યું એવું કે શૈક્ષણિક વર્ષની અધવચ્ચે એમને અન્ય વર્ગના વર્ગશિક્ષક તરીકે જવાબદારી સોંપાઈ. એમની વિદાય સાંભળીને વિદ્યાર્થીઓમાં સન્નાટો મચી ગયો. એ દિવસે વર્ગમાં બધા વિદ્યાર્થીઓની આંખમાં આંસુ આવ્યા હતા. જો શિક્ષક ગંભીર, અભ્યાસનિષ્ઠ અને અભ્યાસક્રમને પૂરેપૂરો ન્યાય આપનારો હોય તો એ વિદ્યાર્થીના મનમાં સદાકાળ વસી જતો હોય છે. એ પછી તો કુસુમબહેન મારી નજીકના વિસ્તારમાં રહેવા આવ્યા અને એમને અવારનવાર મળવાનું બન્યું.

વિજ્ઞાનના અધ્યાપક અને લેખક ડૉ. એન. એમ. શાહના પુત્રી મંદાબહેન શાહ અને કવિ ન્હાનાલાલનાં પુત્રી ઉષાબહેન કવિ આ બંનેની છબી મનમાં જુદી રીતે અંકિત થઈ ગઈ. શ્રી એમ. એન. શાહ સાથે મારા પિતાશ્રી 'જયભિખ્ખુ'ને અંગત સંબંધ હતો. એમની સાથેના પારિવારિક સંબંધને કારણે મંદાબહેનનો સ્નેહ સાંપડ્યો, પણ મારી શરમાળ વૃત્તિને કારણે એમને ભાગ્યે જ મળવા જતો. 'જયભિખ્ખુ' પાસેથી કવિશ્રી ન્હાનાલાલની ઘણી વાતો સાંભળી હોવાથી ઉષાબહેનને જોતો, ત્યારે કવિ ન્હાનાલાલની છબી નજરે પડતી. એ સમયે આચાર્ય અને અંગ્રેજીના શિક્ષક વિક્રમભાઈ દેસાઈની હાઈસ્કૂલમાં ભારે ધાક હતી. વિક્રમભાઈ જ્યારે નિશાળના વર્ગની બાજુમાંથી પસાર થતા હોય કે તરત જ

શાંતિ સ્થપાઈ જતી.

એ સમય વીતી ગયો ત્યારબાદ તો સ્કૂલના કાર્યક્રમોમાં 'અતિથિવિશેષ' તરીકે જવાનું બન્યું. એમાં ય 'પદ્મશ્રી'નું સન્માન મળ્યું, ત્યારે સ્કૂલના ટ્રસ્ટીમંડળના ચેરમેન એવા જસ્ટિસ બી. જે. દિવાનસાહેબના પ્રમુખપદે કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમ સમયે આંખો ધારૈયાસાહેબ અને ડેલીવાલા સાહેબના સ્મરણથી ભીની થઈ ગઈ! માતાના પ્રેમની જેમ સ્કૂલનો પ્રેમ કદી છૂટતો નથી અને વહાલસોયા શિક્ષકની સ્મૃતિ કદી વિલીન થતી નથી!

(ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

---

*'મારો અસબાબ' લેખમાળાને ચારેતરફથી ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. અનેકોનેક લોકો માત્ર આ લેખ માટે પ્રબુદ્ધ જીવન સામયિક ફરી ફરી વાંચવા મંગાવી રહ્યા છે, ત્યારે આચાર્યશ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના આર્શીવાદરૂપે આ પત્ર આવ્યો, જેનો આનંદ પ્રબુદ્ધ વાચકો સાથે વહેંચવો જ રહ્યો.*



તા. ૧૯-૬-૨૦૨૧

સોલારોડ, અમદાવાદ.

ડૉ. સેજલબેન, (તંત્રી પ્રબુદ્ધ જીવન)

અમારા સાહિત્યરસિક, શિષ્યવર્ય અવારનવાર મને સાહિત્ય આપતા જ રહે છે. આજે મારા હાથમાં મે, ૨૦૨૧નાં પ્રબુદ્ધ જીવનનો અંક છે. લાગે છે કે પ્રબુદ્ધ જીવન ખરેખર પ્રબુદ્ધ લોકો માટે વાંચવું અનિવાર્ય બનતું જાય છે.

શ્રી કુમારપાળ ભાઈનો 'અંતિમ વેળાએ અમૃત' લેખ મને ખુબ જ સ્પર્શી ગયો છે. વર્ણનશૈલી એક સુંદર ચલચિત્ર પેદા કરે છે. Well એમાં વ્યક્ત થતી શ્રી કુમારપાળ ભાઈની માતા-પિતાની ભક્તિ ખૂબ જ અપીલ કરે છે. જો ઉગતી પેઢીમાં આવી દૃષ્ટિ આવી જાય, તો આજેય ભારત સ્વર્ગ છે. તે મહાન અમૃતમય બની જાય. એમાંથી તેમની માતાએ બંધ બારણે આપેલી તેમની ત્રણ શિખામણો દરેક દરેક પુત્રએ હૈયામાં કોતરી લેવા જેવી છે. મેં હમણાં જ શ્રી કુમારપાળ ભાઈને વાત કરતા જણાવ્યું છે કે આ લેખ મને ખાસ હૃદયસ્પર્શી ગયા છે.

તમે આ પત્રમાં મારો અંતિમ પત્ર લખવાનું શરૂ કર્યું છે, ચાલું જ છે. હવે દરેક વ્યક્તિ, મારી માની કે મારા પિતા પર આવી કોઈ વાત લખે તો પ્રબુદ્ધ વર્ગ પણ શુદ્ધ અને પ્રશુદ્ધ બને એવું મને લાગે છે.

એજ લિ. રાજમહાજના ધર્મલાભ.

# સમાજવિરોધી સામાજિક તત્ત્વોની વાર્તા

**આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા.**

**એ**ક હતું ચામાચીડિયું.

એની એક વિચિત્ર ટેવ. એ દહાડે ઉંઘે અને રાત્રે રખડે.

એના વતનમાં રહેતાં બધાંને એની આ ટેવ માટે ભારે અચંબો થાય. પણ આ ટેવ વિષે એને પૂછવાની કોઈ હિંમત ન કરે.

આમ જુઓ તો પૂછવાની હિંમત હોય તોય મેળ ન પડે. કેમકે પૂછનારાં બધાં જાગતાં હોય ત્યારે એ ઉંઘતું હોય, અને એને ભટકવાનો સમય થાય ત્યારે બીજાં બધાં જંપી ગયાં હોય. એકબીજાને મળે તો કાંઈ વાત થાય ને!

એનું વતન એક મોટું જંગલ.

એ જંગલમાં ભાતભાતનાં જાનવરો વસે. જાતજાતનાં પંખીઓ પણ રહે. બધાંનાં રહેઠાણો આગવાં. કોઈ ગુફામાં વસે. કેટલાંક બખોલમાં રહે. કોઈ વળી ગાઢી ઝાડીમાં ઘર કરીને રહેતાં. પંખીઓ મોટાભાગે ઝાડ પર માળા રચીને રહેતાં. સરીસૃપ પ્રજાતિના જીવો વળી બિલમાં કે દરમાં વસતાં.

ચામાચીડિયું આ વાતે આ બધાંથી સાવ નોખું પડતું. એ ન બિલમાં રહે, ન બખોલમાં. ન માળો બાંધીને વસે કે ન ગુફામાં કે ગાઢ ઝાડીમાં. રહેવાનો એનો અંદાજ બધાંથી અલગ જ હતો. એ એને જગ્યા મળે ત્યાં, કોઈ દોરડા પર, કોઈ વાંસની વળી પર, કોઈ ટોડલા પર, ઊંધે માથે અધ્ધર લટકે અને એ રીતે જ ઉંઘે. જીવે પણ એ જ રીતે. પાછું એ એકલું ન રહે; એ એના પરિવાર અને એના સમાજની સાથે જ રહે. એનો આખોયે સમાજ પણ એની જેમ જ ઊંધે માથે લટકતો લટકતો જીવે.

પાછું એ પ્રાણી ભારે બુદ્ધિશાળી. એના ઉડવાના રસ્તા વચ્ચે ગમે તેટલાં દોરી-દોરડાં કે તેની જાળો બાંધી હોય, અને એમાં એ ફસાઈ કે અટવાઈ જાય તેવી પાકી ગોઠવણ થઈ હોય, તો પણ એ તમામ અડચણોને વીંધીને તે આમથી તેમ ગલોટિયાં ખાતું ખાતું સલામત પસાર થઈ જ જાય; ક્યાંય અટવાય કે અથડાય તો નહીં જ. આ એક જ એની ક્રિયા ઉપરથી એની બૌદ્ધિક ક્ષમતાનો અંદાજ મળી જાય. ઝાઝું તો શું? પણ એની આ ક્ષમતા નિહાળ્યા પછી સમસ્ત પ્રાણીસમૂહ પણ સ્વીકારવા લાગ્યો હતો કે ખરેખર, આ પ્રાણી આપણા સહુ કરતાં વધુ બુદ્ધિમાન તો ખરું જ; બલ્કે આવી ક્ષમતા આપણામાં કોઈમાં તો નથી જ.

પરંતુ જંગલના પ્રાણી-સમાજને એક સવાલ ખૂબ પજવ્યા કરતો. સહુ વિચારતાં કે આ ચામાચીડિયું એ પશુ ગણાય કે પક્ષી?

એને ઊડતું જોઈને પશુ-સમાજ તેને પક્ષી સમજતો. તો તેની રાત્રિચર્યાને કારણે પંખીઓ તેને પશુ સમજતાં.

અરે બીજાની તો ક્યાં વાત કરવી? ખુદ એ ચામાચીડિયાના મનને પણ આ સવાલ ભારે મૂંઝવણ કરતો. તેને આ બેમાંના એક સમાજમાં ભળી જવાની તીવ્ર ઝંખના હંમેશા રહેતી. પણ તે ઝંખનાને સાકાર કેમ કરવી, તે એને નહોતું સમજાતું.

પોતાની આ ઝંખનાને સાકાર બનાવવા માટે તેણે ઓછી મથામણ નહોતી કરી. તે વારંવાર પશુ-સમાજના આગેવાનોને મળેલું અને પોતાનો સમાવેશ તેમનામાં કરવા માટે તેણે ખોળો પાથરવાથી માંડીને જાતભાતના પ્રપંચો તેમજ ખેલ રચેલા. પણ પશુઓના મોભીઓએ તેને ખાસ દાદ આપી નહીં. તેમણે ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે તમે ઊડતાં જીવ છો. પશું હોય તે ઊડે નહીં. આ કારણસર અમારો સમાજ તમને સ્વીકારી શકે નહીં.

આ પછી તે પક્ષી-સમૂહ પાસે ગયું. પોતાને તેમના સમૂહમાં સ્થાન આપવાની વિનંતિ કરી. પશુઓએ 'તે ઊડનારું પ્રાણી હોવાથી પંખી જ ગણાય' તેવું કહીને કાઢી મૂક્યું હોવાની વાત પણ કરી. તે મુદ્દાને દલીલ બનાવીને પોતાનો સમાવેશ પક્ષી-જાતિમાં થવો જ જોઈએ તેવો ભાર પણ તેણે મૂક્યો.

પક્ષીઓ સરળ હતાં. નિર્દોષ પણ એટલાં જ. તેમને બહુ પ્રપંચો ન ફાવતાં. જોકે પશુઓ તરફથી ચામાચીડિયાને અપાયેલા જવાબ વિષે તેમને પણ માહિતી તો મળી જ ગયેલી. પરંતુ તેમના મનમાં પણ કેટલાક સવાલો તો ધોળાતા જ હતા. જો આ પક્ષી હોય તો આપણી જેમ માળો બાંધીને કેમ નથી રહેતું? એ રાત્રે જ કેમ ઊડે છે? દિવસે કેમ ના ઊડે? એ ઊંધું જ કેમ લટકે? આપણી જેમ બે પગે બેસે કેમ નહીં? આ સવાલોના સંતોષકારક ખુલાસા મળે તો તેને સમાજમાં સમાવવા અંગે વિચાર થઈ શકે એવું તેમના મનમાં હતું.

તેમણે ચામાચીડિયાને આ બધા સવાલો પૂછ્યા. પરંતુ તેની પાસે તેના કોઈ જવાબ કે ખુલાસા નહોતા. તે તો પોતાના આટાપાટા જ રમતું રહ્યું.

હવે મજાની વાત એ હતી કે પક્ષીઓમાં ઘણા પક્ષી આ વિચિત્ર પ્રાણીથી ડરી ગયેલાં, ઘણાંને વળી તેની જીવનચર્યાથી ધૃણા પણ જાગતી, તો કેટલાંકને તેની બુદ્ધિમત્તાની વાતે તેના માટે માન પણ પેદા થયેલું. તેમને થતું કે આવું બાહોશ અને ચતુર જનાવર આપણા સમૂહમાં હોય તો ક્યારેક ખૂબ ઉપયોગી થાય.

આવાં પક્ષીઓએ તેની વકીલાત કરવા માંડી. તેઓ બાકી બધાંને સમજાવવા લાગ્યા કે આવું બુદ્ધિમાન પક્ષી જો આપણા પક્ષમાં હશે તો આપણે ઘણાં સંકટોથી બચી જઈશું. રાતે આપણે આપણા માળાઓમાં નિરાંતે જંપી ગયાં હોઈએ ત્યારે કોઈ સાપ વગેરે જંતુઓ આપણને કે આપણા બચ્ચાને ને ઈંડાંને હડપ કરી જતાં હશે તો આ આપણને બચાવશે અને સાપ જેવાં જંતુઓને ભગાડશે, એ આપણી જાગતી ચોકી બની રહેશે.

કેટલાંક પક્ષીઓની દલીલ એવી આવી કે ભાઈ, ગમે તેમ તો પણ એ ઉડતું પંખી તો છે જ ને! 'ઊડી શકે તે પક્ષી' એવા નિયમ પ્રમાણે તો એને આપણામાં સમાવવું જ જોઈએ.

અને આ બધાંની આવી દયાસભર લાગણીના પ્રવાહમાં બીજાં પણ કેટલાંક પંખી તણાઈ ગયાં, અને તેમની વાતમાં સૂર પૂરાવવા માંડ્યાં.

જોકે સમાજ હંમેશા શાણપણના આધારે ચાલે છે. લાગણીવેડામાં કે દયાના આવેશમાં તણાઈને શાણપણને તડકે કેમ મૂકાય? પક્ષી-વર્ગમાં પણ કેટલાંક શાણા લોકો હતાં જ. તેમણે જોયું કે બધાં લાગણીની વેવલાઈમાં તણાઈ જાય છે અને આ કાંઈ બરાબર તો ન ગણાય. પણ વાત વડ પર ચડે તે પહેલાં કાંઈક તોડ તો લાવવો જ પડે.

તેમણે એક વચલો માર્ગ કાઢ્યો. તેમણે બધાંને સમજાવ્યાં કે આ પ્રાણીને આપણામાં સમાવી લેવાનું ઘણાબધાનું સૂચન છે, અને તે સ્વીકારવામાં આપણે મોડું ન કરવું જોઈએ એમ પણ ઘણાંનું મંતવ્ય છે. અમે આ મંતવ્ય પર વિચારણા કરવા અને બધાંયની લાગણી સંતોષાય તેમ કરવા તૈયાર છીએ. પરંતુ એ પહેલાં અમને એક નાનકડી દરખાસ્ત આપવાનું મન છે. અમારી એ દરખાસ્ત જો આ પ્રાણી સ્વીકારી લે તો તેને આપણામાં સમાવી લેવામાં ઝાઝો અવરોધ નહીં રહે.

આ સાંભળતાં જ પક્ષીવર્ગમાં ઉલ્લાસની ભરતી આવી ગઈ. બધાં એકસાથે બોલી ઊઠ્યાં : કેવી દરખાસ્ત છે? ઝટ કહો! આને એનો સ્વીકાર કરવા અમે સમજાવીશું, અને અમને વિશ્વાસ છે કે આપણી વાત તે સ્વીકારશે. માટે જલદી કહો એ દરખાસ્ત!

ચામાચીડિયું પણ આ સાંભળ્યા પછી ખૂબ ઉત્તેજિત હતું. તેણે પણ માગણી કરી કે તમારી નાનકડી દરખાસ્ત જરૂર કહો; મને તમારી વાત માફક આવશે તો તેનો સ્વીકાર કરવામાં પાછું નહીં પડું હું.

શાણા મોભીઓએ કીધું : ભાઈ, અમારી વાત કાંઈ આકરી કે ગંભીર નથી. સાવ સામાન્ય વાત છે. અમને તો ખાતરી છે કે આપણી દરખાસ્ત માન્ય રાખવામાં આ પ્રાણીને કોઈ અગવડ કે દુવિધા નહીં થાય.

અમારી દરખાસ્ત એટલી જ છે કે જો આ પ્રાણીએ પોતાનો સમાવેશ આપણા પક્ષી-સમાજમાં કરાવવો હોય તો, એ ઊંધું લટકીને જીવે છે તે બંધ કરી દે, અને આપણી જેમ ઝાડ ઉપર સુંદર માળો બાંધીને તે જીવવા માંડે. જો એ આટલું કરશે તો આપણે એને અપનાવી જ લઈશું.

બધાં પંખીઓને જ નહીં, પણ જંગલનાં વતની તમામ પ્રાણીઓને પણ આ દરખાસ્ત બહુ વ્યાજબી અને સરસ લાગી. બધાંને લાગ્યું કે આ દરખાસ્ત આમ તો સાવ સામાન્ય છે, પણ પેલાં પ્રાણી માટે તો આ એક સોનેરી તક પૂરી પાડનારી દરખાસ્ત છે. જો તે આ વાત સ્વીકારી લેશે તો એને સમાજમાં માનભર્યું સ્થાન તો મળશે જ, ઉપરાંત એની હાલની ગંદી જણાતી જીવનપદ્ધતિ પણ બદલાઈ જશે.

આમ, બધાંએ એકી અવાજે આ દરખાસ્તનું અનુમોદન કર્યું, અને એ સાથે જ બધાંની નજર ચામાચીડિયા પર ઠરી. હવે દરખાસ્તનો જવાબ એણે વાળવાનો હતો.

જોકે દરખાસ્ત સાંભળીને જ તેનું મોં પડી ગયું હતું. તે જાણતું હતું કે મારો સમાજ આવી કોઈ દરખાસ્ત સ્વીકારે એ વાતમાં માલ નથી; કોઈ નહીં સ્વીકારે. પણ પોતે જ સમાજમાં ભળવાની વિનંતિ કરી છે એટલે જે વાત આવે તેનો જવાબ તો તેણે આપવો જ પડે.

તેણે ખૂબ ઠાવકાઈથી જવાબ વાળ્યો : માનનીય વડીલ પક્ષી-ગણ! આપની આ દરખાસ્ત બહુ ઉમદા દરખાસ્ત છે. મારું ચાલે તો હું આ ક્ષણે જ તે સ્વીકારું લઉં. પરંતુ હું એકલો નથી. મારી સાથે પણ અમારો એક નાનકડો સમૂહ છે. મારે આ વાત તેમને જણાવવી જોઈએ. એ બધાં જો આનો સ્વીકાર કરવા તૈયાર થાય તો આપણું કામ ફતેહ થઈ જાય. પણ તેઓને આ વાત સમજાવવા

માટે મને બે દિવસ મળવા જોઈએ. બે દિવસની મુદ્દત, ત્રીજે દિવસે આનો જવાબ તમને મળી જશે.

બધાંએ તેની આ વાત બધાંએ સ્વીકારી, અને બધાં સ્વસ્થાને ગયાં.

બે દિવસ પછી –

નિશ્ચિત થયા પ્રમાણે પક્ષીસમૂહ ફરી એકત્ર થયો. ચામાચીડિયાનો ઉત્તર જાણવાનું કુતૂહલ બધાંને હતું જ. તો ઘણાંને તેનો પોતાના સમૂહમાં સમાવેશ કરવાની ઉતાવળ પણ હતી.

ચામાચીડિયાની વાર જોતાં બધાં આપસમાં વાતો કરતાં રહ્યાં. સમય તો થઈ ગયેલો. બલ્કે નિયત સમય પછી પણ ખાસ્સો વખત વહી ગયેલો. જરા જેટલો પણ સંચાર સંભળાય કે બધાં તે દિશા ભણી નજર કરે. ઘણાંએ તો ડોક ટટ્ટાર રાખીને એ દિશા તરફ પોતાની આંખો માંડી રાખેલી.

પણ પેલું ચામાચીડિયું આવ્યું જ નહીં. એ પોતે તો ન આવ્યું, પરંતુ તેના તરફથી કોઈ સંદેશો પણ ન આવ્યો!

લાંબો વખત વાટ જોઈને બધાં થાક્યાં હતાં. કેટલાંક લોકો હતાશ થઈ ગયાં, તો ઘણાં ક્રોધે પણ ભરાયાં.

છેવટે પક્ષી-વર્ગના નામકોએ બે પક્ષીઓને સૂચવ્યું કે તમે બન્ને આવતીકાલે તેના ઘેર જઈ તેને મળજો, અને તે કેમ ન આવ્યું તથા તેનો ઈરાદો શો છે, તેનો તાળો મેળવી લાવજો.

સભા બરખાસ્ત થઈ.

વળતે દિવસે નિયુક્ત થયેલાં બે પક્ષીઓ પહોંચ્યાં ચામાચીડિયાના ઘરે! જોયું તો ભાઈ આરામથી ઊંધાં લટકતાં હતાં! બન્નેએ તેની નજીક જઈ તેને બોલાવ્યું, અને પૂછ્યું. ભલા! કાલે તારે જવાબ આપવા આવવાનું હતું. તું કેમ ન આવ્યું? અમે બધાંએ તારી કેટલી વાટ જોઈ? પાછું તેં કોઈ સંદેશો પણ ન પાઠવ્યો! શું કાંઈ તકલીફ થઈ હતી? કે પછી સ્વાસ્થ્યમાં ગરબડ હતી? શું હતું ભાઈ?

ચામાચીડિયું કદાચ આ બધા માટે તૈયાર જ હતું! તેણે ભારે ઠાવકાઈથી એ બન્નેને આવકાર્યાં. બેસાડ્યાં. પછી શાંતિથી કહ્યું : ભાઈઓ! તમને બધાંને કાલે બહુ વાટ જોવડાવી તે માટે હું દિલગીર છું. મારા ત્યાં ન આવવાનું કારણ કહું. વાત એમ છે કે મેં જ્યારે અમારા સમાજમાં તમારી શરત વિષે વાત કરી, ત્યારે અમારાવાળા દરેકે એકસ્વરે તેને સ્વીકારવાની ના પાડી દીધી. અમારા લોકોની ઇચ્છા એવી છે કે અમે તમારી શરત સ્વીકારીએ તેને બદલે તમે બધાં અમારી જેમ ઊંધા માથે લટકવાનું સ્વીકારો, માળા બનાવવાનું ને માળામાં રહેવાનું છોડી દો. અમારું જીવન પૂર્ણપણે પ્રાકૃતિક જીવન છે, જે શ્રેષ્ઠ અને સાચું જીવન છે. તમારી રહેણીકરણી તો બિલકુલ પ્રકૃતિવિરોધી-અપ્રાકૃતિક છે! એટલે અમે તો તમારી દરખાસ્ત સ્વીકારી શકીએ જ નહીં. પરંતુ તમે જો અમારી વાત સ્વીકારી લો, તો આપણે બધાં એકજૂથ અવશ્ય થઈએ.

ભાઈઓ, અમારા સમાજનો આમ વિચાર છે. બોલો, તમે તે સ્વીકારશો? આ વાત તમને મંજૂર હોય તો આ રીતે અમે તમારામાં ભળી જવા તૈયાર છીએ.

પેલાં બે પક્ષીઓ તો આ સાંભળીને સડક જ થઈ ગયાં. આવી અણછાજતી દરખાસ્તનો જવાબ શો આપી શકાય? બન્નેએ પરસ્પર ઈશારો કર્યો અને ચૂપચાપ ત્યાંથી ઊડીને પોતાના સ્થાને પહોંચી ગયાં.

જ્યારે પક્ષીઓના સમાજને ચામાચીડિયાની આવી ગંદી શરતની જાણ થઈ ત્યારે તે સમાજના નાયકો જ નહીં, પણ ચામાચીડિયાને પોતાના સમાજમાં સમાવી લેવાની ઉદાર ભાવના વ્યક્ત કરનારાં ભોળાં પક્ષીઓ પણ સમસમી રહ્યાં!

બધાંએ એક અવાજે કહી દીધું કે ના ભાઈ, આવી શરતો સ્વીકારાય પણ નહીં, અને આવાં જનાવરને આપણા સમાજમાં સમાવાય પણ નહીં.

એ દિવસથી ચામાચીડિયાં સમગ્ર પ્રાણી-વર્ગથી અટૂલાં રહે છે અને ઊંધે માથે લટકતાં નિશાચર બનીને રખડતાં રહે છે. તેમણી ગણના નથી પશુઓમાં થતી કે નથી પક્ષીઓમાં થતી.

પરિણામે આખી દુનિયા તેમની નફરત કરતી રહે છે. કોઈ પોતાના ઘરમાં કે પોતાની આસપાસ ચામાચીડિયાંનો વાસ હોય તેમ નથી ઇચ્છતું; બલ્કે તેને અમંગળ ગણે છે.

**સાર :** કેટલાંક લોકો પણ ચામાચીડિયાં જેવા હોય છે. તેમની ઉચ્છૃંખલ અને નિરંકુશ પ્રવૃત્તિને કારણે તેમનો આ કે તે – એકપણ વર્તુળમાં સમાવેશ થતો નથી હોતો. પરિણામે તેઓ પોતાની સ્વચ્છંદતામાં જીવે છે અને સમાજ સાથે આડોડાઈ આચરતાં રહે છે.

શ્રી.

✦ ✦ ✦

# ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ-૫

ડૉ. રેણુકા પોરવાલ

**પરિચય :**

ગત અંકમાં આપણે ઉત્તર ભારતની ગુફાઓ વિશે જોયું. દક્ષિણ ભારતમાં પણ ઘણી ટેકરીઓ અને પર્વતો પર જૈન ગુફા મંદિરો જોવા મળે છે. એમાં ખાસ કરીને સિતાનાવત્સલ, તિરૂમલાઈ, તિરૂપતિકુંદરમ, જિનકાંચિ વગેરે પહાડોની ગુફાઓમાં પ્રતિમાઓ તથા સાધુઓના આરામ માટે ઓશિકા સહિતની શૈયાઓ પત્થરા પર કોતરેલી છે. ત્યાં ટોચપર હારબંધ જિનપ્રતિમાઓ કોતરેલી છે, આવું દુર્ગમ કાર્ય કેવી રીતે કયા સાધનો વડે કર્યું હશે તે આશ્ચર્ય પમાડે છે.

બદામી, ઐહોલે વગેરે ગુફાઓમાં અદ્ભૂત કોતરણી છે તો સિતાનાવત્સલની ગુફાઓમાં જગત પ્રસિદ્ધ પ્રાચીન પેઇન્ટિંગ છે. મોટાભાગની ગુફાઓમાં શિલાલેખો હોવાથી જૈનોનો કડીબધ્ધ



ઇતિહાસ તથા શ્રાવકો અને સાધુઓ ક્યારે દક્ષિણ ભારત ગયા, હતા તેની માહિતી પણ મળી રહે છે. તામિલનાડુ સ્થિત ગુફાઓના ૮૯ બ્રાહ્મી લિપિ અને તામિલ ભાષાના શિલાલેખોમાંથી ૮૫ જૈનોના છે. આ અંકમાં દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યની ગુફાઓ વિશે ચર્ચા કરશું.

**કર્ણાટકની ગુફાઓ :**

કર્ણાટક રાજ્યમાં એક સમયે જૈન ધર્મ રાજ્યધર્મ હતો. આર્યપુરનું અપભ્રંશ રૂપ ઐહોલે, પાંચમી અને છઠી સદીની વચ્ચે માલપ્રભ નદી પાસે વસેલું આ નગર છે. આજે કેવળ એમાંના થોડા ગુફામંદિરો જ બચેલા છે જે ઉત્કૃષ્ટ અને જગપ્રસિધ્ધ છે. અહીંની મૈનાબસતીની ગુફાનું સ્થાપત્ય અદ્ભૂત રીતે તૈયાર કરાયું છે. આ ગુફામાં દાખલ થતાં જ એની છત ઉપર મિથુન, વિશાળ નાગરાજ અને નકશીદાર સ્વસ્તિકનું શિલ્પાંકન છે. આવું શિલ્પાંકન અન્ય કોઈ સ્થળે જોવા મળતું નથી. અહીંની સહસ્ત્રફણા પાર્શ્વનાથની પ્રતિમા કલાની દષ્ટિએ અદ્ભૂત કહી શકાય. ગર્ભગૃહને અલગ દર્શાવવા માટે ત્રણ સ્તંભોની આડાશ લઈને મૂળનાયકને સ્થાપિત કર્યા છે. ત્યાંની એક નાની ટેકરી ઉપર ચઢતાં એક પ્રાચીન મેઘુટી મંદિર દષ્ટિગોચર થાય છે, અહીં ચાલુક્યવંશના રાજા પુલકેશી બીજાની પ્રશસ્તિરૂપ એક કાવ્યમય શિલાલેખ છે. એ સંસ્કૃત ભાષામાં અને 'હલે કન્નડ' લિપિમાં છે. આ લેખ રવિકીર્તિ નામના રાજ્યકવિએ છઠી સદીમાં રાજાની કીર્તિ દર્શાવવા કોતરાવ્યો હતો. એણે પોતે પણ ત્યાં બે જિનાલયોનું નિર્માણ કરાવ્યું છે, એવું તેણે લેખમાં જણાવેલ છે. એ લેખ મંદિરની બહારની દિવાલ પર કોતરેલ છે. એમાં કવિ કાલિદાસ અને ભાષ - ભારવી થકી પોતે કાવ્યશક્તિ પ્રાપ્ત કરી છે, એવા ઉલ્લેખ હોવાથી એની મહત્ત્વતા આજે પણ અગત્યની ગણાય છે.

**બદામીની ગુફાઓ :**

કર્ણાટકના ઉત્તરભાગમાં બેલગામથી દોઢસો કિ.મી. દૂર આવેલી છે. ચાલુક્ય વંશના રાજાઓનું આ સ્થળે છઠ્ઠી સદીમાં શાસન હતું અને નજીકનું વાતાપી શહેર તેની રાજધાની હતી. રાષ્ટ્રકૂટવંશના રાજા અમોઘવર્ષે અહીં સંલેખનાવ્રત લઈ મોક્ષે ગયા હતા. ગુફામંદિરોની સાથે સમાંતરે નગરોમાં પણ મંદિરો બાંધવાની કળા આ સમયે ચાલુ થઈ ગઈ હતી. અહીં બદામી રંગના ખડકી કોતરીને પાંચ ગુફાઓ



તૈયાર કરાય છે. પહેલી ગુફામાં ભગવાન શિવજીને વિવિધ સ્વરૂપે નૃત્ય કરતાં દર્શાવ્યા છે. બીજી અને ત્રીજી ગુફામાં ભગવાન વિષ્ણુ પર આધારિત કોતરણી છે. ત્યાં એક નાની ગુફા છે જ્યાં જૈન સાધુઓ જ આરાધના કરતા હતા. ચોથી વિશાળ ગુફા જૈન ધર્માવલંબીઓની છે જ્યાં ચોવીસ તીર્થંકરોના જીવન પર આધારિત સુંદર પ્રસંગોનું શિલ્પાંકન કરેલું છે. એમાં બાહુબલી, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી અને દેવી દેવતાના શિલ્પાંકનો જોવાલાયક છે. અહીં બાહુબલીને તપસ્યામાં લીન દર્શાવતું વૃક્ષની વેલી સાથેનું દશ્ય શ્રવણબેલગોડા કરતાં પણ પ્રાચીન છે. પાંચમી ગુફા બૌધ્ધ ધર્મોવલંબીઓની છે. આમ આ સ્થળ ભારતીય રાજાઓની ધાર્મિક સહિષ્ણુતા અને સર્વ ધર્મ સમન્વયની માન્યતા સિધ્ધ કરે છે. બદામી રંગના પહાડોની વિશાળતા, પાસે વહેતી નદી અને ખુશનુમા વાતાવરણ દેશ પરદેશના પ્રવાસીઓનું મન મોહી લે છે. આ અંકના છઠ્ઠી - સાતમી સદીના છે.

**બદામીનો રાજવંશ :**

ચાલુક્યવંશની અહીંની શાખા પશ્ચિમી ચાલુક્ય તરીકે જાણીતી થઈ. આ રાજવંશ ધીરે ધીરે પણ મક્કમ ગતિએ જૈનધર્મની ધુરા સંભાળાતો આગળ વધ્યો. એના પ્રથમ રાજા જયસિંહ હતો, તેનો પૌત્ર પુલેકશી – પ્રથમ શક્તિશાળી હતો, તેણે વાતાપી અથવા બદામીને પોતાની રાજધાની બનાવી. એના પુત્ર કીર્તિવર્મને કંદમ્બ રાજાઓને હરાવી ઉત્તર કર્ણાટક સુધી પોતાનો રાજ્યવિસ્તાર વધાર્યો. આમ જ્યારે પુકકેશી દ્વિતીય રાજ્યગાદીએ આવ્યો ત્યારે એની પાસે વિશાળ સામ્રાજ્ય હતું. એણે સુંદર વ્યવસ્થાની સાથે આજુબાજુના રાજ્યોને પોતાને આધીન કર્યાં. માલવા તથા ગુજરાત સુધી અને દક્ષિણમાં પણ તામિલનાડુ સુધી એણે પોતાની આણ વધારી. પશ્ચિમી ચાલુક્યા પોતે જૈનધર્મી હોવાથી તેઓએ જૈન મંદિરો માટે ઘણા દાનપત્રો આપ્યા. આપણે ઉપર ચાલુક્યવંશના રાજા પુલકેશી બીજાની પ્રશસ્તિ જોઈ. આ રાજ્યવંશને હરાવી રાષ્ટ્રકુટ રાજાઓ પ્રભાવશાળી બન્યા. તેના રાજા અમોઘવર્ષ જૈન ધર્મના ઉત્કર્ષમાં સારો એવો ભાગ આપ્યો. એના રાજ્યકાળમાં રચાયેલ જૈન સાહિત્ય ઘણું ઉત્કર્ષ કહી શકાય જેમાં અમોઘવૃત્તિ, જયધવલાની ટીકા, પ્રશ્નોત્તર રત્નમાલા વગેરેનો સમાવેશ કરી શકાય.

---

**સંદર્ભ સૂચિ :**


*સ્પેક્ટ્રમ ઓફ જૈનિઝમ – સોમૈયા જૈન સેન્ટર કોન્ફરન્સ (૨૦૦૮), શોધ આ લેખ – ડૉ. હપા નાગરાજૈયા અને ડૉ.એ. એકામ્બરનાથ.*
*મુંબઈ સમાચાર, ઉત્સવ, અજબ-ગજબ ગુફાઓ, અજય મોતીવાલા, તા. ૧૪-૯-૨૦૧૪.*
*જૈન વિશ્વભારતી એમ. એ. નોટ્સ – ગુફાઓની જૈન કળા એવં સંસ્કૃતિ.*


✦ ✦ ✦


સંપર્ક : ૯૮૨૧૮ ૭૭૩૨૭


# પર્યુષણમાં પાંચ 'પ્ર'ની આરાધના દ્વારા મનુષ્યભવને સાર્થક કરીએ


**શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી**


**જે** દિવસોમાં અહર્નિશ આપણા પોતાના આત્માની સમીપે વસી તેની આજુબાજુ જામેલા ભવોભવનાં રાગ-દ્વેષ, વિષય-કષાય, મિથ્યા માન્યતાનાં જાળાને દૂર કરવાની તક મળે છે તેવા અણમોલ પર્યુષણ પર્વની પધરામણી થઈ ગઈ છે. તપ-ત્યાગ-વૈરાગ્ય-ધ્યાન-જપ-ભક્તિ-શીલ-સદાચાર વગેરે આત્માને પરમાત્મા બનાવનારી સત્પ્રવૃત્તિઓ દ્વારા આ પર્વની ઉજવણી અંતરનાં આહ્લાદ ભાવથી કરી આત્મા ક્રોડો કર્મોની નિર્જરા કરી મોક્ષની નજીક પહોંચી શકે છે. જે જીવાત્મા યોગ્ય રીતે આ પર્વાધિરાજની ઊજવણી કરે છે તેઓ આધિ-વ્યાધી-ઉપાધિ ટાળી પરમ શાંતિ-સુખ-સમાધિ અને પ્રસન્નતાને પામે છે. આ મનુષ્યભવ ત્યારે જ સાર્થક થઈ શકે જ્યારે આ દેહરૂપી સાધનથી જન્મ-જરા-મરણનાં દુઃખોને મિટાવનારું અપૂર્વ આત્મજ્ઞાન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ કરી લઈએ, કારણ અન્ય ગતિમાં તે મળવું દુર્લભ છે. માનવભવ મળ્યા છતાં જીવનનો મોટો ભાગ ધર્મની આરાધના વિના ફોગટ જાય છે. ભગવાને માનવીની જિંદગીની પ્રગતિને-ગતિને ધ્યાનમાં રાખીને આ પર્વાધિરાજની ભેટ આપી છે. તમે આખું વર્ષ કાંઈ કરી શક્યા ન હો તો ચાર્તુમાસમાં અવશ્ય ધર્મારાધના કરવી, તેમાં પણ ન થાય તો પર્વાધિરાજમાં જરૂર કરવી અને તેમાં પણ ન થાય તો સંવત્સરીએ તો અવશ્ય કરવી, કરવી ને કરવી જ જોઈએ. જે આ દિવસે ધર્મારાધના ન કરે તેનું આસન મહાવીરનાં શાસનમાં નથી તે ચોક્કસ સમજી લેવું. જો આપણે ખરેખર મહાવીરનાં વારસદાર કહેવાવા માગતા હોઈએ તો પર્વાધિરાજને મનના ઉલ્લાસથી આવકારી નીચેનાં પાંચ 'પ' દ્વારા આરાધના કરી પરિતસંસારી બનવાનો લાભ લેવો જોઈએ.

**૧) પ્રતિક્રમણ :**

જે પ્રવૃત્તિથી સાધક સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્

ચારિત્રરૂપ સ્વસ્થાનેથી હટીને મિથ્યાત્ત્વ, અસંયમ, અવ્રતનાં પરસ્થાનમાં ચાલ્યો ગયો હોય ત્યાંથી ફરીને પોતાનાં સ્વસ્થાનમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ. અશુભ યોગમાંથી શુભમાં આવવું, પાપથી પાછા ફરવું, પાપથી નિવૃત્ત થવું, પાપની આલોચના કરવી, તે પ્રતિક્રમણ. પ્રતિક્રમણ ૨૫ મિથ્યાત્ત્વ, ૧૨ અવ્રત, ૫ પ્રમાદ, ૨૫ કષાય (૧૬ કષાય + ૯ નોકષાય) અને ૧૫ અશુભ યોગ એમ કુલ ૮૨ બોલનું કરવાનું હોય છે. મિથ્યાત્ત્વથી પાછા ફરી સમ્યક્ત્વમાં, અવ્રતમાંથી પાછા ફરી વિરતિભાવમાં, પ્રમત્તદશામાંથી પાછા ફરી અપ્રમત્ત ભાવમાં, કષાયથી પાછા ફરી ઉપશાંતતામાં અને અશુભયોગોમાંથી પાછા ફરી શુભ યોગમાં આવવાનું છે. સંવત્સરી પ્રતિક્રમણ કરવાથી આખા વર્ષ દરમિયાન જે દોષો લાગ્યા હોય તે યાદ કરી તેનાથી લાગેલા અતિચારની શુદ્ધિ કરી શકાય છે તેનાથી મન પ્રશસ્ત ભાવો અને સદ્‌ગુણોથી વાસિત થાય છે. ગુણોની વૃધ્ધિ થાય છે.

જેવી રીતે શરીરની વિકૃતિઓ રોગ છે તેમ આત્માની વિકૃતિઓ દૂર કરી આત્માને સ્વભાવમાં સ્થિત કરવાની ઔષધિ એટલે પ્રતિક્રમણ. આમ તો ભગવાને તેને 'આવશ્યક' એટલે દરરોજ કરવાનું કહ્યું છે. પણ તે ન થાય તો સંવત્સરીએ તો અવશ્ય કરવું જ જોઈએ. સંવત્સરી પ્રતિક્રમણ ન કરનાર જૈન શ્રાવક નથી. આમ પ્રતિક્રમણની આરાધના આઠ દિવસ દરમિયાન દેવસિયં-રાઈયં-પરૂખી-સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા કરવી.

**૨) પ્રવચન :**

ભગવાનની વાણી-જિનવાણી સાંભળવાથી જ આપણને શ્રેય અને પ્રેયની ખબર પડે છે. આપણો આત્મા હળુકર્મી કેમ બને? મોક્ષગામી કેમ બને? આ બધું આપણને સાધુ-સાધ્વી ભગવંતો દ્વારા પીરસાતી જિનવાણી સમજાવે છે. આઠ દિવસ દરમિયાન સાધુ-સાધ્વી ભગવંતો આગમનું મંથન કરી જે અર્કરૂપ વાણી પીરસે છે તે આત્માને અધ્યાત્મમાર્ગે આગળ વધારવામાં મદદરૂપ બને છે. આવી જ કહ્યું છે કે,

આત્માનાં તારણહાર તત્વ બે શાસ્ત્રને સદ્‌ગુરુ

શૂન્યમાંથી સર્જન કરનાર, તત્વ બે શાસ્ત્રને સદ્‌ગુરુ

હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન કરાવનાર, સ્વરૂપને ઓળખાવનાર... તત્વ બે શાસ્ત્રને સદ્‌ગુરુ

પાપીને પાવન બનાવનાર, જીવને શિવ બનાવનાર, પથ્થરને પારસમણિમાં પરિવર્તિત કરનાર પ્રવચન-સત્સંગ એ પર્યુષણમાં આદરવાયોગ્ય સદ્‌પ્રવૃત્તિ છે. પ્રવચન દ્વારા સ્વરૂપની ઓળખ કરનાર સિધ્ધગતિને પામી શકે છે. પોતાનો અને પરનો એમ બંનેનો ઉધ્ધાર કરી શકે છે. આમ પ્રવચન-જિનવાણી દ્વારા ધર્મારાધનામાં આગળ વધવું.

**૩) પ્રત્યાખ્યાન :**

જીવને અવ્રતીમાંથી વિરતિભાવમાં લાવવા માટેનું આવશ્યક તત્વ તે પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન દ્વારા જ જીવ તપ-ત્યાગની આરાધના કરી સંવરભાવમાં આવી શકે છે અર્થાત્ પાપથી છૂટી શકે છે, હિંસાથી વિરમી શકે છે, આવતાં કર્મોને અટકવી શકે છે. આત્માને જો પામરમાંથી પરમાત્મા બનવું હોય તો સર્વ પ્રથમ તેણે કર્મોને આવતા અટકાવી, જૂના કર્મો જે લાગેલા છે તેને પ્રજાળી ધર્મારાધના કરવી જોઈએ. એ માટેનું અમોધ શસ્ત્ર છે પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન દ્વારા સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાથી નવા કર્મો આવતાં અટકે છે. ૧૨ પ્રકારનાં તપની આરાધના દ્વારા આત્મા પર જે અનાદિથી કર્મો લાગેલા છે તેને ભસ્મ કરી શકાય છે. આથી જ આઠ દિવસ દરમિયાન બને તેટલા વ્રત-પ્રત્યાખ્યાન દ્વારા કર્મથી દૂર રહેવાનું છે. ભવ્ય જીવો બાર તપનું હોંશે હોંશે આરાધન કરી કોટિ કોટિ સંચિત કર્મોને બાળે છે.

**૪) પ્રશમ ભાવ (ક્ષમા)**

પર્વાધિરાજનો મહત્ત્વનો સંદેશ એટલે ક્ષમા. ક્ષમા એ જ પર્યુષણપર્વનું હાર્દ છે. વૈર રાખનારો નહીં પરંતુ ક્ષમા આપનારો મહાન છે. ક્ષમા એ આત્માનો સ્વભાવ છે. જેના જીવનમાં ક્ષમા આવી તે સમતાથી અલગ નથી. સમતા આવી ને સમભાવ અવશ્ય કેળવી શકે. સુખ-દુઃખ, અનુકૂળ પરિસ્થિતિ, પ્રતિકૂળ પરિસ્થિતિ, મારા-પરાયા અને બધામાં જે સમતાભાવ કેળવી શકે તે માનવભવને સાર્થક કરી શકે. એ માટે સમ્યગ્ અભિગમ, સમ્યગ્ દષ્ટિકોણ, સમ્યગ્ સમજ કેળવનારો જીતી જાય છે. વૈર રાખનાર સામેનાને ખતમ કરવા માંગે છે પણ એ જ વાસ્તવિકતા છે કે 'ખતમ કરનારની નહીં પણ ખપી જનારની ખાંભીઓ રચાય છે ને પૂજાય છે' ક્ષમાની આરાધના માટે અહંને છોડવાનો છે, વચનલબ્ધિને યોગ્ય રીતે વાપરવાની છે. વૈર ભવભ્રમણને વધારી દે છે જ્યારે ક્ષમા પરિતસંસારી બનાવે છે. આવા પ્રશમભાવને કેળવી માનવભવને મુક્તિ મેળવનાર મરજીવો બનાવી દઈએ તો તરી જઈશું.

**૫) પ્રક્ષાલન :**

સંવત્સરીને દિવસે કરાતી આલોચના એટલે ભૂલોનો એકરાર કરવાની શૂરવીરતા. અંતરનાં દોષોને ઓળખીને તેનો પ્રભુ સમક્ષ એકરાર કરવાથી જ જીવન શિવ બની શકશે. પ્રભુનું શરણ અને સ્મરણ, ગુરુનો હાથ અને સાથ, સરળ હૃદય અને સાલસ વચન એ

આલોયણાનાં અમૃતકુંભ સુધી અવશ્ય પહોંચાડશે. પાપભીરુતા જો આવશે, પાપ સાપથી પણ ભયંકર લાગશે તો અવશ્ય જીવ પ્રાયશ્ચિત્તની પાવનતા સુધી પહોંચી શકશે.

આ પાપને ડરે ગોશાલકને દેવગતિ આપી, આલોયણાના અમૃતે પરદેશીને એકાવતારી બનાવ્યા, અર્જુનમાળીને મોડમગામી બનાવ્યા, ચંડકૌશિકે આલોયણથી આત્મકલ્યાણ સાદયું અને મૃગાવતીજીએ કેવળજ્ઞાન મેળવ્યું. આમ પાપનાં પ્રક્ષાલન દ્વારા કર્મોનાં ભૂકા બોલાવી મોક્ષને નજીક બનાવવાનો અવસર આવ્યો છે ત્યારે પર્યુષણનાં આ પાવન પર્વને ધર્મારાધનાથી ઝગમગાવી આપણે ક્ષમાધર્મની આરાધના કરી માનવભવને સાર્થક બનાવીએ.

ક્ષમા તણો ઘંટારવ વાગ્યો, સુણી નેહ ભવ્ય જીવ જાગ્યો,
કાઢી કષાય તણા કાંટા, વૈર-વિરોધને રાખી આઘા,
અવિવેક કાંઈક કીધો હોય, દુભાવ્યા જો દિલને હોય,
હૃદયે ધરી મૈત્રીભાવના વાઘા, ''મિચ્છામિ દુક્કડં'' સર્વને અમારા.

✦ ✦ ✦

સંપર્ક : ૯૭૨૫૬ ૮૦૮૮૫

**પ્રજ્ઞાચક્ષુનું દષ્ટિપ્રદાન**

## અતીતમાં ડોકિયું : પ્રજ્ઞાવાણી – પૂ. પંડિતજીની પૂ. મલ્લિકજીને શ્રદ્ધાંજલિ

# ગાંધી–રવીન્દ્રયુગના બે સ્વાનુભૂતિ સંપન્ન સ્વયંસંબુદ્ધ અંતદષ્ટાઓ

**પ્રતાપકુમાર ટોલિયા**

**ભૂમિકા :**

અમદાવાદ શહેર મધ્યના સાબરમતીને તીરે આવેલ સરિતકુંજમાં પ્રાયઃ આ બન્ને અંતદષ્ટાઓ – પૂ.પં. સુખલાલજી અને પૂ. મલ્લિકજીનો અવારનવાર અંતરસંવાદ ચાલતો. પૂ. પંડિતજી 'અનેકાંત વિહાર'થી યે વિશેષ, મોટાભાગે આ સરિતકુંજમાં જ રહેતા. એક દિન એ જ સરિતકુંજમાં, પૂ. પંડિતજીની નિશ્રામાં યોજાઈ એક શાંત-પ્રશાંત શ્રદ્ધાંજલિ સભા : પૂ. મલ્લિકજી, સૌના લાડકવાયા 'ચાચાજી'ને શ્રદ્ધાંજલિ અર્પવા.

એ દિન હતો ૭મી મે, ૧૯૭૦ના મલ્લિકજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ બન્નેના દેહજન્મનો, ત્યારે ૧૪મી એપ્રિલ, ૧૯૭૦ના રોજ મલ્લિકજીનું મુંબઈમા મહાપ્રયાણ થયું હતું. એ અગાઉ ભારે શારીરિક અસ્વસ્થતા વચ્ચે પણ મલ્લિકજીની પ્રેમ-કરુણા અમદાવાદના સૌ કોઈને તેમનું વહાલ-વાત્સલ્ય ભર્યું દર્શન આપવા અમદાવાદ ખેંચી લાવી હતી.

**પ્રજ્ઞાચક્ષુ પદ્મભૂષણ ડૉ. પંડિતશ્રી સુખલાલજી અને સૂફીસંત, ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના અંતેવાસી આચાર્ય ગુરુદયાળ મલ્લિકજી**

આ શ્રદ્ધાંજલિ સભામાં મલ્લિકજીનાં જ રચેલાં ભજનો ગવાયા પછી વાણી-પ્રજ્ઞાવાણી વહી પૂ. પંડિતશ્રી સુખલાલજીની પૂ. મલ્લિકજીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપતી. આ પ્રજ્ઞાવાણી વહી ત્યારે સમીપ બેઠેલ સભાસમૂહમાં હતા સર્વશ્રી બબલભાઈ મહેતા, જયંતીલાલ આચાર્ય જેવા ગુજરાતનાં પ્રબુદ્ધજનો, મનીષિસાધકો અને જિજ્ઞાસુઓ.

આ વાણી પ્રવાહના વહેણપૂર્વે જે ઉપર્યુક્ત ભજનધારા વહે તેમાં તેમના અને અન્યોનાં રચેલાં ભજનાદિ નિમ્નલિખિત જેવાં અનેક હતાં :

'પ્રભુજી/મેં તો તેરા દાસ.' 'ઈસ રૂપ નહીં, ઉસ રૂપ સહી, હમ જાતે હૈં, ફિર આયેંગે' – પુનરાગમનનો, પૂ. મલ્લિકજીનો, આ સંકેત સંદેશ યાદ અપાવતો હતો – સ્વામી રામતીર્થના આ ઉર્દૂ કાવ્યનો –

**'ઐ મૌત! બેશક ઉડા દે ઈસ જિસ્મકો,**
**મેરે ઔર અજસામ ભી કુછ કમ નહીં!**
**ચાઁદ-તારોં કે રૂપમેં ચમકતા રહૂંગા,**
**નદી-નાલોં કે ભેશમેં ગીત ગાતા ફિરુંગા'**

આ ભાવનાના પૂ. મલ્લિકજીનાં ભજનોદ્દગારો 'હમ જાતે હૈં, ફિર આયેંગે'ને પકડતાં, તેમને અંતર શ્રદ્ધાંજલિ આપતાં, પૂ. પંડિતજી આ સંદર્ભમાં કહે છે કે, 'આ નહીં તો તે, આપણે આવવાનું તો છે જ / મૃત્યુ નથી, અમૃત છે...'' આ ઉદ્દગારો ટાંકીને પૂ. પંડિતજીએ દુઃખતપ્ત પ્રાણીઓના આર્ત્તિનાશક એવા પૂ. મલ્લિકજીના અભિનવ અધ્યાત્મનો ઈશારો કર્યો અને તેમનાં જ્ઞાન, કર્મ, ભક્તિપ્રેમ, સેવાભાવ ભર્યા અયાંત્રિક અધ્યાત્મને બિરદાવ્યા.

આ પછી પૂ. પંડિતજી સ્વયંના દેહોત્સર્ગ બાદ પૂ. પંડિતજીને શ્રદ્ધાંજલિ આપતા, તેમના નિકટસ્થ ડૉ. દલસુખભાઈ માલવણિયાનાં ઉદ્દગારો પણ 'પ્રજ્ઞાવાણી'ની દુર્લભ ટેઈપમાં રેકર્ડસ્થ થયો છે.

આ રહ્યું આ બધું 'પ્રજ્ઞાવાણી'ની પૂ. પંડિતજીના પોતાના જ

અવાજની અને સી.ડી.માં જેમાં પંડિતજી બોલી રહ્યાં છે અને પૂ. મલ્લિકજીને પોતાના સંસ્મરણો ભરેલી અંજલિ આમ આપી રહ્યાં છે :–

**મલ્લિકજી પ્રતિ શ્રદ્ધાંજલિ :**

'એ (મલ્લિકજી) મળે ત્યારે પહેલી વાત, કિશોરલાલભાઈની પેઠે પાધરા પગમાં પડે. હું દેખું નહીં, ને (મલ્લિકજી) પગમાં પડે એટલે શું થાય કે હું (તેમના) પગમાં પડવા જાઉં અને એ એના પહેલાં મારા પગમાં પડે, એટલે પછી અમારાં બેના માથા અથડાય. આવું કિશોરલાલભાઈ સાથે કેટલીયે વાર થયેલું, એમના ચશ્મા પડી ગયેલા! એટલે મેં કહ્યું આ તો બધો ઉપચાર. મલ્લિકજી એવા નમ્ર માણસ.'

પછી એક જ વાત, મારે આમાં કાંઈ ઉમેરવાનું છે નહીં, પણ મેં પ્રૉસ્ટેટ ગ્લૅન્ડ્ઝનું ઑપરેશન નવેક વર્ષ - દસ વર્ષ પહેલાં કરાવેલું – મુંબઈમાં હરકિશનદાસ હૉસ્પિટલમાં. મલ્લિકજી ત્યાં મારી તબિયત જોવા આવ્યા ને એમણે મને કહેલું કે, 'મને આવો એક જાતનો ઉપદ્રવ છે.' તો મેં કહ્યું, 'મલ્લિકજી! આ હું તો અત્યારે ખાટલે છું. મને એમ લાગે છે કે ઑપરેશન કરાવી કાઢો.'

તો (મલ્લિકજી) કહે, 'હા, એવો વિચાર તો આવે, પણ...' એમ કહીને બસ બંધ રાખ્યું. (પોતે ઑપરેશન કરાવવાનું)

પછી ફરીથી પાછા (અમદાવાદમાં) મળ્યા ત્યારે કહે, 'હવે મારે અહીંથી (સાબરમતી આશ્રમમાં આવેલા, પાછા ગયા ત્યારે કહે–) સિમલા જવું છે.'

મેં તેમને કહ્યું, 'તમારી તબિયત ઠીક નથી, આ પેશાબની તકલીફ છે...' તો કહે, 'એ તો ચાલવાનું!' એ ક્યાં બંધ રહેવાનું છે?

મેં કીધું, 'એમ કેમ?'

તો કહે, 'એવું છે, સિમલામાં મિટિંગ છે અને ત્યાં અમારા 'ક્વેંકર' (Quakers) ભાઈઓ કે એમ કાંઈ છે તે મળવાના છે, એટલે મારે જવું જોઈએ એમ મને લાગે છે.'

એટલે મેં એમને ક્વેંકર વિષે પૂછ્યું. અત્યારે જે આ પ્રતાપભાઈએ ઈશારો કર્યો એ જ બાબત. મને તેઓ કહે કે, 'હિંદુસ્તાનના માણસોમાંથી કોઈને (ઘણું કરીને હિંદુસ્તાનના-ઈંડિયાના-કહેલા એમાંથી) ક્વેંકર સંપ્રદાયમાં ઑફિશિયલી કોઈને લીધેલા નહીં. એ લોકો બહુ કસોટી કરે કે, એનું જીવન કેમ ગયું છે? એ શું કામ કરે છે? વૃત્તિ છે કે નહીં?' ત્યારે મલ્લિકજી કહે કે, મારી (પણ) કેટલીયે અરજીઓ નકામી ગઈ. એ સંખ્યા મને યાદ નથી, પણ કદાચ હું ન ભૂલતો હોઉં તો વીસેક વાર અરજી કરી હતી એમ (મને) યાદ છે. છેવટે મારી અરજી મંજૂર થઈ કે હું હિંદુસ્તાનમાંથી ઑફિશિયલી ક્વેંકર પહેલો છું!'

ત્યારે મેં પૂછ્યું કે, 'એમાં (એવું તે) શું શું છે કે જેથી આટલી સખ્તાઈથી પરીક્ષા કરે છે?'

તો કહે કે, 'એ લોકોનાં નિયમો એવા છે કે જેની સેવા કરતા હોય – જે દરદીની કે જ્યાં જે કોઈ શિક્ષણનું કાર્ય હોય, તો ત્યાં તેનાથી કોઈ જાતનું જુદી રીતે વર્તન ન થાય'. તેનો તેમણે એક દાખલો આપ્યો.

હમણાં કહે, 'ઉડિસામાં દુષ્કાળ કે એવું હતું અને ક્વેંકર લોકો ત્યાં એ જે ગરીબ લોકો, દુર્લિક્ષપીડિત લોકો હતા, એની મદદે ગયા.' એમાં મલ્લિકજી પણ હતા. એટલે ક્વેંકર સંપ્રદાયના સેવકોની કડકાઈ, પોતાના વર્તન પરત્વે કેટલી હતી, એનો આ નમૂનો. તો કહે, એમાં એક બહેન હતા યુરોપિયન, પણ એ ક્વેંકર પરંપરાના સભ્ય. એણે બિચારીએ કોઈ દિ' આવું, નવા નવા આવેલા હશે એટલે જોયેલું નહીં. ઉડિસામાં તે વખતે કાંઈ મળે નહીં. શાક નહીં, ભાજી નહીં, જે હોય તે સૂકું ખાવાનું, સાંજ સુધી. એટલે કે એને એકદમ ઍનેમિયા થઈ ગયો એ બાઈને. પછી બે-ચાર જણાએ મળીને કહ્યું કે, ભાઈ ભાજી નહીં, શાક નહીં તો કાંઈ નહીં તો લીંબુનું પાણી જોઈએ. તો એ લોકોએ કહ્યું કે, એ તો ખરું, પણ આપણે જેની સેવા કરીએ છીએ એની પાસે તો લીંબુ નથી! તો આનાથી લીંબુ લેવાય નહીં. થાય શું ત્યારે? પછી કહે કે એ ખરું, પણ અત્યારે અહીંથી તો એને મુક્ત કરીએ. બીજી જગ્યાએ મોકલ્યા. પછી કલકત્તામાં ઘણું કરીને બાઈને મોકલી કે ત્યાં જાય અને તબિયત સારી કરે. પણ અહીં તો પછી બધી ગોઠવણ કરવી પડે. દુષ્કાળ છે, ગરીબો પીડિત છે, એની વચ્ચે અમારે રહેવું હોય તો અમારો ખોરાક, રહેણીકરણી જુદી હોય અને જેની સેવા કરવા આવીએ એના માટે એ સગવડ ન હોય તો અમારાથી એ લેવાય કેમ?

આ એમની, ક્વેંકર સંપ્રદાયની કસોટી અને એ કસોટીમાં એ પાસ થયા આટલી અરજીઓ પછી! અને આખું જીવન એમણે એ રીતે ગાળ્યું. એ તો અમે સિમલા સિવાય બીજી કેટલીયે જગ્યાએ જ્યારે જ્યારે મળ્યા (ત્યારે ત્યારે જાણ્યું), બહુ તો મળ્યા નથી. પ્રતાપભાઈને ત્યાં ઘણું કરીને હું એમની પાસે (આશ્રમમાં) ગયેલો, પણ એ તો થોડી એક બે વાર ગયો હોઉં. પણ ક્યારેક મળે ત્યારે આવી વાત પૂછું કે, સૂફી અને સંત, હિંદુસ્તાનમાં સૂફી લોકો તમે જે જોયા, તેમાં સર્વશ્રેષ્ઠ તમને ક્યા લાગયા? સર્વશ્રેષ્ઠ એટલે બધી રીતે – આંતર્બાહ્ય. સંત વિષે પૂછું, તો એમના અનુભવમાં જે સિંઘમાં આવ્યા હોય, લખનૌની આસપાસ આવ્યા હોય એવાની વાત કરે. અને ક્યારેક હું પૂછું કે આ બધું જે તમે સૂફી સાહિત્ય વાંચ્યું, એ સાહિત્યમાં શ્રેષ્ઠ સાહિત્ય તમને કયું લાગ્યું? ક્યો ગ્રંથ?

એ તો હું અત્યારે ભૂલી ગયો, કારણ કે હું કાંઈ નોંધ કરું નહીં, પણ મને રસ હતો એટલે પૂછું. એ માણસે એટલું બધું જોયેલું, એવા માણસોને મળેલાં કે જેની કાંઈ આપણને કલ્પના આવે નહીં, પણ વાત કરે ત્યારે એમ ખબર પડે કે આ જીવતો માણસ છે, કે જે સંત તરીકે, સૂફી તરીકે જીવતો માણસ છે એમ લાગે. એટલે પછી આ પંથભેદને આ ભેદ એ એમને કેવી રીતે સ્પર્શ કરે?

જૂનાગઢ જાય ત્યારે હું કહું કે તમે અહીં આવો છો ત્યારે જૂનાગઢ જાઓ છો! તો કહે કે, 'જુઓ! ત્યાં જે પેલા નવીનભાઈને ધીરુભાઈને એ જે કામ કરે છે અને એ કામમાં આપણે જઈએ એટલે કાંઈ ઉપાય (થાય), કારણ કે એ જે સંસ્થાઓ છે (રૂપાયતન આદિ) એમાં કાંઈ (ઉપયોગી થવાય). એટલે એવી એમની વૃત્તિ (સેવાવૃત્તિ).' એટલે એકદમ એણે જીવન એમનું તદ્દન જાણે કે અર્પિત ન કર્યું હોય અંતરથી! એટલે આ તો આપણે બાહ્ય વ્યવહારથી જેટલું કાંઈ જાણી શકીએ અને કહીએ એટલું કહેવાય. પણ ખરો માણસ તો કોઈ એ છે જે જ્ઞાન, કર્મ, ભક્તિ અને સાધન (ને જોડે). અને એમની સાધના એટલે સહજ. એમણે એ બરાબર કહ્યું છે કે એ યાંત્રિક સાધનામાં માને નહીં. અને એ વાત સાચી. ટાગોરના સંનિધાનમાં રહ્યા હોય, ગાંધીજીના પરિચયમાં આવ્યા હોય અને એ યાંત્રિક સાધનામાં કેવી રીતે બંધબેસતા થઈ શકે? થઈ શકે જ નહીં! સાધના ખરી, પણ સાધના તો અંદરથી ઊગે એ પ્રમાણે વર્તવું અને બહાર વર્તવું એ પ્રમાણે અંદર રહેવું, ઉપર કાંઈ ઢાંકપિછેડો નહીં, એનું નામ સાધના. એ એમના જીવનનું રહસ્ય હતું.

એથી છેલ્લે છેલ્લે હમણાં મેં સાંભળ્યું તે દિવસે મારી તબિયત ઠીક ન હતી, પણ હું અનેકાંત વિહારમાં હતો અને સાંભળ્યું. પ્રતાપભાઈએ કહ્યું કે ચાચાજી આશ્રમમાં આવ્યા છે. પ્લેનમાં ઘણું કરીને આવ્યા છે અને પ્લેનમાં તુરંત જવાના છે, કારણ કે હવે એવા બીમાર છે કે બધા જ એમના અનુયાયીઓ અને પરિચિતો મુંબઈમાં જઈ ન શકે, (મને એવી કલ્પના થઈ) માટે એ આવ્યા. હવે એ કલ્પના કહો કે જ્યાં આશ્રમમાં ઘણીવાર આવ્યા હોય, જેટલાં લોકો પરિચિતો હોય એ બધાંને કાંઈ મુંબઈ બિમારી વખતે જવાનું મન થાય એ તો ભારે પડે! એ એકલા આવ્યા અને પછી થોડા દિવસમાં જ એમનું અવસાન થયું! તો આ એક એવો માણસ કે જેને (માટે) આપણે એમ કહી શકીએ કે આપણે જેના પરિચિત હોઈએ, એવો આ એક સૂફી સંત!

એટલે જૂના વખતના જે આપણે ત્યાં પરંપરા છે, કે સૂફી લોકો ખરા આવા હોય. હું ઘણીવાર પૂછતો કે તમને જે સૂફી લોકો લખનૌની આસપાસ બતાવેલા, કે કોઈ અમુક જગાઓ કે આગ્રાની આસપાસ, તો કહે કે એમાં મુસલમાનો, હિંદુઓ પણ હોય છે. પણ આ બધો જે સૂફીઝમનો વારસો, એ વકહ, સિંધમાંથી. સિંધમાં 'ડેરા ઈસ્માઈલ ખાન' એમાં એ રહેલા (જન્મેલા-પ્ર.) અને સિંધમાં જે ઈરાનથી સૂફીઝમ આવ્યો, પણ એ આમના હાડોહાડ ઉતરી ગયો અને વધારામાં એ કે એ ટાગોરને ત્યાં રહ્યાં અને ટાગોરને ત્યાં રહ્યાં એટલે પછી એ કાંઈ ટાગોરની જે કલ્પના ધર્મ વિષેની, અધ્યાત્મ વિષેની હતી એ બધી એમનામાં આવી. ને પછી ભાષા, કવિતા તેમનામાં હતી તે આખી જિંદગી (અર્પિત થઈ). હમણાં જે આમાં જે વાદ્ય સાથે, તબલાં ને એની સાથે જે ભજનો ગવાયાં એમાં હું બહુ સાંભળી ન શક્યો, પણ એમાંથી કાંઈ એકાદ ધ્રુવપદ જેવો મને શબ્દ લાગ્યો, કે પછી મેં મારી મેળાએ બધી સરણી જોડી કાઢી. એ માણસ એ ભજનમાં અર્પણ જ અર્પણ દેખાય. આવા માણસો જિંદગીમાં એકવાર પણ મળ્યા હોય તો આપણે કૃતકૃત્ય.

એકવાર એચ.કે. કૉલેજમાં એમનું ભાષણ. શા વિષે એ મને ખબર નથી, પણ એ અંગ્રેજીમાં બોલ્યા હતા. હું સામે જ બેઠો હતો, એટલાં માટે કે કાનને જરા કંઈક બરાબર સંભળાય. એ તો જ્યારે બોલતા ત્યારે જે દેખનારા માણસો (તે) મને કહેતા કે આંખો મીંચીને જ બોલે છે. એટલે કોઈએ ઊઠીને મને કહ્યું કે એ તો એમની આંખો મીંચાયેલી જ હોય છે, એટલે, અંતર્મુખ થઈને બોલે છે. હવે આવા માણસને વિષે આપણે શું કહીને યાદ કરીએ? એટલું જ કહી શકીએ કે આપણે પોતાની જાતનો વિચાર કરીએ તો આ દિશામાં આપણે શું છીએ? એટલી જ વાત છે. અને આ જે ભજન હમણાં આવ્યું છેલ્લું, એ કોનું બનાવેલું છે એ મને ખબર નથી, 'ઈસ રૂપમેં યા ઉસ રૂપમેં' (સભામાંથી = ઈંદિરાજી, દિલીપકુમાર રોયની પાસે જે ઈંદિરાજી છે તેમનું =) (હા, એ એમણે કહ્યું, પણ મારા કાને સંભળાયું નહોતું) ત્યારે જુઓ કે શું છે? આ રૂપ કે તે રૂપ. આપણા દેશમાં જે અધ્યાત્મ કહેવાય છે તે અત્યારે શાબ્દિક અધ્યાત્મ છે, પણ ખરો અધ્યાત્મ આ છે! જે માણસ અંતરપ્રતીતિથી એમ બોલે, કે આ નહીં, તો તે. આપણે આવવાનું તો છે જ? મૃત્યુ નથી, અમૃત છે. એ એમના ઉદ્ગારો અને ભાવનાઓ એ તો એમની સાથે ગઈ, પણ આપણે એમના નિમિત્તે મળ્યા, બધા સ્નેહીઓ મળ્યા, એ સારું થયું. અને આમાં (સભામાં) કોણ કોણ આવ્યા છે, એ નથી જાણતો, પણ જે હું તો બબલભાઈની સાથે બેઠો છું, પણ બબલભાઈ બેઠા છે એટલે મારે કહેવું ન જોઈએ, પણ હમણાં એમનાં પુસ્તકો આવ્યા. એક ભાઈ આપી ગયા અને એ પુસ્તકો, મારી પાસે જે પહેલવહેલ, આવ્યા તેમને મેં કહ્યું કે આ પુસ્તકો તમે વાંચી જાઓ. તો આપણા

દેશમાં એવી કાંઈક વસ્તુ છે કે, ખૂણે ખાંચરે પડી હોય અને આપણને ખબર ન હોય, એટલે પછી આપણે આ નિમિત્તે એકત્ર થયા અને એમાંથી એકબીજાને ઓળખ્યા. દાખલા તરીકે આચાર્યજી – જયંતીભાઈ આચાર્ય. હવે એ એટલા સ્નેહી છે કે એ જ્યારે એકવાર કપડવંજ જતા હતા ત્યારે કંઈ મને કહેવા આવેલા કે હું હવે અહીં જોડાયો છું. મને બહુ આનંદ થયેલો. પછી આજે મળ્યા, આટલા વર્ષે, દસ બાર વર્ષ થઈ ગયા હશે! અને એ તો એવા સાધક છે, શાંતિનિકેતન – ટાગોરના તો છે, પણ શ્રી અરવિંદના (પણ) સાધક છે. એમના તમે અનુવાદો જુઓ! એ બધા આજે મળ્યા છે એટલે જે જે આજે મળ્યા છે એ મલ્લિકજીને નિમિત્તે. એટલે આપણે બીજું કાંઈ નહીં તો આવો સદ્‌ભાવ લઈને જઈએ છીએ. એ આજના મિલનનું મોટું રહસ્ય છે, તાત્પર્ય છે.

***અનુલેખન :*** *પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા સરિતકુંજ, અમદાવાદમાં ૭-૫-૧૯૭૦ના રેકર્ડ કરેલ ટેઈપ પરથી)*

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૧૧૨ ૩૧૫૮૦

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**ગાથા - ૩૨**

**સંગ્રહણી રોગહારક**

**ગંભીરતાર રવપૂરિત દિગ્વિભાગ**
**સ્ત્રૈલોક્ય લોક શુભ સંગમ ભૂતિદક્ષઃ ।**
**સધ્ધર્મરાજ જય ઘોષણ ઘોષકઃ સન્**
**ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાહી ॥૩૨॥**

ભાવાર્થ :– હે યશસ્વી પ્રભુ! નભમંડળમાં ગુંજાયમાન દિવ્ય દેવદુંદુભિ આપનો સુભગ સંદેશ ત્રણે લોક સુધી પહોંચાડી રહી છે. તેનો ગંભીર નિનાદ ઊંચા અને મધુર સ્વરથી ગુંજાયમાન થઈ રહ્યો છે. તેણે દશે દિશાઓને પોતાના અવાજથી ભરી દીધી છે. સાથે સાથે આ દિવ્ય દુંદુભિ આપની વિભૂતિનું ગાન કરવામાં પણ કુશળ છે. તેવી જ રીતે તે આપના યશોગાન અને સદ્‌ધર્મનો જયઘોષ પણ કરી રહી છે.

વિવેચન :– શ્રી માનતુંગ આચાર્ય સમવસરણને ચિંતનપૂર્વક નિહાળી રહ્યા છે, તેના એક એક પ્રાતિહાર્યને આત્મ સાક્ષાત્કાર કરી રહ્યાં છે. જાણે સાક્ષાત્ પ્રભુ પાસે બેઠા હોય તેવી આત્માનુભૂતિ કરી રહ્યાં છે. તીર્થંકર પ્રભુના અતિશયરૂપ આઠ પ્રાતિહાર્યમાંથી દેવદુંદુભિ એ પાંચમું પ્રાતિહાર્ય છે. પૂર્વના ચાર પ્રાતિહાર્યો મૌન ભાવે પ્રભુનો મહિમા પ્રકાશિત કરતા હતા, જ્યારે આ પાંચમું પ્રાતિહાર્ય દુંદુભિ ગંભીર ઘોષણા કરીને શબ્દાયમાન બન્યું છે. દુંદુભિ એ આદિકાળથી મહોત્સવ કે એવા બીજા કોઈ અલૌકિક અવસરો માટે ઉત્તમ ઉપકરણ ગણાયું છે. આ દુંદુભિ કોઈ સામાન્ય દુંદુભિ નથી પરંતુ પ્રભુ જ્યારે ધર્મ ઉપદેશ આપતા સમવસરણમાં બિરાજમાન થાય ત્યારે દેવદુંદુભિ અત્યંત ગંભીર મધુર અને સ્પષ્ટ અવાજે દશે દિશામાં ધર્મનો ઉદ્‌ઘોષ કરે છે. એટલું જ નહીં ત્રણે લોક સુધી પ્રભુનો શુભ સંદેશ પહોંચાડવા ગુંજાયમાન થાય છે.

સ્તુતિકારે આ શ્લોકમાં તીર્થંકર પ્રભુનો અને દુંદુભિનો, એમ બન્નેનો મહિમા એવી રીતે પ્રગટ કર્યો છે કે પ્રભુના પ્રભાવથી દુંદુભિ મહિમાવંત થઈ છે અને દુંદુભિના ઘોષથી પ્રભુનો મહિમા વૃદ્ધિ પામ્યો છે. આ રીતે પરસ્પરોપકાર અલંકારનો આશ્રય લઈને તેમણે જૈન પરંપરાની પ્રાતિહાર્ય પ્રથાને કાવ્ય દ્વારા અનોખો ઓપ આપી પોતાની કાવ્યશક્તિનો પરિચય આપ્યો છે.

આ શ્લોકમાં મુખ્ય આલંબનરૂપે દુંદુભિ છે. અને તેની વિશેષતાને પ્રગટ કરવા માટે સ્તુતિકારે આકાશ, ગંભીરરવ, ધર્મનો ઉદ્‌ઘોષ ઈત્યાદિ બીજા આલંબનને સ્પષ્ટ કર્યા છે. તેવી જ રીતે આ શ્લોકમાં મુખ્યત્વે સ્વરની વિશિષ્ટતા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. સ્વર કહો કે વાણી, જે કાંઈ શબ્દ અને શબ્દાતીત ઘોષ છે, તે બધા સ્વરના અંગ છે. સ્વર એ વિશ્વની મહાન શક્તિ છે. સ્વરની ત્રણ સ્થિતિ ગણાવી છે. (૧) ગુપ્ત સ્વર, (૨) મંદ સ્વર અને (૩) ઉચ્ચત્તર સ્વર. આ ત્રણેય સ્વર પોતપોતાની રીતે અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે.

(૧) **ગુપ્ત સ્વર :** કાનથી ન સંભળાય તેવા ગુપ્ત સ્વરો સૂક્ષ્મ પરમાણુ દ્વારા પ્રવાહિત થાય છે. નાદ પ્રયોગ કે એવા બીજા કોઈ પ્રયોગથી કર્ણ સંપૂટ બંધ હોવા છતાં તે સાંભળી શકાય છે. આ ગુપ્ત સ્વર, તે ધ્યાનનો એક અલૌકિક આધાર છે. આ સૂક્ષ્મ સ્વર ધ્યાનમાં સમાવિષ્ટ થાય છે. મનના વિકલ્પથી મુક્ત થવા માટે સૂક્ષ્મ સ્વરનું શ્રવણ એક અલૌકિક દિવ્ય ઔષધિ છે.

(૨) **મંદ સ્વર :** મંદ સ્વર વિશ્વના બધા જ વ્યવહારોમાં ઉપકારી છે. પ્રાણી માત્ર ભાષાથી વ્યક્ત અને અવ્યક્ત એવાં

અવાજથી ભાવોની અભિવ્યક્તિ કરી જીવનયાત્રા ચલાવે છે. સ્વર વગરની સૃષ્ટિની કલ્પના કરવી અશક્ય છે, ખરેખર તો વિશ્વનો મોટાભાગનો વ્યવહાર જ ખોરવાઈ જાય. હકીકતમાં બધી ઈન્દ્રિયો હોવા છતાં પ્રાણીઓને પ્રાપ્ત થયેલી શબ્દ શક્તિ, સ્વર કે વાણીનો મહિમા અકથ્ય છે.

(૩) **ઉચ્ચત્તર સ્વર :** સ્વરનો આ ગુણ અત્યંત વિશિષ્ટ છે. આ સ્વર બે પ્રકારનું કામ કરે છે. ઊંચી અને ભારે અવસ્થાને પામેલો સ્વર જો અમંગળ હોય તો વિશ્વની પ્રકૃતિમાં ઉલ્કાપાત મચાવી ધ્યાનહાનિ અને ભયંકર અભદ્ર સ્થિતિનું નિમિત્ત બને છે. પરંતુ જો આ ઉચ્ચસ્તરીય સ્વર મંગલ ભાવોથી ભરેલો હોય અને મધુર હોય તો ત્રણે લોકના જીવોને શાતા પમાડી શકે છે. અચેતન જગતમાં પણ ચૈતન્યના પ્રાણ પૂરી શકે છે. મંગલ ભાવોને ગુંજારિત કરી શકે છે. તીર્થંકર પ્રભુના સમવસરણમાં પણ પરમ ઉચ્ચકક્ષાનો ઉચ્ચસ્તરીય સ્વર હોય છે અને તે દુંદુભિના માધ્યમથી સમગ્ર વિશ્વમાં પ્રવાહિત થાય છે.

કવિશ્રીએ પણ પ્રસ્તુત શ્લોકમાં આવા ઉત્તમસ્વરનું આખ્યાન કર્યું છે. તેઓશ્રી જણાવે છે કે આ સ્વર ઘોષ ગંભીર પણ છે અને પૂર્ણ રૂપથી સશક્ત પણ છે. ગંભીરતા તે સ્વરનો એક શાતા ઉપજાવતો શ્રુતાભિરામ ગુણ છે. જો ગંભીરતા ન હોય તો આવા મહાસ્વરમાં કર્કશતા આવે, કઠોરતા આવી જાય. અને સ્વરના આ બંને દોષ મહાકષ્ટનું કારણ બને છે. પરંતુ નિયમ એવો છે કે 'सौम्यघोष सौम्यभाव जनकः।' સૌમ્યઘોષ - સૌમ્યભાવનો જનક છે. શબ્દમાં જો સૌમ્યતા હોય તો તે પ્રાણીઓમાં સૌમ્યભાવને જન્મ આપે છે. આ સિધ્ધાંતના આધારે જ હજારો સૂરાવલી વાંજિત્રોના માધ્યમથી વિશ્વશાંતિ અને સુખનું કારણ બને છે. એવી જ રીતે પ્રભુના સમવસરણમાં પણ દુંદુભિ ગંભીર અને સશક્ત સ્વર દ્વારા ધર્મનો ઉદ્‌ઘોષ કરી પ્રભુનો મહિમા વધારે છે. એટલું જ નહીં વિશ્વના સંતપ્ત જીવોને સૂક્ષ્મ કે સ્થૂળરૂપે શાતા આપે છે. અને પોતાના મધુર અવાજથી જાણે સંપૂર્ણ અવકાશને ભરી દે છે.

બીજા પદમાં સ્તુતિકારે દુંદુભિને જીવંતરૂપ આપતા 'દક્ષ' શબ્દ આલેખ્યો છે. 'દક્ષ'નો અર્થ થાય ડહાપણ. આ દક્ષતા બે પ્રકારની હોય છે. એક બુધ્ધિપૂર્વકની દક્ષતા, જ્યારે બીજી સહજ સાત્ત્વિક ગુણાત્મક દક્ષતા. જેમ મધુર-ઠંડો પવન ચાલતો હોય તો માનવના મનને પ્રમોદ પમાડે છે. અર્થાત્ પ્રમોદ આપવામાં આ પવન દક્ષ છે. પવનની આ દક્ષતા સાહજિક છે. એ રીતે અહીં દુંદુભિને દક્ષ કહી છે. તે સાહજિક ભાવે તેની દક્ષતા અભિવ્યક્ત કરે છે. જેમ કે ખારા સમુદ્રની વચ્ચે મીઠા પાણીનું ઝરણું વહેતું હોય તે ઝરણાંને કેવું માનવું? એ જ રીતે આ દુંદુભિનો દિવ્યધ્વનિ બળતા સંસારની વચ્ચે શીતળ ભાવોને પ્રવાહિત કરી પોતાના ધ્વનિને સર્વથા ગંભીર, નિર્મળ રાખી કાર્ય કરે છે, તે શું ઓછી ડહાપણની વાત છે! તેથી જ કવિશ્રી આ દુંદુભિના ધ્વનિને 'દક્ષ' કહે છે.

આચાર્યશ્રી આટલેથી અટકતાં નથી પરંતુ 'શુભ-સંગમ-ભૂતિ' જેવા શબ્દો દ્વારા પોતાના ભાવોને અભિવ્યક્ત કરતાં કહે છે કે, આ તો દિવ્ય ધ્વનિ છે. તે દેવાધિદેવનો સંદેશ લઈને પ્રસ્ફૂટિત થનારો ધ્વનિ છે. ત્રણે લોકના જીવમાત્રને ધર્મનો સંદેશ આપે છે. એટલું જ નહીં આ શુભતત્ત્વનો સંગમ કરાવી તેમના કલ્યાણનું નિમિત્ત પણ બને છે. શુભ સંગમમાં સહુ સ્નાન કરે તેવી અદશ્ય ભાવના વ્યક્ત કરી જાણે અજાણે વિશ્વવિભૂતિની વર્ષા કરી રહી હોય એવું લાગે છે.

આ દુંદુભિ ભૂતિ વર્ષા સુધી સીમિત નથી. તે ભૂતિ વર્ષાની સાથે સાથે પ્રગટ રૂપે જયઘોષ કરે છે, કે ધર્મરાજ્ય સ્થાપિત થયું છે. આ ધર્મરાજ્યના અધિષ્ઠાતા ધર્મ ચક્રવર્તી છે. તેવાં સશક્ત ભાવને આચાર્યશ્રીએ પાંચમા પ્રાતિહાર્યને શબ્દાયમાન બનાવી આખ્યાન કર્યું છે. હકીકતમાં આ પ્રાતિહાર્ય શબ્દ અને ઘોષનું ઉપકરણ છે. આ ધ્વનિ કેવળ મધ્યલોક સુધી સમાપ્ત થઈ જાય તેવો નિર્બળ નથી પરંતુ સમગ્ર આકાશ તત્ત્વને, ત્રણે લોકમાં વ્યાપ્ત થયેલ લોકાકાશને આવરી લે તેવો પ્રચંડ છે.

અહીં અતિશય અલંકારનો પ્રયોગ કરી કવિશ્રી એમની કાવ્યકલાનો પરિચય પણ આપે છે. આમ તો બધા પ્રાતિહાર્યો ભગવાનના અતિશય જ છે. અહીં અતિશય અલંકાર વિરાટ ભાવનાનું દ્યોતક રૂપે છે. દુંદુભિ અર્થાત્ ભેરીનો અવાજ, વસ્તુતઃ આ દુંદુભિનો અવાજ ત્રણ લોક સુધી પહોંચે નહીં પરંતુ દુંદુભિની ભવ્યતાનો આભાસ પ્રગટ કરવા માટે અતિશયની અભિવ્યક્તિ કરી છે. અને સાથે સાથે દિશાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. સામાન્ય માન્યતાનુસાર દરેક દિશાના પણ અધિષ્ઠાતા દેવ હોય છે. આ અધિષ્ઠાતા દેવો વ્યક્તિના મંગળ સાથે સંબંધ ધરાવે છે. જ્યારે પ્રભુની દુંદુભિનો અવાજ દિશાઓમાં વ્યાપ્ત થાય છે, ત્યારે દેવતાઓ પણ પ્રસન્નતાથી દિવ્યધ્વનિનો આદર કરે છે, એટલું જ નહીં પોતાની દેવશક્તિથી આ દિવ્યધ્વનિને વૃધ્ધિગત બનાવે છે, જેમ માઈકમાં ગયેલો શબ્દ વિરાટ રૂપ ધારણ કરે છે, તેમ દેવતાઓના અંતઃકરણ સુધી પહોંચેલો આ દિવ્યધ્વનિ વિરાટ રૂપ લઈને પ્રતિધ્વનિ તરીકે ઉદ્‌ઘોષ કરે છે. એટલું

જ નહીં અહિંસક ધર્મરાજ્યની જયઘોષણાને વધાવીને જયજયકાર પણ કરે છે.

કવિશ્રી ત્રીજા પદમાં કહે છે કે, દુંદુભિ પોતે ઘોષણા પણ કરે છે અને ઘોષક પણ છે. એક જ પદમાં ક્રિયા કર્તાનો ઉલ્લેખ કર્યો છે. ભોજન કરતો રામલાલ ભોજન કરનારો છે. આ દ્વિરુક્તભાવ આવશ્યક નથી પણ કાવ્યની દૃષ્ટિએ અનુકૂળ ગણાય છે. જયઘોષ કરતી દુંદુભિ ઘોષક છે તેમ કહ્યું છે, જે ઘોષક છે તે જ ઘોષણા કરે છે. ક્રિયા અને કર્તા તો એક જ હોય છે, છતાં પણ અહીં બન્ને વચ્ચે ભેદરેખા ખેંચી સ્તુતિકારે ઘોષણાની ક્રિયા માટે દુંદુભિને સાચા અર્થમાં જવાબદાર ગણાવી છે. જેમ કે ઘણી વખતે એવું બને કે ક્રિયાનો કર્તા ક્રિયાની સાથે નિર્દોષ ભાવે જોડાયેલો હોતો નથી. ત્યારે તે ક્રિયા કરવા છતાં સાચા અર્થમાં તે કર્તા હોતો નથી. દાખલા તરીકે રંગમંચ પર રાજાના વેશમાં ક્રિયા કરતો અભિનેતા સાચા અર્થમાં રાજા નથી. હાવભાવ ભલે રાજાના હોય છતાં તે રાજાની ક્રિયા સાથે સંયુક્ત નથી, કેવળ તે ક્રિયાનો કર્તા છે. પણ સાચો કર્તા નથી. જ્યારે અહીં કવિશ્રીએ જયઘોષ કરનારી દુંદુભિને ખરા અર્થમાં ઘોષક કહી છે. બન્ને વચ્ચે કોઈ વૈભિન્ય નથી. આ રીતે ઘોષણા અને ઘોષક આ શબ્દો ગંભીર ભાવના પ્રતિબોધક બતાવ્યા છે. ખરેખર! રવ તો ગંભીર છે જ, સાથે સાથે ભાવ પણ ગંભીર છે.

અંતિમ પદમાં સ્તુતિકારે દુંદુભિ માટે 'यशसः प्रवादी' શબ્દ પ્રયોગ કર્યો છે. કોઈ પણ વ્યક્તિ કે કૃતિનો મહિમા તેના યશોગાનથી પ્રગટ થાય છે. યશોગાન અર્થાત્ યશના ગીત. યશોગાન પ્રાયઃ ગુણાનુકૃતિથી પ્રગટ થાય છે. દૃષ્ટાના જ્ઞાનમાં પદાર્થના ગુણો સાકાર થાય ત્યારે વાણી રૂપે પ્રસ્ફૂટિત થઈ યશોગાનમાં રૂપાંતરિત થાય છે. યશ તે બહુ મોટી સંપત્તિ છે, કીર્તિનો સમાવેશ પણ યશોગાન સાથે જોડાયેલો છે. યશોગાનના બે પ્રકાર છે. (૧) વાસ્તવિક અને (૨) અવાસ્તવિક.

સાક્ષાત્ ગુણોનું કથન થાય અને જેટલી માત્રામાં ગુણોનું આખ્યાન કર્યું હોય, તેનાથી વધુ ગુણોની ઉપસ્થિતિ હોય, તો તે વાસ્તવિક યશોગાન કહેવાય પરંતુ ગુણોનો અભાવ હોય તો તે ખુશામત રૂપે પ્રગટ થતું મિથ્યા કે અવાસ્તવિક યશોગાન કહેવાય.

પ્રસ્તુત કાવ્યમાં પ્રભુના ગુણોનું યશોગાન કરનારી દુંદુભિ વાસ્તવિક ગુણોનો ઉદ્‌ઘોષ કરે છે, તે પરમાત્માની પ્રતિભાને જન-જન સુધી પહોંચાડે છે. કવિશ્રી આવા યશોગાન કરનારી દુંદુભિને પ્રવાદી કહી છે. અર્થાત્ તે સંપૂર્ણ સત્યનું ઉદ્‌ગાન કરે છે. જોકે પ્રભુનો યશ સામાન્ય રૂપે વિસ્તાર તો પામેલો જ છે પરંતુ તે યશનો ઉદ્‌ઘોષ થાય તો મહિમાનું સ્વરૂપ ધ્વનિમાં અંકિત થઈને ગુંજાયમાન બને છે. અહીં આચાર્યશ્રીએ પણ પ્રભુના યશને દુંદુભિ દ્વારા ગુંજાયમાન કર્યો છે. આ ધ્વનિનો ઘોષ એટલો સટીક છે કે માનો આ શ્લોકના ઉચ્ચારણ સમયે આપણને પણ તે ધ્વનિ સંભળાય છે.

આ શ્લોકમાં પણ આચાર્યશ્રી અધ્યાત્મ ભાવોનું અવલંબન લઈ આંતરિક દુંદુભિ દ્વારા શુદ્ધ ચૈતન્યરૂપ આત્માના યશોગાન ઉપસ્થિત કરે છે. બાહ્ય સ્થૂલ ધ્વનિથી ટેવાયેલો જીવ શાંત થાય નહીં, ત્યાં સુધી આંતર ધ્વનિના અલૌકિક ગુણોથી વંચિત રહે છે. પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટ બતાવ્યું છે કે આ દિવ્યધ્વનિ સાધકને શુભતત્ત્વના સંગમથી ન્યાલ કરી દેશે. બાહ્યમાં ધ્વનિ શુભતત્ત્વ મેળવે કે ન મેળવે પરંતુ આંતરધ્વનિ સાધકનાં હૃદયરૂપી મંદિરને શુભ તત્ત્વરૂપી ઝવેરાતથી ભરી દેશે.

હકીકતમાં દુંદુભિનો સાચો ઉદ્‌ઘોષ આંતરિક સૃષ્ટિમાં સમાયેલો જ છે. કોઈ જ્ઞાનાત્મક પરિપક્વ ભાવ જ્યારે સ્થિર થાય છે ત્યારે આંતરમનમાં તેનો ધ્વનિ પ્રગટ થાય છે. સાધક ચક્ષુને અંતર્મુખી કરી અંતરમનમાં પ્રવેશ કરે છે ત્યારે ત્યાં શાસ્ત્ર દ્વારા સ્થાપિત થયેલ પ્રભુનાં દિવ્ય સ્વરૂપનું દર્શન થાય છે. સાધકને અંતર્નિહિત પરમાત્માના યશોગાન કરતી કોઈ ધ્વનિ પણ સંભળાય છે. આ ધ્વનિ એક પ્રકારનો નાદયોગ છે. યોગ સાધનામાં પણ નાદયોગનું આગવું સ્થાન છે. અધ્યાત્મયોગીઓએ પણ આંતર નિનાદના અનુભવની વાત કરી છે, જેમ કે, શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, 'સોનાનું ઝાંઝર મનુષ્યના અંતઃકરણમાં રણઝણતું જ હોય છે.' 'સાંઈ' મકરન્દ દવે તેઓની એક રચનામાં કહે છે કે, ''નજરુંમાં નાથી લેતા સુરતાને સાંધી દેતા, સંભળાવે ઊંડા ગેબી સૂર, જીવો જેના નેણોમાં ઝબૂકે તારા સૂર'' અર્થાત્ જેની લગનીનું પરમતત્ત્વ સાથે એક તારત્ત્વ સંધાઈ જાય છે. આ સ્થૂળ જગત સાથેનું એનું તાદાત્મય સરી પડે છે. અને અનેરા લોકનો સૂર તેને શ્રવણ ગોચર થાય છે. એ સૂર કેવો છે? ઊંડો ગેબી સૂર. અધ્યાત્મના ઊંડા રહસ્યો ખુલ્લા કરતો અગોચર સૂર. જેમાં સાધક મગ્ન બની જાય છે. એટલું જ નહીં ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે, ''હું દરેક વ્યક્તિના દરવાજે વાંસળી વગાડું છું. પણ કોઈ ભાગ્યવાન જ તેને સાંભળે છે.''

ખરેખર! કવિશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં નાદયોગનું એક વિશિષ્ટ સ્થાન યોગ સાધનામાં રહેલું છે તેનું સુંદર આખ્યાન દિવ્ય દુંદુભિ

દ્વારા પ્રસ્તુત કરી તેઓશ્રી પણ આંતરધ્વનિનું રસપાન કરતાં આગળ વધી રહ્યાં છે.

**ઋદ્ધિ** :– ૐ ह्रीं अर्हं णमो घोर - गुणबंभचारिणं।

**મંત્ર** :– ૐ ह्रां ह्रीं ह्रू ह्रौ ह्रः सर्व दोष - निवारणं कुरु कुरु स्वाहा। सर्व सिद्धिं वृद्धिं वांछों पूर्ण कुरु कुरु स्वाहा।

**વિધિ-વિધાન** : પવિત્ર થઈને પીળા વર્ણના વસ્ત્ર ધારણ કરી યંત્ર સ્થાપિત કરવું, પાશ્વ ભાગમાં મંગલ કલશ રાખવું. યંત્રની પૂજા કરવી, પછી પૂર્વ દિશા તરફ મુખ કરી પદ્માસન લગાવી એક હજાર આઠ વાર પીળી માળાથી ઋધ્ધિ-મંત્રનો જાપ કરી યંત્ર સિધ્ધ કરવું.

**ફલાગમ** : બત્રીસમી ગાથા, ઋધ્ધિ તથા મંત્ર દ્વારા એકવીસ વાર અથવા એકસો આઠ વાર કુંવારી કન્યા દ્વારા કાંતેલ કાચા સૂતરને મંત્રિત કરી તે સૂતરને ગળામાં રાખવાથી તેમજ યંત્રને પાસે રાખવાથી સંગ્રહણી વગેરે પેટના બધા રોગો દૂર થાય છે.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

## ફરીએ તો વિસ્તરીએ-૧૨ :
# આજની ના કાલ કરીએ...

**જેલમ હાર્દિક**

**દુ**નિયાના કેટલા બધા દેશોમાં, ભારતમાં તો ખાસ જ કોરોનાએ અત્યારે એવી સ્થિતિ ઉભી કરી છે કે આટલે દૂર બેઠાં-બેઠાં પણ અમારું મન ત્યાં દોડી આવે. પ્રાર્થના ઉપરાંત શું કરી શકું એવું લાગ્યા કરે. છેવટે એમ મન મનાવું કે તમે બધાં ત્યાં આટલી સાવચેતી જાળવીને ઘરમાં'ર્યો છો, તો પાનાં પરની આ સફરને બહારને તો તમારી સાથે ક્યાંક ફરવા નીકળી જાઉં. મૂળ તો આપણે આનંદમાં રહેવું છે, એકબીજાંની પડખે રહીને. તો બસ, 'આજની ના કાલ કરીએ. ચાલ, ફરીએ!' નિરંજન ભગતને ફરીવાર યાદ કરીને ફરી ઉપડીએ યુરોપ. બે વર્ષ પહેલાંની અમારી ઇસ્ટર મૅરેથોન આગળ વધારીએ. શરૂઆત તો આપણે વિયેનાથી કરી જ દીધી'તી. આજે જઈએ પ્રાહા.

તમે ચકરાવે ન ચડતાં આ નામના. પ્રાહા એટલે પ્રાગ, ચેક રિપબ્લિકની રાજધાની છે એ જ પ્રાગ, ચેક લોકો એને પ્રાહા તરીકે ઓળખે છે. રણબીર કપૂરવાળી ફિલ્મ 'રૉકસ્ટાર' મેં જોઈને, ત્યારથી એનાં અમુક ગીતોને કવ્વાલી ઉપરાંત મારાં મન પર છવાઈ ગ્યું'તું પ્રાગ. ખૂબ ગમી ગ્યું'તું ત્યારે, ને આ પ્રવાસમાં અચાનક એનો મેળ પડી ગ્યો'. વિયેનાથી અમે બપોરની બસમાં ઉપડ્યાં ને ચારેક કલાક પછી ઉતર્યાં પ્રાગમાં; ઑસ્ટ્રિયાનાં મુખ્ય શહેરથી ચેક રિપબ્લિકનાં મુખ્ય શહેરમાં. પ્રાગ પહોંચ્યાં ત્યારે રાતના સાડા આઠેક થવા આવ્યા'તાં. એક તો અજાણ્યું ગામ ને માથે અંધારું. ટ્રેન સ્ટેશન નજીક જ છે, એવી માહિતી મળતાં એ દિશામાં ચાલવા લાગ્યાં. થોડીવારમાં તો પ્રાગનાં એકસઠમાંનાં એક મેટ્રો સ્ટેશને આવી પહોંચ્યાં. દાદરા ઉત્યાં ને ટિકિટ માટેનું વેન્ડિંગ મશીન દેખાયું. થોડી મહેનત અને થોડી બીજાંની મદદથી અમે એકસાથે ૭૨ કલાક ચાલે એવી ટિકિટ લઈ લીધી. અમે ભલે, માત્ર બે જ રાત માટે ત્યાં હતાં, પણ અમને એ જ સારું પડે એમ હતું. બાકી, ત્યાંના અમુક દેશોમાં આ રીતે ત્રીસ મિનિટથી લઈને ત્રણ દિવસ સુધીની ટિકિટના વિકલ્પ મળે, એટલે આ વખતે અમે જે-તે દેશ કે ગામમાં રોકાવાના દિવસો પ્રમાણે જેવાં ત્યાં ઉતરતાં કે આવી ટિકિટ લઈ લેતાં. એનાથી અનુકૂળતા તો રહે જ, ને ક્યારેક થોડો ફાયદો પણ થાય. બાળકો સાથે કે મોટાં ગ્રુપ્સમાં હોય એમને તો ઘણો ફરક પડે, એટલે તમે લોકોય ખાસ ધ્યાન રાખજો. તો આપણે પહોંચ્યાં'તાં પ્રાગનાં અન્ડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનમાં. ખૂબ ઊંડે-ઊંડે હતું પ્લેટફોર્મ. લાકડાંનાં જૂનાં એસ્કેલેટર્સ કિચૂડાટ કરતાં લઈ ગ્યાં' ટ્રેન પાસે. ને ખબર પડી કે આ હાઈસ્પીડ સબવે તો ૧૯૭૪નાં વર્ષથી ચાલે છે પ્રાગમાં! કેટલી જૂની વ્યવસ્થા, છતાં હતી ફક્કડ. ટ્રેનો શરૂ કરાવવામાં આમેય યુરોપિયનોને કોણ પહોંચે! આપણેય જાણીએ જ છીએ ને?

થોડીવારમાં તો અમે આવી પહોંચ્યાં'તાં અમારાં સ્ટેશને. ત્યાંથી પોતપોતાની ટ્રૉલી બૅગ ખેંચતાં અમે ચાલવા માંડ્યાં દૂર દેખાતી અમારી હોટેલ તરફ. અત્યારે સમય છે તો ચાલતાં-ચાલતાં તમને બીજી કેટલીક મહત્વની વાત પણ કહી જ દઉં કેમ કે, પ્રાગમાં ફરવાની વાત તો આપણે નિરાંતે કરશું જ. તો જૂના અનુભવો પરથી શીખીને આ વખતે અમે સાવ સાદીને બદલે થોડી સારી હોટેલ પસંદ કરી'તી. એનાં બે કારણો; એક તો રહેવાની જગ્યા ચોખ્ખી ને સુંદર હોય, અને સાથે સવારનો નાસ્તો પણ હોય. હા, હોટેલની બાબતમાં 'જેટલો ગોળ નાખીએ એટલું ગળ્યું થાય', ને ધારો કે

એકાદી હોટેલ જો અમારી હોટેલની જેમ ક્યારેક ગામ બહાર હોય તો શું વાંધો? ત્યાં જ તો એન્ટ્રી મારશે ને, આપણા મલ્ટી ટ્રાન્સપોર્ટ ટ્રાવેલ પાસ. આપણે તો પૈસા વસૂલ ને. મૂળ તો અમને સમજાઈ ગ્યું'તું કે ફરવામાં આપણે વાત કરીએ બે બાબતો જો સચવાઈ જાય ને, તો શરીર ને મન બેય તાજાંમાજાં થઈ જાય, ને પછી આપણા બહુ ગમતા જીવરામ જોષીની એકાદી વાર્તામાં આવે છે ને, એમ રાત તો શું, આખો દિવસ છે આપણા બાપનો!

જો વાત-વાતમાં હોટેલ પણ આવી ગઈ. ત્યાં ફટાફટ ચેક-ઈન કરી, રૂમ પર જઈ, સાથે હતું એ ખાઈ, ને અમે તો ભાઈ, લંબાવ્યું, ને રાત સરતાં ક્યાં વાર લાગે! ચાલો, હવે સર કરશું ને 'યુરોપનાં હૃદય'ને? આમ તો પ્રાગ સેન્ટ્રલ યુરોપમાં ગણાય, પણ થોડું ઈસ્ટ-પૂર્વ બાજુ ખરું, એટલે એનું આવું નામ પડ્યું હશે. આ શહેરની બાંધણી અને એની સુંદરતાને લીધે એનાં લાકડાં નામ ઘણાં ઊંચાઈથી જોઈએ તો એ ઘણા બધા ગુંબજો અને મિનારાઓથી ભર્યું ભર્યું દેખાય, એટલે જ એને 'City of a Hundred Spires' પણ કહે છે. ભલે, મિનારાઓની સંખ્યા હવે ત્યાં જનારાં લોકોની સંખ્યાની જેમ વધી ગઈ છે, પણ એક સમય પડેલું આ નામ એમ જ સચવાયું છે, તો કેવું હશે આ ગામ!

મારા આ 'ગામ' શબ્દથી તમે 'મૂળ જૂનું ગામ' જ સમજજો હો, કેમ કે દુનિયાના કોઈપણ દેશની જેમ અહીંયા પણ એની પાસે જ હોય ઢગલાબંધ વાર્તાઓ, જેને સાંભળવા આપણે આવ્યાં છીએ. તો પહોંચ્યાં અમે ગામમાં ને, સાચ્ચું કહું, તો પહેલી છાપ પડી, 'ઓહ. આટલું ગંદું ગોબરૂં!' જૂનું એટલે સાવેસાવ જૂનું લાગ્યું. જૂનું જોવું'તું ચોક્કસ, પણ મૂળના અર્થમાં. અપેક્ષા આવી નહોતી. વિયેનાને આટલું ચોખ્ખું જોઈને આવ્યાં'તાં એ પણ એક કારણ હોય. અમારી જેમ તમેય સમજી જ ગ્યાં' હશો કે તકલીફ અપેક્ષાની પણ ખરી જ.

ખેર, થોડીવારમાં અમારી સામે હતું સુંદર રંગીન ચિત્રોવાળું એક મકાન. એ હતું વીસમી સદીની શરૂઆતમાં બનેલું ત્યાંનું મ્યુનિસિપલ હાઉસ. અત્યારે એમાં કૉન્સર્ટ હૉલ ને કેફેઝ છે. અમે એને પ્રેમથી, પણ બહારથી જ જોઈને બાજુમાં દેખાતાં પાઉડર ટાવર તરફ આગળ વધ્યાં. હાથમાં નકશો હતો, પણ એની કશી જરૂર ન પડી. વીરપુર સ્ટેશને ઉતરો ને જલારામ બાપાનાં મંદિરનું સરનામું પૂછવું ન પડે ને? બસ, એમ જ અમે પહોંચી ગ્યા' એ ટાવર સુધી. પંદરમી સદીમાં પૂરાં થયેલાં ગૉથિક શૈલીનાં આ ટાવરમાં પે'લાં ગન પાઉડર રખાતો, એટલે જ એ પાઉડર ટાવર કહેવાય છે. સહેલું ને? ક્યારેક મને થાય કે, આ લોકોએ આવા નામ પાછળ ખાસ સમય નથી કાઢ્યો, એ જ સમય દેશો પણ શાસન કરવામાં વાપર્યો છે. અત્યારે એમાં ઊંડા નથી ઉતરવું આપણે, આપણે ફરવું છે. તો હતાં અમે જૂનાં-નવાં ગામને જોડતા એ દરવાજા પાસે. હજી તો અંદર એક નજર જ પડી ને લાગ્યું કે ખરેખર સદીઓ સાચવીને ઊભો હતો એ દરવાજો અડીખમ.

એમાં દાખલ થ્યાં', ને ખરી પડ્યા મારા તકલાદી અણગમાઓ, અને ઊઘડ્યું મને ખૂબ ગમે એવું યુરોપનું એક અસ્સલ ગામ. હવે તો તમેય કહેવા માંડ્યાં હશો કે, એ જ પથરીલો રસ્તો, ને એને ફરતી નાની-નાની દુકાનોની હારમાળા. યાદગીરી માટેની જુદી-જુદી વસ્તુઓ, રંગબેરંગી રમકડાં, ખટ્ટમીઠી પીપરને ચોકલેટ, બિસ્કિટની મોઢામાં પાણી અવડાવી દેતી સુગંધ, ને એની વચ્ચે મસ્તીથી પસાર થતાં લોકોનાં ટોળેટોળાં. ત્યારે તો કોરોના કલ્પનામાંય ક્યાં હતો! ને આ હતો પાછો ઈસ્ટરનો આગલો દિવસ. ચાલતાં-ચાલતાં ક્યાંક એકાદા સાન્તાક્લોઝ મળે તો ક્યાંક નાચતું-કૂદતું એકાદું રીંછ. એક જગ્યાએ તો ભાઈ આઈન્સ્ટાઈનને ગોઠવાયેલા જોયા, પછી અમે જાણ્યું કે એમનાં જીવનનું એક વર્ષ એમને પ્રાગમાં ગાળ્યું'તું. આવી અવનવી વાતો જાણતાં અમે ચાલતાં રહ્યાં એ પથરીલે રસ્તે. જે છેક લઈ ગ્યો' અમને ગામના મુખ્ય ચોક પાસે. યુનેસ્કોની જોવાલાયક સ્થળોની યાદીમાં આવતાં જૂનાં પ્રાગનો એ હૃદય સમો હિસ્સો. જે મેળો જામ્યો'તો ત્યાં કે ન પૂછો વાત. એવામાં કોણ જાણે કેમ પણ મારી અંદર આપણા રમેશ પારેખનો 'મેળો' સળવળવા માંડ્યો;

**આ પથ્થર વચ્ચે તરણાનું હિજરાવું લાવ્યો તું ય, રમેશ,**
**સૌના ખભે સૌ અણિયાળી કોઈ વાત લઈને આવ્યા છે.**

મને થ્યું' બે વિશ્વયુદ્ધ વચ્ચે પડતાં-આખડતાં ને ફરી ઊભાં થતાં ચેકિયાનાં, પ્રાગનાં હિજરાતાં તરણાં સમાં આવાં કેટલાંય જીવન પોતાનામાં ધરબીને બેઠા હશે આ પથ્થરો! ને આસપાસ દેખાતાં ચર્ચના સુંદર મજાના મિનારાઓની એ અણિયાળી ટૂંક જો આરપાર થાય ને એ, તો ફરી વહી નીકળે આપણામાં એ લોહીઝાણ સદીઓ પણ આપણે, માણસજાતે તો એમાંથી ય મેળવ્યાં છે ખિસ્સું અજવાળું ને મૂઠી પતંગિયાં ને એટલે જ તો જીવન જીવવા જેવું ને વિશ્વ ફરવા જેવું છે ને? બસ, તો ચાલો, ફરીએ ફ્રાન્ઝ કાફ્કાનાં આ પ્રાગમાં.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

## Ashuchi Bhavna :

# Impureness of the body

**Prachi Dhanvant Shah**

*"Outer beauty attracts, but inner beauty captivates" - Kate Angell.*

At some point of time in life, we all want to be a little glamorous, a little conscious of our outlook, and we all put in that extra effort to look presentable, appealing to other's eyes. Don't get me wrong, dressing up to look decent, using cosmetics to glorify your outlook is not wrong but what matters is your approach towards it. If you are doing so intending to hide something and make yourself happy by presenting what you are not, then there is a problem. Many times, while focusing on our outer beauty and appearance, we land up forgetting who we are and lose the identity of our soul.

We also judge others based on their outlook and what pleases our eyes in just a fraction of seconds becomes our judgment. We all judge and it's a normal part of human beings. But why do certain configurations of color, form, and presentation excite us though? Although in the last few decades, scientists have their own explanation for this, using logic and ideas of evolutionary psychology & tools of Neuroscience. But science also explains the anatomy and biological dissection of this human body besides its outer look. Have you ever wondered if this body would look beautiful without a soul when it's identified dead? Would a dead body look beautiful? Rather if not preserved in cold storage, it would stink intensely. The beauty that we always try to enhance exteriorly beholds underneath foul smells & impurities. However, the most beautiful soul that thrives amongst these impurities remains unaffected and unattached to these bodily impurities.

Jain philosophy through Ashuchi Bhavna contemplates the same. It explains that the body comprises impurities such as blood, bones, flesh, etc., and also excretes filthy stuff such as perspiration, stool, urine-filled with all the impurities. But this body has only one pure element and that is the pure soul which remains unaffected by overlaying impurities. No matter whatever efforts are put in to adorn your outer body, the inner soul remains unaffected. Your soul will have explicit characteristics of its own and what you are, who you are will not change with exterior bodily changes. Hence being attached to your body is futile and meaningless. Rather than beautifying our exterior beauty, it is essential to glorifying your interior beauty because exterior beauty will fade eventually one day and what is long-lasting, is the beauty of your soul. For instance, if you take a bright beautiful designed balloon and fill it with dirty colors, smelly liquids, ketchup, yogurt, etc, and then blow it, decorate it from outside to look attractive, it will look good and beautiful only till it is blown. Once it bursts, it will disperse all filthy smelly liquids and dirt which we might not be able to stand even for a minute. Similarly, our body might look beautiful and attractive from the outside but from within it is filled with dirt and grime.

The contemplation of Ashuchi Bhavna helps us to detach ourselves from the matter known as the Body and enables us to attach more to the substance that is the soul. Once this belief is pursued, it eliminates the practice of fake beautifying the exterior body but enables us to enhance an exemplary soul. Nur+àturing your soul with absolute knowledge, perception, and characteristics is the ideal manner to lead this life and seek a path to liberation. The body will die and decompose one day but the soul is enduring. The body will experience pain, suffering, and old age but what remains unaffected is the soul. So would you rather fritter away your time beautifying your body? Or would bestow this life's precious time on glorifying

and ennoble your soul?

While remembering the story of Chakravarti Sanat Kumar, he was a resolute Jain shravak in his previous birth. One day he landed up neglecting a saint and so did not show any respect by bowing down to that saint. As a result, the fabricated saint got angry and with the help of his devotee who was a king, enforced punishment on Sanat Kumar. As a penalty, hot food was served on Sanat Kumar's back which led to burns and boils on his back. This motivated him to renounce the materialistic worldly life and his mortal body. He enthralled himself into intense meditation for continuous 15 days. Vultures and wild birds fed themselves with his flash on his back but he did not give up meditation and detached himself completely from his body. In sheer equanimity, his soul left his body and he became the heavenly king of Deities - Lord Indira. In his next birth, he was born as a very handsome Chakravarti, a great emperor of the whole world named Sanat Kumar. Hearing about Sanat Kumar's glorious handsome outlook, two deities in the guise of Brahmins, visit Sanat Kumar and become spellbound while admiring his handsomeness while he was bathing. Hearing the praise from Brahmins, Sanat Kumar felt more proud about his beauty and asked them to visit him in his courtyard where they will be able to admire his glorious beauty more ideally being crowned on his thorn. When the deities visited Sanatkumar in his courtyard, looking at him they frowned with disgust as all they could see was his body was infected with 16 types of diseases... When asked, the deities pretended to be Brahmins mentioned that the body and beauty he was so proud of was infected with diseases. Hearing this Sanat Kumar immediately spitted and noticed his body was actually infected. He realized that the outer beauty he was so proud of and was flaunting with pride was so outraged and sickened from inside. He immediately realized the body he flaunted was mortal and so forthwith he renounced the world to seek the path of spirituality for his immortal soul. He undertook relentless penance for 700 years despite his body going through pain and suffering due to infection. Although, the diseases he suffered through got completely cured in his organic matter, and the same deities came in disguised as doctors to cure him. Monk Sanat Kumar's spiritual practice led him to cure his infected skin on his fingers with his own spit which stunned the deities. They were amazed to see the power of penance. Sanat Kumar stated that suffering of the body and going through physical pain is a way of sin killer. It is an opportunity to get rid of attached karma then why cry and cause disgust. Rather contemplation and focus towards soul, seeking equanimity would help overcome any kind of physical pain and would enable us to detach from this filthy body. Sanat Kumar cherished monkhood for 100,000 years and accomplished the wellbeing of the soul.

Once we understand and pursue Ashuchi Bhavna, slowly we would be able to detach ourselves from bodily needs. We would be able to disconnect ourselves from greed, attachments, and pride. This will eventually accelerate the process of identifying the needs of our soul. Your outer beauty is what you are gifted with but your inner beauty is something which you would enrich over the period through your attainments. When our time is withdrawn from our bodily desires, we would have more time to reflect on our soul to seek a spiritual path and achieve serenity. The aggression, the distress, the disturbance that twirls around in our life is only because of these bodily needs and once when that diminishes, there will only be a truce, devotion, and bestowment. Ultimately we would deviate our path from the realm of desires to the path of renunciation.

*"If you see inner beauty, the outer beauty will pale into insignificance." - Mahatma Gandhi*

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# વ્યસન

## રતિલાલ બોરીસાગર

**ત્યા**ર પછી એક ખૂંખાર વ્યસનીએ કહ્યું, અમને વ્યસન વિશે કહો.

ત્યારે તેમણે ઉત્તર આપ્યો :

સંસ્કૃતમાં વ્યસનનો અર્થ 'દુઃખ' થાય છે, પણ વ્યસનનો ખરો અર્થ 'સુખ' છે એ તમે નિશ્ચિત જાણજો.

જેને જેનું વ્યસન હોય તેને તે પામે છે ત્યારે તે સમાધિના સુખને પામે છે એવું તમે સમજો.

ખરેખર તો પ્રિય વ્યસનનો વિરહ એ દુઃખ છે. ચા પીનારને ચા ન મળે, બીડી-સિગારેટ પીનારાને એનો વિરહ સહેવો પડે, તમાકુ ખાનારાને એના વગર ટટળવું પડે એના કરતાં મોટું દુઃખ આ બ્રહ્માની સૃષ્ટિ વિશે બીજું એકે નથી.

વ્યસન એટલે સુખ-મહાસુખ-બ્રહ્મનંદ સહોદર સુખ એવો સુધારો તમે તમારા શબ્દકોશમાં કરી લેજો.

વ્યસનને તમે પ્રેમનું પ્રતીક ગણજો. જે ખોખામાંથી કાઢીને વ્યસની સિગારેટ પીએ છે, એ ખોખા પર 'સિગારેટ પીવી એ આરોગ્ય માટે હાનિકારક છે' એવી ચેતવણી લખી હોય છે છતાં સાચા પ્રેમીઓ કોઈ પ્રકારની ચેતવણી ગણકારતા નથી તેમ સિગારેટ પ્રેમીઓ આવી કશી ચેતવણીની પરવા કરતા નથી. વ્યસન માટેના સાચા પ્રેમ સિવાય આ સંભવિત નથી.

પ્રેમીઓ કરતાં પણ વ્યસનીઓ શ્રેષ્ઠ છે એમ તમે સમજો. એકબીજાં માટે જાન દેનાર પ્રેમીઓની સંખ્યા જગતમાં હંમેશાં અલ્પ રહી છે. રોમિયો-જુલિયેટ, લયલા-મજનુ, શીરીં-ફરહાદ, હીર-રાંઝા – બસ બહુ થઈ ગયું. કદાચ બેચાર વધારે હશે – પણ દારૂ માટે, સિગારેટ માટે જાનની બાજી લગાવનાર પ્રેમીઓની સંખ્યા કોઈ પણ યુગમાં લાખોની હશે. માણસને એના જીવન કરતાં કશું વધારે વહાલું નથી હોતું એમ કહેવાય છે, પણ વ્યસનીઓને પોતાના જીવ કરતાંય વ્યસન વધુ વહાલું હોય છે. આવા પ્રેમીઓને તમે પ્રાતઃવંદનીય ગણજો.

વ્યસન જીવનને અર્થપૂર્ણ બનાવે છે. વ્યસન વગરના માણસને તમે પૂછો કે તમે શા માટે જીવો છો? તો બાયોલૉજીનું પેપર અઘરું નીકળે અને બારમા ધોરણનો વિદ્યાર્થી જેમ કિંકર્તવ્યમૂઢ બની જાય અને પ્રશ્નપત્રની સામે તાકીને બેઠો રહે તેમ નિર્વ્યસની માણસ પાસે પોતે શા માટે જીવે છે એ પ્રશ્નનો કોઈ ઉત્તર હોતો નથી. પણ વ્યસની તો કહેશે, 'હું ચા પીવા માટે જીવું છું', 'હું તમાકુનું સેવન કરવા માટે જીવી રહ્યો છું.' 'સિગારેટ પીવા માટે જ મેં મનુષ્યજન્મ ધારણ કર્યો છે.' 'દારૂ પીને હું મારું જીવન સાર્થક કરી રહ્યો છું.' જીવનને અર્થપૂર્ણ બનાવનાર વ્યસનીની તમે કદી નિંદા ન કરજો.

વ્યસનથી આરોગ્ય બગડે છે, આયુષ્ય ઓછું થાય છે એવી વ્યસનીવિરોધીઓની વાતને તમે કાને ન ધરજો. વ્યસનના આનંદ વગરના આરોગ્યને શું કરવું છે? વ્યસનના આનંદ વગરના દીર્ઘાયુષ્યનું શું પ્રયોજન છે?

વ્યસનથી જ મનુષ્ય, મનુષ્ય સંજ્ઞાને પાત્ર ઠરે છે. ગધેડા સિગારેટ નથી પીતા, બળદ તમાકુ નથી ખાતા, હિપોપૉટેમસ દારૂનું સેવન નથી કરતા, બકરી દાંતે બજર નથી ઘસતી. વ્યસનવિહીન મનુષ્ય શિંગડાં અને પૂંછડા વિનાન પશુ સમાન છે એમ સમજો.

(લેખકના પુસ્તક : **'જ'થી 'ક' સુધીમાંથી સાભાર)**


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ **વાર્ષિક લવાજમ** | **₹ ૩૦૦** | ✦ **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ **ત્રણ વર્ષનું લવાજમ** | **₹ ૭૫૦** | ✦ **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ **પાંચ વર્ષનું લવાજમ** | **₹ ૧૨૫૦** | ✦ **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ **દસ વર્ષનું લવાજમ** | **₹ ૨૫૦૦** | ✦ **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બૅંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : પ્રાચીના અર્વાચીના**
**લેખક : મીનાક્ષી વખારિયા**
**પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૬૮, મૂલ્ય : રૂા. ૨૨૫/-**




નવોદિત વાર્તાકાર મીનાક્ષી વખારિયાનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. જીવનની ઘટમાળમાં ડૂબી ગયેલી લેખિકાએ છે. બહુ મોડે મોડે કલમ હાથમાં લીધી. હૈયામાં સંઘરાયેલી કેટકેટલી સ્મૃતિઓ સજીવન થઈ ગઈ. નાનપણમાં જોયેલો ગામડાનો કૂવો, જૂનો દરબારગઢ, ખમીરવંતા કિરદાર, એમની તળપદી ભાષા અને તેની સાથે સાથે સાંપ્રત સમાજમાં જોયેલી, સાંભળેલી અને અનુભવેલી વાતો શબ્દદેહ પામીને વાર્તાઓ સર્જાઈ તે 'પ્રાચીના અર્વાચીના'.

વિષયવસ્તુ, ભાષાશૈલી અને રજૂઆતનું નાવિન્ય ધરાવતી ૨૫ વાર્તાઓ આ સંગ્રહમાં પ્રગટ થઈ છે. પોતાના વ્યક્તિત્વના ઉજાસથી ઘરના ખૂણે ખૂણાને અજવાળતી, સંઘર્ષોમાં અણનમ રહી સંતાનોને ઉછેરતી, પતિની અને પોતાની જ બહેનની બેવફાઈના વિષને પચાવીને તેની જ દીકરીનો ઉછેર કરતી નાયિકા 'હું સુગંધા' સશક્ત પાત્ર છે. સમાજજીવનમાં બનતી ઘટનાઓને પોતાના પાત્રોમાં, તેમના મનોજગતને વર્ણવાનું કૌશલ્ય વાર્તાકારે દર્શાવ્યું છે. વતનની સાથે સાથે પહેલા પ્રેમની સ્મૃતિને ઉજાગર કરતી 'માટીની મહેક' ભાઈબહેનના વહાલ અને સમજણને વ્યક્ત કરી 'કિશનો' જીવનભર ગોપિત રાખેલા સત્યને પતિના મૃત્યુ પછી જીરવી જતી, પત્નીના ઔદાર્યને પ્રગટ કરતી 'વખતચંદ' અને સ્વચ્છંદી સંતાનોના અવિચારી પગલાથી સર્જાતી સમસ્યા દર્શાવતી વાર્તા 'કોને વાંકે' સમાજજીવનના અલગ અલગ પાસાઓ પર પ્રકાશ પાડે છે.

તળપદી ભાષાની મહેકથી વાર્તા 'ઉઘરાણી', સરોગેટ મધરના આધુનિક વિષયને આવરી લેતી 'સાસુમા' રહસ્યને ઘૂંટતી 'હોલિડે હોમ', નિરાળું હાસ્ય પ્રગટાવતી 'મારું મૃત્યુ' અને પ્રગતિશીલ વિચારાધારા વ્યક્ત કરતી 'ઋણાનુબંધ' વિષયવસ્તુ, પાત્રો, પરિસ્થિતિનો વળાંક અને ચમત્કૃતિ સર્જે છે. સ્ત્રી અને પુરુષ બન્નેના મનોગતને વ્યક્ત કરતી શૈલી સામાન્ય કથાવસ્તુને કળાત્મક રીતે રજૂ કરે છે.

શીર્ષક સૂચવે છે તેમ ગ્રામ્ય પરિવેશ અને શહેરી આધુનિકતા બન્નેનો અહીં સુંદર સમન્વય થયો છે – ભાવ અને ભાષાનો વૈભવ પ્રગટ કરતી વાર્તાઓનું સ્વાગત છે.

✦ ✦ ✦

**સામયિકનું નામ: શબ્દસર**
**વિશેષાંક : સ્ત્રી-પુરુષ - તંત્રી કિશોરસિંહ સોલંકી**
**સંપાદન : નિસર્ગ આહીર, ઋચા બ્રહ્મભટ્ટ**
**પ્રકાશક : ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ, 'એ' સંવર્જન એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ, ખ-૭, સર્કલ, સેકટર-૨૪, ગાંધીનગર-૩૮૨૦૨૮**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૬૪**




ઈશ્વરનું આ પૃથ્વી પરનું સહુથી વિસ્મયકારી સર્જન એટલે સ્ત્રી અને પુરુષ. સૌંદર્ય, સમર્પણ અને ઋજુતાના પ્રતીક સમી સ્ત્રી અને સામર્થ્ય, સાહસ તથા ઊર્જાથી છલોછલ પુરુષ – સંસાર ચક્રના બે ચાલક બળ, સદાય એકબીજા પ્રત્યે આકર્ષાતા બે ભિન્ન વ્યક્તિત્વ છે. કાળના નિરંતર વહેતા પ્રવાહમાં સ્ત્રી અને પુરુષનું એકમેક પ્રત્યેનું આકર્ષણ, સાયુજ્ય, તેમનો સ્વભાવ, સંસ્કાર અને સાહચર્ય બધું જ બદલાતું રહ્યું છે. સ્ત્રી અને પુરુષના વ્યક્તિત્વને અન્યોન્યની નજરે પામવાનો, મૂલવવાનો, સમજવાનો પ્રયાસ આ વિશેષાંકમાં કરવામાં આવ્યો છે.

શબ્દ સ્વામીઓ, સર્જકો, ચિંતકો અને પડકારો ભદ્રાયુ વછરાજાની, વીનેશ અંતાણી, વર્ષા અડાલજા, ડૉ. વર્ષા દાસ, મધુ રાય, વિનોદ જોષી, અંકિત ત્રિવેદી, ભાગ્યેશ જહા, કાલજ ઓઝા વૈદ્ય, જય વસાવડા, રાજ ગોસ્વામી, જવલંત છાયા, નિસર્ગ આહીર વગેરે સહુએ પોતાના દૃષ્ટિકોણથી સ્ત્રી અને પુરુષના વ્યક્તિત્વને મૂલવ્યા

છે. વિશ્વસાહિત્યના સંદર્ભ સાથે સ્ત્રી-પુરુષની ઉત્પત્તિ તથા તેમના વ્યક્તિત્વના વિધવિધ આયામોનો ઉઘાડ કરતો પ્રત્યેક લેખ રસપૂર્ણ છે. બહુ જ નિખાલસતાથી સર્જકોએ પોતાના જીવનમાં આવેલી સ્ત્રીઓ કે પુરુષોના વ્યક્તિત્વને આધારે નર-નારીને, ઈશ્વરના દિવ્ય સર્જનને પ્રમાણ્યા છે. આપણે સ્વયં આપણને જ મૂલવવા માટે, પ્રિયજનને સમજવા માટે આ લેખો વાંચવા રહ્યા. હૃદયને સ્પર્શી જાય તેવી કેટલીય પંક્તિઓ પ્રત્યેક લેખનું આકર્ષણ બની છે. ચિત્રકાર જતીનદાસનું રેખાંકન મુખપૃષ્ઠની શોભા બન્યું છે. પ્રત્યેક લેખ સાથે મુકાયેલા રેખાંકનો પણ કળાના પરિચાયક બન્યા છે. સ્ત્રીઓના અનેક નામ અને નાટ્યશાસ્ત્ર, કામસૂત્ર તેમજ પ્રવીણસાગર ગ્રંથને આધારે નાયિકાના ભેદ દર્શાવતો 'સુંદર-સંજ્ઞાવિશેષ'નો લેખ ઉલ્લેખનીય છે.

સર્જક અને ભાવક વચ્ચે સેતુ બનેલા 'શબ્દસર' સામાયિકે ૨૧ વર્ષની સફળ સાહિત્યયાત્રા દરમ્યાન આવા અનેક વિશેષાંક પ્રગટ કર્યા છે. વાચકોએ વહાલથી એમને વધાવ્યા છે. 'સ્ત્રી-પુરુષ' પરનો આ વિશેષાંક પણ વિદ્વપ્રતિભાઓના વિશ્લેષણ થકી સમૃદ્ધ બન્યો છે. ફરી ફરીને વાંચવો ગમે, સાચવવો ગમે તેવો ગ્રંથ.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : પાઠશાળાનું પંચામૃત**
**લેખક : પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા**
**પ્રકાશક : સત્ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, પોરબંદર, ગુજરાત-૩૬૦ ૫૭૫.**
**પૃષ્ઠ : ૧૨૫, મૂલ્ય : રૂા. ૧૨૫/-**

ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનો શિક્ષણના માધ્યમે પ્રગટ કરનારા ભાગવંતકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શિક્ષણ અંગેના મનનીય પ્રવચનોનું ઘનશ્યામભાઈ મહેતા તથા ટીના ચંદારાણાએ સંકલન કર્યું છે.

Education is an investment in men – સાન્દીપનિ વિદ્યાનિકેતન, દેવકા પીઠ અને સાપુતારાની નિવાસી સ્કૂલના માધ્યમથી મૂલ્યનિષ્ઠ શિક્ષણની સંકલ્પના સાકાર કરનાર ભાઈશ્રીનું ભાવિ પેઢીના શિક્ષણ અંગેનું આ ચિંતન છે. એક નાનકડા મંદિરમાં ચાલતી સંસ્કૃત પાઠશાળાથી શરૂ થયેલો એમનો વાણી પ્રવાહ અવિરત વહેતો રહ્યો છે. ઉત્તમ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલી, આચાર્ય તથા ટ્રસ્ટી નવી પેઢીને ઘડનારા આ સહુનો સહિયારો પ્રયાસ એટલે જ પાઠશાળાનું પંચામૃત.

સત્ય, પ્રેમ અને કરુણાના કોડિયામાં સંવેદનાનું તેલ પૂરે તે શિક્ષક. 'મને જેટલો ભરોસો કૃષ્ણમાં છે તેટલો જ ભરોસો આ દેશના તમામ શિક્ષકોમાં છે' આવું કહેતા ભાઈશ્રી શિક્ષકોમાં ગુરુત્વની પ્રતિષ્ઠાનો મહિમા કરે છે. દૂધ જેટલા સાત્ત્વિક બાળકો, દહીં જેવા વાલીઓ, સાકર સમા શિક્ષકો, ધમ સમા આચાર્ય અને ઘી સમા ટ્રસ્ટીઓના કર્તવ્ય થકી નિપજતા પંચામૃતથી આ પરિકલ્પના સાકાર થઈ શકે છે તેનો ભરોસો તેમણે દૃઢપણે વ્યક્ત કર્યો છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : પ્રભુનો સ્પર્શ**
**લેખક : પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા**
**પ્રકાશક : સત્ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, પોરબંદર, ગુજરાત-૩૬૦ ૫૭૫.**
**દ્વિતીય આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૨૬૨, મૂલ્ય : રૂા. ૨૨૫/-**

ભાગવત કથાના માધ્યમે લોકશિક્ષણનું ઉત્તમ કાર્ય કરી રહેલા પૂ. ભાઈની રમેશભાઈ ઓઝાની કથા અને પ્રવચનોનો સાર સંપાદકે અહીં પ્રગટ કર્યો છે.

પ્રભુનો સ્પર્શ પામવા માટે, સંનિધિ અનુભવવા માટે આપતું જીવન નિર્મળ હોવું જોઈએ. લોભ, લાલસા, અહંકાર અને પરિગ્રહથી મુક્ત હોવું જોઈએ. જળકમળવત્ જીવી જવાની વાતો સમજાવતા કથાકારે રામાયણ, ભાગવત ગીતા અને પૌરાણિક પ્રસંગોને આધારે લોકહૈયાને સ્પર્શી જાય તેવી સરળ વાતો કરી છે. ભગવાનનું રૂપ, ભગવાનનું નામ, ભગવાનનું ધામ અને ભગવાનની લીલા કોઈનો પણ આશ્રય લઈને જીવનને કલ્યાણકારી બનાવવાનો સંદેશ આપ્યો છે. 'પ્રાર્થના-સત્સંગ થકી ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરો, ભવ્યતાને બદલે દિવ્યતાની મહત્તા સમજો, ભક્તિના માર્ગમાં અડચણરૂપ બનતા અહંકારને હટાવો. વણજોતું સંઘરવાને બદલે જરૂરિયાતમંદોને આપીને હળવા થઈ જાવ. તમારું ધન પરમાર્થમાં વાપરો.' જીવનના આવા સત્ મૂલ્યોને અનુસરીને સત્સંગના સાતત્ય થકી ભગવાનમાં અનુરાગ કેળવવાની સમજ આ પ્રવચનપુષ્પો થકી વિશાળ લોકસમુદાય સુધી પહોંચાડવાનો આ આયામ છે.

સંપાદકોનું આ કાર્ય ગંગા નદીમાં સ્નાન કરીને પવિત્ર થઈ ગયા પછી નાનકડી લોટીમાં એ નીરને સગાસંબંધીઓ માટે લઈ જતા ભાવિક જેવું છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : પરમાત્માની પ્રતીક્ષા**
**લેખક : પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, ઘનશ્યામ મહેતા, ટીના ચંદારાણા**
**પ્રકાશક : સત્ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, પોરબંદર, ગુજરાત-૩૬૦ ૫૭૫.**

**દ્વિતીય આવૃત્તિ: ૨૦૨૧, પૃષ્ઠ : ૧૧૦, મૂલ્ય : રૂા. ૧૨૦/-**

મહાભારતના – કૌરવ-પાંડવોના યુદ્ધ પછી હજારો સૈનિકોના રક્તથી રંજીત થયેલી, કુરુક્ષેત્રની ભૂમિ પર નિરવ શાંત છવાઈ છે. ઇચ્છામૃત્યુનું વરદાન પામેલા, બાણશય્યા પર પોઢેલા ભીષ્મ પિતામહને પ્રતિક્ષા છે પરમાત્માની.

એકલતાની એ પળોમાં ભીષ્મને સતત સ્મરણ છે કૃષ્ણનું, એમના શૌર્યનું, એમના વ્યૂહનું, એમના સૌંદર્યનું. 'પરમહંસની સંહિતા' સમા ભાગવતમાં ભીષ્મ પિતામહ અને કૃષ્ણના મિલનની આ પળો ૧૧ શ્લોકમાં વર્ણવાઈ છે. દ્દઢ વચનપાલક ભીષ્મની શ્રીકૃષ્ણ પ્રત્યેની અનહદ આસ્થા, અનન્ય ભક્તિ અને શ્રેષ્ઠ સમર્પણની આ અનિવર્યનીય ક્ષણો એ 'ભાગવત'નું આભૂષણ છે. પૂ. ભાઈશ્રી રમેશભાઈએ આ પળોને – ભાવસભર શબ્દોથી શણગારી છે.

ઉત્તરાયણના પવિત્ર દિવસે પરમાત્માના દર્શનની પળે આજીજી કરતા ભીષ્મ કહે છે : 'હે દેવોના દેવ, હું જ્યાં સુધી આ શરીરનો ત્યાગ ન કરું ત્યાં સુધી તમે આ સ્થાન છોડીને જશો નહીં. પ્રતીક્ષા કરો માલિક! તમે પધાર્યા, મારી પ્રતીક્ષા પૂર્ણ થઈ. પ્રતીક્ષા કરવાનો વખત હવે તમારો છે.' દેહત્યાગ કરતા પહેલા પોતાના મનની વાત કરતા ભીષ્મના કૃષ્ણ પ્રત્યેના સમર્પણની – અપાર સ્નેહની વાત ભાગવતાચાર્યે નવ પ્રકરણોમાં – પ્રવચનોમાં વ્યક્ત કરી છે. સંપાદકોએ તેમના પ્રવચનને શબ્દસ્થ કરવાની જહેમત લીધી છે.

૨૦૧૨માં પ્રગટ થયેલી પ્રથમ આવૃત્તિ નવા રૂપ-રંગમાં શ્રીહરિમંદિરના પાટોત્સવ પ્રસંગે દ્વિતીય મુદ્રણ પામી છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૪૬ ૮૦૮૦૯

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી મનોજ ખંડેરિયા હસ્તે : રમાબેન મહેતા |
| **૧૧,૦૦૦/-** | |

## જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી અશોકભાઈ આર. દોશી, ઘાટકોપર |
| ૧૦,૦૦૦/- | અમોલ ફાઈનાન્સીયલ સર્વિસીસ લિમિટેડ |
| ૫,૦૦૦/- | શ્રી અશોકભાઈ આર. દોશી, ઘાટકોપર |
| **૨૬,૦૦૦/-** | |

## પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨,૫૦૦/- | શ્રી સુરેશ વી. શાહ |
| ૧,૩૦૦/- | ભાઈચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ (પ્રબુદ્ધ જીવન અંક) |
| **૩,૮૦૦/-** | |

**For online reading of full Prabuddh Jeevan Library - http:/prabuddhjeevan.in.**



**પ્ર**બુદ્ધ જીવનનો જુલાઈ અંક કોરોના સમયની જે અસર આજના સમય અને સમાજ પર થઈ તે અંગેનો હતો. તેમાં પાનાં નંબર ૨૪ પર શ્રી જશવંત મહેતાનો લેખ હતો, લેખમાં કોરોના રોગની સામે સ્ટીમ લેવાનો ઉપાય કઈ રીતે કારગત નીવડે છે, તેની વાત વિગતે સમજાવી છે. આ લેખ લખનાર શ્રી જશવંતભાઈ મહેતાએ પોતે સ્ટીમના જ અનેકોનેક મશીનો લઈને લોકોમાં વહેંચણી તો કરી જ પણ પોતાના ઓફિસના સ્ટાફને પણ રોજ આ સ્ટીમ લેવાની ફરજ પાડતા, જેથી તેઓ આ સમયમાં સ્વસ્થ રહે, સ્ટીમ લેવા માટેની રીત દર્શાવવા તેમને એક ખાસ ફોટો જનજાગૃતિ માટે મોકલાવ્યો છે અને સહુ કોઈ આ જ રીતે સ્ટીમ લે અને સ્વસ્થ રહે, તેવી કામના રાખે છે. આ બાબત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલ છે, વધુ વિગત માટે જુલાઈ અંક, પાનાં નંબર ૨૪ પરનો લેખ વાંચવો.

# વસંતતિલકા







પ્રસ્તુત ભક્તામર સ્તોત્રની રચના વસંતતિલકા છંદમાં કરવામાં આવી છે. શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રની રચના પણ આ જ છંદમાં છે. જૈન સ્તોત્રમાં ''સંસાર દાવાનલ'' સ્તુતિની બીજી ગાથા અને ''પુક્ખર વર દીવડ્ઢે'' સૂત્રની ત્રીજી ગાથામાં છંદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ''અજિત-શાંતિ'' જેવા પ્રાકૃત સૂત્રોમાં આ છંદનો ઉપયોગ દેખાતો નથી.

આ છંદની બીજી વિશેષતા એ છે કે તેના કુલ ચૌદ અક્ષરોમાં સાત અક્ષરો ગુરુ છે; તો સાત અક્ષરો લઘુ છે. વિદ્વાનો માને છે કે જેમ છંદમાં લઘુ-ગુરુની સમતા છે, તેમ આ છંદમાં બનેલ કાવ્ય પણ ખૂબ જ જલ્દી સમતાભાવમાં લઈ જઈ શકે છે.

પ્રસ્તુત ચિત્ર (વચ્ચેનું) ભરતમુનિ રચિત નાટ્ય શાસ્ત્રના વર્ણન પરથી બનાવવામાં આવ્યું છે. છંદોના ચિત્રોનો ઉલ્લેખ આ ગ્રંથ સિવાય ક્યાંય જોવામાં આવતો નથી અને અમારા અભ્યાસ પ્રમાણે ચિત્ર જગતમાં સૌથી પ્રથમ વાર જ વસંતતિલકાનું ચિત્ર રજૂ કરવામાં આવે છે.

હેમંત-શિશિર-વસંત-ગ્રીષ્મ-વર્ષા અને શરદ આ છ ઋતુઓમાં ''વસંત ઋતુ'' અધિપતિનું સ્થાન ધરાવે છે. ક્યારેક વસંતઋતુને ''ઋતુરાજ વસંત'' કહેવાય છે, તો ઋતુઓને સ્ત્રી સમજવામાં આવે છે ત્યારે વસંતને ''વસંત ઋતુ'' માનવામાં આવે છે. આ છંદ વસંતતિલકા છે એટલે વસંત માટે પણ અલંકાર જેવો છે. વસંતઋતુને પણ સુશોભિત કરનારો છે. વસંતતિલકા છંદની પ્રાસાદિકતા અદ્વિતીય છે. છંદનું વિધિવત્ ઉચ્ચારણ કરનારને હીંડોળો ચાલી રહ્યો હોય તેવો ભાસ થાય છે. આ છંદમાં નિબદ્ધ કાવ્ય લગભગ દરેક રાગોમાં સરળતાથી ગાઈ શકાય છે. લગભગ (૪૪) ચુમ્માળીશ જુદા જુદા શાસ્ત્રીય રાગમાં આ ભક્તામર ગવાયું છે. આમ, માનવ હૃદયમાં ઉત્પન્ન થતી ભક્તિ લહરીઓની અભિવ્યક્તિ માટે આ છંદ સર્વોત્તમ છે. એના ચૌદ અક્ષરને ચૌદ રાજલોકનું-ચૌદ ગુણ-સ્થાનકનું પ્રતીક સમજીને ચૌદ રાજલોકના અગ્રભાગ પર સાધકે જવાનું છે અને ચૌદ ગુણ સ્થાનકને પાર કરીને આત્મિક પરમાનંદની પ્રાપ્તિ કરવાની છે. આ છંદના સિંહોન્નતા-મધુમાધવી ઉદ્ધર્ષિણી વિગેરે પણ નામો છે.

સૌજન્ય : ભક્તામર દર્શન, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા.

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.






Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra,
Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415
**Editor : Dr. Sejal M. Shah**
Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.